# યાત્રા

(નવલકથા)

**લેખક**

**હર્ષદ જોશી 'ઉપહાર'**

મુ. વ્યાસ વાસણા.

તા. કપડવંજ, જિ. ખેડા.

મો. ૮૩૪૭૨ ૭૧૦૭૦

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**Yatra**

Novel

by Harshad Joshi 'Uphar'

Published By.

**© શ્રીમતી કોકીલાબેન જોશી**

**યાત્રા**

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૧૫૦/-**

**આવરણ**

દિપ્તી ચૌહાણ, બાકરોલ

**સજાવટ**

ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

**મુદ્રક**

ચરોતર સાહિત્યાલય, નડીયાદ

**પ્રકાશક**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મહાવીર માર્ગ, આણંદ.

પ્રિન્ટેડ બાય

**અર્પણ પ્રિન્ટરી**

રાધા સ્વામી ચેમ્બર,

ભાલેજ રોડ, આણંદ

ફોન : ૦૨૬૯૨-૨૫૫૯૬૨

# અર્પણ



**કુ. ક્રિશ્ના ગોર**

દેહ અંગોનું દાન કરનાર.

'મૃત્યુ પછી પણ જીવી જાણ્યું કારુણ્યની દેવીએ' – ઉપહાર.

**લેખકનાં અન્ય પુસ્તકો**



૧) ગોમતી તારાં નિર્મળ નીર

૨) અગ્નિરથી

૩) યાત્રા

૪) બોડાણો ભક્ત શ્રી હરિનો

યાત્રા

# પ્રસ્તાવના

શ્રી

## બે બોલ

મનુષ્ય જીવનનો હેતુ સુખ, વૈભવ, આરોગ્ય અને જીવનની શાંતિ છે. પૃથ્વી ઉપર જન્મ ધારણ કરનાર વ્યક્તિ માત્ર એ જ ઈચ્છે છે કે જીવન સુખમય શાંતિ ભર્યું અને વૈભવશાળી પસાર થાય. તેના માટે મનુષ્ય હરહંમેશ પ્રયત્ન કરતો આવ્યો છે. જીવનમાં પ્રેરણા મેળવવા માટે દેવ દેવીના આશીર્વાદ મેળવી જીવનમાં નવીન સ્ફુર્તી તાજગી અને મુક્તતા મેળવવા --- કરે છે. હું પણ મનુષ્ય છું આ જ અપેક્ષાએ દેવ દેવીનમાં પૂરી શ્રદ્ધા સમર્પણ અને તીવ્ર અભિપ્સા પૂર્વક યાત્રા કરી છે. દેવ દેવીનાં દર્શન કર્યા છે.

રાજસ્થાન રાજ્યમાં ઉદેપુરથી ૧૪ કિ.મીટર દૂર આવેલા ઉદેપુરના રાજવી પરિવારના ઉષ્ટદેવ ભગવાન એકલિંગજી દાદાના પવિત્ર દર્શન કરીને જ પ્રેરણા મને મળી તે કૃપાથી હું આ 'યાત્રા' નવલકથાનું સર્જન કરી શક્યો છું. વિવિધ સમાજ જીવનને વ્યક્ત કરતાં પાત્રો કલ્પિત છે. પારિવારીક જીવન જીવતાં પાત્રોના આદર્શ ઉચ્ચ વિચાર વ્યવહાર વ્યક્ત કરવાના હેતુથી નવલકથાનું સર્જન કરે છે.

મારી આ નવલકથાને પ્રકાશિત કરનાર એમ.એમ. પ્રકાશનના માલિક શ્રી યાકુબભાઈ તેમજ સહકર્મચારી વર્ગ તેમજ મારી યાત્રામાં સહભાગી થનાર ચંદુભાઈ રાઠોડ, ગજેન્દ્ર જોશી, તીમીર ગોર, તેજસ પંડ્યા અને યોગેશ જોશીનો આભારી છું. હિતેન્દ્ર જોશી, ગોપાલશર્મા (શહર) ગિરીશ જોશી, પુષ્પાબેન રમેશદવે નો આભારી છું.

મારી 'યાત્રા' નવલકાથાને ગુજરાતી સાહિત્યપ્રેમી જનતા આવકારશે તે અભિપ્ષા પૂર્વક વિનંતી કરું છું. જય જય ગરવી ગુજરાત.

**– હર્ષદ જોશી 'ઉપહાર'**
મુ. વ્યાસ વાસણા. તા. કપડવંજ.
જિ. ખેડા.





## -: અનુક્રમણિકા :-


| ક્રમ | પ્રકરણનું નામ | પા.નં. |
|---|---|---|
| ૧. | હાથ પકડો છો તે... | ૧ |
| ૨. | મમ્મી!...માધવ.... | ૧૫ |
| ૩. | મંગુ દેસાઈ અને મંછી દુબળી | ૨૫ |
| ૪. | મારી છાપરીએ લૈ જઉં | ૩૪ |
| ૫. | ઈષ્ટદેવ અકલિંગજી | ૫૦ |
| ૬. | શ્રી નાથજીને શરણે | ૬૧ |
| ૭. | આ તો સુનયના માટે છે. | ૬૯ |
| ૮. | હલદીઘાટી અને શ્રીનાથજી દર્શન | ૯૦ |
| ૯. | વતન તરફ | ૧૦૮ |
| ૧૦. | અભી હી પ્યાર હો ગયા | ૧૧૯ |
| ૧૧. | પ્રેમનાં આંસુ | ૧૫૧ |
| ૧૨. | ઉત્પલ અને સ્વાતિ | ૧૭૬ |
| ૧૩. | સુખી સંસાર | ૧૯૧ |
| ૧૪. | માત્ર એક કલાક જ | ૨૦૭ |

## પ્રકરણ : ૧. હાથ પકડો છો તે...

ફાગણ આવ્યો. હોળાષ્ટક બેસી ગયો. ધીમે ધીમે પાનખરનું સામ્રાજ્ય આગળ વધી રહ્યું હતું. વૃક્ષો ઉપરથી પીળાં પર્ણો ખરી રહ્યાં હતાં. પોપટી રંગની કુંપણો હસી રહી હતી. સવારની ફૂલ ગુલાબી ઠંડી હજુ પ્રસરી રહી હતી. ફૂલોનું સામ્રાજ્ય હજુ યથાવત્ હતું. ગ્રામ્યજીવનમાં ફાગળને વધાવતો હોળીના તહેવારની પૂર્વ તૈયારી શરૂ થઈ ચૂકી હતી. બાળકો હોળૈયાં છાણ, ઘઉંના ગુણાથી બનાવીને દીવાલો પર ચીપકાવી રહ્યા હતા. સાંજના સમયે યુવાન ઘેરૈયા નગારા પર ડણકો દેતા હતા. યુવક યુવતીઓ હારડા, ધાણી, પિચકારી અને ખજુરથી શોભી રહી હતી. ધીમે ધીમે તેની ખરીદી વધી રહી હતી. રાયણ આંબા અને મહુડા ફળથી લચી રહ્યા હતા. પલાસનાં વૃક્ષ કેશરીરંગી કેસુડાંથી નશાખોર લાગી રહ્યાં હતાં. તો વળી સીમડોનાં વૃક્ષો રતુમડાં ફૂલોથી શોભતાં હતાં. પ્રભાત પછીનો બપોરનો પહોર ઉષ્મ પવનની લ્હેરથી વાતાવરણમાં ગરમી પ્રસરાવતો હતો. સીમાડો ઘઉં, એરંડા અને વરીયાળી અને જીરૂના ખેતરોમાં બે પાંચ બોર કૂવાનાં પાણી ચાલું હતાં. બાકીના બોરકૂવા બંધ થઈ ગયા હતા. આ વર્ષે રાયણ અને આંબા





ભર્યો ભાદર્યા હતા. ખેડૂતોમાં સારા પાકની અપેક્ષા ફળતાં ખુશાલી પ્રસરી રહી હતી.

વાત્રકનો પટ શાકભાજી, તરબૂચ, ટેટી અને કાકડીના વાવેતરથી હસતો હતો. એક તરફનો વહેતો જલપ્રવાહ પૂર્વના કાંઠાને પખાળતો હતો. પૂરાણકાળમાં જાબાલી ઋષિના આશ્રમ તરીકે જાણીતું ઉત્કંઠેશ્વર ધામમાં યાત્રાળુંઓની અવર જવરથી જાગૃતિ હતી. હજુ હમણાં જ શિવરાત્રી પર્વ ગયું હતું. ભગવાન શંકરનાં દર્શન કરી પાવન થઈને યાત્રાળું ધન્યતા અનુભવતા હતા. વૈત્રાવતી નદીના સામા કાંઠેથી આવતો પવન મનેખમાં તાજગી ભરતો હતો. તરબૂચ, ટેટીથી ભરેલી લારીઓ ઉપર યાત્રાળુંઓ તરબૂચ, ટેટીનો આસ્વાદ માણતા હતા. ગ્રીષ્મના બપોરનો સમય હતો. લારી ઉપરથી તરબૂચ ખાઈ આગળ વધતા યુવાને જોઈને કહ્યું : ‘સરયું! મોડું થશે. ચાલ! પછી વહાન પણ નહીં મળે. લોક પાછું....’

‘‘ભલે થાય. આજ તો પેટ ભરીને તરબૂચ ખાવું છે. આપણા ગામમાં ક્યાં તરબૂચવાળો આવે છે? મન તો કહે છે કે બેત્રણ કિલો લઈ લઉં.’’

‘‘લઈ લેને! કોણ ના કહે છે. લે હું તને સરસ કાઢી આપું.’’ મરક મરક મલકાતા માધવે બે તરબૂચ કાઢ્યાં. અને કહ્યું ‘‘જો સરયું તારા જેવાં જ લાલચોળ હશે અને તારા હોઠ ઉપર શોભતા તલ જેવાં બીજવાળાં.’’ લારી વાળો ખળખળાટ હસી પડ્યો. તે બોલ્યો : ‘‘બુંન હાચું કેસે ભૈઈ અદદલ તમારાં જેવાં શે. લાં તોલી આલું’’ અને તેણે

ત્રાજવામાં તોલતાં કહ્યું. ''લાં અદદલ ત્રૈણ કિલો થ્યાં. પંદર રૂપિયાનાં, જો તમારાં જેવાં નાં નેંકરે તો મારું નામ માણકો નૈ.'' લૈ જાં.'' માધવે તેનું પાકીટ કાઢ્યું અને પંદર રૂપિયા કાઢીને માણેકને આપ્યા. સરયુંના હાથમાંથી થેલી ખૂંચવીને તેની થેલીમાં તરબૂચ મૂકી દીધાં. તેનો હાથ પકડીને ખેંચતાં બોલ્યો : ''ચાલ! ચાલ. હવે તો જો બપોરનો તડકો ધગધગી રહ્યો છે. શું ગરમી છે.'' સરયુના ચહેરા ઉપર શરમના શેરડા ફૂટી નીકળ્યા. કેસુડાં, પલાસના વૃક્ષ ઉપર સામેની વાડમાં હસી રહ્યો હતો. સરયુંની આંખોમાં અને હોઠો પર હાસ્યની સરવાણી ફૂટી નીકળી હતી. તે બોલી ઊઠી : ''હાથ પકડો છો તો ખબર છે. શું કહેવાય? ના આવું તો ઉચકીને પણ લઈ જવી પડશે હોં.''

માણેક મલકાઈ રહ્યો હતો અને બોલી રહ્યો. ''હા...હા... હું સાક્ષી છું. આખો અવતાર તમારે એમને...'' હાથમાં હાથ પકડીને બસ સ્ટેન્ડ તરફ જતી સારસ બેલડીની પીઠ તરફ જોતાં પાછું બોલ્યો : ''હે ભગવાન ભોળાનાથ એમને સુખી કરજે. હળાહળ કળયુગમાં પણ આ પ્રેમનું ઝરણું કેવું પવિત્ર તે વહે સેં. આ ધરતી હજુ અમી ભરી સેં હોં.'' માણેકે પંદર રૂપિયા, પતરાની ડબ્બી ખોલીને મૂક્યા અને જોરથી ડબ્બીનું ઢાંકણું બંધ કરતાં હસતો હસતો મધ્યાહનના સૂર્યને એકી નજરે જોતો જ રહ્યો. સરયુના ચહેરા ઉપરના પ્રસ્વેદને લુછતો માધવ બોલી ઊઠ્યો. ''શું ગરમી છે. જોને તું કેવી આકળ વિકળ થઈ ગઈ છે. હજુ તો ફાગળ બેઠો છે. ચાલ જલદી આફણે કયડવણજ તરફની કોઈક તો **S.T.** બસ મળી જશે.'' સરયુએ માધવના હાથને પકડતાં કહ્યું : ''શું



ઉતાવળ છે? હજુ તો બે વાગ્યા છે. આપણે પાંચ વાગ્યા સુધીમાં પહોંચી જઈશું. જો માધવ કેસુડો કેવો ખીલ્યો છે. તેનું કેસરી સામ્રાજ્ય કેવું પ્રભાવ ફેલાવે છે. તેને જોતાં મારામાં ઉત્તેજના પ્રસરી જાય છે. મારે એખ ફબૂલ જોઈએ છે.

''તું ખરી છે. જે તને ગમે તે તારે જોઈએ જ છે.''

''હા હું એવી જ છું. મને ગમે તે હું મેળવીને જ રહું છું જો! તરબૂચ ગમ્યું તો તે મેળવીને રહી. મને શિવજી ગમ્યા તો આપણે અહીં આવ્યા. અને અને...તું....''

''હા...હા! ભાઈ હા...હું ગમ્યો તો તેં કહી દીધું ''હાથ...''

''હાથ પકડો છો તો ખબર છે? તેં મારો હાથ પકડ્યો તો હું તને મેળવીને જ રહીશ.'' સરયું ખડખડાટ હસી ઉઠી. જાણે વેત્રાવતીનાં ધીરગંભીર વહેતાં નીર હસતાં હોય. આમેય વેત્રાવતી પૂરાણ કાળથી યુગો યુગોથી આ ધરતી પરથી વહે છે. તેનાં નીર ખંભાતના અખાતમાં જંબુસર પાસે કાવિ શિવાલય પાસે મળે છે. જ્યાં તાજકાસૂર ને કાર્તિકેય સ્વામીએ સંહાર્યો હતો. યુગોથી વહેતી વેત્રાવતી જાબાલી ઋષિના યજ્ઞને ક્યાં નથી જાણતી. ઋષિઓની અવગણના પામેલા માંસાહારી ઋષિએ દેહ ટકાવવા તપ કરવા માંસનો સહારો લીધો. ઋષિઓએ તેમને તિરસ્કૃત કર્યા. તેમ છતાં જાબાલી ઋષિએ સિદ્ધિ મેળવી. ભગવાન આશુતોષને પ્રસન્ન કર્યા. જાબાલી ઋષિએ આ સિદ્ધિને કારણે પોતાના આશ્રમ ઉત્કંઠેશ્વર શિવાલયે સમસ્ત ભારત વર્ષના ઋષિમુનિઓને આમંત્રણ

આપ્યું. વિરાટ અતિરુદ્ર યજ્ઞ કર્યો. ભોજનમાં માંસ પીરસાયું. તેમ છતાં જાબાલી ઋષિની સિદ્ધિને કારણે ભોજન મિષ્ટાન્ન પકવાનમાં પરિવર્તન પામ્યું. યુગો ગયા. વેત્રાવતીનાં વહેતાં નીર ગંગા સમ પવિત્રતા લઈને વહે છે. આજે પણ આ કળીયુગમાં પણ વેત્રાવતીના સ્નાનનું મહત્ત્વ પ્રયાગરાજ જેટલું જ છે. વેત્રાવતીની સહેલી સાબરમતી, વરાંસી, ધામણી અને મહીસાગર નદીઓ આજે પણ પ્રદેશને સમૃદ્ધ કરતી વહે છે. તેને કિનારે આવેલાં જનપદ વિવિધ સભ્યતા સંસ્કૃતિ માનવજાતની વિશેષતા લઈને વહ્યાં છે. વેત્રાવતીના વિશાળ પટને કિનારે કોતરોમાં ચંદન કેવડો, પારિજાત, લીમડો, કંથાર, અરણી, બોરડી, દર્ભ, વિવિધ થોરનું પ્રકૃત્તિ સૌંદર્ય ફેલાયેલું છે. વેત્રાવતીને કિનારે થોડે દૂર કેદારેશ્વર ધામ છે. ભગવાને કેદારનાથ પૂરા ઠાઠમાઠથી શોભે છે. આ સ્થળ ખૂબ પવિત્ર છે. વેત્રાવતીમાં સ્નાન કરી સૂર્યને અધર્ય આપી ભીના કપડે ભગવાન કેદારનાથનાં દર્શન કરવાં એ તો મહાન સૌભાગ્ય ગણાય. અહીં ડુંગરમાંથી ભૂગર્ભ રીતે વહેતું શિવજીને સ્નાન કરાવી યુગોથી વહેતું વહેતું ઝરણું શિવજીને સ્નાન કરાવી યુગોથી વહેતું આવ્યું છે. તેનો પ્રવાહ ગંગામુખમાંથી બહાર નીકળે છે. અહીં કોતરોમાં કેવડો, ચંદન, પારિજાતનાં વૃક્ષ છે. વેત્રાવતીનો પ્રભાવ જ એવો છે કે માનવજાત તેમાં સ્નાન કરવાથી જ નિર્મળ બની જાય છે. જીવનમાં સ્ફૂર્તિ, તાજગી અને આત્મતત્ત્વ અનુભવે છે.

કેદારેશ્વરથી થોડા કિલોમીટર દૂર ઝાંઝરી નામે પવિત્ર સ્થળ વેત્રાવતીના કાંઠે શોભે છે. આ શિવાલય આજુબાજુના ગામના લોકોએ





બંધાવ્યું છે. તેની પૂજા ગ્રામીણ લોકો જ કરે છે. તેના ડુંગરમાંથી વહેતું ઝરણું શિવજીને સ્નાન કરાવી સતત વહે છે. તો તેની સામે જ ડુંગરમાંથી વહેતું ઝરણું અદ્ભૂત છે. તે પણ ચરોતરને ઉત્તર ગુજરાતના યાત્રાળુઓ અહીં દર્શનાર્થે આવે છે. આ સ્થળનું માહત્મય અનેરું છે. ભગવાન શિવને પ્રથમ દૂધ સામેના ડુંગરમાંથી વહેતા ઝરણા પાસે જ ગંગાજીની મૂર્તિને ચઢાવવામાં આવે છે. ગાયના દૂધથી ભગવાન શિવજીને ચઢાવવામાં આવે છે. આ સ્થળે પ્રથમ પ્રસુતા સ્ત્રીઓ એક માસને દશ દિવસે સ્નાન કરી પવિત્ર થાય છે. ભગવાન શિવજીનાં દર્શન કરે છે. આ સ્થળે દર્શનાર્થીઓ પરમ મુક્તતા, પવિત્રતા અને હળવાસ અનુભવે છે. શ્રાવણના દિવસોમાં ચારે કાંઠે વહેતી વેત્રાવતીનો કાંઠો ઔષધિઓથી ભર્યો, હરિયાળા વૃક્ષોથી કોતર ભર્યો બની જાય છે. પૂરાણ કાળથી વેત્રાવતીના કિનારા....પટ અને કોતરોમાં કોઈ જ ફેરફાર થયો નથી. હા યુગોથી વહેતી વેત્રાવતીના ઝાંઝરીના ધોધ તરફ નદીમાં જ તેના પથ્થરો ઉપર ચાલીએ તો હજારો યુગથી એ જ રતુંમડા, ભુખરા અને કાળા પથ્થરો પર ચાલવાની ધન્યતા અનુભવાય છે. ન જાણે કેટલાય ઋષિમુનિ, તપસ્વી, સાધુ સંતો, રાજપુરુષો એ આ ધોધ પાસે સ્નાન કર્યું હશે. વેત્રાવતીમાં રહીને જ તેની બેઉં કાંઠાની ભેખડો તરફ નજર કરીએ તો ભેખડોમાં ઉપરનું માટીનું પળ તે પછીનું પોચા લાલ પથ્થરનું પળ તે પછીનાં બીજાં ચાર પળ દશ દશ ફૂટના અંતરે એક પછી એક નદીના બંને કાંઠે દશ્યમાન થાય છે. વેત્રાવતીનાં વહેણે ત્રેતાયુગ, દ્વાપરયુગ, સતયુગ અને કળિયુગમાં કેટલું ધોવાણ કર્યું છે. વેત્રાવતી મહાન છે.

હજારો યુગોના પાપને નરસંહારને મલિનતાનું ધોવાણ કરતી આજે પણ વહી રહી છે. તેણે કેટલાય હતાશ, નિરાશભગ્ન, હૃદય પ્રેમીઓને આશરો આપ્યો છે. નૂતન દિશા, લક્ષની પ્રેરણા આપી છે. જીવન જીવવાનો મંત્ર આપ્યો છે. નદીમાં જ પ્રવેશતાં દૃશ્યમાન પારિજાતનાં કેટલાંય વૃક્ષ નીચે સવાર સવારમાં પથરાયેલાં પુષ્પો તેની મહેંક જીવનની ધન્યતાને તેના મહત્વને સમજાવે છે. જીવન જીવવાની કળા શીખવી જાય છે. વેત્રાવતીના કિનારાની સમૃદ્ધિ લઇ તેનાં નીર વહ્યા જ કરે છે. વહ્યા જ કરે છે. ક્યારેક ધસમસતા તોફાની જીવન જેવાં તો ક્યારેક શાંત ધીર ગંભીર જીવન જીવતા માનવ જેવાં.

સરયું અને માધવ જ્યારે **S.T.** બસની રાહ જોઇ રહ્યાં હતાં. તે સમયે રોડ પાસેના કોતરમાં પલાસ વૃક્ષ ઉપર કેસુડાં શોભી રહ્યો હતો. તે જોઇ ને માધવ બોલ્યો : ''સરયું તારી ઇચ્છા પૂરી કરું હું આ ખાખરાના વૃક્ષ ઉપરથી કેસુડાં લાવું છું.'' માધવ રોડ પાસેની થોરની વાડ ઓળંગીને પલાસના વૃક્ષ ઉપર ચઢી ગયો. અને કેસુડાના ફૂલોથી લચી ગયેલી એક ડાળી તોડી લાવ્યો. સરયું તે ડાળીને જોઇ જ રહી. તેના ચહેરા પર આનંદની રેખાઓ ખેંચાઇ. તે હસતાં બોલી ઊઠી. કેવાં સુંદર ફૂલો છે. કોમળ છે. સેક્સી છે. હાં.'' સરયું તે ફૂલોને કર પલ્વ પ્રસારતી સ્પર્શનો અનુભવ કરી રહી અને ધન્યતા અનુભવી રહી. દહેગામ તરફથી બસ આવીને સારસ બેલડી **S.T.** બસ ઊભી રહેતાં પલાસ પુષ્પની ડાળી સાથે કંડકટરની સામેની સીટમાં ગોઠવાઇ ગયાં. કાચની ખુલ્લી બારીમાંથી બસ ઊપડતાં જ ગરમ ગરમ પવન આવી





રહ્યો હતો. માધવે તે બરી બંધ કરી. તે સમયે તેણે અજાણતાં જ સરયુના ઉન્નત ઉરજનો સ્પર્શ અનુભવ્યો. માધવ રોમાંચીત થઇ ઉઠ્યો. સરયું તેની આંખોમાં જોઇ જ રહી. તે પણ રોમાંચીત થઇ ઊઠી. માધવે સરયુના હાથને હળવેથી પકડ્યો અને ધીમે ધીમે જોરથી દબાવ્યો. સરયુના હોઠથી એક સીસકારો નીકળી ગયો. ''ઊંઇ મા....'' તે બોલી રહી. ''તમે ખરા છો હોં...આ કેસુડા જેવાં. લો કેસુડો તમારી પાસે રાખો.'' થોડી ક્ષણો પછી બોલી ઊઠી ''જો જો કેસુડાનાં ફૂલ ખરી ના જાય.'' ને તરબૂચ પર હાથ રાખી રહી.

''હા...હા...સરયું આપણે આ ડાળી સાથે કપડવંજ જઇને ફોટા પડાવીશું. આ યાદને ફોટે મઢીશું.'' માધવ વધુ ઉત્તેજીત થયો. તેના હોઠને ચગળતો સરયુ સામે જોઇ તેના હાથને ચુંબન કરી રહ્યો હતો. બસ પૂરપાટ આતરસુંબા તરફ આગળ વધી રહી હતી. દરવાજા પાસે ઊભા રહેલા પેસેન્જરને ઊતારવા કંડક્ટરે ઘંટડી મારી અને બોલી ઊઠ્યો. 'નીકોલ...' મુસાફરને ઊતારતી બસનું બારણું બંધ થતાં બસ દોડી રહી હતી. કંડક્ટર બંન્નેને સૌમ્ય નજરે જોઇને હોઠમાં હસી રહ્યો હતો. સરયુ બારી તરફ ચહેરાને ઢાળીને આંખો બંધ કરી સુઇ રહી હતી. તેના મનો જગતમાં ઝાંઝરી, કેદારેશ્વર અને ઉત્કંઠેશ્વરમાં અનુભવેલ વેત્રાવતીની ભવ્યતા અને શિવમંદિરોના ધન્યતાનો અહોભાવ હતો. તો વળી માધવના સહપ્રવાસની સૌમ્યતા...ધન્યતા...નવીન હતી.

આંતરસુંબા સ્ટોપ ઉપર બસ ઊભી રહી. ત્યારે માધવે સરયુને જગડતાં હાથ પકડી કહ્યું. ''સરયું જો કોટથી શોભતું આંતરસુંબા આવ્યું.

ગાયકવાડી સ્ટેટનું આ તાલુકા મથક છે. અહીં પણ કોટને દરવાજા છે. ઉપર તરફના દરવાજે દિલ્હી દરવાજો કહેવાય છે. આ સામે દેખાય છે. તે વ્યાસ વાસણા દરવાજો કહેવાય. કોટને ફરતી ખાઇ છે. કોટમાં પ્રવેશવા પૂલ બનાવેલ છે. કહેવાય છે કે સર સયાજીરાવ ગાટકવાડે તેમના લગ્ન પ્રસંગે તેમના ગામોમાં પણ જમણવાર કર્યો હતો. તેમના દરેક ગામોમાં શિવ મંદિર, પંચાયત અને વાવ આવેલાં છે. દરેક ગામમાં પોલીસથાણું પણ હોય છે. પ્રજા પ્રેમી રાજાએ એ સમયમાં પણ કન્યા કેળવણી ફરજીયાત કરેલી હતી. સરયું આંખ ખોલીને દૂર દેખાતા ગામને જોઇ રહી હતી. કોટના દરવાજામાંથી દેખાતું દુકાનોની હારમાળા વાળું બજાર જોઇને બોલી ઊઠી ‘‘હા જો ને કેવું સરસ ગામ છે. ઉત્સવ પરીખની જન્મભૂમિ છે. માધવ! અહીં પણ આઝાદીના લડવૈયાઓએ જન્મ ધારણ કર્યો હતો. રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ એક ગીત ‘‘એક આતરસુંબાનો વાણિયો’’ રચ્યું છે. માધવ! કપડવણજના જ પણ રમ્ય નગરી છે. તેમાં પણ મહાત્મા ગાંધીની ભવ્ય પ્રતીમા છે. કપડવંણજનાં કવિ રાજેન્દ્ર શાહે આઝાદી સંગ્રામમાં રાષ્ટ્ર્ધ્વજ અંગ્રેજો ના લઇ જાય તે માટે કુંડવાવ પાસેના ટાવર ઉપર કૂદકો માર્યો હતો.’’

‘‘આપણે કપડવણજ જઇશું? બજારમાં ફરીશું અને કુંડવાવ, બત્રીશ કોઠાની વાવ, લાડલી બીબીનો ગોખ જોઇશું.’’ માધવે ઉત્સાહમાં આવીને કહ્યું. સરયુંની હડપચી પર હળવી ટપલી મારી.

‘‘એમાં ટપલી મારવાનું ક્યાં આવ્યું? તું તો જબરો છે. કોઇને કોઇ બહાને મને....’’ મર્માળ હસતાં સરયુએ કહ્યું. સરયુંની લજામણી





આંખોમાં પ્રેમની આછી ઝલક ઊભરાઇ ઊઠી. બસ તે જ ગતિમાં રસ્તો કાપતી હતી. રોડની બંન્ને તરફનાં વૃક્ષો, સીમાડા અને ગામડાં પસાર થતાં હતાં. હવે કોઇ જ મુસાફર ન હતો. મહોરનો પૂલ ઓળંગીને નદીનો ઢોળાવ પસાર કરી બસ નદી દરવાજા સ્ટેન્ડે ઊભી રહી. બે પ્રવાસી બસમાં પ્રવેશ્યા. તે આગળની સીટ પર બેસ્યા. પુનઃ બસ સ્ટેન્ડ તરફ આગળ વધી. સ્ટેન્ડ આવતાં બસ ઊભી રહી. માધવ અને સરયું બસમાંથી નીચે ઉતર્યાં ત્યારે ૩-૩૦નો સમય થઇ ચૂક્યો હતો. શહેર તરફના રસ્તાઓ વહાનોથી ધમધમતા હતા. નેશનલ પ્લાઝામાં પ્રવેશતાં ગોપી સ્ટુડિયોની સીડી ચઢતાં સરયુ એ કહ્યું ‘‘માધવ! આપણે બે કલાક ફરીશું હોં. પછી છ વાગ્યાની બસમાં જઇશું.’’ ગોપી સ્ટડિયોમાં કેસુડા સાથે ફોટો પડાવતાં ફોટોગ્રાફરે કહ્યું. ‘‘તમે ફરીને આવશો એટલે તમને આઠ ફોટા આપીશ. લાવો ચાલીશ રૂપિયા.’’ માધવે તેના પાકીટમાંથી ચાલીશ રૂપિયા આપ્યા. ત્યારે સરયું તેની સામે જોઇને બોલી ઊઠી ‘‘માધવ! મને પણ સહભાગી થવા દે. હવે હું જ ખર્ચ આપીશ.’’

ગોપી સ્ટુડિયો છોડતાં સીડીનાં પગથિયાં ઊતરતાં. માધવે કહ્યું. ‘‘સોપીંગ સેન્ટર સરસ બન્યું છે. પાછળ **S.T.** ગેરેજ છે. આ જમીન બાજુના ગામના રહીશે ટોકન કિંમતમાં દાનમાં આપી હતી.’’ બજારમાં પ્રવેશતાં ટાવરને નીહાળતાં સરયું બોલી ઊઠી. ‘‘આ ટાવર ઊપરથી કવિએ કૂદકો માર્યો હતો?’’

‘‘હા! સરયું. પરંતુ એ સમયે ટાવર આટલો ઊંચો ન હતો. ત્યારબાદ બાકીનું બાંધકામ નવીન કરેલું છે. કુંડવાવમાં પ્રવેશતાં સરયું

તે કુંડવાની રચના તેની ભવ્યતા જોઈને દિગ્મૂઢ બની ગઈ. તેને પગથિયાં પગથિયે ગોખ અને સમાંતર ક્રમ સહ ઊતારવાળી રચના જોઈને અત્યંત આનંદમાં આવી ગઈ. તે સમયે જ મોબાઈલની રીંગ રણકી ઊઠી. પર્સમાંથી મોબાઈલ કાઢીને ‘‘હલો કોણ?’’ કહેવું જ ના પડ્યું. તેણે નંબર જોઈને જ બોલી ઊઠી ‘‘મમ્મી!’’

‘‘ક્યાં છે તું? ચાર વાગવા આવ્યા છતાં તું આવી નથી.’’ ફોનમાં તીણો અવાજ આવી રહ્યો હતો.

‘‘હા...હા..મમ્મી આવું છું. આજે તો દૂર હતી ને...હું ઉતાવળમાં તને કહેવાનું ભૂલી ગઈ.’’ સરયુંએ ધીમા, મીઠા અવાજે કહ્યું.

‘‘સરયું, જો તું હવે નાની નથી રહી. અમને પણ તારી ચિંતા થાય છે. બેટા.’’

સરયુંએ હળવા અવાજે પ્રત્યુતર આપતાં કહ્યું. ‘‘ચિંતા ના કર. મમ્મી ડેડને હું સમજાવીશ. મારી સાથે માધવ છે...માધવ. હું કપડવણજમાં છું. કેટલી સરસ કુંડવાવ છે. સામે જ કીર્તિતોરણ છે. સિદ્ધિરાજ જયસિંહે બંધાવ્યું હતું. આ વાવ પણ તેની બંધાવેલી છે. મમ્મી...વાવના ગોખમાં દીપ પ્રગટતા હશે, ત્યારે અંધારી રાતે કેટલું રમ્ય વાતાવરણ બનતું હશે. પછી વિગતે વાત કરીશ.’’ સરયુંએ ફોન કાપી નાખ્યો.



‘‘મમ્મી મને જાણે છે? તેં તો મને કહ્યું પણ નહીં.’’ માધવે ગભરાઈને કહ્યું.

‘‘હા. બીજું કાંઈ નથી જાણતી. આપણે મિત્રો છીએ તે જ જાણે છે.’’ સરયુંએ સહજતાપૂર્વક કહ્યું. કુંડવાવથી બહાર નીકળતાં માધવે અંબિકા હોટલ તરફના માર્ગે રેલાતું ગીત ‘‘ઈંધણ વિણવા ગઈતી મોરી સૈયર...’’ દોડતી રીક્ષામાં વાગતું હતું. તે સાંભળતાં બોલી ઊઠ્યો ‘‘સાંભળ્યું કેટલું સુંદર ગીત છે. રાજેન્દ્રશાહનું ગીત છે. અહીંના લોકોના ગ્રામ્યજીવન પર લખાયેલું છે. તેનો લયતાલ પણ મધુર છે.’’ ત્યાં તો દોડતી બીજી ઓટો રીક્ષામાંથી ગીત રેલાતું હતું. ‘‘કપડવંજની શેરીઓ માનવા...’’બંને જોડીએ રીક્ષાને હાથ કર્યો.

‘‘બોલો ક્યાં જવું છે?’’ રીક્ષા ડ્રાઈવરે કહ્યું.

‘‘કપડવંજ બજારમાં બધે ફેરવ, શું લઈશ?’’ માધવ બોલ્યો.

એકસો પચ્ચીસ રૂપિયા. ‘‘મહાજન લાયબ્રેરી, બત્રીશ કોઠાની વાવ, અંતીસર દરવાજા, એમ.પી. હાઈસ્કૂલ અને રત્નાકરમાતા લઈ જઈશ.’’ સરળતાથી રીક્ષાવાળાએ કહ્યું. એટલા બધા. ચાલ સિત્તેર રૂપીયા આપીશ.’’ માધવ મોટેથી બોલ્યો.

‘‘હા, સાહેબ એંશી આપજો.’’ રીક્ષાવાળો ગભરાઈ ગયો.

બંન્ને જણ રીક્ષામાં ગોઠવાઈ ગયાં. મહાજન લાયબ્રેરી પાસે આવીને રીક્ષા ઊભી થઈ ગઈ. ડ્રાઈવર પર પૂરો જાણકાર હતો તે બોલ્યો ‘‘આ લાયબ્રેરી, સામે છે તે મહેતા પોળ, અમારા કવિ રાજેન્દ્રશાહ

ત્યાં રહેતા હતા. જાઓ તે જોઇ આવો. હું અહીં ઊભો છું.'' માધવ સરયું લાયબ્રેરીમાં પ્રવેશ્યાં. ત્યારે તેની વિશાળતા અને બેઠક વ્યવસ્થા જોઇને આનંદિત થઇ ઊઠ્યાં. કેટલાક વૃદ્ધો, યુવાનો અને સ્ત્રીઓ સમાચારપત્રો, સામયિક વાંચી રહ્યા હતા. ધીમે પગલે લાયબ્રેરીમાં ફરીને બહાર નીકળ્યા અને સામેની મહેતા પોળમાં પ્રવેશ્યા. કવિ રાજેન્દ્રશાહનું સાદુ, જૂનીબાંધણીનું મકાન જોઇને અહોભાગ્યનો અનુભવ કરવા લાગ્યા. રીક્ષાવાળાએ રીક્ષા પાછી વાળી અને બત્રીસ કોઠાની વાવ તરફ લઇ ગયો. વાવ જર્જરીત હતી. તેની પાસેના મોઢેશ્વરી માતાજીના મંદિરમાં દર્શન કરી વાવની પાસે ઊભા રહી સરયું માધવ વાવને જોઇ રહ્યા. નગર પાલીકાએ રેલીંગ મારી વાવમાં પ્રવેશ નિરોધ કર્યો હતો. વહોરવાડમાં તેઓ પસાર થયાં. ત્યારે મકાનોની બાંધણી જોઇને બંન્ને આશ્ચર્ય અનુભવવા લાગ્યા. રીક્ષા અંતીસર દરવાજાના ચોકમાં ઊભી રહી. રીક્ષાવાળાએ કહ્યું ''અહીંની જાહોજલાલી પહેલાં ખૂબ હતી. આ જૈનપેઢી છે. અહીંથી રસ્તો નદી તરફ જાય છે. કરસનપુરાથી પાંચ કિ.મી. દૂર છે.'' બંન્ને બહાર નીકળીને થોડે દૂર ચાલીને પાછા રીક્ષામાં ગોઠવાયાં. રીક્ષા એમ.પી હાઇસ્કૂલ તરફ દોડવા લાગી. રસ્તો ખુલ્લો હતો. વાહનોની અવરજવર ન હતી. બંન્ને તરફ સુથારીકામ વેલડીંગ લુહારી કામની દુકાનો હતી. એમ.પી. હાઇસ્કુલ પાસે રીક્ષા જ્યારે ઊભી રહી ત્યારે પરીક્ષાનું વાતાવરણ હતું. **S.S.C.** બોર્ડ અને **H.S.C.** બોર્ડની પરીક્ષાઓ ચાલતી હતી. ત્યાંનું વાતાવરણ શાંત હતું. વાલીઓ સ્કૂલની સામેની બાજુ રોડથી દૂર આવેલી દુકાનો



અને લાકડાના પીઠા પાસે ઊભા હતા. કેટલાકના ચહેરા ઉપર ચિંતા હતી. તો કેટલાકના ચહેરા ઉપર હળવાશ અને આનંદ હતો.

''હવે અહીં રોકાવાની જરૂર નથી. આપણે રત્નાગિરિ માતાજીએ જઇએ.'' રીક્ષાવાળાએ થોડા સમયને કારણે માધવને કહ્યું.

સરયુએ રીક્ષાવાળા તરફ જોઇને કહ્યું. ''હા સાચી વાત છે.'' રીક્ષા આગળ ચલાવ.''

રત્નાગીરી તરફ જતી રીક્ષામાં માધવ સરયું બહારનાં દશ્યો જોતાં હતાં. તેમણે કપડવંજની ભવ્યતાનો અનુભવ કર્યો હતો. રત્નાગીરી સુધી બંધાઇ ગયેલી સોસાયટીઓને કારણે રત્નાગિરિ ડુંગરનો ખ્યાલ પણ આવતો ન હતો. જ્યારે બંન્ને રીક્ષામાંથી નીચે ઉતર્યા ત્યાર રીક્ષા મંદિર પાસેના કોટની દિવાલ પાસે ઊભી હતી. પ્રવેશદ્વાર સાંકડું પુરાતન હતું. બંન્નેએ અંદર પ્રવેશીને જોયું તો મંદિરનો ખુલ્લો ચોક હતો. ચોક વચ્ચે જૂનું અને નાનકડું છતાં આધુનિક સુંદર મંદિર હતું. બંન્નેએ ત્યાં દર્શન કર્યાં. પાસેના બાંકડા પર ગોઠવાયાં. તરબૂચને ન્યાય આપ્યો. તરબૂચ મીઠું હતું. મંદિરમાં અવર જવર ઓછી હતી. શાંત વાતાવરણ બંન્નેના મન ઉપર પ્રભાવ પાડી ગયું. માધવ અને સરયું જ્યારે એસ.ટી. સ્ટેન્ડ ઉપર આવ્યાં ત્યારે સાંજના ૬-૩૦નો સમય થઇ ચૂક્યો હતો. વડોદરા તરફની બસ ઊભી હતી. સરયું અને માધવ બસમાં ગોઠવાઇ ગયાં.

## પ્રકરણ : ૨. મમ્મી!...માધવ!...

"ક્યાં મોડું થયું છે? રીલેક્ક્ષ સરયું."

"મમ્મી! સાડા નવ થઇ ગયા. ઓહ!"

"સરયું હજુ તો હું ખાવાનું બનાવું છું. મારી દીકરીને ઇડલી સંભાર ભાવે છે ને...સંભાર બનાવી દીધું છે. ગરમા ગરમ ઇડલી હવે ઉતારીશ. વાટી દાળની છે."

"મઝા આવશે. ઓહ! મમ્મી તું કેટલી વહાલી છે. મારી કેટલી સંભાળ રાખે છે."

"જો સરયું સંભારની સુગંધ લાળરસને સતેજ કરશે! મઝા આવશે મઝા. તું કહે તો ખરી તારી મુસાફરી કેવી રહી?"

"મમ્મી! આજે તો હું ખૂબ ફરી. થાકી પણ ગઇ છું. પણ મમ્મી! મારી લાઇફમાં ક્યારેય ના જોયેલાં સ્થળો, મંદિર અને પ્રકૃત્તિ સૌંદર્ય જોઇને કુદરતની ભવ્યતાનો અનુભવ કરી ચૂકી."

"હું રીલેક્ક્ષ થઇને આવું. બાથ કરી લઉં પછી તને જમતાં જમતાં વાત કરું."



સરયું સ્નાન કરી નાઇટડ્રેશ પહેરીને વાળને ઝટકોળતી પુનઃ આવી. ત્યારે સુનયનાએ બે થાળી ઇડલી તૈયાર કરી દીધી હતી. એક વાટકામાં ઇડલીને જોઇને સરયું બોલી ઊઠી. "મમ્મી નાઇશ...વોટ અ વન્ડરફૂલ ઇરસ." સરયુની આંખોમાં ચમક હતી. તેના હોઠો પર મુક્ત હાસ્ય હતું. તે સુનયનાને જઇ રહી હતી.

સુનયનાએ એક વાડકામાં સંભાર કાઢી તેમાં ચમચી મૂકી ડીશમાં ઇડલી કાઢી ટેબલ ઉપર મૂકતાં જ બોલી ઊઠી : "બેટા! મને ખબર છે. જેટલી હું વ્હાલી છું એટલી ઇડલી સંભાર તને વ્હાલાં છે. બેસી જા! ગરમા ગરમ તને ખાવામાં મઝા પડશે જ. અને ખતાં ખાતાં તું ટૂરની વાતો કહેતી જા."

"મમ્મી, માધવ!...."

"હા..."

"હા મમ્મી! માધવ....અને હું..."

"હા હા બોલ માધવ અને તું..."

"હા...મમ્મી હા...માધવ. માધવ. માધવ."

"શું થયું? માધવ અને તારું...."

"મમ્મી! માધવ મને ખૂબ ખૂબ...ટુ મચ."

"ઓહ! વોટસ અ નાઇશ....મને ખૂબ ગમ્યું."

"મમ્મી માધવને હું ચાહું છું." સરયું બોલી ઊઠી. તેના ચહેરા ઉપર શરમના ટોરડા ફુટ્યા તે સુનયાને ગળે વળગી પડી."

"બેટા! માધવને હું ઓળખું છું. મને ખૂબ ગમે છે. હું પણ એ જ ઇચ્છું છું." સુનયનાએ સહજ પ્રેમાળ ભાવે સરયુના માથ ઉપર હાથ ફેરવતાં કહ્યું. સરયુંને તેઓ કહી રહ્યાં. "આ વાત મને ખૂબ ગમી જો ઇડલી ઠંડી થઇ જશે. પછી ખાવામાં મઝા નહીં આવે. લે ગરમ ઇડલી કાઢી આપું. સુનયનાએ ડીસની ઇડલીને પાછી તપેલીમાં મૂકીને તેની ડીસમાં ગરમ ઇડલી મૂકી તેના વાડકામાં થોડું ગરમ સંભાર ઊમેર્યું.

"મમ્મી અમે વહેલી સવારે કપડવંજથી ઝાંઝરી પહોંચ્યાં. અત્યંત કુદરતી વાતાવરણ ઉછળતી કુદતી ધસમસતી નદી. વાત્રક, તેનું ભવ્ય સૌંદર્ય...મારા મન ઉપરનો બોઝ હળવું કરી ગયું. તેનો ધોધ જોવા ગયાં, ત્યારે એ એવો ગર્જતો હતો કે જાણે સિંહ ઘુરકતો હતો. વેણુ વત્સલા કહેલી હતી તે સાચું હતું. તેને બંન્ને કિનારા નદીની અંદર જતાં નિહાળીએ ત્યારે વૃક્ષોથી હર્યાં ભર્યાં લાગે છે. નદીને કાંઠે પારિજાતનાં વૃક્ષ ફૂલોની ચાદર પાથરી હસતાં હસતાં કહી રહ્યાં હતાં. "જો હું કેવી સુંદર છું." નદીના વહેતા પ્રવાહનો સ્વર, ગતિ અને સુગંધનો ત્રિવેણી સંગમ અદ્‌ભૂત હતો.

ઇડલીમાં સ્પૂનથી ટુકડા કરી સંભારમાં નાંખી સ્પૂનથી સંભાર સાથે ખાતાં બોલી ઊઠી.

"ઓહ! શું સ્વાદ છે...મમ્મી તું સરસ ઇડલી સંભાર બનાવે છે. મને શીખવને!"





"જરૂર શીખવીશ...પછી તમે ક્યાં ગયાં."" પછી તો અમે કેદારેશ્વર ગયાં. નદીના કિનારે જ પટને અડકીને ડુંગરમાંથી વહેતા ઝરણા અને કોતર પાસે મંદિર છે. કેટલાય મુમુક્ષુઓ મનની શાંતિ અર્થે અહીં તપ જપ કરે છે. તેને અડકીને આવેલા કોતરમાં કેવડાનાં વૃક્ષો છે. અમે મંદિરમાં પ્રવેશ્યાં ત્યારે પૂર્વનો પવન કોતર ઉપરથી મધુર સુગંધ સાથે શીતળતા આપતો હતો. કોતર ઉપર એક નાનકડો પૂલ છે. સામે જ તેલનારના ગામ લોકોએ ધર્મશાળા બનાવી છે. અમે નદીમાં સ્નાન કરીને ભીના કપડે જ ભગવાન શિવનાં દર્શન કર્યાં. પવન અને ગરમીને કારણે અડધા કલાકમાં જ કપડાં સૂકાઇ ગયાં. માધવનો આગ્રહ હતો કે જીવનની ધન્યતા, મનની નિર્મળતા માટે પૂરાણ કાળથી વહેતી વેત્રાવતી ના પવિત્ર નિર્મળ નીરમાં સ્નાન કરી ભીના કપડે જ ભગવાનનાં દર્શન કરીએ." "હું તો મારી માન્યતા છોડીને તેણે કહ્યું તેમ સ્નાન કરીને બહાર નીકળી. તો મારા મન ઉપરનો ભાર હળવો થઇ ગયો. દર્શન કરતાં મેં આંખ બંધ કરી તો હું મારી અંદર ઊતરી ગઇ હતી. સમય અને અસ્તિત્વનું કોઇ જ ભાન નહીં. આત્માનો અવાજ શિવ શિવ રટતો હતો. આંખ ખોલી તો પૂંજારી મને પ્રસાદ આપવા હાથ લંબાવી રહ્યા હતા. રીયલી આઇ બીલીવ ગોડ ઇઝ હીયર બટ વી આર નોટ એક્ટીવ ટું મીટ હીમ."

"બેટા! મારી જિંદગીનો આજ અનુભવ છે. મેં તારા પપ્પાને ગુમાવ્યા ત્યારે સગા વ્હાલાની અવર જવર રહી. તે પણ સ્વાર્થ પૂરતી. હું તેમને કંઇ આપું. મંદિરો..સેવાટ્રસ્ટોના પત્રો આવવા લાગ્યા. બે

ચાર સાધુ મહંતો મળવા પણ આવ્યા. શાંત્વના આપવા નહીં પણ હું કંઈક તેમને દાન કરું. તેમના સંપ્રદાયમાં જોડાઉં તે માટે.

“ઓહ! મમ્મી સાધુ સંતો કરતાં મહંતો અને ગાદીપતિઓ આવું કરે છે? વેરી વેરી બેડ પછી તેં શું કર્યું. મને તેં કેવી રીતે ઉછેરી. તે કેવી રીતે આટલી મોટી મિલકતનું જતન કર્યું.”

“જો બેટા જિંદગીમાં કોઈ જ ઉતાવળો નિર્ણય લેવાય. તેમની બે વાતો કે તેમનો પ્રભાવમાં ના આવી જવાય. આપણું કોણ છે? તેની બહું મોડી ખબર પડે. તારા મામા પણ વૈભવને ભણાવા માટે મદદ માટે વારે ઘડીએ આવતા. તેને પણ સંભળાવી દીધું કેતન! તું હમણાંનો જ આવે છે. તારા બનેવીની સ્થિતિ સારી ન હતી. એક ટાઈમનાં પણ વલખાં મારતાં ત્યારે તું ક્યાં ગયો હતો. પપ્પાની સાઈઠ વીઘાં જમીનમાંથી કંઈ ઉપજ થતી હતી. તેં ધાર્યું હોત તો મારે ઘેર દશ મણ ઘઉં કે પાંચ મણ બાજરી કે દશ દશ કીલો મગ, ચણા કે તુવેર આપી શક્યો હોત.” તે દિવસે તો કેતન! મૂંગો જર રહ્યો. અમારી મૂંગી વેદનાને મેં વાચા આપી હતી. તારા પપ્પા કેન્સરમાં રિબાતા મૃત્યું પામ્યા. અંતમાં તેમણે શું કહ્યું ખબર છે...“સુનયના જો...” મારો હાથ પકડી ચૂમતાં આંખમાં આસું આવી ગયા. “મને ખબર હતી કે મારો રોગ અસાધ્ય છે. તે ક્યારેય નહીં મટે. તેની કોઈ દવા કે ઉપાય શોધાયો નથી. ખોટો ખર્ચ કરવાનો અર્થ નથી...સરયુંને સાચવજે તેને ખૂબ ભણાવજે અને એની ઈચ્છા પ્રમાણે જ લગ્ન...” તારા પપ્પાની આંખો મિંચાઈ ગઈ ત્યારે હું અને તું એકલાં જ હતાં. માધવ બારણા પાસેથી દોડતો મને





વળગી પડ્યો હતો. તે ખૂબ રડ્યો. હું માધવને અને તને ભેટીને છુટ્ટી પોકે રડી રહી હતી. માધવ પડોશીને બોલાવી લાવ્યો. ટેલીફોન પાસેની ડાયરીમાંથી એક પછી એક ફોન નંબર કાકા મામા...મોટાભાઈ.. આડોશી પાડોશીને લગાવ્યા અને ઘટનાની જાણ કરી. તું અને માધવ બાળમિત્રો છો. માધવ તને તારા સ્વભાવ, વિચારને ઓળખે છે. તેટલો કદાચ હું પણ તને ના ઓળખી શકું.

સરયુ અને સુનયનાની આંખમાં આંસુ હતાં. વાતાવરણ ગંભીર હતું. બારણે કોલ બેલ વાગી ઊઠ્યો. સરયુંએ બૂમ મારી “ખુલ્લું જ છે કોણ?”

“માધવ...” સુનયના બોલી ઊઠ્યાં.

તે સમયે માધવ બારણું ખોલીને અંદર આવ્યો.

“મને વિશ્વાસ હતો કે આટલી મોડી રાત્રે માધવ જ હોય.” સુનયના હસતાં હસતાં બોલી ઊઠી.

“મને મનમાં થયું કે લાવ જતો આવું સરયું એ ખાધું કે નહીં. આજે તે ખૂબ થાકી ગઈ હશે. માસી...તમારા વિના હું નથી રહી શકતો. દિવસમાં એકવાર પણ તમને ના જોઉં તો હું આખો દિવસ બેચેન રહું છું. મનમાં થાય છે કે આજે હું કંઈક ભુલી ગયો છું.” હૃદયની વાત કરતાં માધવ ગળગળો થઈ ગયો.

સુનયના માધવનો હાથ પકડી ખેંચીને ડાયનીંગ ટેબલ ઉપર બેસાડતાં બોલ્યાં. ''માધવ આત્માના તાર જોડાયેલા હોય ત્યારે જ આવું બને લે થોડાં ઇડલી સંભાર ખા.''

''ના માસી હમણાં જ કચોરી ખાઇને આવ્યો.'' પેટ ઉપર હાથ ફેરવતાં માધવ હસી ઊઠ્યો.

''મંજરીએ કચોરી બનાવી છે. તને ખૂબ ભાવે છે. એટલે જ.'' હસતાં હસતાં સુનયનાએ ડીસમાં ઇડલીને વાડકામાં સંભાર કાઢીને ચમચી મૂકતાં કહ્યું.

માધવ ના ના કહી શક્યો. તેની આંખો સુનયના અને સરયુની આંખોમાં છલકાતો ભાવ જોઇ રહી હતી.

''ઉત્કંઠેશ્વર તો જાબાલી ઋષિનો આશ્રમ ગણાય છે ને? ત્યાંનાં તરબૂચ બહું મીઠાં હોય છે.'' સુનયનાએ પુનઃ વાતનો દોર પકડતાં કહ્યું.

''મમ્મી!...'' સરયું હસી પડી. તે બોલી ઊઠી. ''મારા મનની વાત કરી નાંખી. મને તરબૂચ બહું જ ગમ્યાં.'' તેણે માધવ સામું જોયું. માધવ હસતો હતો. કીચનમાં મુક્ત હાસ્ય ફેલાઇ રહ્યું હતું. સામે બેઠક રૂમની દિવાલ ઉપર જનક પુરોહિતનો ફોટો હસતો હતો. સુનયના ના આગ્રહને વસ થઈને માધવે એક બે ઇડલી સંભાર સાથે ખાતાં બોલી ઊઠ્યો ''માસી તમે ઇડલી સંભાર સ્વાદિષ્ટ બનાવો છો. ખૂબ ભાવ્યાં.''



''મારી મમ્મી ભાવતાં ભોજન બનાવે છે. તેમાં હૃદયનો ભાવ ઉમેરે છે.'' સરયું બોલી ઊઠી.

''એટલે તો ખૂબ સ્વાદિષ્ટ લાગે છે. થાય છે કે હું બધા જ ખાઈ જાઉં. વાહ! માસી'' માધવ મર્માળ હસતાં હસતાં કહી રહ્યો.

ત્રણે જણ કિચનમાંથી નીકળ્યાં ત્યારે બેઠક રૂમની દિવાલ ઉપરની ઘડિયાળમાં સાડા દશ વાગ્યા હતા. તે ઉપર નજર પડતાં માધવ બોલ્યો.

''માસી હું જાઉં. કાલે પાછું વહેલું સીવલી હોસ્પીટલમાં જવાનું છે. પૂરા એક વર્ષ સુધી ત્યાં જ ઇન્ટરશીફ થશે. લાસ્ટયરમાં આ બધુ હોય જ છે. સરયું! કાલે તને નહીં મળું. વહેલું જવાનું ને મોડું આવવાનું થશે.'' માધવે સરયું સામે જોઈને કહ્યું. ''ફોન તો કરીશ ને?'' સરયું મર્માળ હસતાં બોલી ઊઠી.

''હા! કેમ નહીં? તે વિના ચેન જ ના પડે ને? મન તો...''માધવ મૂક્તતાથી કહી રહ્યો હતો. સુનયના તેના ચહેરાના ભાવ અવલોકી રહી હતી. માધવને બારણા પાસે મૂકવા ગયેલી સરયુંએ માધવનો હાથ પકડ્યો. માધવે સરયુના હાથ હળવેથી દબાવ્યો. સરયું માધવ હસી પડ્યાં. અને સરયુંના હોઠથી એક સીસકારો નીકળી પડ્યો. સરયું બારણાને લોક કરી. બેઠક રૂમમાં સોફા ઉપર બેસી ગઇ. સુનયના ડાઇનીંગ ટેબલ ઊપરથી વાસણ વોસ બેસમાં મૂકીને ટેબલ સાફ કરતાં બોલી રહ્યાં હતાં. ''કપડવંજમાં ગયાં હતાં ત્યાં કુંડવાવ અને મહાજન

લાયબ્રેરી જોઇ? ત્યાંની ગાંધીજીની પ્રતિમા ગુજરાતમાં સૌથી મોટી છે.'' સુનયનાએ ટેબલ સાફ કરતાં કહ્યું.

''હા મમ્મી, મહાજન લાયબ્રેરી ખૂબ મોટી છે. હરીભાઇ દેસાઇએ બંધાવી છે. તેમાં કવિ રાજેન્દ્ર શાહનો ફોટો છે. લાયબ્રેરીની સામે જ મહેતા પોળમાં કવિ રાજેન્દ્ર શાહનું મકાન છે. મને ખૂબ ગમ્યું. તે વિસ્તારમાં નાની શાક માર્કેટ ગોઠવાઇ જાય છે. તાજુ ને સસ્તું વિવિધ શાકભાજી મળે છે. સમ્રાટનો શિખંડ તો ખરો જ...અમે રાજા સિદ્ધરાજ સોલંકીએ બનાવેલી કુંડવાવ પણ જોઇ પણ રત્નાકર માતાજીના દર્શન કરી આવતાં રહ્યાં.'' સરયુંએ કપડવંજનું વર્ણન કરતાં કહ્યું.

''લાડલી બીબીનો ગોળ અને પૂ.ગાંધી ગોખ જોવા જેવી છે. લાડલી બીબીએ કપડવંજ વસાવ્યું તે સમયે લોખંડ ગાળવાની ભટ્ટી અને બંગડીનું કારખાનું હતું. બંગડી બનાવવાનું કારખાનું આજે પણ છે. કાચની રંગીન બંગડીઓ કારીગરો સુંદર બનાવે છે. લાડલીને એક પુત્રી હતી. તે બાલાશિનોર પરણાવેલી હતી. તે ભાણેજને લઇને કપડવંજ રહી તેના ભાણેજે એક નાનકડું લશ્કર ઊભું કર્યું હતું. તેણે પાવાગઢ અને જૂનાગઢનો કિલ્લો જીત્યો હતો તેને મહમદ બેગડો કહેવાય છે. કિચન સાફ કરતાં સુનયનાએ કહ્યું.

''મમ્મી! ગાંધીજીની આટલી મોટી પ્રતીમા કેમ?'' જીજ્ઞાસાથી સરયુંએ કહ્યું. ત્યારે સુનયના બોલી ઊઠી. તારા પપ્પા કહેતા હતા કે ગાંધીજીના ગુરુ ફુલચંદ દવે કપડવણજના હતા. સંસ્કૃત ને અંગ્રેજી અને ફ્રેન્ચના શિક્ષક હતા. ગાંધીજી આફ્રિકાથી ભારતા આવ્યા, ત્યારે ગાંધીજી





તેમના ગુરુને મળવા આવ્યાં. થોડા દિવસ ગાંધીજી રોકાયા. તેમણે દેશને આઝાદ કરવાનો નિર્ણય અહીંયા લીધો હતો. કપડવંજના વૈષ્ણવો ખૂબ પ્રેમાળ છે. ગાંધીજીની યાદમાં તેમણે આ પ્રતીમા મૂકી છે.

પ્રવાસના સંસ્મરણોની વાતો કરતાં માતા પુત્રી સૂઇ ગયાં. વહેલી સવારે ઊઠ્યાં. ત્યારે બંધ ઘરમાં પણ મકાનની ચોપાસમાં વૃક્ષો પરથી પત્તીઓનો કલરવ સંભળાઇ રહ્યો હતો. નિત્ય મકાનના પૂર્વ ખૂણે ઊભા રહેલા આમ્રવૃક્ષની ટોચ પરથી મોરલાનો કંકારવ અને કોયલનો ટહુકો પરોઢે સંભળાતાં હતાં. મોરલાના દહેંકારની સાથે ઊઠી જતો જનક સુનયનાને હર હંમેશ કહોતો હતો ''જોને સુનયના આ મોરલા ગાંડા છે. એમાંય અષાઢનાં વાદળો જોઇને ગાંડાતૂર થાય છે. સવાર સવારમાં દહેંક્યા વગર રહેતા નથી. ને એમાંય આંબાની ઘટામાં સંતાઇને કોયલડી ટહુક્યા કરે છે. તેનો પ્રતિસાદ આખા નગરના મોરલાને કોયલ આપ્યા જ કરે છે. મઝાની મીઠી નિંદર બગાડે છે.'' હસતાં હસતાં સુનયનાના હોઠ ઉપર ચૂંબન કરતાં બોલી ઊઠતો. ત્યારે સુનયાની આંખો પ્રેમાશ્રુ ભરી બની જતી. સુનયના જનકને ભેટી પડીને તેની છાતીમાં ચહેરો છુપાવી દઇને બોલી ઊઠતી. ''મોરલા તમારા જેવા જ છે ને!'' તે મૂક્ત હસી ઊઠતી. શરમાઇ જતી. તો જનક કહેતો કે ''કોયલડી પણ ક્યાં જંપે છે? ટહુક્યા જ કરે છે. ટહુક્યા જ કરે છે. તારી જેમ.'' તે સુનયનાંના હર્ષાશ્રુને આંગળીને ટેરવે લુંછતાં પ્રેમભર્યું ચુંબન અર્પી દેતો.

## પ્રકરણ : ૩. મંગુ દેસાઇ અને મંછી દુબળી

સુનયના ભૂતકાળનાં સંસ્મરણોમાં સરી જતી. હેમંતના દિવસો હતા. સુનયનાએ જનક સાથે લગ્ન કર્યાને થોડાક જ દિવસો થયા હતા. જનક અને સુનયના જનકના પિતા વેદાંતના વતન કડોદમાં આવ્યાં હતાં. વેદાંત કડોદની હાઈસ્કુલમાં શિક્ષક હતાં. બ્રાહ્મણ ફળિયામાં રહેતા હતા. કડોદ સ્ટેશને આવ્યા. ત્યારે ખબર પડી કે સુહાસકાકાની સ્થિતિ સારી નથી. ક્ષયની બિમારીએ ભરડો લીધો છે. જનક ઘેર પહોંચી ને મમ્મીને મળ્યો ત્યારે મોહિની રસોઇ બનાવીને દવાખાને લઈ જવા ટીફિન તૈયાર કરતી હતી. તેણે જોયું કે બારણે જનક આવીને ઊભો છે તે રસોડામાંથી જ બોલી ઊઠી : ‘‘કેમ? આવ્યો. જનક તું નાનપણ માં પણ આવું જ કરતો. ઘેર કહ્યા વગર ક્રિકેટ રમવા ગામના છોકરાઓ સાથે બારડોલી જતો રહેતો. માંડી સાંજ સુધી તું ના આવતો ત્યારે સુહાસભાઈનો સંદેશો આવે કે ભાભીને કહેજો કે જનક મેચ રમવા બારડોલી ગયો છે. મંગુ મામા ગુસ્સે થઈને કહેતા પણ ખરા પોયરાં ગાંઠતાં ના હોય તો બાંધી દે. બાંધી દે. દેંઢા જેવો જનકની ગાંઠે તો મોટો થહેં તો હું કરીશ.’’





ફળિયું અને આખું ગામ મંગુદેસાઈને મંગુમામા કહેતું. મંગુદેસાઈ ઘર ઘરની સંભાળ રાખતા.

દુબળા વાસમાં તાડી પીને ગાંડાતૂર થતા, શુકરને એક દિવસ વાસ વચ્ચે વાંસની દંડીથી એવો માર્યો. કે મારના કારણે ચીસો પાડતી રતન રડતાં બરાડતી હતી. ‘‘મામા દુબળો નીત મારે હેં નીત રડાવેં હેં. છાપરીમાં કાંય લાવતો ની નેં અંધારું થીયેં એં છગનાના છાપરેંથી ગાળો બોલતો બોલતો રાડો પાડતો આવે હે. હાહરીનો છગનો જ નબળો હેં. એની છાપરી જ લગાડવાની હેં. હુંખલી માટલાં ભરી ભરીને ટાંટીયા પોળા કરી ઊભા પગે બેંહેં સેંને રૂપિયા રૂપિયામાં ગીલાસ ગીલાસ તાડી પીવડાવ્યા જ કરેં શી.’’

રેં તેં હાં હાં રતની તું પણ હખની રેંનેં. ગલબાને લૈને આખો દાડો પડી રેંસે. ને ભાઈલાને ઓરો જ રાખીશ. નૈં. પાછી શુકરનો વોંક ગનો કાઢીશ.’’ ગુસ્સે થઈને મંગુમામા રતનને ધમકાવતા તેના છોકરા રેશમને ઝભ્ભાના ખીસામાંથી ચણા આપતો બોલતા હતા. ‘‘લેં રેશમા અહીં આવા. તારી મા રતની અને શુકર જેમ તાડી પી પડી ના રેતો. ભણવા જજે. આજે કેમ નિશાળે નથી ગયો. ‘‘મામું વાંહમાં દલપો હડ્યો. જ્યોશ રાતી મંસીએ તાડી પીને મારતો તો...મામુ ઢોર માર...ઢોર માર...મંસી કાળની મારી ઊઠી. દલપાનો ટકલા માથામાં કુવાડીની મુદ્દલ મારી. ને દલપો ‘‘ઓ માડી...’’ ચીડ પાડતો હડઈ જ્યો. વાંહ વારા એ રાતીનીરાતી ડુંગરાંમાં બારી નાંખીયો. પોલીસ હું કરેં!’’

"હં..."મંગુદેસાઈએ આંખ કડક કરીને મંસીની છાપરી તરફ ડગલાં ભરવામાં માંડ્યાં. મંસી છાપરીમાંથી મંગુદેસાઈને આવતા જોતાં જ ધીમા ધીમા અવાજે રડવા લાગી. "ઓ દલપા તારા વના વગડ ચોં જશે. તારા વના તાડી કુણ આલશી...છાપરીમાં સુણો હટ હમસાંન હી...જગલાનું હું થા હી."...મંગુદેસાઈ જગલાને આવતો જોઈને બોલાવ્યો. તેણે ઝભ્ભાના ખીસામાંથી મુઠ્ઠી ભરી ચણા આપતાં કહેવા લાગ્યા. "જગલા રતનીની છાપરીમાંથી ગ્લાસ તાડી તારી માને આપવા લઈ આવ. "જગલો તાડીનો ગ્લાસ ભરી લાવ્યો. મંગુદેસાઈએ પાછા ખીસામાંથી મુઠ્ઠી ભરી ચણા આપતાં જગલાને કહ્યું. "લેં આ ચણાને તાડી મંછીને આલ."

મંછી ખૂબ રૂપાળી દુબળા કોમની યુવાન યુવતી હતી. માત્ર પંદર વર્ષની ઉંમરે દલપા જોડે ભાગી જઈને લગ્ન કર્યાં. પીઠેરો આવતાં દલપો મંછી હાથમાં હાથ પરોવીને પીઠેરો ગાતાં ગાતાં ગામ લોકો વચ્ચેથી ભાગ્યાં. આદિવાસી યુવાનો હાથમાં લાકડી અને ધારિયા, તીરકામઠાં લઈને તેમની પાછળ દોડવા લાગ્યા. તાડી પી ને ચકચુર બનેલાં આદિવાસી સ્ત્રી પુરુષો હોળીના વાગતા ઢોલ સાથે કિકીયારીઓ કરતા નાચતા હતા. ઢોલનો ડાંડિયો ઝડપી પડવા લાગ્યો. આદિવાસીઓના ટોળાં દોડવા લાગ્યા. દલપો મંછી જીવ લઈને દોડ્યાં. જંગલો તરફ યુવકો હાથમાં જે કંઈ અસ્ત્ર, શસ્ત્ર તીરકામઠું તલવાર, લાડકી ભાલો, ધારિયું વગેરે લઈને દોડવા લાગ્યાં. આખી રાત જંગલોમાં કિકિયારીઓ અને બુમ બરાડાના અવાજ આવા લાગ્યા. હોળીનું ઢોલ



યુદ્ધને લડાઈના ઢોલની જેમ ઝડપી વાગતું હતું. આખી રાત વાગતું રહ્યું. જંગલોમાં દલપો ને મંછી દોડતાં જ રહ્યાં તાપીના કોતરો સુધી પહોંચી ગયાં. તાપીના પટે પટે માંડવીના સાગના જંગલો વટાવતાં માંડવી ગામ તરફ વહેતી તાપીના કિનારે નદીમાં પડ્યાં. ત્યારે ભાન થયું કે ઓહ! એક રાતમાં સાઇઠ સાઇઠ માઇલ દોડતાં રહ્યાં છે. સવાર થઈ ગયું છે. નદીના કિનારા ની ભિની રેતે ઊજરડાવાળા લોહીયાળ પગને રહી છે. તમો માંહ્યલો શાંત્વના અનુભવી રહ્યો છે. જીવન મરણના જંગ વચ્ચે બે બે વર્ષ સુધી માંડવીના લોકોને જંગલનાં લાકડાં કાપી વેચી દલપો અને મંછી જીવન જીવી રહ્યાં છે. એક દિવસ વહેલી સવારે તાવમાં કણસતી મંછીને ઊઠાડતાં દલપો હાથ પ્રસારી અનુભવી રહ્યો હતો. મંછી તાવમાં તપી રહી છે. તેણે માથે બાંધેલી કાંબળીની ગાંઠમાં બાંધેલા રૂપિયા ખોલ્યા. ઊંચા ઊંચા સાગના થડમાં મુકેલ હાંડલીમાંથી ગ્લાસથી પાંદડાં અને મીઠું નાખી ઉકાળેલું પે જ પીવડાવ્યું. અને તાડી પીવડાવતાં રડતાં બોલી ઊઠ્યો. "મંછી તું જૈસ? પણ તું ન નૈ જવા દૌઉં." માંડવીના દવાખાનામાં ખભે ઊંચકેલી મંછીને સવારે ઉતારતાં દલપો ડોક્ટરના બારણે ટકોરા મારતો કહી રહ્યો હતો. "સાબ મારી મંછી માંદી શે..."

વહેલી સવારે ગાળો બોલતા બબડતા ડોક્ટરે બારણું ખોલ્યું તો રૂપના અંબાર જેવી મંછી તાવમાં તડપતી...બે ભાન બની ગઈ હતી. ડૉ. અમરે મંછીને જોતાં જ હોશ ગુમાવ્યા. તેની આંખોમાં વાસનાનાં અળશિયાં દોડવા લાગ્યાં. હોઠ ખુલ્યા. જીભ લાંબી થઈ. તે લાંબી

જીભ હોઠો ઉપર પ્રસારી રહ્યાં. એક શિશકારો નિકળ્યો અને હોઠ ચગળતાં બોલી રહ્યાં. શું નામ તારું? ‘‘દલપો હેં...ક્યાં છે?’’

‘‘સા’બ....ઈ નાં કેંવાય?’’

‘‘વગડો...!’’

‘‘ગભરાય નહીં હું નહીં કહું.’’

‘‘મારી નાંખ હેં.’’

થોડી મિનિટ મૌન ફેલાઈ ગયું. ડૉ. અમરે જાણવાનો આગ્રહ ન રાખ્યો. મંછીને ટેબલ ઉપર સુવાડવા કહ્યું. ડોક્ટરે ઇંજેક્શન તૈયાર કર્યું. ટેબલ ચોપાસનો પડદો પાડીને તેના વક્ષસ્થળ ખુલ્લા કરી મળશવા લાગ્યો. ખુલ્લી છાતી નીહાળી હોશ ગુમાવી ચુકેલો ડોક્ટર અમર તેના ભીડાયેલા કરછને ખોલી ને પાછો નિતંબ પર ઈન્જેક્શન મૂકી...ચેઈન ચઢાવતો...નીતંબને થપથાવતો...સ્પિરિટનું પૂમડું ઘસવા લાગ્યો....તેનો ચહેરો પ્રશ્વેદથી ભીંજાઇ ગયો હતો. હાથ રૂમાલથી પ્રશ્વેદ લુંછતો હતો.

પડદા બહાર ઊભો રહેલો દલપો આજીજી ભર્યા શબ્દે કહી રહ્યો હતો.

‘‘સા’બ મંછીને હારું હૈં ની.’’

એક ધીમો અવાજ આવી રહ્યો હતો.

‘‘હા.’’





ડોક્ટરે પડદો ખોલ્યો. તેમનું સમગ્ર અંગ પ્રશ્વેદથી ભીંજાઇ ગયું હતું. દલપો અવાક નજરે લાચાર બની અવલોકી રહ્યો હતો.

ડોક્ટર શર્મનો માર્યો નીચું જોઇ જતાં જતાં કહી રહ્યો હતો. થોડી વાર પડી રેવા દેં. ‘‘દલપાને ઘડિયાળ જોતાં ન હોતું આવડતું. છતાં દોડતા ઘડિયાળના મિનિટ સેકન્ડ કાંટાને જોઇ રહ્યો હતો. તેના મુખથી એક નિશ્વાસ નીકળી ગયો...તે બોલી ઊઠ્યો ‘‘મંછી.’’

...થોડી મિનિટો પછી મંછી...ટેબલ પર આંખ ખોલીને કણસી રહી હતી...વેદનાભરી લીલી આંખોએ દલપાને જોઇ રહી હતી. અવિરત નજરમાં આંસુ છલકાઇ રહ્યાં હતાં.

દલપો મંછીને લઈને માંડવીના ફળિયાઓમાં લાકડાની ભારી લઈને વેચવા નીકળ્યો. ત્યારે મંછીને જોઇને સ્ત્રીઓ ઈર્ષા ભરી નજરે તેમના પુરુષો મંછીને કંઇ અડપલું ના કરી બેસે તે માટે બારણાં બંધ કરી દેતી અને ઘરમાં રહેલો પુરુષ પૂછે કે ‘‘કોણ મંછી આવી છે?’’ તો સ્ત્રીઓ બોલતી હતી કે ‘‘જાઓને છાનામાના...કોઇ નથી આવ્યું’’....ખુલ્લી બારીમાંથી જતી મંછીનો ઉગાડો બરડોને લચકાતી ઉજ્જળી કમરના રૂપને જોઇને નિશ્વાસ નાંખતા હતા. ફળિયાના રસ્તાઓ ઉપર સામે મળતી યુવતિઓ લીલી આંખોવાળી રાજ હંસની ધવલતાને શરમાવતી માંસલ...સુડોળ દેહને જોઈને આશ્ચર્ય પામી જતી. કોઈક તો કહેતી કે ‘‘શું રૂપ છે! બ્રહ્માજીએ નિરાંતે સમગ્ર સ્વર્ગનું સ્વરૂપ એકઠું કરીને અપ્સરાને શરમાવે તેવું રૂપ આપ્યું છે.’’ તેનાં ચળકતાં અંગોમાથી નીકળતા પ્રશ્વેદમાંથી કસ્તુરીની સુગંધ પ્રસરતી રહેતી હતી..

તેને દેહ સૌષ્ટવ પરથી પ્રસાર થતી પવનની મંદ લહેર ચોપાસ સુગંધ ફેલાવતી હતી. દલપો કમરે પિંછાં બાંધતો તો વળી માથા ઉપર બાંધેલા કાપલામાં પિંછાં ખોસી ગળામાં મહુડા...વન્ય ફૂલો અને આંબાના મરવાની માળા પહેરી મુક્ત હસતો હતો. મંછીના ભીડાયેલા કચ્છમાં ઊછળતા નિતંબના થડકારે દેહ લચક આપતી હતી. મંછીની હડપચી ઉપરનો કાળો તલ તેના ચંદ્રમુખને વધુ સુંદરતા લક્ષતો હતો. ખેંચાયેલા ધનુષ્યની પણછ જેવાં પોપચાં ઉપરની ભ્રમર ધનુષ્યના વળાંકવાળી હતી. તેનાં નયન ઉપરથી પોપચાં ઊંચકાતાં ચમકતી લીલી આંખોમાંથી લીલા પ્રકાશનો પૂંજા જોનારને આંજી દેતો હતો. આજ તેના દેહ સૌંદર્યનું કુદરતે બહોળું આરક્ષણ હતું. મંછી સ્વર્ગ લોકની અપ્સરાઓમાંથી શાપીત ઉર્વશીનો અવતાર હોય તેમ માંડવીના લોકોને, આબાલ વૃદ્ધોને, સ્ત્રી પુરુષોને જણાતું હતું. મંછીના સૌંદર્યની વાતો વહેતી થઇ હતી. ગામે ગામ તેના રૂપનાં વખાણ થતાં હતાં. કથાકારો, ભજનિકો ગાયકો મંછીના રૂપના દૃષ્ટાંત મૂકતા. જંગલોમાં ભટકતી મંછી અને દલપાને જીવવું દોહ્યલું બનવા લાગ્યું હતું. એક દિવસ મંગુ દેસાઇ મંછીને શોધતો શોધતો માંડવી આવ્યો ત્યારે માંડવી બજારમાં દલપાને જોતાં જ બોલી ઊઠ્યો. ‘‘દલપા ! અહીં આવ...!’’

દલપો મંગુમામાને જોઇને આશ્ચર્ય પામ્યો. તે બોલ્યો મામુ માંડવીમાં.

ધીમા અવાજે મંગુ દેસાઇ કહી રહ્યાં.



‘‘દલપા...મંછી ક્યાં છે? તેને લઇને નાહી જા... નાહી જા... તારું...’’દલપો સમજી ગયો તેના મારા તેને શોધતાં માંડવી આવી પહોંચ્યા છે. તે લાકડાની ઊભી કરેલી ભારીની પાછળ ઊભી રહેલી મંછી પાસે મંગુ દેસાઇને હાથ પકડી લઇ ગયો. મંગુ દેસાઇને જોતાં જ મંછી તેમના ચરણોમાં પડી ગઇ. છુટ્ટી પોકે તેમને ભેટી પડીને રડવા લાગી. સમગ્ર બજારના લોકોની નજર આ દશ્ય ઉપર સ્થિર થઇ. આસપાસના સ્ત્રી પુરુષો, બાળકો એકઠા થઇ ગયા. જભ્ભા અને લેંઘામાં શોભતા દેવદૂત સમા મંગુ દેસાઇ ખભે નાખેલા ખેસથી એક આદિવાસી યુવતીની આંખોના નિકળતાં આંસુને લૂછી રહ્યા હતા. તેમનો એક હાથ તેના માથામાં પ્રસરતો, હાથથી ખભો પકડીને બોલી રહ્યા હતા. રડની રડની મંછી...ભગવાન સિદ્ધનાથ..હારું કરશે....’’ દલપાને બોલતા કહી રહ્યા હતા. ‘‘જા સામેની માટલીમાંથી પાણી લાવ.’’ દલપો પાણી લઇને આવ્યો. મંછીને મંગુ દેસાઇએ પાણી પીવડાવ્યું. સામેની દુકાનેથી મંછી દલપાને લઇ જઇને પેટ ભરી નાસ્તો કરાવ્યો ને મંછીને મંગુદેસાઇ કહી રહ્યા હતા ‘‘આ પીઠેરો કડોદમાં કરવાનો છે.’’ પણ મંગુમામા...મારે ની આવું.’’

‘‘હું છું ને.’’ મક્કમ અને ઘેઘુર અવાજ મંગુ દેસાઇનો નીકળી રહ્યો હતો.

મંછી દિગ્મૂઢ નેત્રે જોઇ જ રહી. અને બંન્ને સાંભળી રહ્યાં. કડોદમાં આદિવાસીઓના દેવતા...મામુ તરીકે જાણીતા મંગુમામા સાથે બંન્ને ચાલવા લાગ્યાં. બે બે વર્ષ પછી આજ પહેલીવાર મંછી અને

દલપાના ચહેરા ઉપર આનંદ હતો. મંગુ મામાના જમણા હાથની આંગળી મંછીએ પકડી હતી. તો ડાબા હાથની આંગળી દલપાએ પકડી હતી. કડોદમાં આથમતા સૂરજને ઝાંખે અજવાળે ત્રણે પહોંચ્યાં તો બસ સ્ટેન્ડથી ખુલ્લા માર્ગ તરફથી આવતા ત્રણે જણને દુકાનમાંથી બહાર નીકળી દુકાનદારો રસ્તા ઉપર અવર જવર કરતા લોકો મંગુમામા દલપો મંછીને જોઇ જ રહ્યા હતા. થોડી મિનિટોમાં આખા ગામમાં વાયુવેગે વાત પ્રસરી ગઇ...મામા...મંછી...દલપાને લઇને આવ્યા.''



## પ્રકરણ : ૪. ''મારી છાપરીએ લૈ જઉં.''

હોળીનું ઢોલ ઢબકતું હતું. પીહુડો અને નગારા ઉપર ડણકો વાગતો હતો. હોળી મૂર્હુત પ્રમાણે ઊભા લાકડાના વચ્ચે ગોઠવાયેલા છાણા સાથેના હોળૈયા અને કેરી, રાયણના હારથી સજાવેલી હતી. હોળીની ચોપાસ ઘેરૈયા નાચતા હતા. નગારાનો ડણકો ઝડપી ધીમે ધીમે ઝડપી બનતો હતો. ઘેરૈયાના પગનો થરકાટ વધતો હતો. સમગ્ર અંગે અંગમાં થરકાટ વ્યક્ત થતો હતો. જેમ જેમ હોળી જ્વાળાઓ ઊંચે ઊંચે વધતી હતી તેમ તેમ દૂર દૂર સુધી પ્રકાશ ફેલાવતો હતો. તાડી અને મહુડાના નશામાં ચકચૂર ઘેરૈયાઓ ચિચિયારીઓ બૂમ બરાડા પાડતા કૂદતા હતા. એક હાથમાં લાકડી ભાલો કે કામઠી તો બીજો હાથ એક બીજાની કમરમાં હતો. યુવતીઓ અને સ્ત્રીઓ ઘેરૈયાઓને રંગથી રગદોડતી હતી. બીજા દિવસે પીઠેરો ભરાવાનો હતો. રંધાયેલા, ગળા તીખા ધાન્યની વાનગીઓનો ઢગલો થવાનો હતો. ખુશ મિજાઝમાં લોકો પીઠેરો ઊજવશે. દારૂ પીશે તાડી પીશે અને ચકચૂર પ્રજા મોઝ મસ્તીમાં દિવસો પસાર કરશે. કડોદ ગામથી છેવાડાના મઢી ગામ તરફ જતાં રસ્તા તરફ આદિવાસી ફળિયામાં ઢોલ ઢબૂકતાં, નગારું ડણકતાં આજુબાજુ જંગલોના લોકો ધીમે ધીમે આવી પહોંચ્યા હતા.

અચાનક નગરાના ડણકો ગામ પટેલના ઈશારે બદલાતાં ડણક ડણક ડણક હી તાલ, ત્રિતાલમાં ઝડપી, તો ક્યારેક ધીમે ધીમે વાગવા લાગ્યો. ઘેરૈયાઓની આંખોમાં કોઇ ઓર પોરસ અને ગુસ્સો ફેલાવા લાગ્યો. હાથમાં પકડેલા ભાલા, લાકડી કે કામઠીના હાથ ઊંચા થવા લાગ્યા. મોટી મોટી કિકિયારીઓ બૂમ બરાડા વધવા લાગ્યા. જેમ જેમ સમય પસાર થવા લાગ્યો તેમ વૃદ્ધ સ્ત્રી પુરુષોમાં કોણ અણગમતી ઘટના બનવાનો અગમ્ય ભય ફેલાવા લાગ્યો. હોળી પૂંજવા યુવા વહુવારુઓ આવવા લાગ્યા. ત્યારે મંછી જેવી આવી તો ઘેરૈયાઓએ તેને ઘેરી લીધી અને નાચવા લાગ્યા. કિકિયારીઓ કરવા લાગ્યા. બરાડા પાડતા બોલવા લાગ્યા. ''લાખો લાખો માંય....માંય...''

''હાં હાં હૂં કસૈં છ પોયરાં... તખલા, કકલા, મણિયા, ગોપાલા, કાંમ્યા ઊભો રે...'' બૂમો મારતો બરાડા પાડતો મંગુમામો લાકડી લઈને દોડી આવ્યો. તખલા કાંન્યાને એક એક લાકડીની ઝાપટ મારી પણ દીધી. કાન્યો બોલ્યો ''મંછીન્ એમ હોળીનું પૂંજવા દૈં એ...''

''હાં હાં...મંછી દલપાને લૈ નાહી જૈતી.''

''અમાર ગોઠ જોયેં.''

''દારૂ જોયેં.''

''તાડી જોયેં.''

''લાડવા જોયેં.''



''કરીના લાડવા.''

રીખલો, કાંન્યો, દલપો, કકલો, મણિયો બોલવા લાગ્યા.

મંગુદેસાઈ સમય ઓળખી ગયો તે કહેતો હતો...''તલખા...લાડવા મલશેં.''

''લાખાં મંગા મામાને માંય.''

કિકિયારીઓ...બુમ બરાડા...વધવા લાગ્યા. બસો પાંચસો માણસનું ટોળું ધસી આવ્યું...બુમ બરાડા વધવા લાગ્યા. ઢોલનો નગારાનો ડણકો ઝડપી બન્યો. મંગુમામાને ઘેરૈયાઓએ ઘેરી લીધો. મંછીને...મંગુદેસાઈ એકબીજાની સામું જોઇ રહ્યા હતા. વિકટ સ્થિતિમાં બંન્ને ઘેરાયેલા હતા. મંછી સ્ત્રીત્વ વ્યક્ત કરી ઘેરૈયા સામુ જોઇ હોઠ ઊપર જીભ પ્રસારવા લાગી. આંખોનું કામણ કરવા લાગી. કાન્યો, ગોપાલો ને મણિયો મંછી સામે નજર મેળવા હોઠ કચડવા લાગ્યા. મંછી મંગુમામાના કમરે કમર પકડીને ઘેરૈયાના સાથે ઢોલને તાલે પગથરકાવતી કમર લચકાવતી નાચવા લાગી. તેનો એક હાથ હાથમાં જોરથી ઊંચો થતો હતો. ખુલ્લી હથેળી પાંચે આંગળાં પહોળાં થતાં હતાં. તે કિકિયારીઓ કરતી બરાડા પાડતી ક્રોધને વાસનામાં આંખો પહોળી કરતી જીભ બહાર કાઢી રહી હતી. ઝડપી દોડતી તેના ગૌર માંસલ સ્તનોને ઊછળતા નાચતા જોઇને ઘેરૈયાઓ ચકરાવા લાગ્યા. મંછી બરાડી રહી હું જોવંસ...કાંન્યા! ગોપલા....બોલ બોલ...''ક્રોધમાં મંછી ધ્રુજવા લાગી કૂદવા લાગી.

મંછીનું સ્વરૂપ જોઈને મંગુમામા આશ્ચર્યમાં પડી ગયા. જ્યાં ડૂબતી નાવને આરો કે ઓવારો ન હતા...મઝધારમાં વમળમાં ઢૂટેલા શઢને તોફાન વચ્ચે તરાપા કરતાં ભૂંડી નાવમાંથી ફંગોળાએલાં બંન્ને જીવ આદિવાસીઓની જંગલીઅત જણાતાં હતાં. મંગુ મામાએ બરાડો પાડી કહી દીધું....''મક્કી જૈંહ લાડવા...પાકી નાત બસ.''

''હાં હાં...''મંછી બરાડી ઊઠી.

''કેમ?'' મંગુ મામો બોલ્યો.

''મામા! એકલો દલપો મારી પાંહે નાંતો આવતો...આ નાચીસેં ને એ હંધા દેહું...મારી પાંહે પાંહે ભો...ડે જ્યાતા. તમન ખબર નૈ મામા....દલપો ના હોત તો એક દિ પેલી શવરાતે મગ્નો બન નૈ કાંપતો ને હાંફતો મથતો ઉપર ન ઉપર મથતો રોયો મારી ગળપચી દબાવી જ્યો. મેં કિકિયારી પાડી....ન દલપો હડી કાઢી આયો....એવો...ખોખરો કર્યો બીજી વાર હાંમુ નૈ જોવેં...''

''એટલું મું દલપા હારી....''

હંધુ માણહ વચ્ કૌસું....''દલપો ટોળા વચ્ચેથી બોલી ઊઠ્યો...હાં મામા...હાચું સ....'' ઓલી ઓરસંગન્ તાપીના હમ બસ....

મંગુ દેસાઈને આદિવાસીઓ ચકરાવો ખાઈ ગયા. નારી જાતને જીવ બચાવા ક્યારે દેહના સુખની લાલચ પુરુષ જાતને આપવી પડે છે. તો ક્યારેક ગમતું ના હોય તોયે હૈયું દીધાનું નાટક કરવું પડે છે. યુગોથી





વિસમય દુવિધામાં રહેતી નારી હંમેશાં અણગમતી ગમતી સ્થિતિમાં પણ હૃદયનું હાસ્ય દબાવી ક્યારે કુત્રિમ તો ક્યારેક ભયાનક સ્વરૂપ પ્રગટાવું પડે છે. નારી અસહાય છે પુરુષવર્ગ માટે ઝંખતી નારી...મંછી બને છે તો ક્યારે મંથરા તો ક્યારે સીતા અહલ્યા.

મંછીને સમજાવી પટાવીને મંગુ દેસાઈએ આદિવાસીઓને રંગપંચમીએ પાકી નાત આપવા બંધાયા. ત્યારે એજ આદિવાસીઓ કિકિયારીઓ બુમ બરાડા વચ્ચે બોલ્યા હતા.

''આજ પીવાના...દારૂ પીવાના...તાડી પીવાના....નાચવાના. ગોઠ ઊગરાવાના...''

હોળીમાં ચણાં નાંખી હોળી ટાઢોળી મંછી ટોળા વચ્ચેથી નિકળી ત્યારે ગામ પટેલ દશરથે મંછીને ટકોરી ''જાવ હાં...હખનાં રેંજોં'' નીકર...'' દબાતા સમા ભર્યા ઘેઘુર અવાજે મંછીના પગથે રોક્યા મંછી પટેલ સામું જોઇ મંગુમામાને તાકીને કહેતી હતી.

''મામા આ પટેલ દશરથ પણ મારી પાંહે આવી જ્યોશ...''મંછીના તીખા કર્કશ અવાજે દશરથના કાનના પડદાને ચીરી નાંખ્યાં. મંછીની આંખો દશરથને આંખોને આખો ખાઈ જતી ના હોય તેમ દેખાતી હતી.

થોડા સમય શરમાઈને નીચી નજરને મંછી તરફ વાસનાભરી નજરે જોઈ જીભને હોઠ ઉપર ફેલાવતાં ગામ પટેલ દશરથ બોલતો હતો મંછી પાંહણ કુણ નાં જાય.

"સરગ સેં સરગ..." તાડીથી નશાખોર બની ગામ પટેલની સામે નફરતથી જોઇ રહેલા મંગુ દેસાઇ બોલી ઊઠ્યા. "હટ...સાલા... ચાં આ ચૌદ પંદર વરહની પોયરીને ચાં તું. ઢાંઢો સાઈઠ વરહનો પાડો. નાલાયક."

મંગુમામા અને મંછી દુબળા વાસમાં પ્રવેશ્યાં ત્યારે હોળીની જ્વાળાઓનો પ્રકાશ આખા આકાશને અજવાળતો હતો. પૂનમનો પ્રકાશ તેની સામે ઝાંખો લાગતો હતો. માનવ જાતની નરી નગ્નતા અને બર્બરતા છાની છપની...ભાવમાં બે ભાન પણે નશામાં પ્રગટતી હતી. એ રાતે મંગુમામાએ મંછીને કાનમાં કંઈક કહ્યું. મંછી મામાની વાતમાં સહમત થતી હસવા લાગી. ઘણા દિવસો પછી મંછીના ચહેરા ઉપર જીવનનું સાચુંહાસ્ય પ્રગટ્યું હતું. માંડી રાતે મંછી અને દલપો બધા આદિવાસીઓ નગારાના ડણકે નાચતા રહ્યા ક્યારેક કેટલાક બેભાન બની લવરી કરતા જ્યાં પડ્યા ત્યાં સુઇ ગયા. તો પરોઢ પરોઢ સુધી યુવાનો યુવતીઓ નાચતી જ રહી. મંછી દલપાએ તેની અને તખલીની છાપરીના પાછળના ભાગથી પૂનમના અજવાળે આદિવાસીઓથી બચતાં પાછાં જંગલોમાં સંતાઇ ગયાં. વહેલી સવારે ગામ લોકોએ જોયું ને સાંભળ્યું કે દુબળા વાસમાં મંછીની છાપરી સળગી ગઇ છે મંછી. દલપો નથી. લોક અને આદિવાસીઓ માનવા લાગ્યા કે જરૂર બંન્ને છાપરીમાં જ સળગી ગયાં. મંછીની સળગતી છાપરીની આગે પડોશમાં તખલીની છાપરી પણ સળગાવી હતી.



ધૂળેટીની બપોરે ભેગા થયેલા આદિવાસીઓના ટોળાઓ કિકિયારીઓ કરતું કડોદના ફળિયાઓ વચ્ચેથી નાચતું. ઢોલ વગાડતું પીહા વગાડતું...ગોઠ માંગતું. પસાર થઇને મંછીની છાપરીયે પહોંચ્યું. તો પવનથી ઊડતી રાખમાંથી કેટલાંક હાડકાં દેખાઇ રહ્યાં હતાં. આ વર્ષે હોળીના પિઠેરામાં કોઇ યુવક યુવતી ભાગી ગયાં ન હતાં. વર્ષ બે વર્ષે મંછી દલપા જેવો કોઇક બનાવ બની જતો હતો. ગામ આખુ કંઈક ગમા અણગમાના એંધાણમાં ચગડોળે ચઢી જતું હતું. રંગપચમી સુધીમાં વેરનાં વળામણાં થઇ જતાં હતાં. પાછા આદિવાસીઓ પેટીયું ભરવા ઘઉંની કાંપણી, રસ્તાઓના માટી કામ, ડામરકામ માટે જતા રહેતા હતા. માત્ર વૃદ્ધોનું ટોળું આમ તેમ જંગલોમાં લાકડાં કાપી વેચીને પેટીયું ભરતું તો વળી ખૂબ અશક્ત વૃદ્ધ સ્ત્રી પુરુષે પાંદડાં ઉકાળી હાંડલીમાં મીઠું નાખી ભૂખ લાગતાં પેચ પીતાં અને મહુડો કે તાડી પીને વૃક્ષના લાકડાં વેચી બે પાંચ રૂપિયા કમાતા લોકો મીઠું, થોડું સસ્તું શાક કે મકાઇ બાજરી હાટડીમાંથી લાવતા. આ લોકોને પાંચ બે કે દશ રૂપિયા કે સો રૂપિયા ક્યાં છે તેનો ખ્યાલ ન આવતો. નાની મોટી નોટ ગણાય. વેપારી વર્ગ દુકાન અને ઘર એક જ રાખતા. ઓટલો એ દુકાન બંને પાછળ કે મેળા ઉપર ઘર રહેતું. સટર ખુલતાં દુકાન શરૂ થઇ જતી. કેટલાક દુકાન દારો પડદો પાડેને દુકાન બંધ અને પડદો ખુલે એટલે દુકાન ચાલું. દુકાનની અંદર કે દુકાન બહાર ખાટલો નાંખીને પડી રહેતા. સામેના તળાવ કે પંચાયતના નળે નાહીંને હાટડીની ચા પી બપોરના સમયે દુકાન પાસે સ્ટવ કે ચૂલો સળગાવી શાક રોટલો બનાવી ખાઇ

લેતા હતા. ક્યારે શું થાય તે નક્કી નહીં. ક્યારે આદિવાસીઓનું ટોળું તૂટી પડતું અને ખાવાની ચીજ વસ્તું રોટલો શાક કે જરૂરી કપડાં વાસણ લૂંટીને જંગલોમાં જતું રહેતું. આવી ચેતવણી આપતું ઢોલ વાગતું ત્યારે વેપારીઓ ઝટપટ દુકાનો બંધ કરી રક્ષણ માટે લાકડીઓ કે તલવારો લઈને સામનો કરવા સજ્જ થતા. મંગળવારી, શુક્રવારી કે મેળાનું હાટ કડોદ, બારડોલી વચ્ચે કે વ્યારામાં તો ક્યારે મઢીમાં ભરાતું હતું. સુકા મરચાં, ધણા, આદુ, ચા, લસણ, ગોળ અનાજ વિવિધ વાસણો, લાકડાની ચીજ વસ્તુઓ કે કપડાંના ઢગલા ગોઠવાઈ જતાં. વસ્તુની ખરીદીમાં વેપારીઓ કીલો બે કે પાંચ કિલો મકાઇ બાજરો સો બસો ગ્રામ તેલ, ગોળ, લસણ, મરચાં, ધણા વગેરે આવી ખુશ કરીને તગડો નફો લૂંટ કરી લેતા. અસંમજસમાં લોક પાછા પોતાના નિયત સ્થળ સાંજ પડે તે પહેલાં ચાલતા, પીહો વગાડતા, નાચતા કે ગાતા જંગલોમાં જતા રહેતા.

આખો દિવસ જંગલોમાં લાકડાં કાપવાં નાના નાના પક્ષી, પશુંનો શિકાર કરવો. મહુડો પીવો આ જ એમનો વ્યવસાય થઈ પડતો. નવરાશના સમયમાં માટીનાં વાસણો બનાવવા લાકડાંમાંથી દડા, ખાટલી, રાંપડી કે હળ બનાવી અને હાટડીમાં વેચવા જતા. જંગલોમાં જંગલી પ્રાણી કે ઝેરી જાનવરને જોઇને ન ડરનાર આ લોકો માણસથી ડરતા ડરતા જંગલોમાં સંતાઇ જતા હતા. ઢોલ નગારાં વિવિધ તાલને સમજતા લોકો મૃત્યુ સમયે વાગતા ઢોલને સમજી એકઠા થઈ જતા અને અગ્નિસંસ્કાર કરીને જતા રહેતા. લગ્નનાં ઢોલ ત્રાંસાં ના અવાજે



કે ઉત્સવના ઢોલને અવાજે નવાં કપડાં, પહેરી નાચતા કૂદતા આવી જતા. રિવાજ પ્રમાણે જમણ કરી પાછા વિખરાઈ જતા હતા. વ્યારા ઘંટોલી, બારડોલીની પ્રજામાં સુધારો આવ્યો હતો. શિક્ષણની આશ્રમ શાળામાં છોકરા છોકરી ભણવા લાગ્યા હતા.

રંગપંચમીએ કડોદના દૂબળાવાસની વીસ પચ્ચીસ છાપરીઓમાં ચર્ચાનો ચગડોળ વહેતો થયો હતો. મંછીની નાતનું શું?''

''મંછી ની મળે.''

''નાત પટેલ હું કરશે?''

બપોર થવા આવી હતી. પાંચ દશ છાપરીમાંથી ધૂમાડો નીકળતો હતો. કોઇની તપેલીમાં શાક ઉકળતું હતું. કોઇના ચૂલા ઉપર બાજરીના રોટલાની વાસ આવી રહી હતી. આદિવાસી બાળકો ગિલ્લી દંડા ને તું રમતા હતા. નાની મોટી છોકરીઓ હોળીનાં ગીતો ગાતી નાચતી હતી. ત્યાં જ વાસમાં લાંબું ધોતિયું ખમીશ પહેરી માથા ઉપરની ઊડીને આંખે વળગે તેવી ટોપીને ત્રાંસી કરતો રોફ જમાવતો દશરથ આવી પહોંચ્યો. તે બોલતો હતો. ''રતની! રતની! દલપો ચાં હે...'' શકરી ચાં જૈ.''

''પાધરી હેડાં પોયરાં હું કરે હેં?'''' ફળિયા વચ્ચે રમતાં છોકરાં અને ગીતો ગાતી નાની મોટી છોકરીઓ વિખારાઈ ગઈને પોત પોતાની છાપરીના ખૂણે સંતાઇ ગયાં.

"આવાં ઓણગમ પટલ" દોડતી બહાર આવતી રતની ધૂળેટીના પાંચ દિવસ પહેલાં બનાવેલી સરસ સુતરથી ભરેલી ખાટલી ઢાળી અને ગયે વર્ષે મઢીમાં ભરાયેલા હાટમાંથી પચાસ રૂપિયામાં ખરીદેલી ગોદડી પાથરી. તે બોલી ઊઠી "બેહ...પટલ બેંહ તારા હારું જશ."

પંચ પટેલ દશરથની બંને આંખો વિસ્ફારીત થઇ ઊઠી. તે રતની સામે જોઇને બોલી ઊઠ્યો.

"હું ખાટલીન ગોદડી હેં." તારા જેવી દેહું."

તે આંખ મચકોડતો હોઠ પર જીભ ફેરવતો બોલી ઊઠ્યો. જેવી રતની છાપરીમાં ગઇ કે તુરંત તેની પાછળ છાપરીમાં ગયો. જ્યારે બહાર નિકળ્યો ત્યારે હાંફતો હતો. પ્રશ્વેદથી રેબઝેબ હતો. ગળામાં લટકાવેલા નવા નકોર ખેશથી પ્રશ્વેદ લૂછતો હતો. તેની આંખોમાં રહેલી ગ્લાનિ ફળિયા બહાર ઊભાં રહેલાં સ્ત્રી પુરુષ અને બાળકોથી છૂપી ના રહી. ખાટલીમાં બેસતાં જ બોલ્યો "છગનો ક્યાં હેં?"

"ઇ તો જ્યો હેં કાતું લઇ"

"હું વાત કરહ આજ નાત હી ખબર નહીં."

"ખબર હી ન પણ."

"પણ હું દેહું."

"હું દેહું...હટ હટ કી."





"મંછીની છાપરી તો હોળી રાતે હલગી જૈ."

"હું વાત કરહ."

"હાં હાં ભાળતોની ચ્હાંમે ખૂણામાં "ત્યાં તો વેગ ભર્યા પવનની લહેર આવી અને સળગી ગયેલી છાપરીની રાખ ઊડતી ઊડતી ખાટલીમાં બેઠેલા પંચ પટેલ ઉપરથી પસાર થઇને જવા લાગી. પંચ પટેલનો સમગ્ર દેહ, ખાટલી, ગોદડી, રાખથી ઢંકાઇ ગયાં. રતની ઊડતી રાખની બચવા બે હથેળી એ ચહેરો ઢાંકી અવળી ફરીને ઊભી રહી. પંચ પટેલ એક દમ ઊભા થઇને ખભે લટકતા ખેશને ખુલ્લો કરી ચહેરો અને કપડાંમાં છવાયેલી રાખને ખંખેરવા લાગ્યા. રતની તેના દેહ ઉપરથી રાખ ખંખેરતી કમર નીચે સાડીના વાળેલા લંગોટને ખુલ્લો કરી ખેંખેરવા લાગી. પંચ પટેલની વાસના ભરી નજર રતનીની દેખાતી સાથળ વચ્ચે એ મંડાઇ ગઇ કે તે ત્યાંથી ખસી નહીં. શરમની મારી રતની અવળી ફરીને પાછી લંગોટનો કચ્છ ભીડી કર્કશ અવાજ સાથે બોલી ઊઠી..."પિટ્યા તારો રાજ્યો માંડું"

ખાધું ત્યાં ધરાયો ની.

પંચ પટેલ દશરથ ખડખડાટ નફ્ફટ હસી. ઊઠ્યો અને બોલી રહ્યો હતો. "હું કહું તું જ એવી હેં ન ધરાવો નાં આવ..."

ફળીને છેડેથી આવતો છગનો પટેલને ભાળી સ્હેજ થંભી ગયો. તેના ચરણો જડાઇ ગયા. તેમ છતાં હિંમત એકઠી કરી ખાટલી પાસે આવી ઊભો રહ્યો. પટેલ સત્તાવાહી સ્વરે ગળામાંથી ઘૂરકતો હોય તેવા

અવાજે બોલતો હતો. ''યાં જ્યોં તો દુબળા.''

''ઈ, કાંતું લૈ જ્યો તો.''

''હું લાયો!...''

''હાહલું....''

''હં...હં...મીં રોટલો શાક ખૌ અવૂતું હાહલું'' રતનીની કેં હાહલું શે...ક''

''હાં હાં પટલ...ત્રૈણ દા'ડાનાં ભૂખ્યાં હી રેશન લેવા જ્યાં તાં તો કૈં ''રેશન તો ની મલ હવારનો વગાડો ભટક્યો તી હાહલું મલ્યું.''

''હાશ થ્યું રાંધી લાખ...રાંધી...મરચાં હી ન''

''હીં...બેહાં તાણ.''

અડધા કલાકમાં રતનીએ સસલું અને બાજરી મકાઈનો રોટલો બનાવી દીધો. છગનાએ પટેલ. માટે લાકડાની પાટલી અને તેની પાસે બીજુ નવી ગોદડી પાથરી...રતનીએ લાકડાની થાળીમાં રોટલો અને શાક મુક્યાં. બહાર મુકેલી નવી માટલીમાંથી પિત્તળનો લોટો ભરીને પાણી મૂક્યું. તેણે બૂમ મારી ''પટલ હટ કર.''

પંચ પટેલ ધોતિયું ઢીલું કરી ખમીશને સરખુ કરતાં, ટોપીને વધારે ત્રાંસી કરી, કરડી નજરે, છાપરીમાં આમ તેમ જોતા ગોદડીમાં ગોઠવાયા. પાટલી ઉપર લાકડાની થાળીમાં રોટલો ને શાક જોઈ જીભ હોઠ પર પ્રસારતા રતની સામે જોઈ રહ્યા. સામે જ છાપરી બહાર ત્રણ





દિવસનાં ભૂખ્યાં ગુલાબ અને ટગરીની આંખોમાં ભૂખ રોટલા શાક પરમંડાઈ ગઈ હતી. પંચ પટેલ ખાતાં ખાતાં વાતો કરતા હતા. ''હું શાક થ્યું હેં.''

રતની ધીમેથી બોલતી હતી. ''ત હારું બન્યું હ...ધાંણાને મરચું લસણ હરખું વાટીને બનાયું હે.''

પટેલ હસતાં હસતાં કહેતા હતા. ''મન થાય હ....તન મારી છાપરીએ લૈ જઉં.''

''ચાં ના પાડું હ''..છગનો સમય પારખી બોલી ઊઠ્યો. થોડી મિનિટોમાં ખાઈને પેટપર હાથ ફેરવતો પંચપટેલ પાછો ખાટલી પર ગોઠવાયો. ત્યારે છગનો તેની સામે પાણીનો લોટો લઈને ઊભો હતો. તે કહેતો હતો. ''પટલ લે પાણી ઢેંચ.''

છાપરીમાંથી એક અવાજ આવ્યો. ''ગુલાબ, ટગરી હેંડાં ઝટ.''

બંન્ને બાળકો જલદી હસતાં સંકોચાતાં ખાટલી ઉપર બેસેલા પટેલ પાસેથી છાપરમાં ગયાં પટેલની કામુક નજર તેર ચૌદ વર્ષની ટગરી ઉપર મંડાઈ પટેલ કહી રહ્યો હતો. છગના તાર પૌયરી હાઉકાર જેવી હેં....હાઉકાર જેવી દેહું...લાંઠી ન...''

રતન છાપરીમાંથી બોલી ઊઠી...''પટલ હખનો રેં જ નકર...કાતું...''

પંચ પટેલ ડરનો માર્યો એકદમ ઊભો થઈ ગયો. તે છગનાને કહેતો હતો. ''છગાના ભૂસ્યા નૈ રેવાનું...મારી છાપરી હેં ન વ્યો આવ.''

સાંજ ઢળવા આવી હતી. કેટલાક આદિવાસીઓના છોકરાંએ કટકો બટકું રોટલો તો પેજ પીને પાછાં રમવા વળગ્યાં હતાં. સ્ત્રી પુરુષો તાડી પીને છાપરીઓ અને સાગના છાંયામાં ટૂંટીયું વાળી પડી રહ્યાં હતાં.

એ જ સમયે --- સંધ્યાનો રતુંમડો પ્રકાશ છાપરીઓની બે હાર વચ્ચે આછો આછો પ્રકાશ પાથરી રહ્યો હતો. જીવનના અસ્તિત્વની સાક્ષિ પૂરતાં પક્ષીઓ વૃક્ષો ઉપર કે માળામાં કલબલાટ કરી રહ્યાં હતાં. આથમતા સૂરજને અજવાળે ઝાંખા પ્રકાશમાં કોઈક ધીમા છતાં મક્કમ પગલે ફળિયામાં આવી રહ્યું હતું. રતનીની છાપરી પાસે ઊભા રહી બૂમ મારી ''છગના!....રતની!....''

''હાં....મામું...મંગુમામા...આવ.''

છગનાએ મંગુમામાનો ઉમળકા પૂર્વક જમણો હાથ પકડી પાડ્યો. રતની દોડતી આવીને હિબકે ચઢી....''

''હું હેં પૌયરી...''મંગુ મામાએ તીખા અવાજે કહ્યું.

''મામું....હું...લુંટાઈને ત્રણ દાડાનાં ભૂખ્યાં પોયરાંનાં ખાણું રાજ્યો...''

''રેશનની મળ'' મંગુમામાએ કહ્યું. રેશન લેવા જૈતી...રાજ્યો કૈં...ની મળ જતુંરિયું....''





''હં....હું કરયું તી.''

''હાહલું મારી લાયો...હવારનો જ્યો તો.''

''પછી શું થયું.'' વિશ્મય સ્વરે મંગુ દેસાઈએ કહ્યું.

''હું થાય...પટલ....''

''દશરથ આયો તો...''

''હાં માનું...આયો....જ્યોં....આરો માંડું...''રતની બરાડી ઊઠી.

મંગુમામા સમગ્ર પરિસ્થિતિ પામી ગયા. તે બોલી ઊઠ્યા. ''છગના ગુલાબને મોકલ. દાણા આપું છું.''

છગનો ધીમા લાચાર સ્વરે કહી રહ્યો હતો. ''મામું તું તો દેવસાં દેવ...પણ આમ કાન...કાં...ન આલશાં...એટલા દો'ડ.''

મંગુમામા છગનાની લાગણી સમજી ગયા. તેમણે ધીમા મક્કમ અવાજે કહ્યું. ''છગના મારી ચિંતા ના કર. આખું ગામ છે. ગમે ત્યાંથી માગી લાવી...તમારા જેવા દરિદ્રનારાયણ માટે....મનુષ્ય અવતાર જીવતા દેવની પૂંજા કરવા માટે છે. પથ્થરમાં રહેલા દેવની પૂંજા કરવા નહીં.''

છગનો મંગુમામાના કારુણ્યભર્યા અવાજને ઓળખી ગયો. રતની અને છગનો મંગુમામાના ચરણે પડ્યાં. હિબકાં ભરતાં બાળકો...દોડી આવ્યાં અને મંગુદેસાઈને વળગી પડ્યાં. આથમતા સૂરજના ઝાંખા પ્રકાશમાં ફળિયાના લોકો પોતપોતી છાપરી પાસે ઊભા

રહી જોતા હતા. તે બધા જ અવાજ સાંભળી એકઠા થઈ ગયાં. મંગુ દેસાઈ ગુલાબને લઈને પોતાના ઘર તરફ જવા લાગ્યા. પાંચ મણ જેટલી બાજરી લઈને ગુલાબ અને છગનો આવ્યો. ત્યારે રતનીએ સુડલો સુડલો બાજરી વીસ પચ્ચીસ છાપરીમાં વહેંચી અને પોતે એક સુડલો બાજરી રાખી. માંડી રંગપંચમીના ચંદ્રના પ્રકાશમાં કેટલીક છાપરીમાં બાજરીના ટોઠા બનાવા માટે હાંડલી ઊકળતી. બાજરીની સુગંધ ફેલાઈ રહી હતી. કેટલીક છાપરીમાં ભૂખ્યાં બાળકો જે મળવું તે વાસણમાં ઢીલમાં ટોઠા ખાઈને સંતોષ અનુભવતાં હતાં. ભૂખ્યાંનાં રાજ શાંત થયાં હતાં. આજ ફળિયામાં મોંડી રાત્રે ઢોલ ઢબુક્યું...પીહો વાગ્યો. અને ઢોલના અવાજની સાથે વાગતા પિહામાંથી નિકળતો સ્વર તીણો છતાં બુલંદ અવાજ યુવક યુવતીનો સંભળાતો હતો. કડોદ ગામમાં મધરતાની મીઠ્ઠી ઊંઘ માણતા લોકો ભાવભર્યા ગીતોના અવાજથી ઊઠીને રસલ્હાણ અનુભવતા હતા. પંચ પટેલ દશરથ આદિવાસીઓના આ ઉત્સાહ ભર્યાં ગીતો સાંભળીને મનોમન સળગી રહ્યો હતો. રતની...અને તખલીનો અવાજ તે ઓળખતો હતો. તે બે સ્ત્રીઓ ગીતો ગવડાવતી હતી અને બીજી સ્ત્રીઓ યુવક યુવતી ઉત્સાહ પૂર્વક બુલંદ અવાજે ગાતી હતી.



## પ્રકરણ : ૫. ઇષ્ટદેવ એકલિંગજી

આજે બીજી મે હતી. ચૈત્રવદ ચૌદશ મેવાડના રાજા બાપા રાવળે પુનઃરોદ્ધાર કરેલા મેવાડની પ્રજાના ઈષ્ટદેવ મેવાડી રાજવી પરિવારના ઈષ્ટદેવ એક લિંગજી દાદનો પાટોત્સવ હતો. આ ઉત્સવ મેવાડના રાજા પરિવાર, મેવાડી રજપૂતો, બ્રાહ્મણ અન્ય જાતિઓ પણ આજે અદમ્ય ઉત્સાહથી મનાવે છે. મેવાડના પતન પછી રાણાપ્રતાપની પ્રતિજ્ઞાને અનુસરનાર મેવાડની પ્રજા જ્યાં જ્યાં વસે છે ત્યાં ત્યાં આ દિવસને એકલિંગજી ભગવાન શંકરની મહાપૂજા, લઘુરુદ્ર કે વિવિધ પૂંજન કરીને સમહમાં પાટોત્સવ ઉજવાય એકલિંગજીની સ્થાપનાનો ઈતિહાસ પૌરાણિક સમયનો છે. સમૂહ દંતકથાઓને આધારે કહી શકાય કે આ પ્રાચીન મંદિર બાપા રાવલ સંવત ૭૯૧ થી ૮૧૦ના સમયમાં ઈ.સ. ૭૩૫થી ૭૫૪માં નિર્માણકાર્ય પૂર્ણ કરેલ છે. આ સમય એકલિંગજી દાદાની પુનઃ સ્થાપનાની પ્રતિષ્ઠાના છે. બાપા રાવલ ભગવાન એકલિંગજીના પરમ ભક્ત હતા. બાપા રાવલના મળેલા સિક્કાઓ, ચિત્તોડ ગઢની રસિયાબાલમ છતરી સંવત ૧૯૩૧ની બનેલી છે. એકલિંગજી ના દ્વારપટ વિ.સં. ૧૫૪૫ની પ્રશસ્તિ અને વિ.સં. ૧૭૩૨ની રાજ પ્રશસ્તિને વાંચતાં કહી શકાય કે એકલિંગજી

દાદાના અનુગ્રહથી જ મેવાડનું રાજ્ય સ્થાપિત થયેલું હતું. બાપા રાવલ વૃદ્ધાવસ્થાનો સમય ઈષ્ટદેવની સેવામાં સંન્યાસ ધારણ કરી પૂર્ણ કરે છે. આ ગામને કૈલાસપુરી પણ કહે છે જ્યાં ૧૦૮ મંદિરો છે. પ્રાચીન એકલિંગજીની પ્રતિમા લિંગાકાર હતી. પરંતુ નૂતન મંદિરની પ્રતિમા ચર્તુમુખી છે. જે મહારાણા શામલજીએ નિર્માણ કરેલ છે. એકલિંગનું પૂર્વમુખ સૂર્યદેવનું પશ્ચિમ મુખ બ્રહ્માજીનું ઉત્તર મુખ વિષ્ણુ ભગવાનનું અને દક્ષિણ મુખ રૂદ્ર દેવનું છે. આપણે જ્યારે તેમને પ્રણામ કરીએ કે પૂંજા કરીએ છીએ. ત્યારે સાથે ચાર દેવ સૂર્ય, બ્રહ્માજી, વિષ્ણુભગવાન અને રૂદ્રદેવની પૂંજા કરીએ છીએ. મંદિરમાં કમાડ ચાંદીનાં છે. તે ઉપર વેલ બટ્ટાની કોતરણી કરેલી છે. કમાડો ઉપર ભગવાન કાર્તિકેયજી ગણપતી ચામર ઢોળતા કંડારાયેલા છે. ઈ.સ. ૧૪૮૮ એટલે વિ.સં.૧૫૪૫માં ચૈત્રસુદ ૧૦ને ગુરુવારે મહારાણાએ એક સો શ્લોકોની પ્રશસ્તિ કંડારી છે.

બાપા રાવલ ગોહિલવંશી રજપૂત કે મેવાડનો રાજવંશ સૂર્યવંશી છે. ભગવાન રાજા રામચંદ્રના પુત્ર કુશના વંશજ ગણાય છે. બાપા રાવળના પૂર્વજોને મૌર્યવંશ રજપૂતો સાથે વેર હતું. મેવાડના રજપૂતો રાજવીઓ અને મૌર્યવંશીય યુદ્ધમાં ગોહિલિવંશી રજપૂતો વીરગતિ પામ્યા હતા. ગોહિલવંશની સ્ત્રીઓ અને બાળકોની પણ હત્યા કરાઇ હતી. જેથી ગોહિલવંશનું નામ નિશાન ના રહે. મેવાડના સદ્ભાગ્યે બાપા રાવળના પિતા અપરાજીતના રાણી યુક્તિ કરી પ્રાણ બચાવી ભાગી ગયાં. એ સમયે તે સગર્ભા હતાં. માત્ર સમગ્ર વંશનો જ આધાર માત્ર





તેમની કુખે જન્મનાર સંતાન હતું. નાગદામાં રાણી, પુરોહિત રાવલના શરણમાં રહ્યાં. તેમને જે પુત્રનો જન્મ થયો તે મહાપ્રતાપી બાપા રાવલ.

અરવલ્લીના પહાડો અને ખીણોમાં આદિવાસી પ્રજામાં તેમનું બાળપણ વિત્યું. નેતૃત્વનો ગુણ વિકસ્યો. બ્રાહ્મણને ત્યાં ઉછેર થયો. તેથી તેમની વેશભુષા બ્રાહ્મણ જેવી છે. દેદિપ્યમાન વ્યક્તિત્વ, બધાને સાથે રાખી ચાલવાની વૃત્તિ હતી. તેવો બ્રાહ્મણની ગાયો ચરાવતો રાવલ અત્યારે એક ગાય દૂધ આપતી ન હતી તેથી બ્રાહ્મણ પત્નીએ બાપાની માતાને ઉધડો લીધો કે ગાયનું દૂધ બાપા પી જાય છે. એટલે ગાય ઘેર આવ્યા પછી દૂધ આપતી નથી. બાપા રાવલ પર દૂધ પી જવાની ચોરીનું આળ આવ્યું ત્યારે તપાસ કરી તો ખબર પડી કે ગાય એક જગ્યાએ ઊભી રહે છે. જે પહાડની તળેટીમાં ગાય ઊભી રહીને વાંસના જંગલમાં હતી. તે સ્થાન ઉપર દિવ્ય શિવલિંગ હતું. ભગવાન શંકર લિંગ રૂપે પ્રગટ થયા. આ ઘટનાને જોનાર હારિત મુનિ પણ હતા. તેવો ભગવાનના એકલિંગજીના ઉપાસક હતા. તેઓ સમગ્ર વિશ્વને આંબળાના ફળ જેવું જ હથેલીમાં જોઇ શકતા હતા. સતયુગમાં પણ આ મંદિર હતું. ઈન્દ્રરાજાએ વત્રાસુરની હત્યા કરી તો તેમને તાવ આવવા લાગ્યો. આ બ્રહ્મહત્યા હતી. બૃહસ્પતિ એ જવર મટાડવા માટે એકલિંગજીની આરાધના કરવા કહ્યું. ત્રૈતાયુગમાં કામધેનુની પુત્રી નંદિની એ વિશ્વામિત્રના ડરથી ભાગી જઇ ભગવાન એકલિંગજીનું શરણ લીધું. દ્વાપરયુગમાં મહાભારતકાળના અંત સમયે રાજા પરિક્ષિતના મૃત્યુનો બદલો લેવા જન્મે જયે નાગયજ્ઞ કરેલ તે ભયથી તક્ષકનાગ પણ

એકલિંગજીના શરણે આવેલ તે તક્ષકનાગ જે ગામમાં રહ્યા તે ગામ કુલીમાં કુંડ બનાવેલ છે. તે તક્ષકકુંડ કહેવાય છે. મેવાડનું રાજ્ય એકલિંગજી દાદાનું કહેવાય છે. રાજ્યની વ્યવસ્થા કરનાર માત્ર મહારાણ મંત્રી જ છે. તેઓ મહારાણા કહેવાય છે.

ઈષ્ટદેવ એકલિંગજી દાદાના પાટોત્સવ પ્રસંગે ઉદેપુરથી ૧૪ કિ.મી. દૂર અરવલ્લિની પહાડીઓની ઘાટીમાં કૈલાસપુરી ગામ આવેલું છે. આ તીર્થધામ પહેલાં વાંસવન હતું. મહાભારત કાળમાં દ્વાપર યુગના અંતમાં રાજા પરિક્ષિતને તક્ષક નાગે હત્યા કરી. તે બદલો લેવા તેમના પુત્ર જન્મેજયે નાગયજ્ઞ કર્યો. તક્ષકનાગ ભગવાન એકલિંગજીને શરણે આવ્યો. અહીં તક્ષક કુટિલાગંગા કુંડ બનાવ્યો. તે તક્ષક કુંડ તરીકે જાણીતો છે. અહીં જ્યાં તેણે વસવાટ કર્યો તે સ્થળ નાગદા શહેર તરીકે જાણીતું થયું.

બાપા રાવલનો બાળ ઉછેર આ જ ગામમાં વશિષ્ટ નામના બ્રાહ્મણને ત્યાં થયો. તેમનો જન્મ પણ અહીં થયો. તેઓ ભગવાન રામચંદ્રના પુત્ર કુશના વંશ જ છે. સૂર્યવંશી રાજપૂત બાપા રાવલ બ્રાહ્મણને ત્યાં બાળપણ વિતાવ્યું હતું. તેઓ વશિષ્ટ બ્રાહ્મણની ગાયો ચારવાનું કામ કરતા હતા. જેથી તેમનો પહેરવેશ બ્રાહ્મણનો છે. આશરે ૧૬૦૦ વર્ષ પહેલાંના આ સમયમાં હારિતમુનિ જેમણે હાશ્તિ સંહિતા રચી છે. તેમણે ભગવાન એકલિંગજીની આરાધના તપ આ જ વાંસવનમાં કર્યું હતું. ગોહિલવંશના એકમાત્ર રાજવી વંશ જ બાપા રાવલને હરિતમુનિનાં દર્શન થયાં. તેઓનું એકલિંગજીના ભક્તની શોધનું





કાર્ય સિદ્ધ થતાં જ આકાશમાર્ગે વિમાનમાં જવા લાગ્યા ત્યારે બાપા રાવલ આવી પહોંચ્યા. પરંતુ તેઓ મોડા પડ્યા હતા તેમણે તેમના મુખમાંથી એકલિંગજી ભગવાનનું પાન નાખ્યું છે. બાપા રાવલના મુખમાં ના પડતાં તેમના ચરણના અંગુઠા ઉપર પડ્યું. હારિતઋષિએ કહ્યું. જો તેં આ પાન મુખમાં જિલ્યું હોત તે પૃથ્વી ઉપર તારી ઈચ્છા પ્રમાણે રાજ્યાધિકારી થાત. પરંતુ તારા ચરણમાં પડધુ છે. તેથી તું મેવાડનો ચાસક બનીશ.''

બાપા રાવલ આજીવન યુદ્ધો જીત્યાં અને મેવાડના મહારાણા રહ્યા. મેવાડનું રાજ્ય ભગવાન એકલિંગજીનું કહેવાય છે. બાપા રાવલ રાજાએ મેવાડના મંત્ર (મહારાણા) તરીકે જ ઓળખાવે છે. આજે તેમના વંશ જ મહારાણા અરવિંદસિંહ છે. મેવાડ મુઘલ સત્તા સામે હંમેશ સ્વતંત્ર રહ્યું. આવી ગૌરવ ભર્યા ઈતિહાસ ધરાવતી કૈલાસપુરી ૧૦૮ મંદિર ધરાવે છે. અહીં જમણી સુંઢવાળા ગણપતિ દાદાની મૂર્તિ ધરાવતું મંદિર છે. રાજવી પરિવારનું ગણાતું આ મંદિર એકલિંગજી દાદાના મંદિરમાં તહેવાર ઉત્સવે હંમેશાં ભગવાનનો થાળ તેમનો જ આવે છે. મંદિરના નિત્યક્રમ પ્રમાણે અન્ય મંદિરોમાં પૂંજા આરતી થાય છે. પાટોત્સવ પ્રસંગે મેવાડના અસંખ્ય સ્ત્રી પુરુષો બાળકો, યુવક યુવતીઓ અને બીજા રાજ્યના દર્શનાર્થીઓ આવે છે. જેઓના ઈષ્ટદેવ એકલિંગજી છે એ ભાવથી ભગવાનના દર્શન કરે છે.

આ દિવસે કડોદથી આવેલું વેદાંત પરિવાર બ્રહ્મમૂર્હૂતમાં જ વહેલી સવારે જ કલાકે ભગવાન એકલિંગજીની થઈ રહેલી સોડષો

પ્રચાર વિધિનાં દર્શન ભાવનાપૂર્વક નિહાળી રહ્યું હતું. બ્રહ્મમૂર્હૂતમાં શાંત વાતાવરણ હતું. અરવલ્લિની પહાડીઓમાંથી મંદ મંદ પવન શીતળ પવન આવી રહ્યો હતો. ધીમે ધીમે દર્શનનો લાભ લેવા આવનાર દર્શનાર્થીઓથી મંદિરનો મંડપ ભાગ અને ચોક ખીચોખીચ ભરાઇ ગયો હતો. તેમ છતાં ભક્તિભાવ ભર્યું મૌનનું સામ્રાજ્ય હતું. સૂરજ ઊગવાની વાર હતી. મંદિરના મંડપમાં ભક્તિપૂર્વક એકલિંગજીદાદાને થતી સોડો સપચાર વિધિ અવલોકી રહેલા વેદાંત પરિવારમાં અન્યોન્યની નજર મળી. એક તરફ દાદાનો મંડપ વચ્ચેનો ચાંદીનો નંદી શોભી રહ્યો હતો. મોહિની આપણા લગ્ન થયા ત્યારે તું પપ્પાને પગે લાગતી હતી ત્યારે મમ્મી કહેતી હતી ખબર છે?

"હા! એકલિંગજી દાદા સુખી કરે!" અને મમ્મી કહેતાં "આપણે બંન્નેને દાદાનાં દર્શન કરવા કૈલાસપુરી મોકલીશું?"

"ઓહ! કેટલાં વર્ષો થયાં. લગ્ન પછી આથમતા જીવનની સંધ્યાએ પૂરા ૫૦ વર્ષે આજે આવ્યાં. વેદાંતે મોહિની તરફ નજર કરી ભગવાન પ્રત્યે કરુણા ભરી નજરે જોઇને અહોભાવપૂર્વક વંદન કર્યા.

ત્યારે મોહિની જનકના શીર પર હાથ પ્રસારી કહી રહી હતી. "હે ભગવાન મારા જનકનું રક્ષણ કરજે તેને સુખી કરજે."

મુગ્ધાવસ્થામાંથી પસાર થતો જનક માતા મોહિનીને કહેતો હતો. "મમ્મી હું પણ લગ્ન પછી દાદાના દર્શને આવીશ." વેદાંત દાદા એકલિંગજી પ્રત્યે ભાવસભર જોઇને જનકના હાથ પકડી કહેતો હતો.



"કેમ લગ્ન પછી દાદા બોલાવે ત્યારે આવીશ કહે."

જનકે કહ્યું. "હા!હા! દાદા બોલાવે ત્યારે આવીશ."

ભગવાન એકલિંગજીની આરતી ઉતારવાની તૈયારી ચાલતી હતી. ભગવાનને આકડાના ફૂલોની માળા અને અન્ય ફૂલમાળાથી શુશોભિત કરવામાં આવ્યા હતા. એકલિંગજી દાદા અત્યંત ભવ્ય અને સુંદર જણાતા હતા. દુઃખ હર્તા, સુખી કર્તા ભગવાન એકલિંગજીનાં દર્શન કરી આરતી પછી પ્રસાદી લઇ વેદાંત પરિવાર બહાર નીકળ્યું. પ્રભાતના સૂર્યની કોમળ રશ્મિ અરવલ્લિના પૂર્વની પહાડીમાં સૂર્યને ભવ્ય બનાવી રહી હતી. મંદિરમાં કેટલાક આદિત્ય હૃદય સ્ત્રોત ગાતા હતા. હાર્મોનિયમનો મધુર સ્વર ઘંટારવ અને દુંદુભિ સાથે સંભળાતો હતો. ગાયક વૃદ મધુરકંઠે સ્ત્રોતનું ગાન કરી રહ્યું હતું. વેદાંત મોહિન અને જનક બહાર આવ્યા ત્યારે મંદિર બહાર ઊભા રહેલાના સુહાસને જોઇને જનક બોલી ઉઠ્યો "સુહાસકાકા ક્યાં ગયા હતા. ખુબ મઝા આવી. એકલિંગજી દાદા તો કેવા સુંદર લાગતા હતા."

સુહાસ થોડો સંકોચાતો કહી રહ્યો હતો. "હું દર્શન કરી બહાર આવીને સામેની હોટલમાં બેઠો હતો."

સુહાસની આદતને જાણનાર મોહિની બોલી ઊઠી. "અહીંનાં ભજિયાં તે પણ મરચાનાં ખૂબ પ્રખ્યાત છે."

"હા હા ભાભી...તમો જાણો છો ને." સુહાસ હસતાં હસતાં હજુ પણ જીભ પર સ્વાદ રહ્યો હોય તેમ હોઠ પર જીભ પ્રસારતો સુસકાર

મારતો કહી રહ્યો હતો.

જનક મર્માળ હસતાં બોલી રહ્યો ''ચાલો ત્યારે આપણે પણ ત્યાં...'' મોહિની જનકની આંગળી પકડી રસ્તો ઓળંગતી કહી રહી હતી. અમારે તો તમે જ્યાં લઇ જાઓ ત્યાં જવાનું ખરું ને.'' તેણે જનકના ગાલ ઉપર હળવી ટપલી મારી.

માર્ગ વાહનોથી દોડી રહ્યો હતો. હમણાં કાંઇ થશે. કાંઇ થશે. પણ હોટલવાળો કહેતો હતો કે ''દાદાની કૃપાથી ક્યારેય કોઇ જ અકસ્માત થયો નથી.''

હોટલવાળાના શબ્દોએ મોહિનીને શાંત્વના આપી મોહિની હળવી બનીને ગોઠવાઇ ગઇ ત્યારે ભીડભર્યાં માનવ મેળા નિહાળી રહેલા વેદાંતે કહ્યું ''આપણે મરચાનાં ભજિયાં ખાઇને શ્રીનાથજી દર્શન કરી ત્યાં જ રોકાઇશું.''

''જેવી આજ્ઞા ભ્રાત'' સુહાસે ખડખડાટ હસતાં મોહિની સામે જોયું.

મોહિની પણ મઝાકના મૂડમાં હતી. તે મર્માળ હસતાં કહી રહી. ''આર્યપુત્ર તમે પેપ્સી પીશો કે?''

વેદાંત મોહિની સામે જોઇને મારકણી આંખે કહી રહ્યો. ''કેમ નહીં. તમે પીવો અને હું જોઇ રહું.''

''ચાર પેપ્સી!...''જનકે મોટેથી બૂમ મારી.



''પેપ્સીને ન્યાય આપી મરચાનાં ભજિયાં ખાતાં સીસકારા બોલાવતો. જનક કહી રહ્યો હતો. ''મમ્મી મસાલા ભર્યાં ભજિયાં ખૂબ સરસ સ્વાદિષ્ટ લાગે છે.''

વેદાંતે મોહિનીને કહ્યું. ''મોહિની તું પણ ઘેર આવાં બનાવતી હોય તો?''

''ભાભી! ભ્રાતની આજ્ઞાનું પાલન કરશો ને?'' ''કેમ નહીં. આર્યપુત્ર જે કહે તે પૂર્વ દિશા.'' હસતાં હસતાં મોહિનીએ ભજિયાં ખાતાં કહ્યું.

બધાં જ બોલેરોમાં ગોઠવાયાં. ત્યારે વેદાંતે ગાડીનું શ્રીનાથજી તરફ ડ્રાઇવીંગ કરતાં કહ્યું. ''મોહિની બાલાશિનોર વાળાની ધર્મશાળા નજીક પડશે.''

''રીસોર્સ કરતાં ધર્મશાળા સારી.'' સુહાસે પ્રતિઉત્તર આપ્યો. બધાં આજુ બાજુની પહાડીઓને સૂર્ય પ્રકાશથી શોભતી જોઇ રહ્યા હતા. ગાડીની ખુલ્લી બારી માંથી તે જ ઠંડો પવન આવી રહ્યો હતો. સુગંધીત.

મોહિની સુહાસ અને વેદાંત, જનક આદિત્ય હૃદયસ્ત્રોતનું સ્તવન કરી રહ્યાં હતાં. પશ્ચિમના માર્ગ તરફ જનક હલદીઘાટી બોર્ડ જોઇને બોલી ઊઠ્યો. ''પપ્પા હલદીઘાટીનો રસ્તો આવ્યો.''

''હા. આપણે કાલે હલદીઘાટી જઇશું.'' મોહિનીએ જનકને કહ્યું. તે દૂર જતા રસ્તાને જોઇ જ રહેલી તેની દૃષ્ટિ મનોનિત જગતમાં પસાર થતા હદલીઘાટી યુદ્ધ સમયના દૃશ્યોની કલ્પના માત્ર કરી રહ્યા

હતા. કેવા ભયાનક દશ્યો હશે એ. ‘‘મારો કાપો....તૂટી પડો...જય એકલિંગજી.’’

રાણાપ્રતાપનો ઘોડો ચેતક બે પગે ઝાડ થઈને ચો તરફ ઘૂમતો હોય અને રાણાની તાતી તલવાર સાથે રણમાં ચમકતી હોય...દુશ્મનોના માથાં કાપતી હોય તેવું કલ્પના દશ્યથી અચાનક બોલી ઊઠી. ‘‘જય એકલિંગજી.’’

વેદાંત પણ કોઈક વિચારોમાં ખોવાયેલો બોલી ઊઠ્યો ‘‘જય એકલિંગજી.’’

‘‘મમ્મી અમારા ટીચર કહેતા હતા કે રાણાપ્રતાપે માત્ર ૨૨ હજાર સૈનિકો સાથે મળી એકલાખ મોઘલ સૈન્ય સામે લડતાં મોઘલ બાદશાહ અકબર સામે યુદ્ધ કર્યું હતું.

‘‘હા બેટા! રાણા શક્તિસિંહ જે રાણા પ્રતાપના ભાઈ થાય. તે મોગલ બાદશાહ સાથે ભળી ગયા હતા. તેમણે સેનાપતિ બની યુદ્ધ કર્યું હતું. રાણા પ્રતાપ ચેતક સવાર બની દુશ્મનોનો નાશ કરતો હાથી ઉપર સવાર બાદશાહ અકબર પાસે આવી પહોંચ્યો અને જેવી ઘોડાને એડી મારી કે ચેતક ઝાડ થઈને હાથીના માથા ઉપર આગળના પગ ટેકવી ઊભો રહ્યો. તે જ સમયે રાણા પ્રાતપે ભાલાનો ભયાનક ઘા કર્યો. બાદશાહ એક તરફ નમી ગયો. ભયાનક તાકાતથી મારેલ ભાલો હાથીની અંબાડીમાં ઘુસી ગયો. અને અને...’’



‘‘હિન્દુસ્તાનનો ઇતિહાસ બદલાતો રહી ગયો. વેદાંતે અપૂર્ણ વાક્ય પૂર્ણ કરતાં ઊગતા રતુંમડા સૂરજ તરફ જોઈને કહ્યું.

સુહાસે રશ્મિકિરણોની તેજ રફતારને હાથની છાજલી બનાવી રોકતાં કહ્યું. ‘‘જનક રાણા પ્રતાપનું બક્ખતર સવામણનું લોખંડની સાંકળનું બનેલું હતું. તેનો ભાલો અને તલવાર અને બક્ષર ઉદેપુરના રાજમહેલમાં છે.

‘‘કાકા! રાણાપ્રતાપમાં ખૂબ તાકાત હતી. નહીં.’’

‘‘હા...એણે એક સૈનિક ઉપર તલવારનો એવો જનોઈવઢ ઘા કર્યો હતો કે સૈનિક અને ઘોડો એક જ ઘા માં કપાઈ ગયા હતા.’’

‘‘શક્તિસિંહ કેમ મોઘલો સાથે ભળી ગયો.’’ જનકે ઇચ્છુકતા પૂર્વક કહ્યું.

‘‘મોહિની ક્રોધિત થઈ બોલી ઊઠી. શક્તિસિંહે બાદશાહ અકબરની શરણા ગતિ સ્વિકારી હતી. જોધાબાઈને તેમની સાથે પરણાવી હતી.’’

મેવાડને સ્વતંત્ર રાખવા ઇચ્છતા એકલિંગજીદાદાના મહામંત્રી ગણાતા મહારાણા પ્રતાપને આ સંધિ માન્ય ન હતી. તેઓ માનતા હતા કે કોઈ પણ સંજોગોમાં એકલિંગજીદાદાનું મેવાડ આપણે અકબરને ના આપી શકીએ.

## પ્રકરણ : ૬. શ્રીનાથજીને શરણે

એકલિંગજી શ્રીનાથજીમાં પ્રવેશ કરતાં જ પશ્ચિમ તરફના માર્ગે ગાડી હંકારતાં વેદાંત બોલી ઊઠ્યો. ''સુહાસ ગાડી પાર્ક કરું પછી ધર્મશાળા જઈને ફ્રેસ થયા પછી જ દર્શને જઈશું.''

''હા! દર્શનનો સમય બપોરનો છે.'' શાંત વાતાવરણમાં પ્રવેશેલા વેદાંત પરિવારે શ્રીનાથજીના બજારમાં પ્રવેશતાં માનવ મેદનીને ચાલતી જતી જોઈ. માત્ર નિરવ શાંતી હતી. ભોગ ઉત્થાપનના સમય થયો હતો. જનમેદની એકલિંગજીથી દર્શન કરી. શ્રીનાથજી બાબાના દર્શન કરવા આવતી હતી. કેટલાક દર્શનાર્થીઓ વહેલી સવારે દર્શન કરીને દુકાનો ઉપર ખરીદી કરી રહ્યા હતા. સ્ત્રીવર્ગ બાંધણી, ચણિયા ચોળીની ખરીદીમાં વ્યસ્ત હતો. વૈષ્ણવર્ગે ભક્તિમાં તરબોળ અવસ્થામાં મંદિરના પટાંગણમાં હતો. ભક્તવર્ગને સેવકો દ્વારા સીધા નજીકથી શ્રી નાથજીબાબાના દર્શન કરાવા સોદાબાજી કરી રહ્યા હતા. વૈષ્ણવવર્ગ દર્શન શ્રીનાથજી માટે ભોગ પુષ્પમાળા, શાકભાજી, અર્પણ કરવા ખરીદી કરતો હતો. ભગવાનને કેશરવાળું દૂધ ધરાવા પણ ભક્તો ખરીદી કરી રહ્યા હતા. દર્શન કરવા રેલીંગમાં કતારબંધ ગોઠવાયેલા ભક્તો સ્ત્રી





ભક્તો અલગ સ્થળોએ ઊભા હતા. જેવા દર્શન ખુલ્યાં તો ભગવાનનું દિવ્ય સ્વરૂપ દર્શન ગોવર્ધન ઊંચક્યો હતો. તે સમયનું થવા લાગ્યું. ભગવાનની હડપચી ઉપર હીરો જબકી રહ્યો હતો. રાજસ્થાની પાઘડી પહેરેલા ભગવાનના હાથમાં વાંસની લાકડી શોભતી હતી. શ્યામમુખ વાળા ભગવાન શ્રીનાથજીના એકાગ્રતાથી દર્શન કરવા તો દર્શનની ઝાંખીમાત્ર કરવા ધક્કા મુક્કી થઈ રહી હતી. ભક્તવૃંદ ''જય શ્રીનાથજી બાબા'' કૃપા કરો.''

''જય શ્રી નાથજીબાબા કૃપા કરો.'' બોલી રહ્યા હતા. જીવનનું ધ્યેય માત્ર ભગવાનની કૃપા જ છે. જીવન જીવવાનો માર્ગ શ્રીનાથજી બાબા ચિંધે છે. તે જ જીવનનું સત્ય છે. શ્રીનાથજીબાબાનાં દર્શન કરી ધન્યતા અનુભવતાં ભક્તોનાં ટોળાં મંદિરથી બહાર નીકળી રહ્યાં હતાં. પુરાતન દર્શન વ્યવસ્થા કરતાં આધુનિક દર્શન વ્યવસ્થા મકાનોની બાંધણી સુઆયોજીત હતી. ભક્તોનો દર્શન કરવા પ્રવેશમાર્ગ અને દર્શન કરી બહાર નીકળવાનો માર્ગ અલગ હતો. શ્રીનાથજીનો ખુલ્લો ચોક મંદિરની નજીક છે. તેથી ભક્તો મંદિરની નજીકના બજારમાંથી ખરીદી કરી શકે. દર્શનાર્થીઓની ખરીદી માટેની દુકાનોની રસ્તાની બે બાજુ હાર છે. ખાણી પીણી અને જમવાનાં ભોજનાલયો અલગ સ્થળ પર છે. મંદિર તરફથી ચાલતું ભોજનાલય માત્ર યાત્રિકોને સસ્તુ ભોજન આપે છે. બીજા આધુનિક ભોજનાલયોની પણ વ્યવસ્થા છે. વેદાંત પુરોહિત અને મોહિની સુહાસ સાથે બહાર આવ્યા ત્યારે જનમેદની દર્શન કરી બહાર આવી રહી હતી. સુહાસે જનકની સાથે રહેતાં કહ્યું ''જનક અહીં વૈષ્ણવ ધર્મના

ભક્તો વૃદાવનના શ્રી કૃષ્ણના સ્વરૂપ શ્રીનાથજીની ભક્તિ કરે છે. અહીં યમુના મહારાણીનું મહાત્મય વિશેષ છે. શ્રીકૃષ્ણનું બાળ સ્વરૂપ "ગોવર્ધનનાથ" તરીકે પૂંજવામાં આવે છે. વૈષ્ણ ભક્તો ગોવર્ધનપૂંજા, ગોવર્ધન પરિક્રમાને ખુબ મહત્વ આપે છે."

જનક સુહાસકાકાને સાંભળી રહ્યો હતો. મુગ્ધાવસ્થાને વટાવી રહેલો જનક તેનાં સમવયસ્ક કિશોર કિશોરીને નિહાળી રહ્યો હતો. બજારમાંથી પસાર થતાં ઠંડાઇની હાટડીએ જ્યારે બધા આવ્યા ત્યારે જનકની નજર ઠંડાઇનો સ્વાદ માણી રહેલી કિશોરી તરફ મંડાઇ હતી. અન્યોન્ય દૃષ્ટિએ તારામૈત્ર રચ્યું હતું. જનક મુગ્ધતાથી કિશોરીના દેહ સૌંદર્યને નીહાળી રહ્યો હતો. મંત્રમુગ્ધ બન્યો હોય તેમ જનક મનોમન બોલી રહ્યો હતો "કેટલી સુંદર છે તે."

તંદ્રાવસ્થામાંથી બહાર કાઢતો મોહિનીનો અવાજ તેના કર્ણપટ પર સંભળાયો..."જનક ઠંડાઇ પીશને?"

"હા! મમ્મી...કેવી હશે?" જીગ્નાસા પૂર્વકની દૃષ્ટિ ત્યાં જ ઠંડાઇ બનાવી રહેલા તંદુરસ્ત પુરુષ ઊપર પડી. સુંદર તંદુરસ્ત દેહ ધરાવતો પુરુષ બત્રીશ પાંત્રીસ વર્ષનો યુવાન હતો. તે હોઠમાં હસી રહ્યો હતો. તેની નજર જનક ઉપર પડતાં કહી રહ્યો હતો. "શું નામ છે તારું?"

"જનક પુરોહિત" જનકે પ્રતિઉત્તર આપતાં કહ્યું. તે પણ પૂંછી રહ્યો હતો. "અંકલ તમારું નામ શું છે?"


"જનક." "મારું નામ મધુસુદન મને લોકો મધુ જ કહે છે."

ઠંડાઇની હાટડી પાસે ઊભી રહેલી કિશોરી સહજ કોઇ અગમ્ય વિચારોમાં બોલી ઊઠી..."જનક."

બધાની નજર તે કિશોરી તરફ ખેંચાઇ. મોહિનીએ હસતાં જ કહ્યું. "તારું નામ શું છે?"

"સુનયના!..." એક તીણો ભાવ ભર્યો અવાજ ફેલાઇ ગયો. મોહિની આશ્ચર્યમાં પડી ગઇ. વેદાંત મધુર સ્વરને સાંભળતાં કહી રહ્યો. કેટલી કોમળ સુંદર છે નહીં."

મોહિની સ્નેહભર્યા હાથ તેના શીર ઉપર મૂકતાં બોલી ઊઠી. "બાળકો ભગવાનનાં સ્વરૂપ હોય છે."

ત્યાં જ થોડે દૂર ઊભાં રહેલાં બે સ્ત્રી પુરુષોમાંથી સ્ત્રીનો અવાજ આવ્યો. "સુનયના અહીં આવ તો."

"આવી મમ્મી!" કહેતાં ઠંડાઇનો છેલ્લો ઘૂંટ ભરીને ખાલી ગ્લાસ મુકતાં સુનયના તેની મમ્મા પાસે દોડી ગઇ. વેદાંત. મોહિની વગેરે ઠંડાઇ પી ધર્મશાળા તરફ ગયાં તો બાજુની રૂમમાંથી "તે જ અવાજ આવી રહ્યો હતો. મમ્મી જનક કેટલો સુંદર છે."

"ચૂપ રહે ક્યારની જનક જનક કરે છે. તે ચાલ કપડાં બદલી લે આપણે આરામ કરીએ. પછી મોડી સાંજે સાત વાગે વડોદરા જઇશું."

શ્રાવણના દિવસો હતા. ભાવિક ભક્તોની ભારે ભીડ હતી. પાંચસો આઠસો માં રૂમ આપતા ધર્મશાળાવાળાને અને દુકાન દારોને તગડી કમાણી હતી. જનક, મોહિનીએ થોડી ખરીદી કરી હતી. મોહિનીએ તેના માટે બાંધણી તો જનકે શ્રીનાથજીબાવાનું દિવાલ ચિત્રા સુહાસે થોડો સુકો મેવો, હીંગ, અને ઠંડાઈનું એક પેકેટ ખરીદ્યું હતું. ખુલ્લું બારણું રાખી વેદાંતે પંખાની સ્વીચ ઓન કરી. સીલીંગ ફેનને તેજ ગતિમાં મૂક્યો. રૂમની અંદરની ગર્મ હવા બહારની આવવા લાગી અને તે સ્થાને બારી ખોલતાં પૂર્વની બારીમાંથી આવતો પવન રૂમમાં પ્રસરવા લાગ્યો. થોડી મિનિટો પછી મોહિનીએ બારણું બંધ કર્યું. તેઓ મુસાફરીને કારણે નિંદ્રા માણવા લાગ્યા. જનક પલંગમાં પડ્યો પડ્યો ઊંઘવા પ્રયાસ કરતો હતો ત્યારે તેને માત્ર સુનયનાના વિચારો આવ્યા કરતા હતા. તેના કર્ણપટ ઊપર તેનો મધુર સ્વર સંભળાતો હતો. તેઓ ઊઠ્યા ત્યારે પાંચ વાગી ગયા હતા. ત્રણ કલાકનો આરામ કરતાં બધાં જ સ્ફૂર્તિ અનુભવતાં હતાં. પશ્ચિમનો સૂરજ કોમળ બન્યો હતો. છતાં તેની ગરમી વાતાવરણમાં બાફ ફેલાવતી હતી. સવારનો પડી ગયેલો વરસાદ વાતાવરણમાં ઠંડક ફેલાવતો હતો.

‘‘કેટલા બધા વર્ષે આપણે આવ્યાં નહીં.’’

‘‘હા, મોહિની....ભગવાનની ઈચ્છા હોય તો જ આવી શકાય.’’

‘‘સાચી વાત છે. જનકભાઈ હું પણ શ્રીનાથજીની તસ્વીરનાં દર્શન કરતો હતો ત્યારે વિચારતો હતો એક વાર તો શ્રીનાથજી જવું છે.’’





‘‘હવે તો જનકનાં લગ્ન થાય પછી આપણે દર્શન કરવા આવીશું.’’ વેદાંતે મોહિની તરફ જોતાં કહ્યું.

મનની હળવાશ અનુભવતાં મોહિની કહી રહી હતી. શ્રીનાથજીની કૃપાદષ્ટિ કેવું પરિણામ લાવે છે.’’

‘‘સુખ, સમૃદ્ધિ...સ્વસ્થ આરોગ્ય.’’ સુહાસ બોલી ઊઠ્યો.

‘‘હા! આપણને કોઈ કમી છે. પચાસ વિઘાં જમીન, સરસ મકાન, તમારે શિક્ષકની નોકરી અને સુહાસભાઈને પણ વ્યવસાય’’ આહોભાવથી મોહિની કહી રહી હતી.

‘‘મોહિની! સુહાસને લગ્ન થયે દશ વર્ષ થયાં. તેમને ભગવાન પારણું બંધાવે તો દર્શને આવીશું.’’ થોડી ક્ષણો માટે થોડી હતાશા અનુભવતો જનક બોલ્યો. ત્યારે મોહિની પણ કહી રહી હતી. ‘‘મેં તો બાધા રાખી છે કે સુહાસભાઈને ત્યાં પુત્ર જન્મ થાય એટલે આપણે ભગવાનને ભોગ ધરાવવા આવીશું.’’

સુહાસ અસંમજસમાં પડ્યો તેણે સહજતાથી કહ્યું. ‘‘ભાભી! ભગવાન પાસે કંઈ માંગવાનું ના હોય તે તો અંતરયામી છે. સચરાચર છે. તે ભક્તોની સંભાળ રાખે છે.’’

‘‘હા! પણ મારાથી બોલી જવાયું. ભગવાનને મેં આજીજી કરી. પ્રાર્થના કરી. ‘‘મોહિનીની આંખોમાં જળજળિયાં આવી ગયાં. તેના ચહેરા પર એક ભાવ પ્રસરી ગયો.

શ્રાવણી સંધ્યાનો રમ્ય પ્રકાશ પથરાઇ રહ્યો હતો. પશ્ચિમના આકાશમાં મેઘધનુષ ખેંચાઇ ગયું હતું. ખીલેલી સંધ્યાનો પ્રકાશ સમગ્ર શ્રીનાથજીના મંદિર, ગામ, બજાર યાત્રાળુઓને અભિષેક કરાવી રહ્યો હતો. ઉત્તરના આકાશ તરફથી અવતો શીતળ મધુર પવનની લ્હેરો સમસ્ત અરવલીની ગિરિમાળાઓને ભવ્યતા અર્પતી હતી. તે જ સમયે વડોદરાનું દવે પરિવાર વતન તરફ પ્રયાણ કરવા બજાર વચ્ચેથી પસાર થઇ ગાડીના પાર્કિંગ સ્ટેન્ડ તરફ જઇ રહ્યું હતું. રમકડાવાળાની દુકાને ઊભા રહેલા ખરીદી કરી રહેલા વેદાંત પુરોહિતના પરિવારે તેમને જોયાં મોહિની તે સમયે બોલી ઊઠી. ‘‘સુનયના આવજે...બાય...બાય...’’ બધાનું ધ્યાન તે તરફ ગયું સુનયના તે તરફ જોઇ રહી. તેણે જનકને જોતાં જ કહ્યું. ‘‘જનક આવજે. ‘‘જય શ્રીનાથજી.’’ બધા હસી પડ્યાં. નિર્દોષ બાળકોમાં કેવો આત્મીયતાનો ભાવ રહેલો છે. તે જોતાં જ વેદાંતે સુનયનાના મમ્મી પપ્પાને નામ અને સરનામું પૂછતાં કહ્યું ‘‘ક્યાં રહો છો? શું નામ તમારું?’’ ‘‘અવિનાશ દવે...આ છે તે મારી પત્ની મયુરી. અમે વડોદરાના કીર્તિસ્તંભ પાસે આવેલા કારેલીબાગના વિસ્તારમાં જુની શ્રીનાથજીની વૈષ્ણવ બેઠક પાસે વિઠ્ઠલેશ એપાર્ટમેન્ટમાં ૨૧૨ નંબરના મકાનમાં રહીએ છીએ. વડોદરા આવો તો જરૂર આવજો.’’

ઓહો...કેમ નહીં તમે પણ સુરત બાજુ ફરવા આવો તો અમારા કડોદમાં આવજો. બારડોલી પાસે લગભગ ૧૦કિ.મી. પૂર્વ તરફ ગામ છે. હું શિક્ષક છું. અમારી વીરવિઠ્ઠલ પટેલ વિદ્યાલય ઘણી જ પ્રખ્યાત છે. મારા ભાઇ સુહાસ સ્ટુડિયો ચલાવે છે. અમારા પંથકમાં



તેનો સ્ટુડિયો જાણીતો છે. સાથે. ગુજરાત સમાચારનું પત્રકારત્વ કરે છે.

અવિનાશ દવે એ વાતને ટૂંકવતાં કહ્યું ‘‘ચાલો જય શ્રીનાથજી. પાછુ અમારે મોડું થશે. ઘણે દૂર જવાનું છે.’’

‘‘જનક આવજો...’’ મયુરીએ હસતાં હસતાં કહ્યું. ને વાતમાં મોવણ ઉમેરતાં કહી રહી...‘‘આપણી અવરજવર કાયમ રહે તેમ કરજો.’’ તેણે જનકના ગાલ ઉપર ટપલી મારી હસી રહી.

મોહિની સુનયના તરફ નીહાળીને તેને પાંચ રૂપીયા આપતાં કહી રહી...‘‘સુનયના કડોદ આવીશને? વેકેશનમાં આવજે હોં.’’

‘‘હા!...માસી આવીશ...!’’ સુનયનાએ તેના પર્સમાંથી નાનકડી એકલીંગજીની તસવીર કાઢી જનકને આપતાં હસી રહી તે બોલી ‘‘મારે મન તમે બધું જ છો.’’ બંન્ને પરિવાર કિશોરીના મુગ્ધપ્રેમને આશ્ચર્યથી અનુભવી રહ્યા. સૂર્યનો કોમળ તડકો ગુલાબી રંગથી પૃથ્વીને રંગી રહ્યો હતો. વેદાંત અને મોહિનીએ જીવનમાં પહેલીવાર આથમતી સંધ્યાને જોઇ હતી. અનુભવી હતી. ઊંચે ઊંચે આકાશમાં મંદિરની ધજા ફરકી રહી હતી. અવિનાશ પરિવાર સ્ટેન્ડ તરફ જઇ રહ્યું હતું. વારે વારે પાછી વળીને સુનયના જનક તરફ હાથ ફેલાવી ‘‘આવજો!’’ બોલી રહી હતી.

## પ્રકરણ : ૭. આ તો સુનયના માટે છે!

જનક પણ સુનયનાને મંત્રમુગ્ધ રીતે જોઇ રહ્યો હતો. તે પણ હાથ ઊંચો કરી રહ્યો હતો. દર્શનાર્થીઓના ટોળાની અવર જવરમાં અવિનાશ પરિવાર દેખાતું અદશ્ય થયું. મોહિની ભવિષ્યના વિચારોમાં ઘરકાવ થઇ ગઇ હતી. તેને યાદ આવ્યું કે સુહાસભાઇ પણ જ્યારે શીરડી દર્શને ગયા હતા ત્યારે વનલતા પહેલીવાર લવમેરેજ કરીને કડોદ આવી અને મોહિનીને પગે લાગી ત્યારે વેદાંત વનલત્તાને જોઇને ખડખડાટ હસતાં કહી રહ્યા હતા. ''ખરેખર વનલત્તા લત્તા જેવી જ છે નહીં?''

મોહિની સુહાસભાઇને કહેતી હતી ''સુહાસભાઇ વનલત્તાને વસંતમાં રમ્ય ફૂલો ખીલે છે. રાત્રે તો તેને જોવાની ખૂબ મઝા આવે.''

''ભાભી!'' સુહાસે વનલત્તા તરફ જોઇને મોહિની ભાભીને પગે લાગતાં કહ્યું ''તમારો બોલ શીરોમાન્ય છે.''

વનલત્તાએ પર્સમાંથી શીરડીનો પ્રસાદ બધાને આપતાં વેદાંતને ચરણે પડતાં કહ્યું. ''મોટાભાઇ...વનલત્તા પરિવારને વળગીને જ રહેશે.''



વેદાંત મ્લાન હસતાં કહી રહ્યો ''પુરોહિત પરિવાર સમૃદ્ધિથી સુખથી ખીલી ઊઠશે.''

એક પછી એક વર્ષો પસાર થયાં. વનલત્તાને કોઇ સંતાનના એંધાણ ન થયાં ત્યારે હતાશ સુહાસ વનલત્તાની સામે કારુણ્ય નજરે નીહાળતાં મોહિની વેદાંત કહેતો હતો. ''હે એકલિંગજીદાદા માત્ર શેર માટીની ખોટ પૂરી કરજે...''

મોહિની પ્રાર્થના કરતાં કહી રહી હતી. ''અમે તમારા દર્શને આવીશું. પ્રભુ! અમારા ક્રોડ પૂરા કરો.'' જાણે કોઇ ચમત્કાર થયો હોય તેમ મોહિનીએ અશ્રુભીની આંખો ખોલી તો ભગવાન એકલિંગજીની તસ્વીર ઉપર ગોઠવેલ ગુલાબનું ફૂલ તેના ખોળામાં પડ્યું હતું. વનલત્તા આ દશ્ય જોઇને આશ્ચર્યમાં પડી ગઇ. તે દિવસથી શાંતીનો અનુભવ કરતી વનલત્તાને કોઇક અનુભવ થવા લાગ્યો. બે ત્રણ મહિને ખ્યાલ આવ્યો કે તે મા બનવાની છે. ત્યારે સમગ્ર પુરોહિત પરિવાર આનંદમાં ઘરકાવ થઇ ગયો. મોહિનીને તે સમયથી વનલત્તા ''મમ્મી''ના ઉદ્‌બોધનથી બોલાવા લાગી. જ્યારે વનલત્તાએ બાળકને જન્મ આપ્યો. જ્યારે જય સવા વર્ષનો થયો ત્યારે સમગ્ર પરિવાર જયને લઇ કડોદથી એકલિંગજી દર્શનાર્થે જવા નિકળ્યો. દૂર દૂરનો માર્ગ હતો. આ પરિવાર વડોદરા પહોંચ્યો ત્યારે અવિનાશને ત્યાં ગયાં. અવિનાશે ભાવભર્યું સ્વાગત કર્યું. મોહિનીનો ભાઇ ઉત્પલ રોલેટ કાર લઇને તેમની સાથે ડ્રાઇવીંગ કરી રહ્યો હતો.

ડાકોર રાત્રિ રોકાણ કરી વેદાંત, મોહિની, સુહાસ, વનલત્તા અને ઉત્પલ વહેલી સવારે ભગવાન રણછોડ રાયનાં મંગલા દર્શન કરી નીકળ્યાં. ત્યારે બધાં અનેરો આનંદ અનુભવતાં હતાં. પૂર્વનો સૂરજ કોમળ કિરણો પાથરી રહ્યો હતો. મહામાસની ફુલગુલાબી ઠંડીએ સામ્રાજ્ય જમાવ્યું હતું. ડ્રાઈવીંગ કરતા સુહાસે કહ્યું ''ભાઈ! શેરડીની કાપણી કરવા છગન રતનીને કહ્યું છે. દલપો મંછી ક્યાં ગયાં તેની કોઈ જ ખબર નથી. છગનને ખાત્રી આપી છે કે તમે યાત્રાથી આવશો તેટલામાં પાંચ વિઘાંની શેરડી કાપી નાખીશું.

વેદાંત, નાનુનાયક પ્રિન્સિપાલનો અહોભાવ માનતો કહી રહ્યો હતો. ''મોહિની આ સમયે આચાર્ય નાનુનાયકે પોતાની રજાઓ રદ કરીને મને પાંચ દિવસની રજાઓ આપી તેઓ કહેતા હતા કે ''વેદાંત તું દર્શનાર્થે જાય છે એટલે હું પાંચ દિવસ પછી રજા ઉપર જઈશ બસ. મારા પણ દાદાને પ્રણામ કરજો.'' ''નાનુનાયક સાહેબ ખૂબ મોટા માણસ છે હોં.'' મોહિનીએ નાનુનાયકને યાદ કરતાં કહ્યું.

વેદાંત ભૂતકાળમાં સરી ગયો તેણે યાદ કરતાં મોહિનીને કહ્યું. ''મોહિની યાદ છે જનકને ખૂબ તાવ આવ્યો ત્યારે સ્કુલમાંથી તેઓ જાતે દવાખાને લઈ ગયા. હું તો ધોરણ દશના વર્ગમાં ગુજરાતીનો પ્રિયડ લેતો હતો. મોટી રિશેષ પડી ત્યારે ભાર્ગવ સાહેબે મને કહ્યું ત્યારે ખબર પડી કે નાયક સાહેબ જનકને દવાખાને લઈ ગયા છે. હું સ્કુટર ચલાવી પહોંચ્યો ત્યારે જનકને ગ્લુકોઝનો બાટલો ચઢી રહ્યો હતો. નાયક સાહેબે તે સમયે મારા સામું જોઈ કહ્યું ''વેદાંત ચિંતા ના કરો જનકને સારું છે





જો મોંડા પડ્યા હોત તો મુશ્કેલી આવી પડત. મોહિનીને બોલાવી લે.''

''હાં! વેદાંત તે સમયે તું મને સ્કુટર ઉપર બેસાડી દવાખાને લઈ ગયો હતો. ત્યારે નાયક સાહેબ જનકના માથા ઉપર હાથ ફેરવી રહ્યા હતા. જનક તાવમાં હાંફતો હતો.'' મોહિનીએ તે પ્રસંગને યાદ કરતાં કહ્યું.

''પોતાનું જ સંતાન હોય તેમ કેટલો પ્રેમ તેમની આંખોમાં હતો.'' મોહિનીએ વનલત્તા પાસેથી જયને પોતાના ખોળામાં લેતાં કહ્યું. જનક સુહાસકાકા પાસેથી રણછોડજીનો પ્રસાદ લઈને ખાઈ રહ્યો હતો. તે બોલ્યો ''ખૂબ સરસ છે.'' ''બીજા માટે રાખજે'' વનલત્તાએ હસતાં હસતાં કહ્યું. ગાડી ઊપર તરફના માર્ગ તરફ ઝડપી દોડી રહી હતી. મૂળીયાદ, ચેતરસુંબા, લાડવેલ, કપડવંજ ક્યારે પસાર થઈ ગયાં તે ખ્યાલ પણ ના રહ્યો. પાંખીયા, ડેમાઈ, બાયડ થઈને ધનસુરા, મોડાસા, અને શામળાજી આવ્યાં ત્યારે સવારના અગિયારનો સમય થઈ ચૂક્યો હતો. ભવાન શામળિયાજીના દર્શન કરવા રોકાયા ત્યારે ઉત્પલે, સ્વાતિને, પોતાની ગાડી પાર્ક કરી નીચે ઊતરતાં કહ્યું ''સ્વાતિ! મોહિને કહે કે અહીં અડધો કલાક રોકાઈશું...!'' ઉત્પલ સ્વાતિ, મોહિની પાસે ગયાં, ત્યારે ગાડીમાંથી નીચે ઊતર્યાં હતાં બધાં બસ સ્ટેન્ડ પાસેના રસ્તેથી શામળાજીના ચોકમાં આવ્યાં. મંદિરનું દ્વાર બજાર વચ્ચે જ હતું. પ્રવેશદ્વારમાંથી મંદિરમાં પ્રવેશ્યાં તો વિશાળ ચોક જોઈને ઉત્પલ બોલી ઊઠ્યો ''વેદાંતકુમાર કેટલો વિશાળ ચોક છે. મંદિર પણ કેટલું ભવ્ય છે.''

"આ વિષ્ણુભગવાનનું મંદિર છે. તહેવારોમાં રોશની થાય છે ત્યારે રાત્રે ભવ્ય લાગે છે." વનલત્તાએ વર્ષો પહેલાં અનુભવેલી વાત કરી.

"શામળાજી" મંદિરમાં શાંત વાતાવરણ હતું. કેટલાક ભક્તો દર્શન કરીને બહાર નીકળી જતા હતા. તો વળી કેટલાક ભક્તો મંદિરમાં બેસી ભગવાન શામળાજી સમક્ષ વિષ્ણુસહસ્રના પાઠ કરી રહ્યા પૂર્વ તરફના ડુંગરોમાંથી શીતલ પવન આવી રહ્યો હતો. મધ્યાહનનો સૂરજ માથે આવ્યો હતો. ગરમીનું પ્રમાણ નહીંવત હતું. વસંત હજુ હમણાં જ બેઠી હતી. ડુંગરોમાં ક્યારેય દેખાતાં ઝાંખરાં વૃક્ષ ફૂલોથી એવા શોભતા હતા કે મને કમને પણ તેમના તરફ નજર જયા વગર ના રહે.

શામળાજીથી બધા રતનપુર તરફના માર્ગે બંને ગાડીમાં જવા લાગ્યા ત્યારે રોડની એક તરફના ડુંગરો પુષ્પથી શોભતા હતા. પૂર્વે તરફના ખેતરો ઘઉં, વરિયાળી, એરંડાના પાકથી હરીયાળાં હતાં. રતનપુર સરહદ ગુજરાતની સરહદ છે. રાજસ્થાનમાં પ્રવેશ માર્ગ પછી પેટ્રોલપંપે બંન્ને ગાડીમાં પેટ્રોલ પૂરાવ્યું તો સુહાસ કહેતો હતો. "અહીં ગુજરાત કરતાં પેટ્રોલ સસ્તું હોય છે. લીટરે ૩ કે ૪ રૂપિયાનો તફાવત પડે છે." પેટ્રોલપંપ પાસેની રેંકડીમાંથી પાણીના પાઉચ અને પારલે મોનેકો બિસ્કીટનાં પેકેટ લઇને ઉત્પલે મોહિનીને આપ્યાં. પોતાની પાસે મોનેકોનું એક પેકેટ રાખ્યું. અને બે પાઉચ લઇ. ગાડીમાં ગોઠવાયો.

સુહાસે વાતનો દોર હાથમાં લેતાં કહ્યું : "ભાભી! અવિનાશ દવે સારો વ્યક્તિ છે હાં."





"હું એ જ કહેવા જતી હતી. મારા મનની વાત તમે કહી." મોહિનીએ સુહાસ તરફ જોતાં કહ્યું.

વનલત્તાએ વેદાંતને કહ્યું "મોટાભાઇ આપણે અવિનાશભાઇને વાત તો કરવી જોઇએ."

"શું ઉતાવળ છે. હજુ જનક મેડિકલના ફસ્ટયરમાં છે." વેદાંતે મોહિની તરફ જોઇને કહ્યું.

"સાસુ થવાના કોડ કોને ના હોય." મોહિનીએ હસતાં હસતાં વેદાંતને કહ્યું. વેદાંત હોઠોમાં હસી રહ્યો હતો. "આપણે નીકળ્યા ત્યારે સુનયના કેટલી સુંદર લાગતી હતી. તે ષોડસી બની ચૂકી છે." વેદાંતે મોહિનીને કહ્યું ત્યારે વનલત્તા અને મોહિની એકબીજા તરફ જોઇને કાંઇક ધીમેથી વાતો કહી રહ્યાં હતાં. વનલત્તાએ હળવેથી કહ્યું "છોકરી માથાબોળ ન્હાય એટલે તેનાં મા બાપને ચિંતા વધે છે."

"હા! પણ સમય આવ્યે વાત કરીશું. મયુરીબેન ઘણા સારાં છે. આપણો ભાવ તેઓ સમજે છે. જરૂર તેઓ આપણી રાહ જોશે જ." સુહાસે વેદાંત સામું જોઇને કહી રહ્યો હતો. ઉદેપુર આવી ગયું હતું. ઉદેપુરમાં ગાડી પ્રવેશી ત્યારે સાંજના છ વાગી ચૂક્યા હતા. સવારનાં નાસ્તા ઉપર ચલાવીને ઉદેપુર આવી પહોંચેલા સુહાસ વેદાંત, ઉત્પલ, ઉત્તર તરફના માર્ગે આવતી હોટલ ઉદેપુરના કંપાઉન્ડમાં ગાડી પાર્ક કરી રિસોર્સમાં રૂમ બુક કરાવી. ચાવી મેળવીને રૂમમાં પ્રવેશ્યાં. લાંબા અંતરનો થાક ગાડીની સીટ સારી હોવાને કારણે લાગ્યો ન હતો. રૂમમાં બે બે એટેચ

બાથરૂમ હોવાથી સાવર બાથ કરીને ફ્રેશ થઈ ગયાં હતાં. હોટલ ઉદેપરના ડાઈનીંગ ટેબલ ઉપર ગોઠવાઈને મેનુંવાંચતાં સુહાસે મોહિનીને કહ્યું ‘‘ભાભી! આ કામ તમારું. લો....જે ઓર્ડર આપવો હોય તે આપો’’...વેઈટર...ઠંડા પાણીના ગ્લાસ ગોઠવી ગયો. ઠંડુ પાણી પીને સાંત્વના અનુભવતાં સ્વાતિએ કહ્યું ‘‘હાશ ખૂબ તરસ લાગી હતી.’’

‘‘મમ્મી ઠંડું પાણી છે લે!’’ જનકે મોહિનીને પાણી પીવા કહ્યું. વનલત્તાની પાસમાં બેઠેલી સ્વાતિએ ઉત્પલને કહ્યું ‘‘ખૂબ સરસ હોટલ છે.’’

વેઈટર આવ્યો ત્યારે મોહિનીએ વારા ફરતી પૂછવા માંડ્યું. પ્રથમ વેદાંતને પૂછ્યું તમારે શું જોઈએ છે. ‘‘ઇડલી સંભાર’’ વેદાંતે હસતાં કહ્યું.

વેઈટરે નોંધ કરી.

સુહાસભાઈ તમારે શું જોઈએ છે? મોહિનીએ સુહાસ તરફ નજર કરી કહ્યું.

‘‘ડબલ રોટી આલુમટર’’ હસતાં હસતાં સુહાસ બોલ્યો વેઈટરે નોંધ કરી તે પછી

એક પરોઠા પાલકભાજી પનીર.

જીરારાઈસ દાલ.



ખીચડી, ચના મસાલા, કઢી. વગેરે નોંધ કરી વેઈટર થોડા સમયમાં એક પછી એક લાવ્યો તે પહેલાં ટમાટાસૂપ આપી ગયો. અને કોઠા શરબત આપી ગયો. ત્રણ કોઠા શરબત અને ત્રણ ટમાટા સૂપના ગ્લાસને અડધો અડધો કરી ન્યાય આપવા લાગ્યા. ત્યાં જ સ્વાતિ બોલી ઊઠી ‘‘શરબત ખૂબ સરસ છે.’’

મોહિની બોલી ઊઠી. ‘‘ટમાટા સૂપ પણ...’’

શરબત અને સૂપની ચૂસકીઓ લેતાં બધાં જમણની રાહ જોતાં હતાં ત્યાં વેઈટર એક પછી એક ચીજો લાવા લાગ્યો. તે સાથે ત્રણ ચાર ખાલી ડીસ પણ લાવ્યો. સ્વાતિ ઉત્પલ, સુહાસ, મોહિની વગેરેએ એકપછી એક ડીસ તૈયાર કરી એક એક સામે ગોઠવીને તેમાં સ્પૂન મૂકવા લાગી વેઈટર આવ્યો ત્યારે મોહિનીએ છ પાપડ, લીલા મરી, કેરી અને ચણા લસણનું અચાર લાવવા કહ્યું.

બધાએ ધીમે ધીમે ખાવાનું શરૂ કર્યું. વેઈટર અચાર અને પાપડ લાવ્યો ત્યારે મોહિની પાલખપનીર અને રોટી ખાતાં બોલી રહી હતી. ‘‘આપણે વહેલી સવારે એકલીંગજી જઈશું?’’

‘‘હા! દર્શન કર્યા પછી જ દશ અગિયાર વાગે શ્રી નાથજી જઈશું.’’ સુહાસે સમર્થનનો સૂર પૂરાવ્યો.

મોહિની જનકને કહી રહી હતી. ‘‘જનક તને ખીચડી કઢી ભાવશે ને?’’

‘‘હા, મમ્મી! તમે પણ ખાશો ને?’’ જનકે હસતાં કહ્યું.

"હું પરોઠા શાક ખાધા પછી થોડી ખીચડી લઈશ."

વેદાંત બોલી ઊઠ્યો "મોહિની સ્વાતિ માટે પણ રાખજે તેને કઢી ખીચડી ખૂબ ભાવે છે."

ઉત્પલ ચણા મસાલા અને પરોઠા દાલ ખાતાં બોલી ઊઠ્યો "હોટલનું ખાવાનું સારું છે."

"હા હા સાહેબ અમે ગ્રાહકની ખૂબ કાળજી રાખીએ છીએ." વેઈટરે હસતાં હસતાં નમ્રતાથી કહ્યું.

સ્વાતિ ઉત્પલને કહી રહી હતી બહુ ના ખાતા હજુ ઘણી મુસાફરી કરવાની છે."

થોડા સમયમાં સાંજના જમણને ન્યાય આપી ચૂકેલા વેદાંત, સુહાસ, ઉત્પલ વગેરે એ રૂમ તરફ જવા માટે વિચાર્યું. મોહિનીઓ વેઈટરને બીલ લાવવા કહ્યું. વેઈટર બીલ લાવ્યો મોહિનીએ બીલ ચૂકવી તેને ટીપ આપી. મુસાફરીનો થાક ઊતારી રહેલા પરિવારે રૂમમાં ચર્ચા કરી રહ્યો હતો.

સુહાસે ચર્ચાનો દોર હાથમા લેતાં કહ્યું "વેદાંત ભાઈ ડાકોરના પુનિત આશ્રમ કરતાં અહીં વ્યવસ્થા ઘણી સારી છે નહીં."

"હા! પુનિતઆશ્રમ બજારથી થોડો દૂર છે. જ્યારે આ સ્થળ ઉદેપુર વચ્ચે હોવાથી યાત્રિકોને બજારમાં ફરવા ખરીદી કરવામાં મુશ્કેલી પડતી નથી. વળી રૂમમાં જ સાવર બાથ ટોયલેટ વગેરે સગવડ ભર્યા છે. ટી.વી.ટેલીફોન વગેરેની સુવિધા ઘણી સારી છે."



"ઉત્પલભાઈ શીરડીના ભક્તિધામથી મંદિર ખૂબ દૂર છે." મોહિનીએ વાતમાં રસ લેતાં કહ્યું.

"તમારી વાત સાચી છે. મોહિનીબેન" મહારાષ્ટ્ર અને રાજસ્થાનના ધાર્મિક સ્થળોની વ્યવસ્થાઓ અલગ અલગ છે. શીરડીમાં સાંઈબાબા ના મંદિરમાં પ્રવેશ ગેઈટ આગળથી જ રેલીંગ વ્યવસ્થા છે. તે છેક બાબાના ચરણો સુધી. ભક્તવૃંદ દર્શન કર્યા પછી વિશાળ હોલમાં બેસી શકે તેવું આયોજન છે. જ્યારે કૈલાસપુરી માં દર્શન કર્યા પછી ભક્ત મંડપમાં બેસે તે વ્યવસ્થા છે પણ ઘણા ઓછા ભક્તો બેસી શકે તેવી છે." ઉત્પલે પોતે કરેલા સાંઈબાબાના દર્શન અને મંદિરની વ્યવસ્થા અને રચના અંગે વાત કહી. ત્યારે વેદાંત બોલી ઊઠ્યો. "સુહાસ! શ્રીનાથજી બાબાનું મંદિર છે. બાબાની બેઠક છે. વૈષ્ણવોની ભક્તિ ઘેલછા એટલી બધી હોય છે કે તેમના હૃદયાવેગ ને વાળવા રેલીંગ વ્યવસ્થા મંદિરના સભા મંડપમાં લાકડાના ઉતરતા ક્રમના પગથિયા પ્રમાણે કરી છે તેમ છતાં ખૂબ ધક્કા મૂકી થાય છે."

"હા! વેદાંતભાઈ જુઓ ગયા વર્ષે જનકને દર્શન કરાવવા બહું મુશ્કેલી પડી હતી. મેં છેવટે તેને ખભા ઊપર બેસાડી દર્શન કરાવી ધક્કા મુક્કીમાં બહાર નીકળી ગયો.

જનકે ટી.વી.ની સ્વીચ ઓન કરી ત્યારે ડી.ડી.ગિરનાર ઉપર સમાચાર આવતા હતા. ભારતના વડાપ્રધાન ડૉ.મનમોહન સિંહ **I.I.M** ના પદવીદાન સમારંભમાં ગુજરાત આવ્યા હતા. **I.I.M** નું અભ્યાસ માટેનું પેકેજ ૧૪ લાખ ૨૪ હજારથી વધીને ૨૧લાખ આઠસોનું થયું

હતું. પદવી મેળવનાર વિદ્યાર્થીઓ અભ્યાસ મેળવીને ગૌરવ અનુભવે રહ્યા હતા. મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ઉપસ્થિત રહીને સમારંભમાં ઉદ્દ્બોધન કર્યું હતું. આદિવાસી ધારાસભ્યો અને સાંસદોએ વડાપ્રધાનને મળીને વાનંચલ યુનિવર્સિટીની માંગણી કરતું આવેદન પત્ર આપ્યું હતું.

સુહાસ, વેદાંત અને ઉત્પલ તેમજ મોહિની જનક અને સ્વાતિ રસપૂર્વક સમાચાર સાંભળી રહ્યા હતા. થોડા સમયમાં જ રૂમમાં એ.સી.ની હવાએ વાતાવરણ બદલ્યું હતું. સમગ્ર રૂમમાં ફેલાયેલી ઠંડક બધાને મુસાફરીનો થાક તેમજ સાંજના જમણને કારણે આંખોમાં ઘેન વધવા લાગ્યું હતું. ટી.વી. અને લાઇટની સ્વિચ ઓફ કરતાં સુહાસે રૂમનું બારણું બંધ કર્યું. બધા પોતપોતાના પલંગમાં સુઈ રહ્યા હતા. ક્યારે સવાર પડી તેની ખબર ના રહી. વહેલી ઊઠેલી મોહિનીએ રૂમની લાઇટ ઓન કરી ત્યારે ખ્યાલ આવ્યો કે દિવાલ ઉપરની ઘડીયાળ સવારના સાતનો સમય દર્શાવી રહી હતી. સવારે પાંચ કલાકે વહેલા ઊઠી નિત્યક્રમ પરવારી એકલિંગજી જવાનું વિચારનાર વેદાંતે આળશ મરડી પથારીમાં બેસતાં જોયું તો બોલી ઊઠ્યો ‘‘ઓહ! સાત વાગી ગયા. આપણે તો સવારનાં એકલિંગજીના દર્શન કરી શ્રીનાથજી જવાનું હતું.’’ રૂમમાં ત્રણ એટેચ સંડાસ બાથરૂમ હતાં. બધાને નિત્યક્રમમાં પરવારવામાં સમય ના લાગ્યો. સવારની ચા કોફીની ચૂસકીઓ લેતાં દિવાલ ઘડિયાળ સામે જોઈને મોહિની કહી રહી હતી. ‘‘જુઓ ૮-૩૦ નો સમય થવા આવ્યો છે. આપણે જો ૯-૦૦ કલાકે નીકળીએ તો જરૂર સવારના ૧૦-૩૦ સમયે





એકલિંગજીદાદાનાં દર્શન કરીને શ્રીનાથજી પહોંચી શકીએ.’’

‘‘ચાલો જલ્દી કરો. મોહિની તું, સ્વાતિ, વનલત્તા આપણી બેગ્સ તૈયાર કરો. નવના સમયે આપણે નીકળી જઈએ. હું હોટલ ઉદેપુરના મેનેજરને મળી બીલ ચુકવી આવું છું. વેદાંત કહેતો કહેતો રૂમ બહાર નીકળ્યો. મેનેજરને મળી ને પૂરા પચ્ચીસસો બીલ ચૂકવીને પાછા આવ્યો ત્યારે બધા રૂમ બહાર રૂમને લોક કરીને ઊભા હતા. ઉત્પલ રૂમ નંબર ૭ની ચાવી આપી આવ્યો. મોહિની, સ્વાતિ, અને સુહાસે ગાડીમાં સામાન ગોઠવ્યો.

સુહાસ ડ્રાઈવીંગ કરવા બેઠો. તેની પાસે જનક, વેદાંતભાઇ ગોઠવાયા. વચ્ચેની સીટમાં વનલત્તા, મોહિની, ગોઠવાયાં. જનક પાછળની સીટમાં ગોઠવાયો. ગાડી સ્ટાર્ટ કરતાં વનલત્તા બોલી ઊઠી ‘‘જનક ભાઈ આગળ ફાવશે ને?’’

‘‘હા કેમ નહીં ફાવે? એકલિંગજી તો માત્ર ચૌદ કિ.મી. છે.’’ હસતાં હસતાં જનકે કહ્યું.

‘‘સારું એકલિંગજી પછી તમે મારી સાથે આવજો.’’ વનલત્તાએ કહ્યું.

પાછળની સીટમાં ગોઠવાયેલા સામન સાથે સુહાસે ગાડી દોડાવી. બીજી ગાડીમાં ઉત્પલ અને સ્વાતિ હતાં. તે પણ મુક્ત મને ગાડી દોડાવી રહ્યાં હતાં. પૂજ્ય એકલિંગજી દાદાનાં દર્શન ચાલુ જ હતાં. રાજભોગનાં દર્શન કરીને જ્યારે બધા મંદિરની સામેની હોટલમાં

ગોઠવાયાં ત્યારે ઉત્પલ કહી રહ્યો હતો. ''નાસ્તો કર્યા પછી મારી ગાડીમાં ગમે તે બે આવી જજો. અમને એકલા નથી ફાવતું. થોડી વાતો થાય છે.''

''મરચાના ભજીયાનો સ્વાદ માણતાં મોહિની કહી રહી. ''સારું સ્વાતિની સાથે વનલત્તાને ફાવશે સાથે જનક પણ હશે. જયને દૂધ પીવડાવી રહેલી વનલત્તા બોલી ઊઠી ''હું જનકભાઇ સાથે બેસીશ.''

શ્રીનાથજી તરફ બંન્ને ગાડી દોડી રહી હતી. અરવલ્લીની ઘાટીનાં દશ્યો વટાવ્યા પછી આ ખુલ્લા રસ્તાઓ તરફ દોડતી ગાડીની ગ્લાસની બારી માંથી દશ્યો દોડી રહ્યાં હતાં. નવીન મકાનો હોટલ અને દૂરના ડુંગરના ઢોળાવનાં ખેતરો પસાર થઇ રહ્યાં હતાં. માત્ર એક જ કલાકમાં ૧૨ ના સમયે એકલિંગજીમાં પ્રવેશતાં જ ગાડી પાર્ક કરી બધા દર્શનાર્થે પહોંચ્યા. ત્યારે મંદિરના પટાંગણમાં જનમેદની ઓછી હતી. એક દુકાન પાસે સામાન મુકતાં વનલત્તા બોલી ઊઠી ''હું અહીં રોકાઉં છું. સામાન સાચવીશ.''

વેદાંતે કહ્યું ''દર્શન. તો તારે જય સાથે કરવાનાં છે. એમ કરો સુહાસ રોકાશ. આપણે બધા દર્શન કરી જલ્દી આવીએ. પછી તે દર્શન કરવા જશે.''

''એમ કરો તમે બધા જાઓ. હું રોકાઉં છુ. પછી હું દર્શન કરી આવીશ.'' ઉત્પલે મધ્યમ માર્ગ અપનાવતાં કહ્યું.



બધાએ ઉત્પલની વાત મંજુર રાખી. દર્શન કરીને થોળનો પ્રસાદ આપતાં ઉત્પલને મોહિની કહી રહી હતી ''ભક્તોનો કોઇ ધસારો નથી દર્શન સારા થાય છે તમે જાઓ.''

ઉત્પલ જ્યારે દર્શન કરવા ગયો ત્યારે શ્રીનાથજી બાવાના દર્શન કરનાર દર્શનાર્થીઓ માત્ર ૫૦૦ જેટલા જ હતા. ભાવપૂર્વક દર્શન કરી આવ્યો ત્યારે મોહિની, સ્વાતિ અને વનલત્તા બરસાનાવાલી સાડી સેન્ટરમાં બાંધણી ખરીદવામાં વ્યસ્ત હતા. વેદાંત અને જનક સામાન પાસે ઊભા રહેલા હતા. હસતાં હસતાં ઉત્પલે કહ્યું ''વેદાંતભાઇ સાડી જુએ એટલે સ્ત્રીઓ ઘેલી થઇ જાય ખરું ને.''

''હા જોજો ને હમણાં ચાર હજાર જેટલું બીલ કરીને આવશે.'' વેદાંતે ઉત્પલને હસતાં હસતાં કહ્યું.

''ચાર હજાર...'' જનકે આશ્ચર્યથી કહ્યું. બધા થોળનો પ્રસાદની મઝા અનુભવતા હતા. ત્યારે સામે જ કેશરવાળા દૂધની પ્યાલી અને માટીની કુલડીઓ ભરેલી હતી. ઉત્પલે જનક તરફ દષ્ટિ કરી કહ્યું ''જનક કેશરવાળું દૂધ પીશું?''

''હા! મને ભાવે છે.'' વેદાંતે મનની વાત કહી તે બોલી ઊઠ્યો. ''હું તો તમારી જ રાહ જોઇ રહ્યો હતો. તમે આવશો એટલે દૂધ પીશું.'' વેદાંતે ગ્લાન હાસ્ય ફેલાવતાં કહ્યું. જનક ચાર કુલડી દૂધ લઇ આવ્યો. બધા દૂધ પી રહ્યા હતા. મોહિની સ્વાતિ અને વનલત્તા સાડી ખરીદી આવ્યાં ત્યારે એક નો સમય થવા આવ્યો હતો.

મોહિની સાડી બતાવી રહી હતી. ત્યારે વેદાંતની નજર ઉપર પડી ત્યારે વેદાંત કહી રહ્યો ''આ કોને માટે છે.''

''તમને ખબર ના પડે. આ તો સુનયના માટે છે. છે ને સુંદર?'' તેના જેવો જ ડ્રેસ.'' હસતાં હસતાં મોહિની કહી રહી બધા જ ખડખડાટ હસવા લાગ્યા.

''ભાભી તમારી દીર્ઘદૃષ્ટિ તો દાદ માંગી લે તેવી છે.'' સુહાસે જનક સામું જોઇને કહ્યું.

સુનયનાનું નામ સાંભળતાં ભૂતકાળની યાદમાં સરકી ગયેલો જનક, પ્રેમ વિભોર બની ગયો હતો. મુગ્ધત્વને પસાર કરી ચૂકેલો જનક યુવાવસ્થામાં પ્રવેશ્યો હતો. તેની અવસ્થા જોતાં જ સુહાસે જનકના ખભે હાથ દઇ તેનો હાથ પકડતાં કહી રહ્યો. ''જનક! સુનયના અહીં નથી તે તો વડોદરા છે.'' બધા જ હોઠમાં હસી રહ્યાં હતાં. સુહાસની ટીળખી સાંભળતા જનક શરમાઇ ગયો. તેને ઠંડાઇની દુકાને ઠંડાઇ પીતાં શરમાઇ રહેલી સુનયના નજરો સમક્ષ તરવરી ઊઠી હતી. સ્વપ્રા અવસ્થામાંથી બહાર નીકળતાં જનક કહી રહ્યો ''એવું કશું નથી.''

''એટલે! સુહાસે કહ્યું એવું ન હોય તો ડ્રેસ પાછો આપી આવીએ.''

સુહાસનો ટીખળીખોર સ્વભાવ રોમાંશમાં ચઢ્યો હતો.

જનક શરમાતાં કહી રહ્યો ''એવું પણ નથી. ડ્રેસ તો...સુનયના...''



મોહિની જનક તરફ જ જોઇ રહી હતી. તે હસી રહી હતી. ત્યારે વેદાંત, સ્વાતિ ઉત્પલ મંદિર ઊપર પવનમાં ફરકતી ધજાને જોઇ રહ્યાં હતાં.

બાલાશિનોર વાળાની ધર્મશાળામાં રૂમ બુક કરાવી ચાવી મેળવી ડીપોઝીટ ચૂકવી વેદાંત રૂમ નંબર પાંચનું તાળું ખોલીને પંખાની સ્વિચ ઓન કરી રહ્યો હતો. ત્યારે મોહિની રૂમની બંધ બારીઓ ખોલીને તેની પાસે રહેલો થેલો પલંગ ઊપર મૂકી રહી હતી. સ્વાતિ, વનલત્તા અને ઉત્પલ રૂમમાં પ્રવેશ્યાં ત્યારે ત્રણ ઉપર ચાલતો સીલીંગ ફેન વેગથી પવન ફેંકી રહ્યો હતો. બધા એક પછી એક હાથમોં ધોઇને ફ્રેશ થયા ત્યારે જનક બોલી ઊઠ્યો ''મમ્મી ભૂખ લાગી છે.''

''હા! એક તીસ થવા આવી. ચાલો ઉતાવળ કરો.'' વેદાંતે વાતનો દોર પકડતાં કહ્યું.

''મોટાભાઇ! આપણે ઘેર જઇશું ત્યારે દશ વિઘાનાં ખેતરની શેરડી કપાઇને બારડોલી સુગર ફેક્ટરીમાં પહોંચી ગઇ હશે.'' સુહાસે ઘર અને ખેતરનો વિચાર આવતાં કહ્યું.

વેદાંતે વાતને આગળ વધારતાં કહ્યું ''સાહસ આ વખતે કડોદમાં સૌથી વધુ શેરડી આપણી થવી જોઇએ.'' ''મોટાભાઇ આ વખતની શેરડી હાથના કાંડા જેવી છે. વજનદાર અને નક્કોર આપણી શેરડી ૨૫૦૦ ટન થશે જ.'' સુહાસે ઉત્સાહમાં આવી જતાં કહ્યું.

મોહિની કહી રહી હતી. ''આપણે ખેતરોમાં સેન્દ્રીય ખાતર અને પાણી, દવામાં ક્યાં કચાશ રાખી છે.''

''ભાભી! ગામ લોકો કહે છે કે વેદાંત તો ધરતી માતાનું પુરું જતન કરે છે. સુગર ફેક્ટરીના ચેરમેન ગોવિંદકાકા કહેતા હતા કે ખેતી કેવી રીતે કરવી તે વેદાંત પાસે શીખો.'' સુહાસે ખેતીનું સહસ્ય જણાવ્યું ત્યારે વેદાંત બોલી ઊઠ્યો. ''આપણે મંછી, દલપો, છગન,અને રતની તેમજ બીજા આદિવાસીઓને પૂરી મજૂરી આપીએ છીએ. પચાસ પચાસ મજુરો આપણા ખેતરમાં કામ કરે છે. બીજાઓને બહારથી મજૂર લાવા પડે છે. તેઓ પણ આપણી સફળતાના ભાગી દાર છે.''

સુહાસે ગયા વર્ષે ભરાયેલી ખેડૂત સભામાં ઝીણાભાઇ દરજીના ઉદ્‌ગારો યાદ કરતાં કહ્યું ''જો અરવિંદ! વેદાંત શિક્ષક છે. સુહાસ ફોટા પાડવાનું કામ કરે છે તો પણ ખેતીની કેટલી કાળજી રાખે છે. વનબંધુઓને પોતાના ભાઇ જ સમજે છે. નરીમાન પીઠાવાળા કહેતા હતા તે સાચુ છે. ''વિકાસની કેડી ત્યારે જ રાજમાર્ગ બને જ્યારે બધા જ પોતાનું કામ શોષણનો વિચાર કર્યા વિના કરે.'' ઝીણાભાઇ એક વખત અરવિંદભાઇ અને ગોવિંદકાકાને સાથે લઇને આપણા શેરડીના ખેતરો જોવા આવ્યા હતા. ત્યારે આદિવાસીઓના ચહેરા ઉપરનો ઉત્સાહ જોઇને શું કહેતા હતા ખબર છે?'' ''દલપો હોય કે મંછી, રતની હોય કે છગનો બદા જ વેદાંતને મન પોતાના ભાઇ બહેન છે.''

વેદાંતે તે સમયે વિચારતાં કહ્યું ''સાચી વાત છે સુહાસ મેં ક્યારે મનમાં નથી વિચાર્યું કે દલપો મંછી, રતની અને છગનો આપણાથી



હલકા છે. તેમનું કાર્ય જે નિષ્ઠાથી કરે છે તે કાર્ય પણ હલકું નથી. દરેક કાર્યનું બધા કાર્ય જેટલું જ મહત્વ છે.'' તે ભાવભર્યા વનાંચલ ભાંડુને યાદ કરી રહ્યો.

મોહિની બોલી ઊઠી ચાલો બે વાગ્યાનો સમય થશે આપણે જમવા જઇએ. વનલત્તાની પાસે રડતા જયને મોહિનીએ તેડીને ખભે મૂક્યો. થપ થપાવ્યો. રડતો જય શાંત થયો. તેને શ્રીજી રેસ્ટોરન્ટમાં દૂધ પીવડાવતાં સ્વાતિ બોલી ઊઠી. ''જય, મોહિનીબેન પાસે કેવો શાંત થઇ ગયો.'' બાળક પણ પ્રેમ જુએ છે.''

વેઇટર આવ્યો. સુહાસભાઇએ છ ગુજરાતી ડીસનો ઓર્ડર આપ્યો. રોટલી રીંગણ બટાકાનું શાક, મગ, પાપડ, અથાણું, ભાત દાળની ફીક્સ ડીસ આવી પહોંચી. પાપડનો સ્વાદ માણતાં મોહિની બોલી ઊઠી લિજ્જતના પાપડ છે. કચ્છના રામાણીયામા દૂધ મંડળી જેમ લિજ્જત પાપડ બનાવાની મંડળી ચાલે છે. સાંજે સ્ત્રીઓ લોટ, તેલ, મીઠું મસાલો વગેરે લઇ જાય છે મોડી રાત સુધી પાપડ વણે છે. અને વરંડાવાળા મકાનમાં સુકવે છે. બપોર સુધમાં સુકાઇગયેલા પાપડ એકઠા કરીને મંડળીમાં જમા કરાવે છે. એક કીલો લોટમાં ચાલીશ નંગ પાપડ થવા જ જોઇએ. એવી ગણતરી હોય છે. જાડા પાપડ સ્વીકારવામાં નથી આવતા. સ્ત્રીઓને કરેલા કામનું મહેનતાણું દર ત્રણ દિવસે ચૂકવવામાં આવે છે.''

મોહિનીની વાતને ગુજરાતી થાળી જમતાં બધા સાંભળી રહ્યાં હતાં. સ્વાતિએ નવસારી પાસેની ગડત સહકારી મંડળીની વાત મૂકતાં

કહી રહી હતી. "હું ગડત ગઇ હતી. રશ્મિબેનને ત્યાં બે દિવસ રોકાઇ હતી. ખૂબ મઝા આવી. ગડત સહકારી મંડળીમાં ચીકુ અને કેરી ખેડૂતો લાવે છે. આંબા ઉપર પાક થઇ ગયા પછી ખેડૂતો આંબા ઉપરની કેરી ઊતારે છે. આ કેરી સહકારી મંડળીમાં લાકડાના બનાવેલા ખોખામાં ડાંગરનું પરાળ મૂકીને ગોઠવવામાં આવે તેવી જ રીતે વૃક્ષ ઉપરથી ચીકુ ઉતારીને ખોખામાં ગોઠવીને તેનું પેકીંગ બનાવામાં ચાલે છે. ગડતના ચીકૂ ખૂબ મોટા હોય છે. તે જ રીતે ત્યાંની કેરી પણ પ્રખ્યાત છે. બીજા રાજ્યોના શહેરોમાં તેને મોકલવામાં આવે છે."

વેદાંતને મોહિની અને સ્વાતિની વાતમાં રસ પડ્યો. તે ધીમેથી બોલી ઊઠ્યો. "આપણી બારડોલી સહકારી મંડળી સંચાલીત સુગર ફેક્ટરી પણ પ્રખ્યાત છે. બારડોલી સુગર ફેક્ટરીનું મઢી સુગર ફક્ટરી જેવું સુંદર સંચાલન થાય છે.

સુહાસ રોટલીને શાક સાથે ખાતાં જ કહી રહ્યો. "સુરત જીલ્લામાં સહકારી પ્રવૃત્તિ વેગવાન છે હાં નરીમાન પીઠાવાળાએ શરૂ કરેલ પ્રોટ્રી ઉદ્યોગ ઘણો જ પ્રખ્યાત છે. પલાસણા તાલુકો, વ્યારા, ઓલપાડ તાલુકામાં આ ઉદ્યોગ ખૂબ વિકાસ્યો છે." જનક, વેદાંત બધાની વાત સાંભળી રહ્યા હતા. જમીને બધા ઊઠ્યાં ત્યારે ૨-૪૫ નો સમય થયો હતો.

વલ્લિયારીનો મુખવાસ માણતાં બધા જ્યારે શ્રીનાથજી મંદિર પાસેના ચોકમાં આવ્યાં ત્યારે જનકે કહ્યું "મમ્મી ઠંડાઇ પીશું ને?"



"હા! કેમ નહીં." વેદાંતે બધા સામુ જોઇને કહ્યું.

ઠંડાઇનો સ્વાદ માણતાં જ મોહિનીને સુનયના અને અવિનાશ દવેની યાદ આવી ગઇ. તેણે મયુરીને કહ્યું હતું. "તમે કડોદ આવીશો ને?" તે શબ્દો તેના મસ્તીકમાં ઘુમરાવા લાગ્યા. જયને મોહિની તેડીને આગળ ચાલી રહી હતી. સુહાસ વેદાંત ઉત્પલ સામેની દુકાનોની ચીજ વસ્તુ નિહાળી રહ્યાં હતાં. સ્વાતિ, વનલત્તા સામેની નાનકડી દુકાનમાંથી સુકા મેવાની ખરીદી કરી રહ્યાં હતાં.

ધર્મશાળા તરફના માર્ગમાં ગોઠવાયેલી શાકભાજીની લારીઓનું શાક બધાને આકર્ષણ રહ્યું હતું. સામેની દૂધ, છાશ, શીખંડ, આઇસ્ક્રીમની દુકાન સામે ઊભા રહીને વેદાંતે કહ્યું "૬ કલાકે ૩ ચા અને ૨ કોફી રૂમ નં ૭માં મોકલજે."

રૂમ નં.૭,માં પલંગોમાં બધા ગોઠવાયા ત્યારે ઠંડાઇને કારણે બધા નિંદ્રાધીન થઇ ગયેલા સાંજના ૬ કલાકે ચા વાળાએ બારણાનો કોલબેલ રણકાવ્યો ત્યારે સુહાસે બારણું ખોલ્યું. પલંગમાં આળશ મરડતાં જાગી ગયેલા વેદાંત, ઉત્પલે ચા વાળાને ટેબલ ઉપર ચાના કપ ભરવા કહ્યું.

"બે કોફી કપમાં ભરીને ડીસ ઢાંકી દે." ઉત્પલ બોલ્યો તેણે મોહિની અને સ્વાતિને જગાડ્યાં.

ફ્રેસ થઇને બધાએ ચા, કોફીને ન્યાય આપ્યો. મોડી રાત્રિ સુધી શ્રીનાથજીના બજારમાં ખરીદી કરતાં ગુમી રહેલાં વેદાંત સ્વાતિ,

મોહિની, ઉત્પલ, અને વનલત્તાએ હળવો નાસ્તો કરવાનું વિચારીને ધર્મશાળાની રૂમમાં ચીજવસ્તુ મુકી દર્શનાર્થે ગયાં. માત્ર યાત્રાળું અને સ્થાનિક વર્ગ વિના અન્ય કોઇ જ દર્શનાર્થે ન હતું. બહાર આવતાં થોળ, લાડુની પ્રસાદી ખરીદીને રૂમ તરફ આવ્યા ત્યારે રાત્રિ ના દશકલાક થઇ ચૂક્યા હતા. ટી.વી.ની સ્વિચ ઓન કરી ત્યારે હળવું કંઠ્ય સંગીત વાગતું હતું. ''મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી યમુનાજી મહાપ્રભુજી.''

ત્યારબાદ ''છોટે છોટે શિવજી છોટે છોટે રામ'' રૂમનું વાતાવરણ ભક્તિ મય બની ચૂક્યું હતું. દરેકના મન ભાવવિભોર ભર્યાં બની ચૂક્યાં હતાં. લાંબી મુસાફરીનો થાક હોવાથી નિંદ્રાધીન બની સવારે ૭ કલાકે બધાં ઊઠ્યાં ત્યારે બધાં તાજગી અનુભવતાં હતાં. જનક જયને રમાડતો હતો. સ્વાતિ, વનલત્તા સ્નાન કરીને વાળને ઓળી રહ્યાં હતાં. મોહિની બાથરૂમમાં સ્નાન કરી રહ્યાં હતાં. વેદાંત, ઉત્પલ અને સુહાસ અને જનક નિત્યક્રમ પરવારીને ચાની ચૂસકી માણી રહ્યા હતા. જય પલંગમાં રમી રહ્યો હતો.



## પ્રકરણ : ૮. હલદીઘાટી અને શ્રીનાથજી દર્શન

ઉદેપુરના રાજમહેલ પાસે પ્રમોદ મહાજન પાર્કીંગ પ્લેસમાં ગાડી પાર્ક કરીને રાજમહેલ જોવા વહેલી સવારે ૯ કલાકના સમયે સીડીના પગથિયાં ચઢી રાજમહેલના ગાર્ડનમાં આવ્યાં ત્યારે રાજમહેલની ભવ્યતા જોઇને બધા આશ્ચર્યમાં પડી ગયાં. પ્રવેશ દ્વારો છ ટિકિટ મેળવી રાજમહેલના ગેઇટમાં પ્રવેશી શરૂઆતનું શસ્ત્રાગાર જોઇ જનક, વેદાંત, ઉત્પલ આશ્ચર્યમાં પડી ગયા. વિવિધ પ્રકારની રિવોલ્વર, તમંચા, તલવાર, બરછી, ભાલા અને કટારોનું પ્રદર્શન સુંદર હતું.

રાજમહેલ સાંકડા પ્રવેશ દ્વારેથી બીજા માળે લાંબીમાં ગોઠવાયેલા ફ્લાવર વાજ બારીના ઝરુખા કલાકારીગરીના ઉત્તમ નમુના હતા. લોબી પાસેના એક રૂમમાં વિવિધ હસ્તકલાની ચીજ વસ્તુઓ નીહાળતાં એક સાથે પાંચ ગણપતિના મસ્તકની બનેલું કપડા ભેરવવાનું હેંગર અને કઠપૂતળીની વેદાંતે ખરીદી કરી. રાજમહેલ ડુંગરને કોતરીને બનાવેલો હતો. ડુંગર ફરતા રૂમો બનાવેલા હતા. તે ચઢતા ક્રમે હતા આ રીતે ત્રણ માળનો વિશાળ રાજમહેલ શોભતો હતો. તેમણે પગથિયાં ચઢીને આવેલા રાજદરબારની બેઠક શીશ મહેલ જેવી બનેલી હતી.

તેની પાસે રાણા પ્રતાપની તલવાર ભાલો, શીરછત્ર અને બખ્તર શોકેસમાં મૂકેલાં હતાં. ત્યાર પછીના વિશાળ બેઠકના ભાગના પગથિયાં ચઢતાં પૂર્વ તરફ સામે જ રાજવી ઘરાનાનો સોનાનો સૂરજ ભવ્યતાની યાદ આપતો હતો. રાજમહેલના ત્રીજામાળે ડુંગર ઉપરથી ટોચમાં મેદાન બનાવી ઊગાડેલું આંબાનું વૃક્ષ કેરીઓથી લચી ગયેલું હતું. તેની ચો તરફ અગાસી બનાવેલી હતી. ત્રણ કલાકના સમય સુધી રાજમહેલની સમૃદ્ધિ નીહાળીને મહેલના દરવાજાની બહાર નીકળ્યા. ત્યારે બાજુમાં હાથી ચઢાવો માર્ગ અદ્‌ભૂત હતો. માર્ગે પાસે જ એક પ્રદર્શન ગૃહ હતું. ત્યાંથી રાજસ્થાની વસ્ત્રો પહેરીને સામેના ગાર્ડનમાં કેટલાક સહેલાણી ફોટા પડાવી રહ્યા હતા. મહેલના મુખ્ય માર્ગ પાસે ગોઠવાયેલા શરબતની દુકાને શરબત પીને બધાં પુનઃ પાર્કીંગ સ્થળ પહોંચ્યાં. ત્યારે બપોરના ૧૨નો સમય થઇ ચૂક્યો હતો.

રાજમહેલની ભવ્યતાને અનુભવતાં સુહાસ બોલી ઊઠ્યો. ‘‘ભાભી! ઉદેપુરના રાજમહેલની ભવ્યતા રાણાના પરિવારની સમૃદ્ધિ વ્યક્ત કરે છે.’’

મોહિની બોલી ઊઠી ‘‘સુહાસભાઇ! ઉદેપુરના રાણા ધાર્મિક અને દેશપ્રેમી હતા. રાણા પ્રતાપના પુત્ર અમરસિંહ સ્વતંત્રતાના ગૌરવ સાથે જીવન જીવ્યો.’’

‘‘હા! પણ અંતે બાદશાહની શરણાગતિ સ્વીકારી હતી.’’ વેદાંતે નિશ્વાસ નાંખતાં કહ્યું.



‘‘મેવાડના સ્વાભિમાની રાજવીઓ આપણા દેશનું ગૌરવ છે.’’ સ્વાતિ ગૌરવપૂર્વક બોલી.

સહેલીબાગ તરફ દોડી રહેલી ગાડીને સહેલી બાગ પાસે પાર્ક કરી. ટિકિટ મેળવી બધા સહેલી બાગ જોવા પહોંચ્યા ત્યારે સરોવર જેવા હોજની ચો તરફ આરસની બનેલી છત્રીઓ ઉપર અને હોઝને કિનારે ઉઠતા ચાલતા ફૂવારા જોઇ આશ્ચર્યમાં પડી ગયા. આરસની બનેલી વિવિધ ભંગીમા ધરાવતી સુંદરીઓની પ્રતિમા અદ્‌ભૂત હતી. તેની ચો તરફના ગાર્ડનમાં સહેલતાં વેદાંત પરિવાર એક ચંપાના વૃક્ષ નીચે ગોઠવાયો. સુહાસ સામેથી સીંગ લઇ આવ્યો. બધા સીંગ ખાતાં ખાતાં વાતો કરતાં કહી રહ્યાં હતાં. આપણા રાજ્યમાં આવા બાગ વિકસ્યા નથી. સાંજના સમયે શહેરી પરિવારને મુક્તતા અને હળવાશ અનુભવવા આવા બાગની જરૂર ખરી નહીં?’’

મોહિની આક્રોશ વ્યક્ત કરી કહી રહી ‘‘આપણે તો બસ પૈસાની દોડમાં ચકચૂર છીએ.’’

ઉત્પલ મહેંદીની કલાત્મક કાપણી અને વિવિધ ફૂલ છોડની હારમાળા જોઇને વિચારમાં પડી ગયો હતો. તો વળી ગાર્ડનના થોડે થોડે અંતરે ખૂણામાં ગોઠવાયેલ કચરા પેટી, कचरा हमे दो । हमे मत भूलना । લખાણોથી શોભી રહ્યા હતા.

શહેલી બાગની સામે જ આવેલ હેન્ડલુમ પ્રદર્શન, રાજસ્થાની પ્રદર્શન, નીહાળતાં જ વનલત્તાએ લહેરીયું અને બાંધણી ખરીદી તો

વળી વેદાંતે સીસમની વાંકી લાકડી ખરીદી. હસ્ત કલાપ્રદર્શનમાંથી નીકળતાં મોહિની બોલી ઊઠી ''આપણા ગુજરાતમાં દરેક શહેરોમાં તાલુકા મથકોએ હસ્તકલા પ્રદર્શન હોવા જોઇએ. આપણને આપણી કલા કારીગરીનું ગૌરવ હોવું જ જોઇએ.''

મોહિનીના મંતવ્યને સમર્થન આપતાં વનલત્તા કહેવા લાગી ''ગુજરાતીઓ વ્યવસાયમાં શૂરા એમને ગુજરાતની અસ્મિતાની પડી છે? આપણે પૈસાને જ મહત્ત્વ આપીએ છીએ. શેરની વધઘટ, સોના ચાંદીમાં ઉછાળો, સમાચારપત્ર ખોલતાં પહેલાં વાંચીએ છીએ. રાજકીય કાવાદાવા અને અખાડા આ અનુસંધાનમાં જ હોય છે.'' વનલત્તાની ચિંતાને હળવાસથી લેતાં સુહાસ હસતાં હસતાં કહી રહ્યો. ''મંગુમામા કહેતા હતા કે આપણે આદિવાસી હસ્તકલા કેન્દ્ર ખોલવાના છીએ. પહેલાં હેલડી ખેતરમાંથી સુગર ફેક્ટરીમાં જાય પછી દેહું તેમનો ફોન આવીયો તો.''

''બોલતો ખરી હું બોલીશ દેહું તું બોલતો ની દશ વિઘાં શેલડી જહીં'' વેદાંતે ચિંતા વ્યક્ત કરી.

સુહાસ કહેવા લાગ્યો '' દેહઇ કહેતા હતા કે દુબળાવાહ આખો આપણા ખેતરમાં કામે લાગી ગયો. પોયરાં હાથી ઢોસકી, દુબડાં લઇને બોરના ડબા હાથે બે પાંચ વાહણ હાથે ચૂલા પણ ત્યાં જ હલગાવ્યા દેહું.''

''કામ કરવું હોય તો ખરાખરીનો જંગ ખેલવો પડે. આખા હાડકાં વાળાનું કામ નહીં.'' ઉત્પલે જીવનની વાસ્તવિક્તા વ્યક્ત કરી.



ચેતક સ્મારક તરફ ગાડી હંકારતાં વાતે વળગેલા વેદાંતે જનકને કહ્યું ''પૂર્વની બારી બંધ કર આપણે એ.સી. શરૂ કરીએ.'' જનકે ગાડીની બારી બંધ કરી. થોડી જ મિનિટોમાં વાતાવરણ ઠંડુ બની ગયું. જય, ઠંડકને કારણે સૂઇ ગયો હતો. વનલત્તાએ તેના ચહેરા ઉપર ઓઢણીનો છેડો ઢાંક્યો ત્યારે તે તરફ જોતાં સ્વાતિ કહેવા લાગી ''બપોરનો સમય થયો છે. ચેતક સ્મારક જોઇને કોઇ સારી હોટલમાં જમવા જઇશું.''

''હા! ઉદેપુરમાં ક્યાં હોટલની કમી છે. એક એકથી ચઢે તેવી હોટલ છે. ગુજરાતી થાળી ખાવામાં જ મઝા આવે છે.'' વનલત્તાએ પોતાના વિચારો વ્યક્ત કર્યા ત્યારે સુહાસ બોલી ઊઠ્યો ''જેની જે ઇચ્છા હોય તે પૂર્ણ થશે. ગુજરાતી પંજાબી, રાજસ્થાની વગેરે ''સુહાસનું મુક્ત હાસ્ય ગાડીમાં ફેલાઇ રહ્યું હતું. ચેતક સ્મારક પાસે બંન્ને ગાડી પાર્ક થઇ ત્યારે સામેના સરોવરમાં બોટીંગ કરી રહેલાં કપલ બોટીંગ કરતાં કરતાં સરોવર વચ્ચેની હોટલ પેલેસ તરફ જઇ રહ્યાં હતાં. મધ્યાહનનો તડકો તેની તિવ્રતા વ્યક્ત કરતો હતો. ગાડીમાં ઉતરતાં જ તે દશ્યને જોઇ રહેલાં બધાએ બોટીંગનું વિચાર્યું. ત્યારે વેદાંત બોલી ઊઠ્યો ''જો બોટીંગ કરવા જઇશું તો ખૂબ મોડું થઇ જશે. આપણે સ્મારક જોઇને ત્યાં વિશ્રામ કરી હોટલમાં જમવા જઇશું.'' બધાનું મૌન વેદાંતની વાતમાં સમર્થન આપતું હતું. કાળા પથ્થરમાં બનેલી ચેતકની ભવ્ય પ્રતિમા અદ્‌ભૂત હતી. શિલ્પકારની કુશળતા ચેતકના દરેક અંગમાં અંકિત નશે નશેથી ઉપસાવેલી કલા બધાને આકર્ષી ગઇ. ઉત્પલ વિશ્મયથી કહી રહ્યો ''ગુજરાતના શિલ્પીઓ કદાચ આવું શિલ્પ ના બનાવી શકે.''

"સાચી વાત છે. ગુજરાતના શિલ્પીઓ હજુ ઘણા કાચા જ જણાય. ગાંધી, સરદારની પ્રતિમા બનાવામાં પણ કાચા પડે છે." "સ્વાતિએ મર્માળ હસતાં કહ્યું. ચો તરફ બગીઓમાં નીહાળી એક વૃક્ષ નીચે બધા ગોઠવાયાં ત્યારે ફોટો ગ્રાફરે ઝટપટ ફોટો પાડી આપવાની વાત કરી.

બધા એક સાથે ચેતકની બંન્ને તરફ ગોઠવાઈ ઊભા રહ્યા. ફોટોગ્રાફરે ફોટો પાડીને દશ મિનિટમાં કોપી આપી દીધી.

હોટલ ચેતક ઉદેપુરના સ્ટેન્ડ પાસે હતી. તેમાં બપોરનું જમણ ઈચ્છા પ્રમાણે લેતાં વેદાંત કહી રહ્યો હતો. "એકનો સમય થયો છે. આપણે જમીને અંબાજી જઈશું ત્યારે છ વાગી જશે. ત્યાં રાત્રિ રોકાણ કરીશું. મા જગદંબાના દર્શન કરી કડોદ જઈશું."

વેદાંતનો ટૂર પ્રોગ્રામ સમજતાં બધા ખુશ થઈ ગયાં. ઉદેપુરથી રતનપુર આવતાં ચાર કલાકનો સમય ક્યાં ગયો તે ખ્યાલ પણ ના રહ્યો. કારમાં હળવું સંગીત વાગી રહ્યું હતું. એ.સી.ને કારણે વાતાવરણ શાંત બની ગયું હતું. વનલત્તા, મોહિની મીઠી નિંદર અનુભવી રહ્યાં હતાં. જનક, બહારનાં દૃશ્યો જોવામાં વ્યસ્ત હતો. બીજી કારમાં ઉત્પલ અને સ્વાતિ વેદાંતની કારને અનુસરી રહ્યાં હતાં. રતનપુરથી પૂર્વ તરફના માર્ગે ગાડીએ વળાંક લીધો. વેદાંતના અનુમાન પ્રમાણે બધા છ કલાકે અંબાજી આવ્યા ત્યારે મંદિરમાં આરતીનો સમય થયો હતો. સૂર્યાસ્તનો સમય ૭-૧૫નો હતો. પૂંજાપાની થાળી અને પ્રસાદી લઈ મંદિરમાં પ્રવેશ્યા ત્યારે માત્ર રાત્રિ રોકાણ કરનારા





યાત્રાળુંઓ અને સ્થાનિક ભક્તો વિના અન્ય કોઈ જ ન હતું. અરવલીના ઊંચા ડુંગરે ગોઠવાયેલાં મા જગદંબાનાં બેસણાં અદ્‌ભૂત હતાં. ભવ્ય મંદિર અને ચોકને સાંજનો સૂર્યાસ્તનો પ્રકાશ શોભાવી રહ્યો હતો. ઊંચા શિખર ઉપરની મા જગદંબાની ધજા પશ્ચિમનો તોફાની પવન ફરકાવી રહ્યો હતો. પૂર્વના આકાશ તરફથી આવતાં પક્ષીઓ પશ્ચિમ તરફ કતારબંધ જઈ રહ્યાં હતાં. માનવજાતને સ્વચ્છંદ શાસન શિસ્તવૃત્તિનો બોધ આપી રહ્યાં હતાં. ઉત્તરની દિશામાં અગ્નિખૂણામાં દૃશ્યમાન ગબ્બરનો ડુંગરો ઉપરના નાનકડા મંદિરના શિખરની ધજા ઉડી રહી હતી. જોગમાયા જગદંબા જનની જનેતા છે. અરવલ્લીના ડુંગરોમાં યુગોથી આસન જમાવી બેઠાં બેઠાં સંસાર ચક્રનું નિયમન કરે છે. ભૂખ્યાંને ભોજન, દુઃખિયાનું દુઃખ દૂર કરે છે.

વેદાંત, ઉત્પલ, સુહાસ, મોહિની સ્વાતિ, વનલત્તા અને જનક જય માતાજીનાં દર્શન કર્યાં. આરતી પૂર્ણ થયે છડીનો પોકાર સાંભળી મા જગદંબાનું પૂજન કરી પ્રસાદ લઈ બહાર નીકળ્યાં. ત્યારે હાઈવે ઉપરની ખાણીની હોટલ માનવ મહેરામણથી રોશનીના ઝગારામાં શોભી રહી હતી. મંદિરથી ડાબા માર્ગે જમણી તરફની હોટલ અંબિકામાં ભોજન લેતાં હળવાશ અનુભવી રહેલા પરિવારે તૃપ્તિનો અનુભવ કર્યો. ઠંડી છાશને ન્યાય આપી બધા, બંન્ને કાર હંકારી મોદીની ધર્મશાળામાં પહોંચ્યા ત્યારે પહેરાવાળાએ ગેઈટ ખોલીને બધાને આવકાર્યા, સામેની ઓફીસમાં રૂમ બુકિંગ કરાવીને વેદાંતને અનુસરતા પહેલા માળે સીડી પાસેના રૂમ નંબર ચારમાં પહોંચ્યા. રૂમની વ્યવસ્થા

સારી હતી. સામ સામે ગોઠવાયેલા છ પલંગમાં સ્વચ્છ ચાદર બિછાવેલી હતી. સીલીંગ ઉપર બે પંખા હતા. ઉત્પલે તેની સ્વિચ ઓન કરી ત્યારે પંખા તેજ ગતિમાં પવન ફેલાવી રહ્યા હતા. મોહિનીએ રૂમની પૂર્વ પશ્ચિમની બારીઓ ખોલી ત્યારે બહારનું આકાશ સ્વચ્છ હતું. પૂર્વની પહાડીનું સુંદર દૃશ્ય અદ્‌ભૂત હતું. પશ્ચિમના આકાશમાં સૂરજ આથમી ગયો હતો. તેની લાલીમાં પૃથ્વી ઉપર હજુ ફેલાઇ રહી હતી. રૂમમાં એટેચ સંડાસ બાથરૂમમાં સ્નાન કરી રાત્રિ ડ્રેસ પહેરી બધાં પલંગમાં સુવા ગોઠવાયાં ત્યારે ખુલ્લી બારીમાંથી દેખાતી હાઇવેની હોટલમાંથી મા જગદંબાનું ભજન સંભળાઇ રહ્યું હતું.

વહેલી સવારે જ્યારે વેદાંત, ઉત્પલ ઊઠ્યા ત્યારે ૭ નો સમય થઇ ગયો હતો. ખુલ્લી બારીમાંથી ઠંડો પવન પૂર્વના પહાડો તરફથી આવી રહ્યો હતો. વેદાંતની દૃષ્ટિ પૂર્વમાં દેખતાં મા જગદંબાના મંદિરની ધજા ઉપર પડી. તેણે મનોમન મા નું સ્મરણ કર્યું. ત્યારે પવનથી ફરકતી ધજાના દંડ પાસેની નાનકડી ઘંટડીઓનો રણકાર સંભળાતો હતો. મા આનંદમયી ચૈતન્ય મથી સત્મયી જગદંબાના દર્શનની સ્મૃતિમાત્રથી જ વેદાંત ધન્ય થઇ ગયો.

થોડા સમયમાં બધા જાગ્યા ત્યારે નિત્યકર્મ પરવારી દર્શનાર્થે જવા નીકળ્યાં ત્યારે ચાની ચૂસ્કીઓ લેતાં નીચે ગોઠવાયેલી લારી વાળાને સુહાસ કહી રહ્યો હતો. ‘‘શામળાજી તરફનો માર્ગ ક્યો?’’

લારીવાળાએ કહ્યું. ‘‘પૂર્વ તરફનો જે હાઇવે જાય છે તે શામળાજી પહોંચાડશે.’’





ત્યાં ઉત્પલ બોલી ઊઠ્યો ‘‘કેટલા સમયમાં શામળાજી જવાય?’’

‘‘સાહેબ ઈ તો તમારા ડ્રાઇવીંગ ઉપર જાય. પણ ધમધમાટ જાવ તો ત્રણ કલાકમાં શામળાજી પહોંચી જાવ.’’

ચાની લારીવાળાના ઉત્તરથી બધા હસી પડ્યાં. અને ઉત્પલ સામું જોવા લાગ્યા. ઉત્પલ પણ લારીવાળાના જવાબથી હસી પડ્યો. મંદિરમાં પ્રાતઃ દર્શન કરી નવના સમયે અંબાજીથી નીકળી બંન્ને ગાડી શામળાજી પહોંચી ત્યારે ૧૨નો સમય થવા આવ્યો હતો. મંદિરમાં દર્શન કરાવા ગાડી પાર્ક કરતાં સુહાસ બોલી ઊઠ્યો ‘‘ક્યાં વારે વારે અવાય છે. આવ્યા છીએ તો દર્શન તો કરવાં જ જોઇએ.’’

વનલત્તા પણ સુહાસની વાતમાં સમર્થન આપતી બોલી ઊઠી ‘‘દર્શન ચાલુ જ છે ચાલો જલ્દી કરો. ‘‘તેણે જયને છાતી સરસો ચાંપીને ચાલવા માંડ્યું. વિશાળ ચોકમાં દર્શન કરી બેઠકમાં ગોઠવાયાં. ત્યારે વનલત્તા જયને દૂધ પીવડાવી રહી હતી. મોહિની તેના ચહેરા ઉપર વનલત્તાની ઓઢણી ઢાંકતી કહી રહી હતી. ‘‘હે શામળીયાજી મારા જયનું રક્ષણ કરજે.’’

મંદિરની સામેની રેસ્ટોરન્ટમાં ફાફડા જલેબીનો નાસ્તો લેતાં ઉત્પલ કહેતો હતો. ‘‘ભગવાન વિષ્ણુનાં મંદિર સમગ્ર ભારતમાં બહું ઓછાં જ છે. ઉત્તર ભારતમાં દેવ દેવી મંદિર હોય છે જ્યારે દક્ષિણ ભારતમાં શિવમંદિરો વિશેષ હોય છે. શિવમાર્ગી પ્રજા દક્ષિણ ભારતમાં

ફેલાયેલી છે.''

સ્વાતિ બોલી ઊઠી ''શક્તિપીઠો જ્યાં જ્યાં છે ત્યાં દેવીમંદિરનું મહાત્મય છે.''

ભારતમાં સૂર્યવંશી રજપૂતો રાજાઓ શિવઉપાસક છે. જ્યારે ચંદ્રવંશી રજપૂત રાજાઓ અને પ્રજા શક્તિ ઊપાસક પણ છે.'' સ્વાતિની વાત શાંતિથી સાંભળી રહેલા બધાં સમર્થન આપતાં હતાં. જનક ફાફડાની સાથે સ્વાદિષ્ટ બનેલી ચટણીને વાડકી ઊચકી પી રહ્યો હતો તે બોલી ઊઠ્યો. ''મમ્મી ચટણી સરસ બની છે.'' ઉત્પલ જનકની મગ્નતા ને જોઈને તે પણ ચટણીનો સ્વાદ વાડકીમાંથી ચટણી પીતાં કહી રહ્યો ''હા...સરસ ચટણી છે.''

હોટલ માલિક હોઠમાં રહેતો હતો. તેણે કહ્યું ''સાહેબ ચટણી આપું.'' અલ્યા ભગલા ટેબલ ઉપર ચટણી આપ.''

ભગવાન, જગમાં ભરેલી ચટણી વાટકીઓમાં ભરવા લાગ્યો. બધાએ ફાફડાની સાથે છૂટથી ચટણીની પણ લિજ્જત માણવા માંડી. હોટલવાળો મનમાં વિચારી રહ્યો હતો. ગુજરાતઓની વિશેષતા છે. જે મફત મળે તેનો છૂટથી ઉપયોગ કરે છે. હોટલનું બીલ ચૂકવતાં વેદાંત હોટલ માલિક સામે નજર કરી બોલી રહ્યો. ''તમારી હોટલના ફાફડા સ્વાદિષ્ટ અને જલેબી સ્વાદિષ્ટ છે. કારીગર જૂનો લાગે છે.''

''હા! સાહેબ વીસ વર્ષથી અહીં ફાફડા બનાવું છું. મારા જેવી ચટણી તો કોઈ જ ના બનાવી શકે.'' આનંદમાં આવી જતાં જગર્દને કહ્યું.





''બ્રાહ્મણ છો?' વેદાંતે પૂછ્યું.

''હા સાહેબ! બાંમણને કડછો કે કૃલમ બે માંથી એક જ જીવન જીવાડે.'' જનાર્દને ગૌરવ પૂર્વક કહ્યું. તેણે ડાબા હાથના ખભાથી નીચે ઊતરી ગયેલી જનોઈને કોલરમાંથી હાથ નાંખીને પકડી ગળા તરફ ખેંચતાં કહ્યું.

મોહિની જનાર્દન તરફ જોઈને હસી રહી. તે બોલી ઊઠી ''અમે પણ બ્રાહ્મણ છીએ હુરતના.''

''હું વાત કરાંશાં બૂન હેંડો અમારા ઘેર. જનાર્દન ઊમંગમાં આવી જઈને કહ્યું.

હૃદયનો ભાવ ઓળખતી સ્વાતિ બોલી ઊઠી ''હું નામ છો તમારું. ટેલીફોન નંબર આપોને બીજી વાર આવીશું ત્યારે મળીશું.''

''વારે વારે કુણ આવશ બુન. જનાર્દન મારું નામ. મો.૯૦૬૩૮૪૮૪૫૨. શામળિયો બોલાવે ત્યારે અવાય. તાં હુધીમાં તો ભૂલી પણ જવાય.'' જનાર્દને ભાવ પૂર્વક કહ્યું.

સ્વાતિ હૃદયનો ભાવ ઓળખતાં કહી રહી. ''એ તો શામળિયાની ઈચ્છા અત્યારે તો વહેલું જવું છે. ચાર દિવસથી નિકળ્યાં છીએ. ઘર, ખેતી અને ધંધો રોજગાર અટવાઈ જશે.''

''હાચી વાત શ બૂન આવાં તો હંભારીને આવજો.'' જનાર્દને લાચાર નજરોથી નીહાળીને કહ્યું.

વેદાંત, જનાર્દનના ભાવને સમજતાં કહી રહ્યો. "વડીલ અમારો ફોન તો આવશે જ. કોઈ પણ કામ હોય તો જરૂર કહેજો. વિના સંકોચે. હાં...હાં. જુઓ હું શેઠને ૫૦૦૦ રૂપિયા આપું છું. ભગવાન શામળિયાને દર પૂનમે અમારો થાળ ધરાવજો ખૂટે તો કહેજો." વેદાંતે હોટલ માલિકને ૫૦૦૦ રૂપિયા આપ્યા અને ભાવપૂર્વક વંદન કરીને નીકળ્યો.

"એ મારા વાલા આવજો." જનાર્દન ગદગદીત કંઠે બોલી ઊઠ્યો. પગથિયાં ઉતરી પાર્કીંગ કરેલી ગાડી તરફ જતાં બધાં વારેવારે વળી વળીને જનાર્દન તરફ જોતાં હતાં. જનાર્દન એક જ સ્થળે જડાઈ ગયો હોય તેમ એકી નજરે બધાને જોઈ રહ્યો હતો. બે કારમાં ગોઠવાયેલાં બધાંને બંધ બારી તરફ ઊંચો હાથ કરી બોલી ઊઠ્યો "એ આવજો." તેને ક્યાં ખબર હતી કે બંધ બારી વાળી ગાડીમાં કંઈ જ ના સંભળાય. પણ હૃદયનો ભાવ તો જરૂર સંભળાય. કાર હંકારતાં વેદાંત બોલી ઊઠ્યો. "કેવો હૃદયનો ભાવ હતો. પૃથ્વી આવા જ માનવોથી ચાલે છે." વેદાંતનું ગળું ભરાઈ ગયું. દૂર દૂરના સૂના હાઈવે ઉપર ગાડી દક્ષિણના માર્ગે દોડી રહી હતી. ઉત્પલની ગાડી વેગ પકડી રહી હતી. સ્વાતિની નજર એક પછી એ દૃશ્ય શ્રીનાથજીબાવા, એકલિંગજી દાદા, મા જગદંબા અને શામળાજીના અંકિત થતા હતા. થોડી ક્ષણો પછી તેની નજરોમાં જનાર્દન તરવરી ઊઠ્યો. ત્યારે સ્વાતિ બોલી ઊઠી "હે શામળિયા જનાર્દન નાં દુઃખ દૂર કરજે."

મોહિની પણ કોણ જાણે કેમ જનાર્દનને યાદ કરી રહી હતી.





તેને જનક કહી રહ્યો હતો "મમ્મી પેલા કાકા કેવા હતા. કેવી કેવી વાતો કરતા હતા."

"હા! પૃથ્વી ઉપરનો સાચો માનવ હતો. શું લઈ જવાનું છે. આ પૃથ્વી ઉપરથી. માત્ર પ્રેમ, ભાવ."

મોહિનીની આંખો ભીની થઈ ગઈ તેણે પોપચાંને સ્પર્શતાં આંસુનાં બે બુંદ હળવેથી ટચલી આંગળી ને ટેરવે લૂછી નાંખ્યાં ને સ્વસ્થ થતાં કહી રહી. "જો સંસારમાં આવા સાચા માણસ મળે તો તેની અવગણના ના કરીએ."

જનક મોહિનીને ટગર ટગર જોઈ રહ્યો હતો. હૃદયની મુંગી વેદના ઢગલા બંધ ઠલવાઈને ડુંગર બની ગઈ હતી.

ત્યાં જ સુહાસ બોલી ઊઠ્યો "ભાભી મંગુમામા પણ જનાર્દન જેવા જ છે. હાં...પારકાના દુઃખે દુઃખી અને સુખે સુખી બને છે. વેદાંતને યાદ આવ્યું. મેવાડની પ્રજા રાજાના દુઃખે દુઃખી હતી. રાજા અકબરે ચિતોડગઢને ઘેરો નાખ્યો ત્યારે સામંતોની સલાહ માન્ય રાખી મહારાણા ઉદેસિંહ ચિતોડ છોડીને ઉદેપુર વિસ્તારમાં ફતેહસાગર પાસે મહારાણા પ્રતાપ સ્મારક છે ત્યાં મોતી મહેલ જે વચ્ચે રાખી ઉદેપુર મહેલ બનાવ્યો તે મહારાણા ઉદયસિંહે બનાવ્યો હતો. આ નગર અરલીના ડુંગરો વચ્ચે ૫૭૯ મીટરના ઘેરાવમાં છે. પશ્ચિમે સજ્જનગઢ ૯૨૬ મીટર કાળા મહેલ ૮૩ મીટર ઉત્તરમાં ઉદેપુરના પર્વતો ૭૮ કિ.મી. ઊંચા છે. દક્ષિણમાં બાંકા મહેલ છે. સમુદ્રથી ૨૪૬૯ મીટરની ઉંચાઈએ એકલિંગજી ગઢ બનાવ્યો. ઉદેપુરને ફરતે ખાઈ બનાવી. તેને ૧૧ દરવાજા

હતા. ઉદેપુરનો રાજમહેલ ૧૫૦ ફૂટ લાંબો અને ૮૦૦ ફૂટ પહોળો છે.

સુહાસે મંગુમામાને યાદ કર્યા ત્યારે વેદાંત મેવાડની રાજધાની ઉદેપુર વિશે વિચાર કરી રહ્યો હતો. તે જ સમયે જનકે વેદાંતને કહ્યું ''હલ્દીઘાટી શું છે? કહે છે કે રાણા પ્રતાપે ત્યાં યુદ્ધ કર્યું હતું.''

જનકની વાતને મહત્ત્વ આપતાં મોહિની બોલી ઊઠી ''જનક! હલ્દીઘાટી યુદ્ધ મેદાન છે. તેની માટી પીળા રંગની છે. પહાડો વચ્ચે આવેલું સાંકળું મેદાન છે. આ ઘાટી બનાસનદી અને નાથદ્વારાની ઉત્તરે આવેલ છે. જયગઢમાં રાવ ખુમાનસિંહ રાજા રાજ કરતો હતો. ઘાટિના પટના રાજા રામસિંહ તંવરની સમાધિ છે. તેણે દિલ્હીના બાદશાંહ અકબરના સેનાપતિ માનસિંહ સામે યુદ્ધ કર્યું. બે કિ.મી. લાંબી ઘાટીમાં ઘોડાને પાછા ફરવા માટે સાથે આવતા ઘોડાને પાછો વાળવા પહાડના ભાગ તરફ જવાય છે. તેથી જ મોઘલ સેનાને પાછી પાડવામાં રાણા પ્રતાપ સફળ થયા. અહીં રાણા પ્રતાપે ઘોડો છલ્લાંગ મારીને ઝરણું કૂદી ગયો હતો. તે યાદમાં અહીં ચેતક સ્મારક બનાવાયું છે. અત્યારે આ મેદનમાં ગુલાબની ખેતી થાય છે.''

જનકને મોહિનીની વાતમાં રસ પડ્યો. તેણે કુંભલગઢ અને નાથદ્વાર વિશે વાત કરવા કહ્યું. વેદાંતની કાર ઉદેપુરથી નીકળી ગુજરાતના પ્રવેશદ્વાર રતનપુર, શામળાજીથી મોડાસા તરફના માર્ગે દોડી રહી હતી. ખુલ્લા મેદાનોમાં એરંડા, વલ્લિયારી, ઘઉંનો પાક લહેરાઇ રહ્યો હતો. મોહિનીએ જનકને કહ્યું ''નાથદ્વારા વૈષ્ણવ વલ્લભ સંપ્રદાયનું





વિશ્વ પ્રસિદ્ધ તીર્થ છે. શ્રીનાથજીની પૂંજા વિધિ, દર્શન અને વિશિષ્ટ ઉત્સવો વિશ્વપ્રસિદ્ધ છે. શ્રીનાથજી બાવાની મૂર્તિ દશમા સૈકાની છે. ગોવર્ધન પર્વત ઉપર તેમનું પ્રાગટ્ય થયું. સન ૧૫૯૫માં મહાપ્રભુ વલ્લભાચાર્યએ મથુરામાં નાનું મંદિર બનાવી તેમની પ્રતિષ્ઠા કરી. ત્યાર પછી ૧૭મા સૈકામાં ઐરંગઝેબના આક્રમણથી રક્ષણ માટે તે સમયના વલ્લભાચાર્ય એ મેવાડના મહારાણા રાજસિંહને વિનંતી કરી ત્યારે રાણાએ નાથદ્વારમાં પવિત્રમૂર્તિની પ્રતિષ્ઠા કરી. અહીં સોના ચાંદીની ઘંટીઓ, ઘી તેલાના કૂવા, પ્રસાદભંડાર, શાકઘર, પાનઘર, ફળઘર, દૂધઘર, પેંડા ઘર, રસોઇઘર વગેરે જેવા જેવાં સ્થળ છે. કાંકરોલીમાં દ્વારકાધીશ મંદિર છે તે સન્ ૧૬૯૧માં મહારાણા રાજસિંહ બનાવ્યું. ચારભૂંજામાં ભગવાન વિષ્ણુંમંદિર છે. જ્યારે કેશરિયાજી ઋષભદેવનું મંદિર છે. રાજા ઋષભદેવની માહિતી ભાગવતમાં આવે છે. અહીં કાળા પથ્થરની મૂર્તિ છે. મૂર્તિને કેશરનો પ્રયોગ થાય છે. તેથી કેશરીયાજી કહે છે.''

સાંજ થવા આવી હતી. આથમણી દિશામાં ઢળતો સૂરજની ગરમી ઓછી થઇ હતી. સૂર્યની લાલીમાથી આકાશ રંગાઇ ગયું હતું. પૂર્વ તરફથી ઊડતી પક્ષીઓની કતાર પશ્ચિમના આકાશમાર્ગે પ્રયાણ કરી રહી હતી. દ્રૌપદીના સ્વયંવરમાં મત્સ્યવેધ કરતાં અર્જુનની જેમ સુહાસ સ્વાતિને કહી રહ્યો. ''સ્વાતિ રાત્રે નવ કે દશના સમયે ડાકોર પહોંચી જઇશું. રણછોડરાય ભોજનાલય આપણી રાહ જોતું હશે. હજું પુરા ત્રણ કલાકની મુસાફરી ખરી.''

સુહાસની વાતને સમજતાં જ સ્વાતિ જયને પોતાના ખોળામાં થપથપાવતાં કહી રહી. ‘‘આપણે મોડાસા જઈએ એટલે જય માટે દૂધ લઈશું.’’

મોડાસા તરફના માર્ગે બંન્ને કાર તેજ ગતિએ જતી હતી. સંધ્યાનો પ્રકાશ હજુ પશ્ચિમના આકાશને રંગીન કરી રહ્યો હતો. સીમમાંથી કેટલાક ખેડૂતો અને મજુર વર્ગની અવર જવર ચાલતીહતી. માર્ગ ઉપર દિલ્હી તરફની ટ્રકો અને વાહનોની અવર જવર ઓછી હતી. તેવી જ રીતે ચરોતર તરફના વાહનોની ગતી ઓછી હતી. મોડાસનું બસ સ્ટેન્ડ આવતાં જ વેદાંતને કાર થોભાવી સુહાસે કારનું દ્વાર ખોલ્યું. તે બોલી ઊઠ્યો. ‘‘કોઈને કંઈ લાવવું છે. હું દૂધ લઈને આવું છું.’’

કોઈનો કોઈ જ પ્રતિકાર ન મળતાં સુહાસ દૂધ લઈને આવ્યો ત્યારે પાનપરાગનો સ્વાદ માણતાં વેદાંતે કહી રહ્યો. ‘‘ઉત્પલને પૂછી જોને કંઈ લાવવું હોય તો.’’

પાસે જ ઊભી રહેલી ઉત્પલની કાર પાસે જઈને સુહાસે ઉત્પલને કહ્યું ત્યાં ઉત્પલ બોલી ઉઠ્યો ‘‘હું જ આવું છું. ઉત્પલે સુહાસ બંન્ને ચાની લારીપાસે ગયા અને બંન્ને ચાની ચૂસ્કી લેવા લાગ્યા. ઉત્પલે લારી વાળાને કહ્યું ‘‘બે મોનેકો અને બે પારલેજીનાં બિસ્કીટનાં પેકેટ માંગ્યાં. ચા અને બિસ્કીટનું બીલ ચૂકવતાં ઉત્પલ કહી રહ્યો. ‘‘સુહાસભાઈ આપણે ડાકોર પહોંચીએ ત્યાં સુધી હળવો નાસ્તો કરીશું.’’





‘‘હા! ચાલુ કારમાં જ બધા નાસ્તો કરે તો સમય ના બગડે.’’ સુહાસે સહમતી આપતાં કહ્યું. ચાની લારી પાછળના સ્ટોરમાંથી બાલાજી નમકિનના પાંચ પેકેટ વેફર પેકેટ ગાંઠિયા અને રતલામી સેવનાં પેકેટ ખરીદ્યાં. ઉત્પલે રતલામી સેવ, વેફર ગાંઠિયાનું એક એક પેકેટ પોતાના કારમાં લઈ ગોઠવાયો. તેણે કાર સ્ટાર્ટ કરી. વેદાંતને બાકીનાં પેકેટ આપીને તેની બાજુની સીટમાં સુહાસ ગોઠવાયો. ત્યારે વેદાંત પૂછી રહ્યો ‘‘શું વિચાર્યું?’’

કંઈ નહીં રાત્રે નવ કલાકની આસપાસ ડાકોર પહોંચીએ તો બધાને વાતોની સાથે નાસ્તો કરવાની મઝા આવશે.’’

વેદાંત ઉત્પલના સ્વભાવને જાણતો હતો. તે ઉત્પલની રૂચિ પ્રત્યે હસીને કહી રહ્યો હતો. સુરતીલાલાને નવું નવું ખાવાનું ના મળે તો ચાલે જ નહીં.’’

મોહિની હસી રહી હતી. તે વેફરના પેકેટમાંથી વેફરનો સ્વાદમાણતાં કહી રહી ‘‘મોટાભાઈ! બધા વૈરાગી બને તો કેમ ચાલે. કોઈકનું તો વિચારવું પડે ને?’’ મયુરી કહેતી હતી કે એમને તો નાસ્તા કરવાનો ખૂબ શોખ જુવારનો પોંક લેવા છેક હુરત ઉપડી જાય ને બે ત્રણ કિલો પોંક લાવે જ હોં. ધારીને જલેબી તો ખરાં જ. ઘટમાં નાસ્તો નીજ ખૂટે. પડોહનાં પોયરાં ન પણ બરાડી બરાડીને આપે.’’

ઉત્પલ સ્વાતિને ગાંઠિયાનું પેકેટ આપતાં કારનું ડ્રાઈવીંગ કરતાં કહી રહ્યો હતો. ‘‘હું મઝા આવે છે હરતમાં પણ આવો નાસ્તો ની મળે હોં.’’

ખડખડાટ હસતાં સ્વાતિ બોલી ઊઠી ''ખાવાનું ઓછું કરો. શરીર ઉતારો. ફાંદ ઉતારો, જુઓ સ્ટીયરીંગને અડકવામાં થોડી જ બાકી છે.''

''હું કરું? તું જે કેં કંઇ પણ જોઉં ને જીભ હળવલ્યા જ કરે.'' ઉત્પલે સ્વાતિ તરફ હસતાં હસતાં જોઇને કહ્યું.

''મને ખબર છે અમે ખરીદી કરતાં હતાં ત્યારે નાથદ્વારાના રેસ્ટોરન્ટમાં રાજસ્થાની દાલબાટી ખાવા ઘૂસી ગયા હતા. મોહિની ભાભીએ મને તમને નાસ્તો કરતા દૂરથી બતાવ્યા હતા. સ્વાતિએ ખડખડાટ હસીને ઠપકાની નજરે જોઇને કહ્યું.

''તદન ખોટું, હું રેસ્ટોરન્ટમાં હું તો શું સું મલેહ ઇ ભાળવા ગ્યો તો. કાઉન્ટર ઉપરનો માણહ કે હું ભાવ હ ખઇ લેં ખઇલેં આવું ની મળે.'' ઉત્પલે સ્વાતિની વાતને ઊડાવતાં કહ્યું ને મરક મરક હસવા લાગ્યો.

''જવાદેને બૈરાં બધાં આવાં જ દેહું. લાગું પડી જાય એટલે પોયરી મહીને ભાયજાની વોંહે પડી જાય.'' ઉત્પલે હોર્ન મારી વેદાંતની કારની પાછળ વધી ગયેલા અંતરને ઝડપથી વધારીને દૂર કરતાં કહ્યું ધનસુરાબાયડ, ડેમાઇ પછી ક્યાં કપડવંજના માર્ગ તરફ કાર દોડી રહી હતી. કપડવંજનું સાઇનબોર્ડ જોઇને વેદાંતે પશ્ચિમ તરફ વિસ્તરેલી કપડવણજ નગરીની મહોલાત જોતાં કહી રહ્યો ''મોહિની! કપડવણજ આવી ગયું. ડાકોર તીસ કિ.મી. ખરું હોં.''



## પ્રકરણ : ૯. વતન તરફ

''હા! કપડવણજની સી.એન. વિદ્યાલય કેવી વિશાળ છે. બાલમંદિર સી.એન. વિદ્યાલય અને કોલેજ પણ આવી ગઇ.'' મોહિનીએ પશ્ચિમ તરફના વિદ્યાલય અને કોલેજના સાઇનબોર્ડ દોડતી કારની બારીમાંથી જોતાં કહ્યું. લાડવેલ ચોકડીથી ઉત્તર તફના માર્ગે જતી બંન્ને કારમાં ગોઠવાયેલાંની નજર પૂર્વ તરફના માર્ગે તરફ પડી. બોલાશિનોર તરફના માર્ગને જોતાં વેદાંતની કાર પાછળ દોડતી કારમાં ગોઠવાયેલી સ્વાતિએ ઉત્પલને કહ્યું ''તને ખબર છે? આ માર્ગે ફાગવેલ આવ્યું. કહેવાય છે કે ક્ષત્રિયવીર ભાથીજીનું એ ગામ છે. લગ્ન વેદીમાં ચાર ફેરા ફરતાં ગાયોના રક્ષણનો પોકાર ગોવાળોએ પાડ્યો ત્યારે વીર ભાથીજી વરમાળા તોડીને ગાયોના રક્ષણ માટે દોડી ગયા હતા. ત્યાં જ તેમનાં મસ્તક કપાયું હતું. આજે પણ ત્યાં ઊગેલા ખાખરાના પાન ઉપર લોહિની છાંટ જોવા મળે છે.'' સ્વાતિએ નિશ્વાસ નાંખ્યો.

''તને કેવી રીતે ખબર પડી.'' મારી મમ્મી કહેતી હતી આ જ સ્થળ છે. જ્યાં મણીપુરમાં મહાભારત કાળમાં જન્મે જય રાજાએ નાગયજ્ઞ કર્યો હતો તો ગુજરાત અને રાજસ્થાન કરફ કેટલાંક નાગ પરિવાર ભાગી આવ્યાં હતાં. ફાગણસુદ એકમને દિવસે ભાથીજીના પિતાએ ફાગવેલ

ગામ વસાવ્યું. જ્યારે તક્ષકનાગ જન્મેજયના ક્રોધથી બચવા રાજસ્થાનમાં આવેલા એકલિંગજી દાદાની કૃપા મેળવવા શરણે ગયો હતો તે કૈલાસપુરી થોડે દૂર વાંસવન પાસે રહ્યો. તેણે વસાવેલું નગર નાગદા તરીકે ગણાયું. બાપા રાવળનો જન્મ પણ ત્યાં જ થયો હતો.''

ઉત્પલ ફાગવેલની હકીકત જાણીને આશ્ચર્યમાં પડી ગયો. તે કહી રહ્યો ''ક્ષત્રિયો તો ગૌ, બ્રાહ્મણ, સ્ત્રીનું રક્ષણ કરતા હોય છે જ.'' ''હા! લોહિનો આ ગુણ આનુવંશિક્તામાં આવે જ છે.'' સ્વાતિએ ગૌરવપૂર્વક ઉત્પલને કહ્યું. ડાકોરમાં પ્રવેશતાં જ આગળ દોડતી કારને વેદાંતે પૂનિત આશ્રમ તરફ દોડાવી. વેદાંતની કારની પાછળ ઉત્પલની કાર દોડી રહી હતી. પુનિત આશ્રમમાં રૂમ બુક કરાવી. ઉત્પલ સ્વાતિ, વેદાંત, મોહિની, સુહાસ અને વનલત્તા રણછોડરાય ભોજનાલયમાં પ્રવેશ્યાં ત્યારે રાત્રિનો ૯-૩૦નો સમય થયો હતો. બધા ચહેરો હાથ સાફ કરી ફ્રેસ થઈને તાજગી અનુભવતાં પાસ પાસના ટેબલ પાસે ગોઠવાઇ ગયાં. ત્યારે વેઈટર સુહાસ પાસેથી ભોજન પાસ મેળવીને થાળીઓ વાડકી ગોઠવી દીધી. સ્વાદિષ્ટ જમવાનું પીરસાઇ ગયું. ગરમાગરમ જમવાની મોઝ માણતાં મોહિની કહી રહી હતી. ''સવારે રણછોડજીના દર્શને જઈશું.'' તેની નજર પૂર્વની દીવાલ ઉપર ગોઠવાયેલી રણછોડજીની તસ્વીર ઉપર પડી. ઉત્પલ ભોજન આરોગવામાં વ્યસ્ત હતો તે ગરમાગરમ પૂરી સાથે મગને આરોગતાં કહી રહ્યો. ''ખરેખર જમવાનું સારું બનાવ્યું છે.''



કાઉન્ટર ઉપર બેઠેલા રણછોડારાય ભોજનાલયના માલિકનું ધ્યાન ઉત્પલના શબ્દો તરફ ખેંચાયું ત્યારે બોલી ઊઠ્યો. ''સાહેબ મંદિર સંચાલિત આ ભોજનાલય છે. ખૂબ ઓછી કિંમતે અમે સ્વાદિષ્ટ ગરમાગરમ ભોજન ભક્તોને આપીએ છીએ. તેમની કૃપાથી વર્ષેથી એક સરખા ભોજનનો પ્રસાદ બધા ભક્તો માણે છે.''

મોહિની કાઉન્ટર પાસેની ગોઠવાયેલી ખુરશીમાંથી બોલતા માલિકને કહી રહી. ''અમે છેક રાજસ્થાનથી આવીએ છીએ. તમારા જેવું ત્યાંના જેવું ભોજન ક્યાંય ના મળ્યું. અમે ખૂબ સંતોષ અનુભવ્યો. દાળ પણ તીખી નથી હોં.''

બધા ખડખડાટ હસી પડ્યાં. વેદાંતે મોહિની તરફ જોઈને કહ્યું ''પુરી પણ ગરમ છે. અને વટાણા બટાકાનું શાક તો ખૂબ સ્વાદિષ્ટ છે.''

''મને તો થાય છે કે ખાધા જ કરું.'' ઉત્પલે બધા સામું જોઈને કહ્યું. સ્વાતિ મરક મરક હસતાં પ્રેમાળ નજરે ઉત્પલને જોઈને કહી રહી. ''જો જે હોં વધુ ના ખાતા. રાત્રે ઓછું ખાવું જોઈએ.'' ઠપકા ભરી નજરથી મોહિની ભાભીને જોઈને ઉત્પલે ખાવાની ગતિ ધીમી કરી અને થોડી મિનિટોમાં પાણી પીને હાથ ધોવા વોસબેસ તરફ, પશ્ચિમ તરફ જવા લાગ્યો. વેદાંતે મોહિની તરફ જોઈને કહ્યું. ઉત્પલને ખોટું તો નહીં લાગ્યું હોય ને?

મોહિની હસતાં હસતાં કહી રહી ''ઉત્પલ ભાઈ તો રમુજી છે. તેમને ખોટું? તેમની ડિક્શનરીમાં આ શબ્દ જ નથી.''

સ્વાતિ હસતાં હસતાં કહી રહી. ''ચાલુ કારમાં બે વેફર, ૧ ગાંઠિયા અને રતલામી સેવનું એક પેકેટ ઉડાવી ગયા છે. હું તેમને ઓળખું ને આવે તો છોડો એ બીજા.''

થોડા સમયમાં ભોજનને ન્યાય આપી બજાર તરફના માર્ગે બંન્ને કાર ડ્રાઇવ કરીને પૂનિત આશ્રમની પંદર નંબરની રૂમમાં પ્રવેશ્યાં. ત્યારે મોહિનીએ શીલીંગ ફેનની સ્વિચ ઓન કરી રેગ્યુલેટર ત્રણ ઉપર મૂકી દીધું. સ્વાતિ અને ઉત્પલ પૂર્વ અને પશ્ચિમ તરફની બારીઓ ખોલીને ટ્યૂબસ્વિચ ઓન કરી સામ સામેના પલંગમાં ગોઠવાઇ ગયાં. વેદાંત જયને ઊચકીને ઉત્પલ સાથે બહારની લાંબીમાં ફરી રહ્યો હતો. બહારની હવા એ રૂમના વાતાવરણને બાફ હીન કર્યું. ત્યારે રૂમમાં પ્રવેશતાં ઉત્પલને વેદાંત કહી રહ્યો. ''જય સુહાસ જેવો જ છે. જનક તો સાવ મોહિની જેવો સરેખડો રહ્યો. એસ.એસ.સી. માં આવ્યો તો પણ કોઇ ફેરફાર ના થયો.''

વેદાંતની ચિંતાને સમજાવતાં ઉત્પલ બોલી રહ્યો ''હોય વેદાંતભાઇ સમય જતાં યુવાનીમાં જનક તમારા જેવા હુષ્ટપુષ્ટ થઇ જશે.'' મોહિની બંન્નેની વાણીને સાંભળી રહી હતી. જનકને પોતાની પાસે જ ખેંચતાં તેના માથા ઉપર હાથ પ્રસારતાં કહી રહી હતી. ''ઉત્પલભાઇ! જનકને બધા જ પ્રકારનો પૌષ્ટિક ખોરાક આપું છું. છતાં કોણ જાણે કેમ તેના શરીરમાં કોઇ જ ફર્ક પડતો નથી. વેદાંતે જયને પલંગમાં સુવાડી બીજી ટ્યુબલાઇટની સ્વિચ ઓન કરી. રૂમમાં વધુ પ્રકાશ ફેલાઇ ગયો.



નાઇટ ડ્રેસ પહેરીને બધાંએ પોતપોતાના પલંગ પર અનુકૂળતા મુજબ ગોઠવાઇ ગયાં.

સ્વાતિએ રૂમમાં લાઇટની સ્વિચ ઓન કરી બંન્ને ટ્યુબ લાઇટની સ્વીચ ઓફ કરી. રૂમમાં આછો પ્રકાશ પથરાઇ રહ્યો હતો. ખુલ્લી બારીમાંથી ઠંડો પવન રૂમના વાતાવરણને શીતળ કરી રહ્યો હતો. કંપાઉન્ડમાં ઊભાં આસોપાલવનાં વૃક્ષોના પર્ણોનો અવાજ પવનની લહેર સાથે પ્રસરી રહ્યો હતો. લાંબી મુસાફરીને કારણે બદાં જ નિંદ્રાધીન થઇ ગયાં. સવાર ક્યારે પડી તેની ખબર પણ ના રહી. બંધ બારણાનો કોલબેલ રણકાવી ચા વાળો બૂમ મારી રહ્યો હતો. ''ગરમ પાણી, ચા, કોફી.''

વહેલી સવારે ચા વાળાના અવાજે વેદાંત મોહિની જાગી ઊઠ્યાં. પૂર્વની દિવાલ ઉપરની ઘડિયાળ ૬-૦૦ નો સમય બતાવતી હતી. જનક જાગી ગયો હતો. વેદાંતે બારણું ખોલ્યું. બારણા પાસેથી પસાર થઇ બીજી પાસેની રૂમના યાત્રાળુંઓને જગાડતો ચા વાળો બોલી રહ્યો હતો. ''ચા,કોફી, ગરમપાણી.'' તે બારણાનો ડોરબેલ રણકાવી રહ્યો હતો. વેદાંતે હળવા અવાજે પોતાના વાળમાં હાથ પ્રસારતાં કહ્યું ''એય શું નામ તારું?''

''રણછોડ! સાહેબ!''

''સરસ નામ છે. ચા કોફી પણ તારા નામ જેવી જ બનાવજે ચાર ચા બે કોફી લાવ.'' વેદાંતે હસતાં હસતાં કહ્યું.

મોહિની બ્રસ ઉપર ટૂથપેસ્ટ લગાવી રહી હતી. તેણે નાઈટી સરખી કરતો હાથ પ્રસારી દિવાલ ઉપરના આયનામાં ચહેરો જોઇ વિખરાયેલા લાંબા વાળા સરખા કર્યાં. તે જ સમયે વનલત્તા, ઉત્પલ અને સુહાસ જાગી ગયાં હતાં. સ્વાતિ હજુ સવારની ઊંઘ માણતી હતી. વેદાંતે મોહિનીને કહ્યું, ''જો સવારના ૬-૦૦ નો સમય થયો છે. હજુ આપણને મંગલા દર્શનનો લાભ મળે તેમ છે.'' ત્રણ ત્રણ એટેચ સંડાસ બાથરૂમમાં વારા ફરતી બ્રસ કરી સ્નાન કરવા વ્યસ્ત થયાં. થોડા સમયમાં નિત્યકર્મથી પરવારી, ચા કોફીને ન્યાય આપી મંગલા દર્શને નીકળ્યા. મંદિરમાં યાત્રાળું ઓની ખાસ કંઇ ભીડ ન હતી. મંદિરમાં પ્રવેશ્યા ત્યારે ખુશનુમા હવા આવી રહી હતી. ઉત્તર તરફની મેનેજરની ઓફીસ નીચે પ્રસાદ મેળવવાની કતાર લાગેલી હતી. ફૂલ ઘર તરફના મંડપમાં વૃદ્ધ યાત્રાળુઓ બેઠેલા હતા. મંદિરના સભામંડપ ઉપરના ઘુંમટે ગોઠવાયેલા સ્પીકરમાંથી વાંસલડીનો શૂર પ્રસરી રહ્યો હતો. મંદિરના પટાંગણ સમસ્ત ડાકોર ગામમાં ફેલાતો હળવો હળવો વાંસડીનો શૂર ભક્તવૃંદને ગોકુળ વૃંદાવનના ભાવવિભોર વાતાવરણમાં ખેંચી જતો હતો.

થોડા સમય પછી મીરાંબાઇના પદે ભક્તોને ભક્તિમય બનાવી દીધા. નરસિંહ મહેતાનું પ્રભાતિયું ''જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયાં.'' એ તો હદ કરી મૂકી. કેટલાક ભક્તો શિખરની ધજા અને હરિના દર્શનના નારા હરિ સામે ઊભા રહીને ગાઇ રહ્યા હતા. પ્રસાદ ફુલ વગેરે વેદાંત મોહિની, ઉત્પલ, સ્વાતિ સુહાસ વનલત્તાએ અલગ અલગ





લીધાં તે જ સમયે જનક બોલી ઊઠ્યો ''મમ્મી માટે પણ ફૂલ તુલસી લેવાં છે. વેદાંત પાસે ઊભેલા જનકના માથા ઉપર હાથ પ્રસારતાં કહી રહ્યો. ''મને ફૂલ તુલસી આપો'' કહી મંદિરની અંદરની દુકાનેથી સાંકરિયાનો પ્રસાદ લાવી આપો.''

''દરેકનો પોત પોતાનો ભગવાન છે. કર્મ અને તેના કામમાં કોઇ જ ભાગીદાર નથી. દરેકને પોતાનાં કર્મ તો ભોગવવાં જ પડે.'' સુહાસે હળવેથી મનની વાત કહી. મંદિરનાં પગથિયાં ચઢી ગયાં. ભગવાન શ્રી રણછોડરાયનાં ભાવપૂર્વક દર્શન કરી ઉત્તર દ્વારે મંદિર બહાર નીકળ્યા ત્યારે પાર્ક કરેલી બંન્ને કાર પાસેથી સામેના લક્ષ્મીજી મંદિર તરફના માર્ગે દર્શન કરવા નીકળ્યા. ત્યાં જ ભક્ત બોડાણાનું મંદિર હતું. ત્યાં દર્શન કરતાં વેદાંતે જનકને કહ્યું ''જનક! અહીંના બોડાણા નામના રાજપૂત ભક્તે દર પૂનમે દ્વારકાધિશનાં દર્શન કરવા હાથમાં તુલસી ઊગાડી પગપાળા દ્વારકા જતો હતો. જીવન નો આ નિત્યક્રમમાં તેની પત્નિનો પૂરો સાથ હતો. વૃદ્ધાવસ્તથામાં ભક્તની વિનંતીને સાંભળી સંવત ૧૨૧૨માં કાર્તિક પૂનમે દ્વારકાધિશ તેના ભાંગ્યા તૂટેલા ગાડામાં દ્વારકાથી ડાકોર આવ્યા. દ્વારકાના ગુગલી બ્રાહ્મણ સેવકોએ પણ પીછો કરી તેની પાછળ આવ્યા. બોડાણાએ ભગવાનને ગોમતીમાં સંતાડ્યા ત્યાર પછી ગુગલી સેવકો બોડાણાની હત્યા કરી. સાથે સમાધાન થતાં ગામ લોકોએ રણછોડજીનું તુલામાં વજન કરી જેટલું સોનું થાય તે સોનું આપવા સહમત થયા. ગોમતીના ઘાટે તુલા ગોઠવાઇ ભગવાન શ્રી કૃષ્ણ–રણછોડરાય ભક્ત બોડાણાની પત્નિ ગંગાબાઇની વાલની

નાકની ચૂની જેટલા વજનના થયા. ગુગલી બ્રાહ્મણ સેવકો હાથ ઘસતા રહી ગયા. ભગવાન રણછોડરાયે ભક્તિનો વિજય કરાવ્યો. ૨૦૦ વર્ષ પછી ત્રંબકેશ્વર મંદિર બનાવ્યું. ભક્તને આધિન ભગવાન હોય છે તે જનક ઉત્પલ, સુહાસ, મોહિની, વનલત્તા અને સ્વાતિ બધાં જ વેદાંતની ભાવભરી વાત સાંભળી રહ્યાં હતાં.

સુહાસે વેદાંતને કહ્યું ''મોટાભાઈ પૃથ્વી ઉપર ભક્તિનો મહિમા અપરંપાર છે. ભગવાન ભક્તોના રક્ષણ ઉદ્ધાર માટે અવતાર ધારણ કરે છે.''

ગાયત્રિમંદિર, સત્યનારાયણ મંદિર વગેરેનાં દર્શન કરી બંન્નેને કાર દક્ષિણ તરફના માર્ગે દોડી રહી હતી. પુનિત આશ્રમમાં આવ્યાત્યારે સવારનો ૧૦-૦૦ નો સમય થયો હતો. ગોમતી ઘાટ ઉપર ગોટા અને દહિંનો ભરપેટ નાસ્તો કરીને આવ્યા હોવાથી નાસ્તો કરવાની કોઈ ચિંતા ન હોતી. રૂમનો સામાન બેગ્સમાં પેક કરી રૂમ છોડતાં બીલ ચૂકવીને ઉમરેઠ તરફના માર્ગે જતી બંન્ને કારમાં ગોઠવાયેલાં સ્વજનો ખૂબ સ્ફૂર્તિમાં હતાં. આણંદ તરફના માર્ગે પહેલાં સારસા તરફના માર્ગે કારને ટર્ન આપતાં વેદાંત કહી રહ્યો, ''આટેલ આવ્યા છીએ તો સારસા જઈએ સત્ કૈવલનાં દર્શન થશે.''

''ખૂબ સરસ વિચાર છે. કહેવાય છે કે પંચ વેદની રચના કરીને પુ. સત્કૈવલે કૈવલ સંપ્રદાયની સ્થાપના કરી. તેમનો જન્મ મહા બીજના દિવસે થયો હતો. તે દિવસે જન્મોત્સવ તરીકે ઉજવાય છે. ગુજરાતમાં તેમના અનુયાયીઓ ઘણા જ છે.'' વનલત્તાએ વેદાંતની





વાતને પૂષ્ટિ આપી. આનંદ વ્યકત કર્યો. સત્ કૈવલનું નામ અવિચળદાસજી છે. સારસા પહોંચ્યા ત્યારે હાઈસ્કૂલ આકર્ષક હતી. પૂર્વની દિશામાં મકાનો અને પશ્ચિમ તરફની તમાકુની ખળીઓ ધ્યાન ખેંચતી હતી. ચરોતરનો પ્રદેશ તમાકુની ખેતી માટે જાણીતો છે. જેમ હલદીઘાટીના વિસ્તારમાં ગુલાબની ખેતી પ્રખ્યાત છે. સુચાયોજીત પાઠશાળા, મંદિર વિસ્તાર હતો. દર્શનનો સમય હતો. સમસ્ત વેદાંત પરિવારે પ્રેવશ દ્વારે બંન્ને કાર પાર્ક કરી પ્રવેશ કર્યો. ત્યારે ભક્તિમય વાતાવરણ હતું. સત્ કૈવલ સાહેબ ગાદી ઉપર હતા. અનુયાયીઓ સ્તુતિ અને ભજનો ગાતા હતા. મોહિનીએ અને વનલત્તાએ ગાદીને વંદન કર્યાં. થોડો સમય પટાંગણમાં ભક્તવૃદ સાથે બેસીને શ્રવણ પાન કરીને સારસા છોડ્યું. ત્યારે એક નવીન વિચાર સંકલ્પ સાથે વેદાંત બહાર આવ્યો હતો. વડતાલ માર્ગે કારનું ડ્રાઈવીંગ કરતાં વેદાંત કહી રહ્યો હતો. અહીંથી વડતાલ ખૂબ નજીક છે. પંદર વીસ કીલોમીટર ગણાય. વેદાંત ની કારને અનુસરતી ઉત્પલની કાર દોડી રહી હતી. સ્વાતિ નારાયણ સંપ્રદાયનું મુખ્ય મંદિર વડતાલ આવ્યું ત્યારે પશ્ચિમ તરફની સ્વામિનારાયણ હાઈસ્કુલની વિશાળતા જોઈને ઉત્પલને શિક્ષણના વિકાસનો ખ્યાલ આવી ગયો. તેને એ પણ ખ્યાલ આવ્યો કે પૂજ્ય પ્રમુખ સ્વામિએ મેડીકલ કોલેજ પણ શરૂ કરી છે. પૂજ્ય પ્રમુખ સ્વામીની સામાજિક પ્રવૃત્તિ સમગ્ર ગુજરાત તેમજ વિશ્વના દેશોમાં જાણીતી છે. વિશ્વના પ્રમુખ શહેરો માં તેમણે સ્વામિનારાયણ મંદિરોનું સર્જન કરી સ્વામિનારાયણ ધર્મનો વિશિષ્ટ પ્રચાર કર્યો છે. એટલું જ

નહીં પણ વિશાળ ફલક ઉપર તેમના અનુયાયીઓ ફેલાયેલા છે. અશરણા શરણ, નિરાધારોના આધાર, અબળાઓના ઉદ્ધારક, ગણાતા પૂજ્ય પ્રમુખ સ્વામિ મહારાજ સાચા અર્થમાં વર્તમાન યુગના સાચા સંત સુધારક કહેવાય ગુજરાતના આદિવાસીઓના જીવનમાં તેમના કારણે છે. ચમત્કારીક બદલાવ આવ્યો છે.

મંદિર તરફના માર્ગે પ્રવેશદ્વારમાંથી મંદિરના દ્વાર બંન્ને કાર પહોંચીને મંદિરની સમીપ પાર્ક થઇ. વેદાંત, મોહિની, ઉત્પલ, સ્વાતિ, સુહાસ અને વનલત્તા જનક અને જય સાથે કારમાંથી નીકળ્યા ત્યારે મંદિર સામે જ યાત્રિકોનાં નિવાસ સ્થાન તેમ જ તે નિવાસસ્થાનોની સમીપ ગોઠવાયેલી દુકાનોનું આયોજન સુંદર હતું. મંદિરના પ્રવેશદ્વારમાંથી દેખાતું ભવ્ય કલાત્મક મંદિર એની ઉપર ફરકતી ધજા પશ્ચિમ તરફના આકાશમાં પહોંચેલા મધ્યાહના સૂરજની સમાન દેદીપ્યમાન હતું. ઉત્તર તરફનું નાનકડું મંદિર પણ આકર્ષક હતું. મંદિરમાં સેવા કરતા સેવક સેવિકા મંદિરના પટાંગણમાં કચરો સાફ કરી પોતું કરતાં હતાં. પશ્ચિમ તરફની ઊંચી બાંધણીના મંદિરના પગથિયાંમાં જાજરમાંન યુવતિ પોતું કરતી હતી. ભક્તવૃંદને ગરમીના લાગે તે માટે મંદિરની ચારે તરફ પગથિયાં સુધીના માર્ગમાં કપડાંના પટ્ટા પાથરવામાં આવ્યા હતાં. મંદિરનું શિખર, ગર્ભગૃહનો દ્વાર, મંદિરમાં બિરાજેલ રાધાકૃષ્ણ, સ્વામિનારાયણ ભગવાનની પીઠીકા અને ઘુંમટ સોનાનાં દેવ દેવીની મૂર્તિઓનાં અત્યંત આકર્ષણ ભવ્ય દર્શન થતાં હતાં. વંદન કરતાં ઉત્પલ, મોહિની, સુહાસ, વેદાંત, સ્વાતિ, જનક





અને વનલત્તા ભાવમય કરુણા અનુભવી. મોહિની અને સ્વાતિએ પ્રણામ કર્યાં. જ્યારે ઉત્પલ વેદાંત જનકે દંડવત્ પ્રણામ કરી ભગવાન સ્વામિનારાયણને હૃદયાનુંભાવ સમર્પણ કર્યો. તિવ્ર અભિપ્ષા અનુભવતી સ્વાતિએ ભગવાન સ્વામિનારાયણને પોકાર કરીને કરુણામયી ભગવાન સ્વામિનારાયણનું સ્મરણ અને સ્તુતિ કરી પ્રાર્થના મંડપની બાંધણી સુંદર હતી. મધ્યાહનનો સમય હોવા છતાં વાતાવરણ ભક્તની ભીડને કારણે કલરવ ભર્યું હતું. પૂર્વ તરફથી ઠંડો પવન આવતો હતો. ઉત્તર તરફના પગથિયાં ઉતરતાં સેવક દ્વારા પ્રસાદી ગ્રહણ કરી રહ્યા હતા ત્યારે બંને રેલીંગ વચ્ચે બે ત્રણ સંત થોડા થોડા અંતરે એક એક સેવકની સાથે સત્સંગ બોધ આપી રહ્યા હતા.

ઉત્તર તરફના પગથિયાંની સામે જ સંત નિવાસ હતું. કેટલાક ભક્તો સેવકવૃંદ સંત નિવાસમાં સંત દર્શન અર્થે પ્રયાણ કરતા હતા. મંદિરનું વાતાવરણ આયોજન બાંધણી જોઇને બોલી ઊઠ્યો. "ખરેખર! ધર્મ ભક્તિ વિનાનું જીવન કેવું સુકુ અને ભારેખમ લાગે. જીવનરસ ભક્તિમાંથી મળે છે. મનુષ્યમાં જીવન જીવવાનો આનંદ સતત વહ્યા કરે છે.

## પ્રકરણ : ૧૦. અભી હી પ્યાર હો ગયા

એકવીસમી સદીમાં માનવ જાત હિંસા દુરાચાર, અર્થ પાછળની દોડમાં માનવીય સંબંધોથી તૂટી રહી છે. ત્યારે પાંખ વિનાના પારેવાની હાલતમાંથી માનવ જાતને આવા ધર્મ સંપ્રદાયો જ જીવનનો સાચો માર્ગ બતાવે છે! ''સુહાસ'' જીવનની વાસ્તવિક્તા અનુભવતાં કહ્યું. તેણે અનુભવ્યું હતું કે વનલત્તા સાથે પ્રેમલગ્ન કર્યા ત્યારે વનલત્તા કેવી નિરાધાર હતી. તેના પિતા સતાયું મહેતા અપંગ હતા. પક્ષાઘાતને કારણે ચાલી પણ નહોતા શકતા. જ્યારે માંડ અક્ષરજ્ઞાન મેળવી શકેલી તેની માતા સુરુચિ દીન હતી. લગ્ન પછી સતાયુને નયન અને વનલત્તા સંતાનો હતાં. નયન ઈલેક્ટ્રીશીયન થયા પછી વલસાડમાં વાયરમેન તરીકે નોકરી કરતો હતો. જ્યારે વનલત્તા આર્ટસ કોલેજમાં અભ્યાસ કરતી હતી. નૂતન જીવનની આશા માત્ર વનલત્તા હતી. સતાયુને પક્ષઘાત થયો ત્યારે માંડ પેટીયું ભરતા પરિવાર હતાશામાં ડૂબી ગયું ત્યારે સુરુચિએ શિવણનો કોર્ષ કર્યો હોવાથી ઘરમાં કપડાં સિવવાનું કામ શરૂ કર્યું. સ્ત્રીઓના બ્લાઉઝ, ચણિયા ચોળી, ડ્રેસમાં તેની નિપુણતા હતી. પરિવારની આર્થિક ભીંસ દૂર થાય ત્યારે શીરડી સાંઈબાબાના દર્શન કરવાની બાધા રાખી ચૂકેલી વનલત્તા બી.એ.ના થર્ડ યરમાં હતી તે





જવા નીકળી ત્યારે સુહાસનો મિલન ટ્રાવેલ્સ ટૂરમાં થયું.

વિક્ટોરિયા ગાર્ડન પાસે પાર્ક થયેલી લક્ઝરી બસમાં ગોઠવાતા યાત્રાળુંએ સાંઈબાબાના દર્શનની અભિલાષા માત્રથી આનંદમાં હતા. લક્ઝરી બસમાં બારી પાસેની સોળ નંબરની સીટમાં વનલત્તા ગોઠવાઈ ત્યારે તેની પાસેની સીટ ગણો સમય ખાલી રહી. લક્ઝરીમાં બધા ગોઠવાઈ ગયા. બધાનું ધ્યાન સત્તર નંબરની ખાલી સીટ તરફ રહ્યાં કરતું હતું. લક્ઝરી બસની સ્ટીયરીંગ સીટ પર ડ્રાઈવર આદિલ ગોઠવાયો ત્યારે તેણે સ્ટીયરીંગને પગે લાગીને લક્ઝરીની અંદર જાયું. કંડક્ટરે મોહને બૂમ મારી ''કોઈ બાકી છે.''

''હા...આ સીટ ખાલી છે.'' વનલત્તાએ કાચની બારીમાંથી બહાર કોણ આવશે તેની રાહ જોતાં તે થાકી ગયેલી નજરને તે તરફ વાળીને કહ્યું. ''સત્તર નંબરની સીટ છે?'' મોહને પર્સમાંથી લિસ્ટ કાઢ્યું. ને વાંચતાં કહી રહ્યો ''સુહાસ પુરોહિત...કડોદ.''

''કડોદ!'' ટ્રાવેલ્સ લક્ઝરીમાંથી બે ચાર વ્યક્તિઓના ઉદ્ગાર નીકળી પડ્યા.

''સાહેબ! થોડી મિનિટ રાહ જોઈએ. હમણાં આવશે જ.''

યાત્રાળુઓની નજર લક્ઝરીના દ્વાર તરફના માર્ગે તરફ મંડાયેલી હતી. ત્યાં દૂરથી નવયુવાન ને દોડતો આવતો જોઈને વનલત્તા બોલી ઊઠી, ''એ! આવે.'' તેના અવાજમાં હળવો ક્રોધ અને ભાવુકતા હતી.

દોડતો સુહાસ લક્ઝરીમાં પ્રવેશ્યો ત્યારે હાંફતો હતો. સુહાસ પ્રશ્વેદથી રેબઝેબ હતો. ખિસ્સામાંથી રૂમાલ કાઢી પ્રશ્વેદ લૂછતો વાંકળિયા ઘુઘરીયા વાળમાં હાથ ફેરવતો સીટ પાસે આવ્યો. સુહાસે બસની બધી સીટ તરફ નજર કરી કોઇ જ સીટ ખાલી ન હતી.

સુહાસે વનલત્તાને પૂછ્યું ''સત્તર નંબરની સીટ છે ને?''

સુહાસ સીટમાં ગોઠવાયો ત્યારે વનલત્તાના ઉન્નત સ્તનને કોણી અડકતાં જ વનલત્તાએ તેની તરફ વેધક દૃષ્ટિ કરીને કહ્યું...''હા!''

''સોરી...'' સુહાસ હોઠમાં હસતાં ધીમેથી કહી રહ્યો.

વનલત્તાએ હોઠ કચડતાં કહ્યું. ''ડોન્ટ માઇન્ડ.'' અને મર્માળ હસી.

યાત્રાળુઓની દૃષ્ટિ તે તરફ મંડાયેલી હતી. કોઇક બોલી રહ્યું હતું. ''કમાલ છે. આજના જવાનિયાંને સમયની કિંમત નથી.''

''છે. પણ કારને પંક્ચર પડ્યું. હું શું કરું?'' સુહાસે હળવાશથી બોલનાર વ્યક્તિ તરફ નજર કરતાં કહ્યું. તે હસી પડ્યો.

વનલત્તા વાસ્તિવક્તાનો વિચાર કરતાં ધીમેથી કહી રહી ''પાણી લાવ્યો છે.''

''ઓહ! ભૂલી ગયો.'' સુહાસ ચિંતા વ્યક્ત કરતાં બગલ થેલાને ખોળામાં મૂકી ચેઇન ખોલી. પુનઃ ચેઇન બંધ કરતાં કહી રહ્યો.



''લે. સીધો બેસજે.'' ધીમેથી વનલત્તા હસતાં કહ્યું અને પોતાના બગલ થેલામાંથી પાણીની બોટલ આપી.

સુહાસે બોટલ પકડી ત્યારે વનલત્તાના કોમળ કર પલ્લવનો સ્પર્શ થતાં વનલત્તા રોમાંચ અનુભવી રહી. તેના હોઠથી એક સીસકારો નીકળી ગયો.

બોટલનું ઢાંકણું ખોલી પાણી પીતાં જ ઠંડકનો અનુભવ કરતાં કહી રહ્યો ''ઠંડુ પાણી છે. તમે કેટલાં સારાં છો.''

વનલત્તાના ચહેરા પર હોઠો ઉપર હળવા હાસ્યની લકીર ફેલાઇ ગઇ. તેની આંખોમાં સુહાસની છબિ અંકાઇ ગઇ. વનલત્તાએ એવી દૃષ્ટિથી સુહાસને જોયો કે આખોને આખો સુહાસ તેના હૃદયમાં ગોઠવાઇ ગયો. અપલક નજરોમાં મિલનનો આનંદ અનુભવી વનલત્તા પહેલા પ્રેમની સ્વાનુભૂતિ અનુભવી રહી. વનલત્તાએ નવલકથામાં વાર્તામાં કવિઓની કવિતામાં અને ફિલ્મ ગીતોમાં ઘણું વાચ્યું અને સાંભળ્યું હતું. કોલેજ કાળમાં પ્રેમી પંખિડાંની પ્રેમ ચર્ચા જોઇ હતી. પરંતુ આજ તેણે અનુભવેલા પ્રેમની એક આછી ઝલક માત્રથી તેનું સમગ્ર અસ્તિત્વ સુહાસને સમર્પણ થઇ ચૂક્યું હતું. લેલા મઝનું, સદેવંત આવંળીગા કે હીર રાંઝાના પ્રેમ કરતાં તેના પ્રેમની મહાનતા દિવ્યતા વિશિષ્ટ છે. તેનો અહેસાસ કરી રહી. સૃષ્ટિ માત્ર પ્રેમથી જ ચાલે છે. પ્રેમ વિના લાગણી વર્તન નિકટતા કે આત્મીયતા, હોતી નથી. સૂકા રણની યુગોથી તડપતી સુકા ભંઢ રેત કણોમાં આખાને આખો દરિયો પી જવાની ક્ષમતા હોય છે તેનો અનુભવ વનલત્તાએ કર્યો.

સુહાસે અપલક નીહાળી રહેલી વનલત્તાની ભીની આંખોમાં જોયું તો તે બોલી ઊઠ્યો ''તમે...તમે...મને...છો ને?'' તૂટક શબ્દો બોલવામાં તરફડતા હોઠો હમણાં જ ઠંડુ પાણી પીધું હોવા છતાં સુકા ભઠ્ઠ રણ જેવા બની ગયા હતા. સુકી બની ગયેલી જીવ્હા વારેવારે થોથવાતી હજારો ટન વજન અનુભવતી હોયતેમ માત્ર તૂટક શબ્દો જ બોલી શકી.

''પ્રેમનું સામ્રાજ્ય વનલત્તાના સમગ્ર અસ્તિત્ત્વ ઉપર ફેલાઇ ચૂક્યું હતું. વિહવળ વનલત્તાની આંખોમાં પ્રેમ ઉભરાઇ રહ્યો હતો. તેણે આગળની સીટ ઉપર માથું ટેકવી અપલક નજરે જોતાં જ માંડ માંડ હસતાં સૂકા હોઠ ઉપર સ્મિત પારેવું ગોઠવાઇ જવા છતાં ના બોલી શકે પરંતુ તેણે શીર્ષ હલાવીને શર્મથી ચહેરો સંતાડી દીધો. લીલા ભાતીગળ ડ્રેસની ઓઢણીમાં તે ધીમે ધીમે થોડા સમયે બારી તરફ જોતાં ગાઇ રહી ''પહેલાં પહેલાં પ્યાર હૈં...!''

ધીમા સ્વરને સુહાસ ખૂબ ધ્યાનથી સાંભળી રહ્યો. બોમ્બે હાઇવે ઉપરથી પસાર થતી લક્ઝરી નાસિક પહોંચી ત્યારે આદિલે લક્ઝરી થોભાવી. મોહન સીટ ઉપરથી ઊભા થઇ સર્ટને વ્યવસ્થિત કરતાં કહી રહ્યો. ''નાસિક, આપણે રાત્રિ રોકાણ અહીં કરીશું...ગોદાવરી ઘાટ, લક્ષ્મણ રેખા, પંચવટી સ્થળો જોવા જેવાં છે. દરેક પોત પોતાની રીતે જશે. સામેની ધર્મશાળાના ગ્રાઉન્ડમાં રસોઇ બનશે. પૂરી શાક અને જલેબી જમીને ધર્મશાળામાં રોકાઇશું.''



મોહનની સૂચના મળતાં જ આદિલે લક્ઝરીને ધર્મશાળાના ગ્રાઉન્ડમાં સ્ટેન્ડ કરી. યાત્રાળુંઓ એક પછી એક પોતાના બગલ થેલા, બેગસમાંથી જરૂરી ચીજ પાણી બોટલ, પર્સ, રૂમાલ વગેરે લઇને એક પછી એક ઉતરવા લાગ્યા. વનલત્તા અને સુહાસે અન્યોન્ય ઈશારો કરતાં બગલ થેલા અને પર્સ લઇને નીચે ઉતર્યા. સાંજના ચારનો સમય હતો. ગ્રીષ્મની શરૂઆત હતી. એપ્રીલના દિવસો હતા. છતાં ગરમીનો પારો ધીમે ધીમે વધી રહ્યો હતો. ગઇ કાલે વલસાડમાં ૪૨ ડીગ્રી ગરમી હતી. નાસિક શહેરના ખુલ્લા માર્ગો વાહનોની અવરજવરથી ધમધમતા હતા. સ્વામિ સમર્થ માર્ગ તરફ અવર જવર વિશેષ હતી. પાસેની બ્રાન્ડીની દુકાન તરફ થોડા ઘણા શોખી યાત્રાળુઓ બ્રાન્ડીની મોઝ માણી રહ્યા. દક્ષિણ તરફના માર્ગે યાત્રાળુંઓ પંચવટી તરફ રવાના થયા ત્યારે એક ઓટો રીક્ષાને થોભાવી સુહાસ વનલત્તાને કહી રહ્યો ''બેસી જા. પંચવટી ઘણું દૂર હશે થાકી જઇશું.''

વનલત્તા હરફપણ બોલ્યા વિના હસતાં હસતાં તીરસી નજરે જોઇને રીક્ષામાં ગોઠવાઇ. સુહાસ તેને અનુસરીને રીક્ષામાં એવો ગોઠવાયો કે બેસતાં જ તેનો ખભો વનલત્તાને અટકી ગયો. વનલત્તાની જાંગ ઉપર મુકાયેલા સુહાસનો જમણા હાથન વનલત્તાના હાથને સ્પર્શ કરી ગયો. રોમાંશની અનુભૂતિ કરતાં બંન્ને એક બીજાને ઇશ્કી નજરે જોઇ જ રહ્યાં. સુહાસે વનલત્તાનો હાથ પકડી હળવે હળવે તેના કરપલ્લવ ઉપર હાથ પ્રસારવા લાગ્યો. હુકમની રાહ જોઇ રહેલા રીક્ષા ચાલકને સુહાસ કહી રહ્યો ''પંચવટી.''

નાસિકના વિશાળ સ્વચ્છ માર્ગ ઉપર દોડી રહેલી રીક્ષામાં સુહાસે વનલત્તાનો હાથ પકડી એવો દબાવ્યો કે વનલત્તા સીસકારો બોલાવી ગઇ. સુહાસે વનલત્તાને બાહુમાં લઇને તેનાહોઠ ઉપર વેધક ચૂંબન કરતાં રીક્ષાવાળા જોઇ રહ્યો છે. તેનો અણસાર આવતાં વનલત્તાને છોડી મૂકી ત્યારે રીક્ષાડ્રાઇવર કહી રહ્યો ''કોઇ બાત નહીં સાબ એસા તો ચલતા હી હૈ. લાઇફમેં યે ન હોતો દૂસરા ક્યા હોગા.''

વનલત્તા સુહાસ રીક્ષા ચાલકના ચિંતનથી હસી ઊઠ્યાં.

''સચ બાત હૈ. અભી અભી હમ મીલે હૈ ઔર અભી હી પ્યાર હો ગયા.'' સુહાસે રીક્ષાડ્રાઇવરને હસતાં હસતાં કહ્યું. ''પ્યારમેં ઐસા હી હોતા હૈ.''

''પ્યારમેં હી મજા હી હોતી હૈ. ડ્રાઇવર બોલ્યો જોગી હોતા હૈ કોઇ જોગન...કોઇ સાજન હોતા હૈ....કોઇ સજન...પ્યાર કો ન ઉમ્ર કી સીમા ન જાત કી. પ્યારી હી પ્યાર હૈ બાબુ''....રીક્ષાડ્રાઇવરે નાસિકના માર્ગે પૂરપાટ રીક્ષા દોડાવતાં કહ્યું.

''દેખો હમ જાતે હૈ તોવહાં હી પ્યાર કા નતીજા હૈ પંચવટી...પંચવટીમેં રહનેવાલાં કે દર્શન કે લીયે'' સુહાસે વનલત્તાને હસતાં હસતાં કહ્યું. વનલત્તા જીવનની વાસ્તવિક્તા અને બની ગયેલા રામ સીતાના ભૂતકાળને કહી રહી. રામની જન્મ કુંડળી માં વનવાસ અને લગ્ન વિચ્છેદ હશે જ. નહીં તો રાજમહેલ છોડી આવવું. ક્યાં અયોધ્યા અને ક્યાં પંચવટી. ગોદાવરી ઘાટ....રામવનમાં...સીતે સીતે



કહે અને સીતે લંકામાં અશોકવાટીકામાં રામ રામ પોકારે. આ જ પ્રેમનું પરિણામ હોય.''

વનલત્તાના ઉદ્ગોરોથી સુહાસ વનલત્તાને જોઇ જ રહ્યો.

પંચવટી પહોંચ્યાં ત્યારે સાયંમ આરતીની તૈયારી ચાલતી હતી. માત્ર સ્થળ ભૂતકાળોનું સ્મરણ લઇ બેઠું હતું. જ્યારે પંચવટીને આધુનિકતાનો સ્પર્શ થઇ ગયો હતો. આરસથી મઢ્યું મંદિર બની ગયું હતું. ભૂતકાળને જાણનાર કહી શકે કે ગોદાવરી ઓળંગીને ભગવાન રામ, સીતા લક્ષ્મણ સાથે અહીં જંગલોમાં રહેતા હશે. આજે તો આ સ્થળે મકાનોની, દુકાનોની હારમાળા મંદિરની ચોપાસ ફેલાયેલી છે.

પંચવટી તરફનો ઢોળાવવાળા રસ્તે બંન્ને તરફ રહેણાંકનાં મકાનો છે. તે જ ઢોળાવવાળો માર્ગ નાસિક જતો પશ્ચિમ તરફનો માર્ગ છે. જે ગોદાવરી તટે પહોંચે છે. લક્ષ્મણ રેખા ચાર કિ.મી.દૂર હતી. રીક્ષામાં ગોઠવાઇને લક્ષ્મણ રેખા પહોંચ્યા ત્યાં વસ્તી ઓછી હતી. માર્ગો ઉપર અવર જવર ઓછી હતી. નાસિકથી ઉત્તર તરફના માર્ગે ખુલ્લા જમીનમાં વૃક્ષો ભર્યા મેદાન વચ્ચે ભક્તો એ લક્ષ્મણ રેખા જેવો ભાગ બનાવ્યો હતો. ત્યાં સીતા રામનું મંદિર હતું. વનલત્તાને સુહાસ મંદિરમાં દર્શન કરી લક્ષ્મણ રેખા ભૂભાગની તિરાડને તીરથી અંકિત કરેલી જોઇને રીક્ષામાં ગોઠવાઇ ગયાં. પુનઃ પંચવટી તરફના માર્ગે રીક્ષાવળી. તે તરફના દશ્યોને નિહાળતાં બંન્ને ગોદાવરી તરફના માર્ગે જતી રીક્ષામાંથી રસ્તાની બંન્ને તરફની દુકાનોની ચીજ વસ્તુઓ જોતાં હતાં. કેટલીક દુકાનો તાંબાના લોટા, પ્યાલા આચમની, તરભાણી,

ઘડા દેઘડા ઘંટ ઘંટડી, દીવી વગેરેથી ભરચક હતાં. કેટલીક દુકાનો વસ્ત્રો, પર્સ બેગથી ભરચક હતી. યાત્રિકો આ દુકાનો માંથી ખરીદી કરા નજરે પડતા હતા. ગોદાવરી ઘાટે રીક્ષા ઊભી રહી ત્યારે ઘાટ તરફ અવર જવર કરતા યાત્રિકો નજરે પડતા હતા. બંન્ને ઘાટ ઉપર પહોંચ્યાં ત્યારે તર્પણ મંડપ, નદીના પ્રવાહ સુધીનાં પગથિયાં અને પ્રવાહને હળવો તેમજ ઓછો ઊંડો કરવા કરેલા સિમેન્ટકાંક્રેટનો ઊંચાણ ભાગમાં યાત્રાળુંઓ સ્નાન કરતા હતા. સામા કાંઠા સુધી સાંકળો બાંધેલી હતી. શ્રદ્ધાળુઓ પિતૃતર્પણ કરતા ગોદાવરી યુગોની સાક્ષી છે. કેટલાય સમય તેના પ્રવાહની સાથે વહી ગયો છે. વનલત્તા અને સુહાસે પણ પ્રવાહમાં દીપ તરતા મૂકી મા ગોદાવરીને પ્રણામ કર્યા છે. ગોદાવરી ઘાટની બહાર ગોઠવાયેલા રેસ્ટોરન્ટમાં ગરમા ગરમ સમોસા કચોરીનો નાસ્તો કરતાં સુહાસ વનલત્તાને કહી રહ્યો ‘‘શું નામ છે તારું?’’

‘‘વનલત્તા મહેતા’’ તે મોટેથી બોલી હસતાં કહ્યું ‘‘ભૂલી ગયા કે શું?’’ તે બોલી રહી તારું શું નામ?’’ વનલત્તાએ સુહાસને ધબ્બો મારતાં કહ્યું તો સુહાસ વનલત્તાની કમ્મરમાં ચીમટી ભરતાં કહી રહ્યો. ‘‘સુહાસ પુરોહિત કડોદ’’

હું તો વલસાડમાં રામજી ટેકરામાં રહું છું. પપ્પા મમ્મી બંન્ને નોકરી કરે છે. શિક્ષકની નોકરી.’’ વનલત્તાએ પોતાનો બોલકણો સ્વભાવ વ્યક્ત કર્યો. સુહાસે હસતાં હસતાં કહ્યું ‘‘આંબલીની ચટણી સારી છે...થોડી વધારે આપ...ક્યાં નોકરી કરે છે? અને તું શું કરે છે?’’



‘‘તે બંન્ને સાથે નોકરી કરે છે. હું હું તો સમોસા ખાઉં છું.’’ વનલત્તાએ હસતાં હસતાં કહ્યું તેના ચહેરા ઉપર કંઇક છુપાવાની મુંઝવણ હતી.

‘‘એય ખિસકોલી!...’’ સુહાસે વનલત્તાના ગાલ ઉપર હળવી ટપલી મારી તે બોલી ઊઠ્યો. ‘‘બહુ બોલ બોલ ના કર. શું ભણે છે?’’

‘‘લાસ્ટયર બી.એ.માં છું. ગુજરાતી’’ વનલત્તાએ સ્પષ્ટતા કરતાં કહ્યું. ચમચીમાં આંબલીની ચટણી ભરતાં વનલત્તાએ ખટાશનો સ્વાદમાણતી હોય તેમ આંખ મિચકારી જીભથી ડચકારો બોલાવતાં કહી રહી...‘‘ખાટ્ટી છે.’’

‘‘તારા જેવી....લુચ્ચી’’ સુહાસે હળવેથી તેની જમણી કોણીથી વનલત્તાના ઉન્નત ધગધગતા સ્તન ધીમેથી દબાવી દીધા. કાશ્મિરના બર્ફિલા પ્રદેશમાં ઊભાં ચિનારનાં વૃક્ષો બરફ ઓઢીને ઊભા રહે તેમ વનલત્તાને સુહાસે બાહુમાં સંતાડી દીધી. વનલત્તા ખડખડાટ હસી પડી. હોટલ માલિક કાઉન્ટર ઉપરથી બોલી રહ્યો ‘‘કા પાયઝો’’ ‘‘કસો નૈ...’’સુહાસે હસતાં હસતાં કહ્યું. વનલત્તા અને સુહાસ દૂર વહેતી ગોદાવરીના પ્રવાહને જોઇ રહ્યાં હતાં. નાસ્તો કરી રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળ્યા ત્યારે વનલત્તાએ અંજીર અને સુકી દ્રાક્ષ, કાજુ ખરીદ્યાં રેસ્ટોરન્ટનું બીલ ચૂકવી સુહાસ સુકા મેવાની દુકાને ખરીદતી વનલત્તાની પાસે જ ઊભો હતો. વનલત્તાએ કહ્યું રેસ્ટોરન્ટમાં કર્યું તેમ અહીં ના કરતાં’’ ધીમા સ્વરે વનલત્તા મંદ મંદ હસતી રહી. સુહાસે વનલત્તાના

વાળ ખેંચી બોલી ઊઠ્યો "રેસ્ટોરન્ટનું પચાસ રૂપિયા બીલ ચૂકવ્યું...પેલુંતો રાત્રે...."

"એય!....શર્મ નથી આવતી" લે કાજુ ખા..." વનલત્તાએ કુત્રિમ ગુસ્સો કરતાં કહ્યું ને મારકણી આંખે જોઇ રહી જાણે સુહાસને આખોને આખો કાજુની જેમ...

અવિરત નજરે ટગર ટગર વનલત્તાને પી જતો હોય તો પણ યુગોની તરસ ના છીપાય તેમ મજનુની જેમ સુહાસ જોઇ જ રહ્યો. તે અનુભવી રહ્યો હતો...કોણ જાણે કેટલા યુગોની તરસ છે. આ ---- આ કંઠમાં...."ગોદાવરી કાંઠે પશ્ચિમનો સૂરજ આથમવા આવ્યો હતો. ગોદાવરી નો પ્રવાહ દૂરથી કંકુ વર્ણો થઇ ચૂક્યો હતો. આથમણો રકાબ અડધા આકાશમાં છવાઇ ગયો હતો. સમગ્ર નાસિક માનવજાત, ભૌતિક જગત રકાબમાં નાહિ રહ્યું હતું. યાત્રાળુંઓ પોતપોતાના નિવાસ સ્થાને જઇ રહ્યા હતા. બાજુમાં ઊભેલી રીક્ષામાં ગોઠવાઇને ધીમેથી સુહાસે કહ્યું "વનલત્તા!..."

વનલત્તાએ એક નિશ્વાસ નાંખ્યો. રીક્ષા પુનઃ ધર્મશાળા તરફ દોડવા લાગી તે બોલી રહી."હં"

"શું કરીશું?"

"આજ રાત...તું...અને...હું..." સુહાસે વનલત્તા તરફ જોયું વનલત્તાએ સુહાસને ઢળેલી આંખે જોતાં જ કહી રહી...."ક્યાં જઇશું?"



રીક્ષા ધર્મશાળાએ પહોંચી ત્યારે કેટલાક યાત્રાળું પૂરી શાક અને જલેબી ખાઇ રહ્યા હતા. સુહાસે પૂરા રૂપિયા રીક્ષાવાળાને ચૂકવ્યા ને હસતાં ચહેરે વિદાય આપી. બંન્ને ભોજનના કાઉન્ટર પાસે પહોંચી ગયા. વનલત્તાએ એક ડીસ તૈયાર કરી સુહાસને આપી ત્યારે બધા યાત્રાળુ વનલત્તાને જોઇ રહ્યા. સુહાસ જાણે કંઇ જ ના બન્યુ હોય તેમ વનલત્તા પાસેથી ડીસ લઇને વેધક નજરે વનલત્તાને જોઇ રહ્યો. વનલત્તા બીજી ડીસ બનાવી જલેબીનો સ્વાદ માણતાં કહી રહી..."એય!..."

સુહાસે વનલત્તા સામું જોયું. વનલત્તાએ કોઇના જુએ તેમ જોતા હોવા છતાં જલેબીનો એક ટુકડો સુહાસના મોંઢામાં મૂકી દીધો. સુહાસે પણ હળવેથી એક ટુકડો વનલત્તાના મોંમાં મૂકી દીધો. વનલત્તા અને સુહાસની હરકત જોઇ રહેલા કેટલાક યાત્રાળું મલકાઇ રહ્યા હતા. એક યાત્રાળું બોલી ઊઠ્યો "જલેબી ખૂબ સ્વાદિષ્ટ છે."

હળવેથી સુહાસે અવાજ તરફ નજર કરી. એક તગડો હુષ્ટપુષ્ટ મુંછાળો યુવાન હસી રહ્યો હતો. તેણે જોયું તે જ સમયે વનલત્તાની દૃષ્ટિ તેના ઉપર પડી. તે યુવાન વનલત્તાને જોઇને હોઠ ચગળી રહ્યો હતો. શાંત વહેતું ઝરણું પ્રયાત બની ધોધ બને તેમ વનલત્તા બોલી ઊઠી "જલેબીની મઝા જ કાંઇ ઓર છે."

સુહાસ, વનલત્તા સામે જોઇને આંખના ઇશારે કંઇ જ ન બોલવા સૂચવી રહ્યો.

વનલત્તા શાંતમને પૂરી શાક ખાતાં કહી રહી ''બટાકાનું શાક તીખું બન્યું છે.''

સુહાસ ખડખડાટ હસી રહ્યો. યાત્રાળુંઓ જમણને ન્યાય આપી નિવાસ સ્થાને જવા લાગ્યો. ત્યારે વનલત્તા અને સુહાસ પૂર્વ તરફ સ્મર્થ સ્વામિ માર્ગે નીકળતાં યાત્રાળું તરફ જોઇ રહ્યાં સુહાસે ધીમા સ્વરે બાજુની બારી ઉપર પેપ્સીનો ઓર્ડર આપતાં કહ્યું ''સામેના ગેસ્ટ હાઉસમાં રોકાઇશું.''

''ઓ.કે.'' વનલત્તાએ સમર્થન આપ્યું. બંન્ને પેપ્સી પી ને ગેસ્ટ હાઉસમાં ગયાં. સુહાસે રૂમ બુક કરાવી દીધી. ગેસ્ટ હાઉસના પૂર્વ તરફની લોબીમાં બંન્ને આવીને ઊભાં ત્યારે બાજુમાં જ પાર્ક કરેલી લકઝરીમાંથી મોહન આદિલ નીકળીને સાંજના જમણને ન્યાય આપી રહ્યા હતા. આદિલની નજર સુહાસ તરફ પડતાં સુહાસે હાથ ઊંચો કર્યો.

આદિલે હાથ ઊંચો કરીને સમર્થન આપ્યું.

બારણું બંધ થયું. આગળો ભીડાઇ ગયો. સીલીંગ ફેન ચાર ઉપર કરી વનલત્તા ટ્યુબલાઇટની સ્વિચ ઓફ કરવા જતી હતી ત્યાં સુહાસે એક શબ્દ ઉચ્ચાર્યો....''વનલત્તા...''

''હં.''

સુહાસે વનલત્તાને તેના બાહુમાં ઊંચકી લીધી. વનલત્તા શરમાઇ ગઇ. તે કહી રહી...''અં....અ....અ...આ...શું?''



''કંઇ...જ..નહીં ડીયર.''

સુહાસે વનલતાના હોઠ ઉપર એક ચુંબન ચોડી દીધું. ચુંબનોની વર્ષા કરતા સુહાસે સમગ્ર ચહેરાને ચુંબનાધિન બનાવ્યો. શર્મ...મુંઝવણ અનુભવતી વનલતાનો સમગ્ર દેહ ઉત્તેજનામાં પરિવર્તન પામ્યો. તેણે સુહાસનો ચહેરો પકડી હોઠો ઉપર ચુંબન અર્પતાં તેના ગળે વળગી પડી. વનલતાને સુહાસની બાહુ ભીંસ તીવ્ર બની. તેના બંન્ને હાથ ચહેરા ઉફર વાળ ઉપર, બરડા ઉપર કમ્મર ઉપર અને નિતંબ ઉપર પ્રસરી રહ્યા. સુહાસ વનલત્તાના ઉન્નત સ્તનોનું મર્દન કરવા લાગ્યો. ધીમે ધીમે સુહાસ વનલત્તા અન્યોન્યમાં ઓતપ્રોત થવા લાગ્યો. ના સમય...ના સ્થિતિનું ભાન રહ્યું. પ્રેમાતુર નયને એકબીજામાં ઓગળવા લાગ્યાં. બંને બેડમાં ક્યારે આવી પહોંચ્યાં તે ખ્યાલ પણ ના રહ્યો.

''વ..લતા...''

''આહ!...''

''એય...!''

''જા...ને...ઈડીયટ....''

''જો....''

સુહાસે વનલતાના ઉરજનું વેધક મર્જન કર્યું વનલત્તા સીસકારો બોલાવા લાગી. ધીમે ધીમે રૂમનું વાતાવરણ ઇશ્કી બનવા લાગ્યું. બેડ નીચે પેન્ટ, શર્ટ, બંડી, જાંગીયો, ડ્રેસ, બ્રા, નિકર...પડીને હસવા લાગ્યાં. નિવસ્ત્ર...યુવા હૈયાં સાયુજ્યમાં ઓતપ્રોત થયાં....પ્રસ્વેદથી તરબતર

બની ઊઠ્યાં. રૂમની ટ્યુબલાઈટના અજવાળે સામેની દીવાલ ઉપર ગોઠવાયેલી કૃષ્ણ રાધાની તસવીર શરમાઈ ગઈ. નિંદ્રાધીન બની ગયેલાં બંન્ને પુનઃ અન્યોન્યને વળગીને બાહુપાસમાં ભીડવા લાગ્યાં. પુનઃ એ જ પ્રક્રિયા એ જ મિલન ઉત્તેજના ઇશ્કી મિઝાજ બંધ બારીમાંથી ઊગતા સૂરજનો કંકુવર્ણો પ્રકાશ રૂમમાં ફેલાવા લાગ્યો. જ્યારે રૂમનો ટેલીફોન રણક્યો ત્યારે સુહાસ રીસીવર ઊઠાવા ઓસિકાને સહારે નગ્નતા છુપાવા કોશિષ કરતો ટેલીફોન પાસે પહોંચ્યો. કોલ રીસીવ કરતાં જ અવાજ આવ્યો...''ગુડ મોર્નિંગ...સવારના છ થયા છે.''

સુહાસે કંઈ જ પ્રતિઉત્તર આપ્યા વિના રીસીવર ટેલીફોનની બાજુમાં મૂકી નિંદ્રાધીન વનલત્તાને ભેટી પડ્યો. તેના ચહેરા ઉપર વિખરાયેલા વાળને એક તરફ કરી ચુંબનોનો વરસાદ વરસાવા લાગ્યો. નિંદ્રામાંથી જાગૃત થયેલી વનલત્તા એકાએક જાગી અને જોયું તો પોતાની હાલત ઉપર શરમાઈ ગઈ. ઝટપટ બેડ નીચે પડેલાં વસ્ત્રો ઉપવસ્ત્રોમાંથી નિકર, બ્રા અને ડ્રેસ લઈને બાથરૂમ તરફ દોડી ગઈ.

અપલક નયને વનલત્તાને દોડતી જોઈ રહેલો સુહાસ તેના રૂમમાં પાગલ બની ગયો. સુહાસે ક્યારેય આવું રૂપ જોયું ન હતું. સુહાસે અનેક યુવતીઓ સાથે રંગરેલીયાં માણ્યાં હતાં. સ્ત્રી એટલે શું? તે નખશિખ જાણતો હતો. પરંતુ આજ રાત તેના જીવનની સ્વર્ગીય રાત બની ગઈ હતી. સુહાસ દોડતી વનલત્તા પાછળ દોડ્યો ત્યારે તેને પોતાની વાસ્તવિક્તાનું ભાન થવા લાગ્યું. વનલત્તાને બાથરૂમમાં પકડીને બાહુપાશમાં ભીડી દીધી. તેના ચહેરા ઉપર ચુંબનોની વર્ષા કરવા લાગ્યો.





વનલત્તા મુંઝાઈ ગઈ. તે બોલી ઊઠી ''એય....મોડું થયું છે....પાછો ટેલીફોન....''

સહેજ સંકોચ અનુભવતો સુહાસે વનલત્તાને મુક્ત કરી કહી રહ્યો ''ફરી ક્યારે મળીશું?''

મરક મરક હસતી અંતઃવસ્ત્રો પહેરતી ધ્વલ ઉરજને બ્રામાં સંતાડતી કહી હી. ''મને શું પૂછે છે?''

વનલત્તા મર્માળ હસી રહી. નિકર...ડ્રેસ પ્હેરી બાથરૂમમાંથી બહાર આવતાં. સુહાસની સ્થિતિ જોઈ હોઠ ઉપર હાથેલી દબાવી બોલી ઊઠી ''ઓય...મા!...હવે તો...

સુહાસ ખડખડાટ હસી રહ્યો હવે તો તેને કોઈ મર્યાદાની જરૂર ન હતી. બેડ પાસેના વસ્ત્રો પહેરતાં બોલી ઊઠ્યો ''બ્રસ કરીશું? અને ચા મંગાવીએ.''

સુહાસે ઈન્ટર ફોન ઉપર બે ચાનો ઓર્ડર આપ્યો. બંન્નેએ બ્રસ કરી સ્નાન કરીને નિત્યક્રમ પરવાર્યા. કોલ બેલ વાગતાં જ વનલત્તાએ આયના સામે વાળને સજાવતાં દ્વાર ખોલ્યું. બોય ચા મૂકીને ગયો. સુહાસે પેન્ટના પાછળના ખિસ્સામાંથી કાંસકી કાઢી વાળ સજાવી ચહેરાને હાથ રૂમાલથી સાફ કરી બે ચા બનાવા લાગ્યો. બેડની સામે જ ગોઠવાયેલા સોફામાં બેસીને ચાની ચૂસકી લેતો બંન્ને એક બીજાને જોઈ રહ્યાં હતાં. સામે દેખાતી લક્ઝરી કૉચમાં એક પછી એક ગોઠવાઈ રહેલાં યાત્રાળુંની વાતચીત સંભળાઈ રહી હતી. રૂમ છોડી વનલત્તાએ

બગલથેલામાં પર્સ કાઢી કાઉન્ટર પાસે પહોંચી. સુહાસ તેને અનુસર્યો. કાઉન્ટર પાસે ગોઠવાયેલા ગેસ્ટ હાઉસના મેનેજરે હસતાં હસતાં કહ્યું "ગુડ મોર્નિંગ...ઊંઘ પૂરી આવીને? પાંચસો રૂપિયા થયા."

વનલત્તાએ સુહાસ તરફ જોઇને હાસ્ય કર્યું. તેણે મેનેજરને પાંચસો આપ્યા. મેનેજરે સુહાસને હાથ મિલાવ્યા. "બીજી વાર આવજો." કહી હસી પડ્યો.

સુહાસે પ્રતિઉત્તર આપતં કહ્યું "જરૂર આવીશું કેમ વનલત્તા?" તેણે વનલત્તા તરફ વેધક નજર ફેરવી. બંન્ને ગેસ્ટહાઉસના પગથિયાં ઊતરીને લક્ઝરી પાસે આવ્યાં. લક્ઝરીની બધી જ સીટ ઉપર યાત્રાળું ગોઠવાઇ ચૂક્યા હતા. લક્ઝરીમાં પ્રવેશતાં કેટલાક યાત્રાળું સ્ત્રી પુરુષની નજર વનલત્તા અને સુહાસ તરફ મંડાઇ ગઇ હતી. અસંખ્ય નજરોની પર્વા કર્યા વિના બંન્ને પોતાની સીટમાં ગોઠવાઇ ગયાં. સુહાસે સીટ ઉપરની છાજલીમાં થેલો મૂકતાં પાણીનો બોટલ કાઢી થોડું પાણી પીને...વનલત્તાને કહ્યું....પાણી પીવું છે?" વનલત્તાએ સુહાસ સામે જોઇને તેના હાથમાંથી બોટલ લઇ પાણી પીવા લાગી.

"કોઇ બાકી છે?..."મોહને બધી સીટ ઉપર નજર ફેરવી આવી ગયા.

"હા...કોઇકવાર મોડું થાય." સુહાસે હસતાં હસતાં કહ્યું.

ત્યાં જ લક્ઝરીનો ડ્રાઇવર આદિલ બારણું ખોલી સીટ સાફ કરી સ્ટીયરીંગ સીટ ઉપર ગોઠવાયો. સહજતાથી સ્ટીયરીંગને સ્પર્શ





કરી ભાવપૂર્વક વંદન કર્યા. તેના કાચ ઉપર લગાવેલ ખ્વાજા સરીફ દર્ગાહના સ્ટીકરને ઉપર દૃષ્ટિ કરી બોલી ઊઠ્યો "યા અલ્લાહ...પરવર દીગાર..." આદીલે લક્ઝરીમાં ગોઠવાયેલા યાત્રાળુઓ તરફ એક નજર ફેરવી. તેની દૃષ્ટિ સુહાસ ઉપર પડતાં તે હસી પડ્યો. તે કહી રહ્યો "કેમ છો? સાહેબ!"

"મઝામા છું." સુહાસે પ્રતિ ઉત્તર આપ્યો. લક્ઝરી સ્ટાર્ટ કરી રીવસ ગેઈર પાડી ધર્મશાળાના કંપાઉન્ડમાંથી બહાર કાઢી નાસિકના રોડ ઉપર લાવી શીરડી તરફ દોડાવી. ધીમે ધીમે લક્ઝરી કોચ વેગ પકડી રહી હતી. પવન સાથે વાતો કરતી લક્ઝરી તેના નામ "પવનપૂત્ર" પ્રમાણે જ હતી. માત્ર બે કલાકની સફર પછી લક્ઝરી શીરડીના વિશાળ માર્ગ ઉપર દોડવા લાગી. ભક્તિ ધામના હરોળ બંધ બનાવેલા મકાનો કંપાઉન્ડમાં પ્રવેશતાં આદિલે લક્ઝરીને એક તરફ ઊભી રાખી. મોહને સૂચન કર્યુ "દર્શનનો સમય સવારે ૭ થી ૯ કલાકનો છે. ભક્તિધામમાંથી બહાર નીકળીને ઉત્તર તરફની ફૂટ પાથ ઉપર ચાલશો એટલે અડધા કલાકમાં સાંઇબાબાનું મંદિર આવશે. દરવાજાથી જ રેલીંગ છે. તે છેક સાંઇનાથની પ્રતિમા સુધી યાત્રાળું ઓ લક્ઝરીમાં જ બેગ્સ થેલા મૂકી માત્ર પોતાનું પર્સ લઇને ચાલવા લાગ્યા. સવારનો સૂરજ કોમળ કિરણો ફેલાવતો હતો. સોનેરી પ્રકાશ સમગ્ર શીરડી ઉપર છવાઇ ગયો હતો. પશ્ચિમના આકાશમાંથી પક્ષીઓનાં જૂથ પૂર્વ તરફ પ્રયાણ કરી રહ્યાં હતાં. યાત્રાળું શ્રી સાંઇનાથ મંદિર તરફ ફૂટપાથ ઉપર જાવા લાગ્યા. તે તરફનો ફૂટપાથ મંદિર સુધીનો બનાવેલો હતો. તેની

પૂર્વ તરફ મંદિરના બહાર નીકળવાના દ્વારથી સુંદર બજાર હતું. મંદિરના દ્વાર સુધી રેલીંગમાં ચાલતા દર્શનાર્થીઓ શ્રી સાંઇધૂર ગાતા હતા. કેટલાક મનોમન સાંઇનાથનું સ્મરણ કરતા હતા. યાત્રાળુંઓ મંદિરના વિશાળ મંડપમાં પ્રવેશ્યા ત્યારે રેલીંગ ઊંચા પગથિયાવાળા મંદિરના સભામંડપમાં જતી હતી. શ્રી સાંઇનાથની પ્રતિમા વિશાળ કદની પશ્ચિમ તરફ બનાવેલી આરસની પિઠીકા ઉપર પ્રતિષ્ઠિત હતી. સભામંડપના બધા દર્શનાર્થીઓ દૂરથી પણ દર્શન કરી શકતા હતા. સાંઇનાથના ચરણથી પાંચ ફૂટ દૂરની રેલીંગ ગોઠવેલ સ્થળે સાંઇનાથને અર્પણ કરવાનો પ્રસાદ, ફૂલહાર વગેરે વિવિધ વાસણોમાં દર્શનાર્થીઓએ અર્પણ કરેલો હતો. તેની પાસે જ જમણી તરફ ભેટ અર્પણ કરવાની પેટી હતી. તેમાં દર્શનાર્થીઓ ભાવના પ્રમાણે નાની મોટી ભેટ અર્પણ કરતા હતા. સુહાસ વનલત્તા શ્રી સાંઇનાથને હૃદયપૂર્વક પ્રણામ કરી રહ્યા હતા. સુહાસે ભેટપેટીમાં ભેટ અર્પણ કરી. વનલત્તાએ ગુલાબનો હાર છાબમાં અર્પણ કર્યો. પૂંજારીએ ''જય સાંઇનાથ'' કહીને બંન્નેને પ્રસાદી આપી. શ્રી સાંઇનાથનો મહિમા અપાર છે. કિશોર અવસ્થામાં અહીં પધારેલ સાંઇનાથના જન્મ વિશે કોઇક જ માહિતી નથી. યોગીરાજ સમર્થ સ્વામિ તેમના શિષ્ય બનેલ હતા. શીરડીના દુ:ખે દુ:ખી થનાર શ્રી સાંઇનાથ શીરડીના ઈશ્વર મનાય છે. દ્વારકામાંયીમાં અગ્નિ પ્રગટાવી વર્ષો સુધી યોગ કરનાર શ્રી સાંઇનાથ વિશ્વ વિખ્યાત બનેલ છે. મંદિરના ઉત્તર તરફ તેમના શિષ્યની સમાધિ છે. વિશાળ પટાંગણમાં શ્રી સાંઇનાથ મંદિર આવેલ છે. મંદિરનો ગર્ભગૃહ ભાગ સોનાથી મઢેલ છે. મંદિરનું શિખર સોને મઢેલ છે. શ્રી સાંઇકૃપા અનંત છે.



વનલત્તા અને સુહાસ દર્શન કરીને બહાર આવ્યાં ત્યારે અન્ય યાત્રાળુંઓ સમુહમાં સાંઇબાબા વિષે ચર્ચા કરતા હતા. બજાર તરફના દ્વારથી બહાર નીકળીને અનેક ચીજ વસ્તુની દુકાનોમાંથી યાત્રાળું ખરીદી કરવા લાગ્યા. શ્રી સાંઇનાથના લેમીનેટ કરેલા બે ફોટો અને સાંઇચરિત્ર સી.ડી. ખરીદીને વનલત્તા સુહાસને કહી રહી ''સુહાસ બીજું કાંઇ ખરીદવું છે?''

દુકાનમાં વિવિધ ચીજ વસ્તુ નીહાળતા સુહાસે ઉત્તર આપ્યો ''હા, મારે આ કીચેઇન ખરીદવી છે.'' સુહાસે કીચેઇન હાથમાં પકડીને વનલત્તાને બાતવી. વનલતાને તે ખૂબ ગમી ગઇ તે કહી રહી ''એક નહીં બે ખરીદ જે.''

સુહાસે સુંદર નાનકડી બે કીચેઇન ખરીદી. વનલત્તાની દૃષ્ટિ નાનકડી સાંઇબાબાની પ્રતિમા ઉપર પડી. તેણે દુકાનદારને કહ્યું ''આ પ્રતિમાની શું કિંમત છે.'' દુકાનદારે વનલત્તા સામે દૃષ્ટિ કરતાં કહ્યું ''ખૂબ કિંમતી છે.''

વનલત્તાએ સૂચક દૃષ્ટિ કરતાં કહ્યું ''એટલે?''

''બહેનજી જો તમારે બાબાની પૂંજા કરવા ઘરના દેવમંદિરમાં પધરાવવી હોય તો કિંમત અમૂલ્ય છે. અને શોકેશમાં મૂકવી હોય તો પૂરા ૨૦૦ રૂપિયા.'' દુકાનદાર વેધક શબ્દ બોલ્યો. વનલત્તાએ કહ્યું ''મારે તો પૂંજા માટે જ લઇ જવી છે.''

દુકાનદારે ભાવભરી નજરે વનલત્તાને નીહાળતાં કહ્યું "સાંઇનાથની મૂર્તિ મારા તરફથી આપને ભેટ."

સુહાસ વનલત્તા દુકાનદારના ભાવના ભર્યા શબ્દો સાંભળતાં આશ્ચર્યમાં પડ્યાં. સુહાસે દુકાનદારને વ્યવહારું વાત કરતાં કહ્યું "તમારે તો મૂર્તિ ખરીદીને જ લાવવી પડે ને. મફતમાં થોડી આવતી હશે."

દુકાનદાર બોલી ઊઠ્યો "સાચી વાત છે. પણ અમારો ધંધો રોજગાર શ્રી સાંઇકૃપાથી જ ચાલે છે. તે તો અમારા ઈશ્વર છે." દુકાનદારની આંખો વાત કરતાં ભીની થઇ ગઇ. શ્રી સાંઇપ્રેમની પ્રસાદી અનુભવતાં સુહાસ વનલત્તાનાં હૈયાં પણ ગદગદીત થઇ ગયાં.

પ્રતિમા ખરીદીને દુકાનનાં પગથિયાં ઉતરતાં સુહાસ વનલત્તાને દુકાનદારે કહ્યું "જય સાંઇનાથ."

વનલત્તાએ પ્રતિઉત્તર આપ્યો. "જય સાંઇનાથ." શ્રી સાંઇપ્રતિમાને છાતી સરસી ચાંપીને બજાર વચ્ચે સુહાસ હાથ પકડીને ચાલતી વનલત્તાના નેત્રમાં કોઇ જુદી જ ચમક હતી. વનલત્તાનું હૃદય શ્રી સાંઇનાથ ના જાપ જપતું હતું. વનલત્તાનો હાથ પકડીને ચાલતો સુહાસ વારેવારે તેની સામે જોતો હતો. સુહાસને વનલત્તા સાથે કેટલીય વાતો કરવાની ઈચ્છા થઇ હતી. પરંતું વનલત્તાના હૃદયમાં વ્યાપી ભાવ તેની આંખોની ચમક જોઇને તે કંઇ જ કહી ના શક્યો. પુનઃ તે જ ફુટપાથ તરફ ચાલતાં ભક્તિધામમાં બંન્ને આવ્યાં ત્યારે દર્શનાર્થીઓ લક્ઝરી બસ પાસે ઊભા રહ્યા હતા. કેટલાક યાત્રાળું સુહાસ વનલત્તાને જોઇ જ



રહ્યા હતા. એક યાત્રાળુંએ માર્મિક શબ્દો કહેતાં હસી પડ્યો "દર્શન કરી આવ્યાં."

"હા!" સુહાસે ટૂંકો ઉત્તર આપતાં કહ્યું તે યાત્રાળુંનો કહેવાનો ઉદ્દેશ્ય સમજતો હતો. છતાં તેણે મનની વાત મનમાં રાખી. પરંતું સુહાસ એટલું જ બોલ્યો "જુઓ વનલત્તા શ્રી સાંઇબાબાની સુંદર મૂર્તિ લાવી છે."

યાત્રાળુંઓનો સમુહ વનલત્તા પાસે આવ્યો. છાતી સરસી ચાંપેલી મૂર્તિને જોતાં જ બધા આશ્ચર્યમાં પડી ગયા.

એક યાત્રાળું બોલી ઊઠ્યો "મેરે તો ગિરધર ગોપાલ દૂસરો ન કોઇ."

યાત્રાળુંઓનો સમુહ મનોમન હસી રહ્યો. કેટલાક ના હોઠ ઉપર હાસ્યની રેખા પ્રસરી ગઇ. સુહાસ મનોમન સમસમી ઊઠ્યો છતાં કંઇ બોલ્યા વિના વનલત્તાને કહી રહ્યો "લાવ તો તારા ગિરધરને."

વનલત્તા સુહાસ તરફ જોતાં કહી રહી "તારે શું કામ છે?"

"તું જરા પાણી પી સ્વસ્થ થા. સામેના જળધારામાં ફેઈશ સાફ કરી તાજગી અનુભવ." વાતને હળવાસમાં વળાંક આપતાં સુહાસે કહ્યું.

સુહાસની વાતને સંમતિ આપતી મૂર્તિ આપી. વનલત્તા ચહેરો સાફ કરવા જળધારા પાસે ગઇ. આંખોમાં પાણી છાંટી, પાણીથી ચહોરો સાફ કરી, નેપકીનથી ચહેરો લુંછતાં વનલત્તા બાજુની રેંકડીમાંથી યશનો

ઠંડો બોટલ ખરીદી પાણી પીવા લાગી. વનલત્તાએ સુહાસની પાસે આવી કહ્યું. ‘‘લે તું પી ઠંડું પાણી છે.’’

સુહાસ વ્યંગમાં કહી રહ્યો ‘‘હવે તો પાણી પીવડાવીને ઠંડો જ પાડવાની ને.’’

વનલત્તા હસતાં હસતાં કહી રહી ‘‘તેં મને પાણી પીવાનું કહ્યું તો મારી ફરજ છે કે તને પાણી પીવડાવવું જોઇએ.’’

સુહાસ, વનલત્તાની વાત ઉપર મનોમન હસી રહ્યો. યાત્રાળુંઓ કાન માંડીને બંન્નેની વાતને સાંભળી રહ્યા હતા. ભક્તિધામના દરવાજા ઉપર કમાન બનીને ચઢેલી મધુમાલતીનાં ફૂલોનાં ઝુમખાં પવનની લેહર સાથે હસી રહ્યાં હતાં. રસ્તાની બંન્ને તરફ આસો પાલવનાં પર્ણો પવનની લહેર સાથે ખડખડાટ હસતાં હતાં. જાણે કહેતાં હતાં. ‘‘અમારા સાંઇનાથનો પ્રભાવ જ એવો છે. ભારતની ધરતી ઉપર પથ્થર દેવલ બની પૂંજાય છે. જીવ કરતાં પણ તેનું વધુ માહત્મય છે.’’

મોહને વ્હિસલ મારી. બધા યાત્રાળુઓ ગોઠવાઈ ગયાં. તેણે સૂચન કર્યું ‘‘આપણે ત્રંબકેશ્વર જઇશું. દર્શન કરી ત્યાં જ ભોજન લઇશું.’’

આદિલે ભક્તિધામમાંથી બસને હંકારી. શીરડીના સાંઇનાથની ધજા હવામાં ફરકી રહી હતી. બધા યાત્રાળુંઓ ધજાનાં દર્શન કરીને ભાવભર્યાં વંદન કરી રહ્યાં હતાં.

દોડતી બસમાં સુહાસ વનલત્તાનો હાથ પકડીને કહી રહ્યો હતો. ‘‘વનલત્તા....એયે.’’



બારી બહારનાં દોડતાં ખેતરોનો ટમાટા, દ્રાક્ષ અને શેરડીનો પાક જોતાં વનલત્તા કહી રહી ‘‘હં...શું?’’

‘‘પાછા ક્યારે શીરડી આવીશું?’’ સુહાસ વનલત્તા તરફ જોઇને એક નિશ્વાસ નાંખતાં કહ્યું ‘‘બાબા બોલાવે ત્યારે.’’

‘‘હવે ક્યારે મળીશું?’’ સુહાસે એક વેધક પ્રશ્ન પૂછ્યો. વનલત્તા કંઇક વિચાર કરતાં થોડા સમય પછી બોલી રહી ‘‘સુહાસ આમ મળવાનો શો અર્થ?’’

‘‘એટલે?’’ સુહાસે વનલત્તાના વિચારો જાણવા કહ્યું.

વનલત્તા સુહાસની નજરમાં નજર મેળવીને કહી રહી ‘‘હવે તો માત્ર એક જ ઉપાય.’’

‘‘લગ્ન...’’ સુહાસ મર્માળ હસતાં કહી રહ્યો તેણે વનલત્તાની હડપચી ઉપર એક ટપલી મારતાં કહ્યું. વનલત્તાએ તેના હાથ ઉપર હાથ મૂકતાં કહ્યું ‘‘એય ક્યારે લગ્ન કરીશું?’’ સુહાસ વનલત્તાની વાત ઉપર વિચાર કરવા લાગ્યો. ઘણો સમય પસાર થયા પછી તે કહી રહ્યો ‘‘આપણે ત્રંબકેશ્વર જઇ આવ્યા પછી નાસિકમાં લગ્ન કરીએ.’’

વનલત્તાએ સુહાસની વાતને સમર્થન આપતાં મૂક્ત હસી પડી. તેજ ગતિમાં દોડતી બસમાંથી ત્રંબકેશ્વરના હરિયાળા પહાડો દેખાવા લાગ્યા. ત્રિદિશામાં ઊભા ઊંચા ગિરીશૃંગ ભવ્ય લાગતા હતા. મધ્યાહ્નનો સૂર્ય પ્રકાશ સોનું પાથરતો હતો. વિશાળ પહાડી મેદાન વચ્ચે ભગવાન ત્રંબકેશ્વરના શિવાયલયની ભવ્યતા અદ્ભૂત હતી.

ગોદાવરી કિનારેથી આવતો શિતળ પવન સ્ફૂર્તિ ભરતો હતો. લક્ઝરી પાર્ક કરી ત્યારે તેની આજુબાજુ કેટલાક બાળકો સ્ત્રીઓ, વૃદ્ધો ઉતરતા યાત્રાળુંની ચોપાસ વિંટળાઈને ભીખ માંગી રહ્યા હતા.

“સાહેબ! એક રૂપિયો...” દિન ચહેરા વાળો ફાટેલાં મેલાં ચડ્ડી બુશટ પહેરેલો બાળક તેના જિંથરા જેવા વાળમાં હાથ ફેરવતો. ચહેરા ઉપરનો પ્રશ્વેદ બુશટની બાંયથી લુછતો બોલી રહ્યો હતો.

કેટલાક યાત્રાળુંઓ પાંચ સાત વર્ષના કિશોરને પચાસ પૈસા રૂપિયો આપતા હતા. સુહાસ વનલત્તા જેવાં લક્ઝરીમાંથી નીચે ઊતર્યા ત્યારે તે બાળક અને એક ભૂખથી કુસ થઈ ગયેલી વાંકી વળીગયેલી યુવતી દોડતી આવી. સુહાસે દીન મનેખને જોઈને તેને તેની ગરીબાઈ ઉપર કરુણા જાગી. તે કહી રહ્યો હતો. “હે ભગવાન...કોઈને ગરીબ ના બનાવ.” તેની આંખોમાં ઝળઝળીયાં આવી ગયાં. દરિદ્રતાની ચરમ સીમા વિચારી રહ્યો હતો. ભૂખ શ્રમ, કાળી મજુરી છતાં પેટિયું ના ભરાયું. તે મનોમન બોલી રહ્યો “કેવું દારૂણ જીવન છે. આ પૃથ્વી ઉપર એવાં તે કેવાં પાપ કર્યાં હશે આ માનવોએ.”

વનલત્તા સ્થિતપ્રજ્ઞ અવસ્થામાં ઊભા રહેલા સુહાસને જાગૃત કરતાં કહી રહી “સુહાસ શું વિચારે છે. બધા મંદિર તરફ જવા લાગ્યા.”

વિચારોમાંથી બહાર નીકળતો સુહાસ તેના ચહેરા ઉપર હાથ ફેરવતો કહી રહ્યો “કંઈ નહીં જો ને ગરીબ લોકો છે. તેમનું જીવન કેવું હશે.” સુહાસે તેના શર્ટના ખિસ્સામાંથી પાંચનો સિક્કો કાઢી કિશોરના



પાત્રમાં મૂક્યો. ત્યાં જ ભૂખથી કુશ થયેલી યુવતી દર્દ ભર્યા અવાજે કહી રહી. “સાહેબ ત્રણ દિનાં ભૂખ્યાં છીએ. રૂપિયો રોડો તો ઠીક પણ કંઈ ખાવાનું આપો. ભગવાન તમારું કલ્યાણ કરે.”

જીવનની વાસ્તવિક્તા સમજતાં વનલત્તાએ સામેની દુકાનેથી થોડાં સીંગ, ચણા, પાપડી, ચવાણું ખરીદીને બધા જ ભિક્ષુકને આપવા માંડી સુહાસ વનલત્તાના ભાવને અપલક નયને જોઈ જ રહ્યો તેમ છતાં બંન્ને ચાલવા લાગ્યાં ત્યારે તેમની પાછળ પાછળ ચાલતાં બાળકો કહી રહ્યાં હતાં. “સાહેબ કંઈ આપતા જજો.”

“સારું તમને આપ્યું ને.” કંઈક આપવાનો સંતોષ અનુભવતાં બંન્ને ભગવાન ત્રંબકેશ્વરના દર્શનાર્થે પ્રવેશ્યાં ત્યારે પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણની પહાડી વચ્ચે ખુલ્લા મેદાનમાં ભવ્ય મંદિર ભાવિક ભક્તિનો કતારથી ઊભરાતું હતું. કેટલાક દર્શનાર્થીઓ દર્શન કરીને મંદિરની પાછળના ખુલ્લા મેદાનમાં વિચરી રહ્યા હતા. દ્વાપર યુગનું શિલ્પકામ અને સ્થાપત્ય ધરાવતું આ મંદિરનું પ્રવેશદ્વાર જમીનથી દશ ફૂટ ઊંચું હતું. પ્રવેશ દ્વારથી બસો ફૂટના અંતર મંદિરનો સભામંડપ શરૂ થતો હતો. ગર્ભગૃહમાં પ્રવેશવાનું દ્વાર સાંકડું અને ઊંચે હતું. વનલત્તા અને સુહાસ મંદિરમાં પ્રવેશ્યાં ત્યારે દક્ષિણ તરફનો ઊંચો માર્ગ ભગવાન ત્રંબકેશ્વરના ગર્ભદ્વારે પહોંચતો હતો. ત્રણ યાત્રાળું એક સાથે ચાલી શકે તેટલો જ સાંકડો માર્ગ ભગવાન ત્રંબકેશ્વરના દ્વારે આવી પહોંચ્યો ત્યારે મંદિરના બાકીના ભાગમાં દક્ષિણ તરફના દ્વારની આસપાસ ગોઠવાયેલા વેદ પાઠી બ્રાહ્મણો ક્રિયાકાંડ, પૂંજા અર્ચના માટે ખરીદેલ

પુષ્પ અગરબત્તી, શ્રીફળ વગેરેની છાબ પૂંજારીને અર્પતાં વનલત્તાએ તેની ઓઢણી શીર ઉપર મૂકી. સુહાસે ભાવપૂર્વક પ્રણામ કર્યા જ્યારે વનલત્તાએ ભાવપૂર્વક વંદન કરતાં બોલી ઊઠી ત્રંબકમ્ યજા મહે સુગંધિમ્ પુષ્ટિવર્ધનમ્...''મૃત્યું મુખી યમ પ્રભ.''

સુહાસ પણ તે જ મંત્ર બોલી રહ્યો દર્શનાર્થીઓની ધક્કા મુક્કી કે બુમબરાડા ન હતા. માત્ર શાંત વાતાવરણમાં ત્રંબકેશ્વરનો પ્રભાવ ફેલાઈ રહ્યો હતો. વેદપાઠી બ્રાહ્મણને દક્ષિણા આપી વંદન કરતાં બંન્ને અંતે એક વૃદ્ધ બ્રાહ્મણ પાસે પહોંચ્યા ત્યારે તે જાપ કરી રહ્યો હતો.

વનલત્તાએ વૃદ્ધ બ્રાહ્મણને કહ્યું ''મહારાજ અમારે રૂદ્રિ કરાવી છે.''

બ્રાહ્મણે ક્રોધિત થઈ કહ્યું ''ત્રંબકેશ્વરમાં માત્ર બ્રાહ્મણની જ રૂદ્રિ થાય છે. અન્યની નહીં.''

''હા અમે બ્રાહ્મણ છીએ.'' વનલત્તાએ ભાવપૂર્વક કહ્યું.

''ક્યા ગોત્રના છો?'' બ્રાહ્મણે વેધક પ્રશ્ન પૂછ્યો. તે વિસ્ફારીત આંખોએ કહી રહ્યો.

''વત્સત્ ગોત્રના.'' સુહાસે ટૂંકો જવાબ આપ્યો.

''વત્સત્ ગોત્રના બ્રાહ્મણ તો નર્મદા કિનારે છે. ખેડબ્રહ્મા અને મધ્ય ગુજરાતમાં જ છે.'' બ્રાહ્મણે પોતાનું જ્ઞાન વ્યક્ત કર્યું.

''અમે વલસાડ રહીએ છીએ.'' વનલત્તાએ કહ્યું.





''સારું બેસી જાઓ.'' બ્રાહ્મણે સૂચન કર્યું. વનલત્તા અને સુહાસ બંન્ને બેઠાં ત્યારે બંન્નેના નામ પૂછી બ્રાહ્મણે તાંબાના લોટાનું પાણી હથેળીમાં લઈ મંત્રોચ્ચાર કરી અંજલિ છંટકાવ કર્યો. ગોત્ર અને નામ પિતાનું નામ પૂછીને વધુ મંત્ર ઉચ્ચારતાં કહ્યું ''સુહાસકુમાર ભાર્યા વનલત્તાનાં ધન વૈભવ સુખ પ્રાપ્તિ અર્થે...'' બંન્ને વેદોક્ત બ્રાહ્મણના મંત્રોચ્ચારને ના અટકાવી શક્યાં. પરંતુ વિધિ પૂર્ણ થઈ ત્યારે બ્રાહ્મણની ઈચ્છા કરતાં વધુ દક્ષિણા આપતાં વૃદ્ધ બ્રાહ્મણ ખુશ થઈને આર્શીવચન ઉચ્ચારવા લાગ્યો.

થોડો સમય શાંત મને ઊભા રહીને બંન્ને બ્રાહ્મણને વંદન કર્યા. વનલત્તા હળવેથી બ્રાહ્મણને કહી રહી. ''મહારાજ ક્રોધિત ના થાઓ તો એક વાત કરું.'' ''બોલો શું વાત છે.'' ખૂબ વિચાર કરતાં બ્રાહ્મણ શાંત થયો. કોઈ જ ઉત્તર ના મળતાં પુનઃબ્રાહ્મણ કહી રહ્યો. ''કેમ કંઈ જ કહેતા નથી.?'' તમે તો મારી દીકરી જેવી છો.''

બ્રાહ્મણના ઉદ્ગારથી બધી જ હિંમત એકઠી કરી જીભ ઊપડતી નહોતી છતાં તૂટક શબ્દોમાં વનલત્તા કહી રહી ''મ..હા...રા...જ અ..મે...અ...મે.

''હા....હા....બોલ શું અમે...''બ્રાહ્મણે વાત જાણવાની તીવ્ર ઈચ્છાપૂર્વક કહ્યું.

''અમે...લગ્ન...કરવાનાં છીએ.''

વનલત્તાએ પરિણામ જે કોઈ આવે તે સહન કરવાની તૈયારી

સાથે કહ્યું.

બ્રાહ્મણનો ક્રોધ આસમાને પહોંચી ગયો. ક્રોધથી તેની ભ્રમર ઊંચે ચઢી ગઇ. વિશાળ આંખો પહોળી થઇ ગઇ. તે ક્રોધથી ધુંવાપુંવાં થઇ ગયો. તેમ છતાં કંઇ બોલ્યો નહીં. અન્ય બ્રાહ્મણો અને દર્શનાર્થીઓ બ્રાહ્મણની ક્રોધિત અવસ્થા જોઇને આશ્ચર્યમાં પડી ગયાં. બ્રાહ્મણ ક્રોધમાં ઊભો થઇને પગપછાડી રહ્યો હતો. તેમ છતાં તેણે હળવેથી બૂમ મારી "હરીશ!"

"હાં બોલો દાદાજી" હરીશ દોડતો આવ્યો.

"જા...બે ફૂલહાર લઇ આવ," બ્રાહ્મણે આજ્ઞા કરી. તેણે ખભા ઉપરનો કેશરી ખેસ સુહાસના ગળામાં નાંખ્યો. થોડા સમયમાં હરીશ ફૂલહાર લાવ્યો. બ્રાહ્મણે વેદોક્ત ઉચ્ચાર સાથે વનલત્તાના પાલવના છેડા સાથે સુહાસના ખેસનો છેડો બાંધી દીધો. સુહાસ અને વનલત્તાને એક એક ફૂલહાર આપી કહી રહ્યો "વરમાળા પહેરાવો."

વનલત્તાએ સુહાસના ગળામાં વરમાળા પહેરાવી. ચરણ સ્પર્શ કર્યાં. વનલત્તાના ગળામાં હાર પહેરાવ્યો. ચરણ સ્પર્શ કરતી વનલત્તા અને સુહાસને બ્રાહ્મણે આશીર્વચન આપ્યાં. અન તે બોલી ઊઠ્યો "જાઓ ભગવાન ત્રંબકેશ્વરને પગે લાગી આવો. ત્રંબકેશ્વર ના ગર્ભગૃહ સમક્ષ ઊભેલા પૂંજારીએ બંન્ને ને આવકાર્યાં. જાઓ અંદર જઇને દર્શન કરો." વનલત્તા અને સુહાસ ભગવાન ત્રંબકેશ્વરના દર્શન કરી પાછા નીકળ્યા ત્યારે પૂંજારી કહી રહ્યો હતો. "તમે ખૂબ ભાગ્યશાળી છો. છેલ્લા, સો



વર્ષમાં આ પહેલો બનાવ છે કે ભગવાન ત્રંબકેશ્વરમાં કોઇએ લગ્ન કર્યાં હોય. ભગવાન ત્રંબકેશ્વરના દર્શન કર્યા હોય."

વનલત્તા અને સુહાસ પોતાની જાતને ધન્ય માની રહ્યા હતા. બ્રાહ્મણોને દક્ષિણા આપતા. પૂજારીને દક્ષિણા આપી બંન્ને વૃદ્ધ બ્રાહ્મણના ચરણ સ્પર્શ કરી રહ્યા હતા. બ્રાહ્મણની આંખમાં આંસુ હતાં. તે બોલી ઊઠ્યો "બેટા સુખી થાઓ. ભગવાન ત્રંબકેશ્વર તમારું રક્ષણ કરે." સુહાસે વૃદ્ધ બ્રાહ્મણને દક્ષિણા આપવા એક હજારની નોટ કીઢી તો બ્રાહ્મણ કહી રહ્યો "કન્યાદાન કરીને દક્ષિણા ના લેવાય."

સુહાસે ખૂબ આગ્રહ કર્યો તેમ છતાં બ્રાહ્મણે દક્ષિણા ના જ લીધી. સુહાસ વનલત્તા બહાર નીકળ્યાં ત્યારે વૃદ્ધ બ્રાહ્મણ અને તેનો પૌત્ર હરીશ ત્રંબકેશ્વરના દ્વાર સુધી મૂકવા આવ્યાં. વનલત્તાએ દૂર દૂર સુધી જતાં અનેકવાર પાછા વાળીને વૃદ્ધ બ્રાહ્મણને જોઇ રહી. તેણે પાછા આવીને દ્વારને ટેકે ઊભા રહેલા બ્રાહ્મણને કહ્યું.

"તમારું નામ શું?"

"મહાદેવ" વૃદ્ધે ઉત્તર આપ્યો.

વનલત્તાએ પોતાનું આઇડન્ટી કાર્ડ આપતાં કહ્યું "કોઇવાર ફોન કરજો. "જ્યારે પણ બોલાવશો ત્યારે તમારી દીકરી પીયર આવી જશે." વનલત્તાએ તેમનો ફોન નંબર ૯૬૩૮૪ ૮૪૫૨૭ નોંધી લીધો. પુનઃભીની આંખે આંસુ લુંછતી સુહાસ સાથે પહોંચી. બંન્ને ત્રંબકેશ્વરના કંમ્પાઉન્ડમાંથી બહાર આવી થોડી મીઠાઇ ખરીદી લકઝરી પાસે આવ્યાં

ત્યારે યાત્રાળું તેમની રાહ જોતાં હતાં. તેમને કુતુહલથી જોતાં જ કહી રહ્યાં ‘‘શું કરી આવ્યાં?’’

‘‘લગ્ન.’’ બંન્ને હસતાં હસતાં કહેતાં. યાત્રાળુંઓને મીઠાઇ વહેંચી રહ્યાં.

એક પછી એક ઉત્તર સંભળાઇ રહ્યા.

‘‘ખરું કહેવાય!’’

‘‘ભાગ્યશાળી છો.’’

‘‘મા બાપને ખબર છે?’’

‘‘જોડી સરસ લાગે છે.’’

‘‘આવ્યા યાત્રાએ ને કર્યા લગ્ન.’’

‘‘ખર્ચ બચાવ્યો.’’

‘‘આજનાં છોકરાંનું કાંઇ ના કહેવાય.’’

મૌનવ્રત ધારણ કરી ચૂકેલાં વનલત્તા અને સુહાસ એક બીજા સામું જોઇ હસી રહ્યાં હતાં.

પાછળની સીટ ઉપર બેઠેલાં પ્રૌઢ દંપત્તિ કહી રહ્યાં ‘‘ઘણું સારું કામ કર્યું. આમેય તમારી જોડી શોભે છે. દીકરી સુખી થા.’’

લક્ઝરી સ્ટાર્ટ કરી આદિલ ત્રંબકેશ્વરના બજારમાં હંકારી ગયો. હોટલ મનસાની પાસે થોભાવી. મોહન યાત્રાળુંઓને કહી રહ્યો



હતો. આપણે મનસા માં જમીશું.

‘‘આ જમણ ખર્ચ મારા તરફથી’’ સુહાસે બધાને સંબોધીને કહ્યું. તે હસી રહ્યો. વનલત્તા બધાના ચહેરાના ભાવ વિલોકી રહી.

યાત્રાળુંઓમાં આનંદનું મોજું છવાઇ ગયું.

## પ્રકરણ : ૧૧. પ્રેમનાં આંસુ

“ટ્રીન ટ્રીન” ટેલીફોનની રીંગ રણકી ઊઠી. “હલો...હલો...” રીસીવર ઊઠાવીને પ્રત્યુત્તર આપતાં મોહિની બોલી રહી....ઘણા સમય પછી રીસ્પોન્સ મળ્યો.

ધીમો છતાં થોથવાતો અવાજ હતો. “ભાભી! ભાભી!”

“હાં હાં બોલો....મોહિની બોલું છું.”

“હું સુહાસ બોલું છું.”

“હાં....હાં...બોલો...”

“ભાભી...મેં લગ્ન કર્યાં.”

“જાઓને હજુ નખરાં કરવાનાં છોડો.”

“હા...ભાભી...સાચું કહું છું.”

“તમે જન્મ્યા ત્યારે પણ જુઠ્ઠું રડ્યા હશો...”

“ના...ભાભી ગમ્મત નથી સાચું છે.”

“શું સાચું છે? હું કંઇ વિરોધ કરવાની નથી.”



“ભાભી....તમે તો મારાં મા સમાન છો.”

“ભાભી...સાચું કહું છું લગ્ન કર્યાં.”

“બોલો...મારા સમ...”

“હા..ભાભી તમારા સમ...”

“હજુ ગમ્મત કરવાની છોડો જે હોય તે...”

“ભાભી....હું વનલત્તા...!”

“કોણ વનલત્તા?”

“તમારી દેરાણી...વનલત્તા.”

“હાં...બોલ બોલ...હવે સાચું....લાગે છે. મારાં દિયરનું નક્કી નહીં. ગમ્મત કરવા કાંતો ભાડૂતી દેરાણી ઊભી કરી દે.”

“ના...ના...ભાભી સાચું છે. મેં અને સુહાસે ત્રંબકેશ્વરમાં લગ્ન કર્યાં.” વનલત્તાએ વાતનો દોર લંબાવતાં કહ્યું. વનલત્તાના મનમાં અનેક વિચારોનું વંટોળ ઉદ્‌ભવ્યું. તેમ છતાં મોહિનીનો પ્રતિઉત્તર મળતાં મનને શાંતવના મળી હતી. તેણે અનુમાન લગાવ્યું કે જરૂર ભાભી...તેમનો સ્વીકાર કરશે જ.

હોટલ મનસામાં જમણ લેતાં લેતાં સુહાસ વનલત્તા મોહિની સાથે લગ્ન પ્રસંગની વધાઈ આશીર્વાદ મેળવવા વાતચીત કરી રહ્યાં હતાં.

બધા યાત્રાળુંઓ ભોજન જમી રહ્યા હતાં. ફોન ઉપર વાતચીત કરતાં મોહિની કહી રહી હતી. ‘‘જેવી તમારી ઇચ્છા...ક્યારે ઘેર આવો છો?’’

‘‘કાલે રાત્રે તો જરૂર આવી જઇશું.’’ વનલત્તાએ કહ્યું.

‘‘મારા અને તમારા ભાઇના આશીર્વાદ છે. સુહાસને આપતો’’ મોહિનીએ હળવાસથી હસતાં હસતાં કહ્યું.

‘‘હલો...જયશ્રી કૃષ્ણ...સુહાસભાઇ તમે તો જબરા નીકળ્યા...ભાભી ભાઇ હાજર ના રાખ્યાં ને.’’ મોહિનીએ મીઠ્ઠો ક્રોધ કરતાં કહ્યું.

‘‘એવું નથી ભાભી!...સંજોગ એવા બન્યા.’’

‘‘શું થયું તમને તો છોકરી પટાવતાં સારી આવડે છે.’’

‘‘ના...ના...ભાભી અમે ત્રંબકેશ્વરમાં અમે દર્શન કરવા ગયાં હતાં. ત્યાં રૂદ્રિ કરાવી.’’

‘‘ઘણું સારુંકામ કર્યું.’’ મોહિનીએ ભાવપૂર્વક કહ્યું.

‘‘મહારાજે ગોત્ર...વંશ જાણીને સંકલ્પ મૂકાવ્યો. તેમના મંત્રોચ્ચારમાં ‘‘સુહાસ ભાર્યા વનલત્તા...’’ કહ્યું. અમે મુંઝવણમાં મૂકાઇ ગયાં. રૂદ્રિ કર્મ પછી અમે સ્પષ્ટતા કરી.’’

‘‘હં...હાં પછી શું થયું.’’ મોહિનીએ જીજ્ઞાસાથી કહ્યું.’’ કંઇ બબાલ તો નથી થઇને.’’ મોહિનીએ ચિંતા વ્યક્ત કરી.



‘‘બોલ બોલ સુહાસ શું થયું....’’ વેદાંતે ચિંતા વ્યક્ત કરવા મોહિનીના હાથમાંથી ફોન લઇને વાતચીત કરવા લાગ્યા.

‘‘ભાઇ...એવું નથી થયું. ધર્મકાર્યમાં મહારાજે અમને સાથે જોઇને પતિ પત્ની માનીને બંન્નેને સંકલ્પ જળ આપી મંત્રોચ્ચાર કર્યો. વિક્ષેપ ના પડે તે માટે અમે કાર્ય પૂર્ણ થયા પછી સ્પષ્ટતા કરી તેઓ ખૂબ ક્રોધિત થયા.’’ સુહાસે, વેદાંભાઇ સાથે વાત કરતાં કહ્યું.

‘‘પછી...તમે શું કર્યું.’’ વેદાંતે કહ્યું.

‘‘મેં કહ્યું અમે હજુ લગ્ન કરવાના છીએ...અમે લગ્ન નથી કર્યાં.’’ સુહાસે કહ્યું.

‘‘એટલે?’’ વેદાંતે મુંઝવણ અનુભવતાં કહ્યું.

‘‘એટલે એમ કે મહારાજે આ વાત જાણી એટલે તેમણે ત્રંબકેશ્વરમાં ગંધર્વ લગ્ન કરાવ્યાં.’’ અમે રુદ્રિની દક્ષિણા આપી. ‘‘મારી દીકરી પરણાવું છું.’’ કહી મહારાજે દક્ષિણા ના લીધી.’’ સુહાસે લગ્ન અંગેની સ્પષ્ટતા કરતાં કહ્યું.

‘‘ખૂબ સારું કર્યું. મહારાજ વિદ્વાન હશે જ. નહીં તો આવું ના કરે.’’ વેદાંતે પોતાનો વિચાર રજુ કર્યો.

‘‘હા...ખૂબ મોટી વયના વૃદ્ધ મહારાજ હતા. મહાદેવ તેમનું નામ છે.’’ સુહાસે વિગતે વાત કરતાં કહ્યું.

"મહાદેવ...ઓહ! આ મહારાજે તો ખેડબ્રહ્મા અંબાજી મંદિરની પ્રતિષ્ઠા તેમણે કરી હતી." વેદાંત વાતચીત કરતાં વિચારમાં પડી ગયો.

સુહાસને તે કહેવા લાગ્યો. "તમે ક્યારે આવો છો...આ ત્યારે...વનલત્તા માટે....સાડી સાજી શૃંગાર સાધનો...અને તારા માટે સારાં કપડાં લાવજે...તારી ભાભી આજે સાંજે સુરત જઇને પાનેતર લઇ આવશે જ." વેદાંતે રીસીવર મૂકી દીધું.

ફોન કટ થઇ જતાં જ સુહાસ અને મોહિની વેદાંતની થતી વાત કાન માંડીને સાંભળી રહેલી વનલત્તાએ હળવાસ અનુભવી. તેના ચહેરા ઉપર આનંદ ફેલાઇ ગયો. વનલત્તાને સુહાસ કહી રહ્યો..."વનલત્તા....સાંભળ્યું ને મારાં ભાભી ભાઇ કેવાં છે? કલ્પના તો કરી જો...."

વનલત્તા હસતાં હસતાં કહી રહી "શિવ પાર્વતિ જેવાં." "હા ખરેખર શિવપાર્વતી જેવાં જ છે." ગૌરવથી સુહાસ કહી રહ્યો.

તે પુનઃ શાંત્વના અનુભવતાં કહેતો હતો. "તું મળીશને ત્યારે તને થાશે કે તેમના ચરણોમાં બેસી રહું." સુહાસે ભાવભર્યાં ગળગળા અવાજે કહ્યું. સુહાસના નેત્રમાં પ્રેમનાં આંસુ ઊભરાયાં તે આંસુ લુછતાં કહેતો હતો. "મા બાપ વિનાના અમે બે ભાઇ...મા ના મૃત્યુ પહેલાં ભાભી પરણી ને આવ્યાં. મને ઉછેર્યો. ભાઇની કડોદ સ્કુલમાં નોકરી...જમીન ખરી. શેરડી પકવીને જીવન નિર્વાહ કરીએ. ભાભીએ





મને ભણાવ્યો. તે માટે ખૂબ કરકસર કરી. ધીમે ધીમે બચતના પૈસામાંથી ઘણી જ જમીન રાખી. મુસાફરી અને પ્રકૃત્તિ પ્રેમને કારણે મને ફોટોગ્રાફીનો શોખ હોવાથી મેં ફોટો ગ્રાફીનો કોર્સ કરીને ફોટોગ્રાફીનો વ્યવસાય શરૂ કર્યો. બારડોલી, કડોદ અને સુરતમાં ફોટો સ્ટુડિયો શરૂ કર્યો." સુહાસને ભાવભરી વાતો સાંભળીને વનલત્તા સાંભળી રહી હતી. બંન્ને થોડું થોડું જમતાં ઊભાં થઇને વોસ બેસ તરફ હાથ મુંખ ધોવા જતાં હતાં ત્યાં મોહન બોલી ઊઠ્યો "તમે તો જલ્દી જમી લીધું ને..."

"હા...ખાસ...ખાવાની ઇચ્છા નથી."

"કેમ? તમે તો પહેલેથી જ ધરાઇ ગયા હશો." મોહને હસતાં હસતાં કહ્યું. બાજુની ખુરશીમાં જમતો આદિલ કહી રહ્યો "ભાઇ પહેલો પહેલો પ્રેમ છે. જમવામાં એવું જ હોય."

વનલત્તા સુહાસ મોહન અને યાત્રાળુંઓ હસવા લાગ્યાં. થોડા સમયમાં બધા જમી રહ્યા. ત્યારે મોહન કહી રહ્યો "આપણે શનેશ્વર જઇશું. રાત્રિ રોકાણ ત્યાં થશે."

સુહાસ વનલત્તા અન્યોન્યને જોઇ જ રહ્યાં. સુહાસે મોહનને ધીમેથી કહ્યું. "અમે નાસિકમાં રાત્રિ રોકાણ કરીશું." સવારે તમે નાસિક આવશો ત્યારે પાછા ઘર તરફ જવા જોડાઇ જઇશું."

મોહન આદિલ મનોમન એક બીજાને જોઇ ને હસી રહ્યાં. આદિલ વનલત્તાને કહી રહ્યો "કૈસા લગા હમારા યે સુહાસ?"

વનલત્તા આદિલની મઝાકથી હસી રહી હતી. તે આદિલને કહી રહી ''ઠીક હૈ ચલેગા. બઢિયા નહીં.''

''ક્યા બાત કરતી હૈ.'' આદિલ ઉત્સાહમાં આવીને કહી રહ્યો.

''હાં...હાં...સામને વાલી લડકી કો લાઈન લગાતા હૈ.'' વનલત્તા મર્માળ હસતાં સુહાસ તરફ જોઈ રહી.

''અચ્છી બાત તો હૈ ન અભી દીલ ભરા નહીં ઐસા કરો.'' આદિલ હસતાં હસતાં કહી રહ્યો.

સુહાસ સમસમી ઊઠ્યો. તેને કલ્પના પણ નહીં કે વનલત્તા તેની ચાંપતી નજર રાખે છે. વનલત્તાને હળવો ધબ્બો પીઠમાં મારતાં હસતાં કહી રહ્યો. ''હમ તો ભવંર હૈ. ભવંર. તુમ લડકીયાં ક્યા જાને.''

વનલત્તા વેધક ચૂંટણી સુહાસની કમરમાં ભરતાં સુહાસ ચીસ પાડી ઊઠ્યો. આદિલ પ્રણયી યુગલાની મોઝ મસ્તી માણી રહ્યો. મોહન દૂર ઊભો ઊભો હસતાં કહી રહ્યો ''ખરાં છે હોં.''

''કેમ?'' સુહાસે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

''નાસિક રોકાવાનું કહો છો. શનેશ્વર નથી આવવું. શનેશ્વર ચાલો. શનેશ્વરથી પાછું તમને નાસિક લેવા આવવાનું થાય તો હાઈવે ઉપરથી નાસિક તરફ બીજા ૨૦કિ.મી. અંદર આવવું પડે. મુસાફરો કદાચ સંમત ના થાય.'' મોહને પોતાનું મંતવ્ય રજુ કર્યું.



વનલત્તા કહી રહી ''મોહનની વાત સાચી છે. આપણા કારણે બધાને હેરાન થવું પડે તેમ કરવું નથી. આપણે પણ સાથે જઈએ.''

વનલત્તાની વાતમાં સમર્થન આપતાં આદિલ કહેતો હતો. ''તમે સાથે આવો વારેવારે શનેશ્વર ના જવાય. જોવા જેવું સ્થળ છે. તમારે જોઈતી સગવડ મળી જશે. ત્યાં હોટલ અદિતિ છે. સારી વ્યવસ્થા છે. સ્પેશ્યલ રૂમ પણ મળશે.'' આદિલ હસી રહ્યો.

સુહાસ, વનલત્તા આદિલનું કહેવું સમજી શક્યાં સુહાસે ચર્ચાનો દોર પૂર્ણ કરતાં કહ્યું ''સારું અમે પણ આવીએ છીએ. આપણે વલસાડ ક્યારે પહોંચીશું.''

''સવારે શનેશ્વરથી નીકળીએ તો ઔરંગાબાદથી વલસાડ પહોંચી જવાય. લગભગ સાંજે સાત કલાકે જરૂર પહોંચી જવાય.'' આદિલે અનુમાન લગાવી કહ્યું.

યાત્રાળુંઓ હોટલ મનસામાં ભોજન લઈ ચૂક્યાં હતાં. બધા લક્ઝરીમાં ગોઠવાઈ રહ્યાં હતાં. ત્યારે મોહન સકિલ લક્ઝરીના કાચ ઉપર પાણી છાંટી કાગળથી કાચ સાફ કરી રહ્યાં હતાં. ત્યારબાદ આદિલે અગરબત્તી કરીને અલ્લાહને યાદ કર્યાં. લક્ઝરી સ્ટાર્ટ થઈ ત્યાર મધ્યાહ્નનો સમય થવા આવ્યો હતો. ત્રંબકેશ્વરથી નાસિકના માર્ગે દોડતી લક્ઝરી તેજ ગતિમાં દોડતી હતી. સંધ્યાકાળ પહેલાં બધા શનેશ્વર આવ્યા ત્યારે બારણા વગરના મકાનો જોઈને આશ્ચર્યમાં પડી ગયાં. હોટલ અદિતિનાં કમ્પાઉન્ડમાં લક્ઝરી પ્રવેશી. રહેવાની વ્યવસ્થા બુક

કરાવી. યાત્રાળુંઓ સાથે શનેશ્વરના દર્શને જવા મંદિર તરફ જવા લાગ્યાં. હાઈવેની દક્ષિણ તરફ ગોઠવાયેલી દુકાનો પાસેના નળના સ્ટેન્ડ પોષ્ટ પાસે કેટલાક દર્શનાર્થીઓ સ્નાન કરતા હતાં. કેટલાક ભીના કપડે તો કેટલાક યાત્રાળું રેશમી પીતાંબર પહેરીને છાબમાં ફૂલ અને તેલ અગરબત્તી મૂકીને મંદિર તરફ જઈ રહ્યાં હતાં. હોટલ મેનેજરને સુહાસે પૂછ્યું "યે લોગ ઐસા ક્યું કરતે હૈં."

મેનેજરે કાઉન્ટર ઉપરથી જવાબ આપ્યો. "દેખો સામને શનિદેવકા મંદિર હૈ. મંદિરમેં ભગવાન શનિદેવકા દર્શન કે લીયે ન્હા કર ભીગે કપડે સે હી જાના પડતા હૈ. શનિદેવકો તેલ ચઢાયા જાતા હૈ. શનિદેવકી કૃપાસે યહાં ચોરી નહીં હોતી. પૂરે મકાનકો દ્વાર નહીં હોતે. યહાંકી બેંક ભી બીના દ્વારકી હૈં."

હોટલ મેનેજરની વાતથી બધા આશ્ચર્યમાં પડી ગયા. યાત્રાળુંઓ મંદિર તરફ ગયા તો મંદિરના પ્રવેશ દ્વારથી દેખાતા મંદિરનો ચોક વિશાળ હતો. મંદિરની પશ્ચિમ તરફ શનેશ્વર ભગવાન અને શિવજીની પ્રતિમા હતી. મંદિરના મધ્યભાગમાં ચોપાસ રેલીંગ વચ્ચે ઊંચા ઓટલા ઉપર મધ્યભાગમાં ૭ ફૂટ ઊંચો લંબચોરસ કાળા પથ્થરતે 'શનેશ્વર' શ્રદ્ધાળું યાત્રાળું શનેશ્વર ભગવાને તેલ ચઢાવે છે. તેની ભક્તિભાવ પૂર્વક પૂંજા અર્ચના કરે છે. કાળા કપડામાં સજ્જ ભગવાનના પૂંજારી દ્વારા જ પૂંજા અર્ચના થાય છે.

શનિદેવના દર્શન કરી યાત્રાળુંઓ સુહાસ વનલત્તા બજારમાં ખરીદી કરવા ગયા. શનેશ્વરના બજારમાંથી ખરીદી કરતાં વનલત્તાએ





સુંદર સાડી ખરીદી. સુહાસે શર્ટ ખરીદ્યું. મોડી સાંજે હોટલ અદિતિ તરફના માર્ગે નીકળ્યા તો ચો તરફ ખુલ્લા શેરડીના ખેતર ઉપરનો પવન આવી રહ્યો હતો. દ્રાક્ષ અને ચીકુની વાડીઓ અહીંની વિશિષ્ટતા હતી. હોટલ અદિતિમાં સાંજનું ભોજન પરવારી જ્યારે બંન્ને યાત્રાળુંઓ સાથે વાતચીત કરતાં હતાં ત્યારે સુહાસે પોતાની પાસે ઊભા રહેલા યાત્રાળુંને કહ્યું "શનેશ્વર અદ્‌ભૂત છે."

"હું તો પહેલી વાર આવ્યો."

"અમે પણ...નાસિકથી ૮૦ કી.મિ. ખરું."

"રસ્તાની બંન્ને બાજુ ડુંગરી અને ટામેટાના ઢગલા જોઈને ખેડૂત વેપારીઓની ઉપર દયા આવે."

"સાચી વાત છે. ખેડૂતોનો તેમના પાકનો સાચો ભાવ નહીં મળતો હોય."

"શેરડીના કોલા ઉપર જઈને શેરડીનો તાજો રસ પીવાનું આપણને ઈચ્છા થઈ જાય."

"અહીંની આ જ વિશેષતા છે."

"કહેવાય છે કે દ્રાક્ષ તો આ વિસ્તારની જ." સુહાસે વલસાડ અને સુરતના બજારમાં વેચાતી નાસિકની દ્રાક્ષ વિશે વાત કરતાં કહ્યું.

વનલત્તાએ સુહાસને કહ્યું "સાંજનો સૂર્યાસ્ત થઈ ગયો છે. પશ્ચિમના આકાશમાં તેનો કંકુવર્ણો પ્રકાશ પથરાઈ રહ્યો છે. પક્ષીઓના

ટોળાં તેમના માળા તરફ જવા પશ્ચિમના આકાશ તરફ ઊડી રહ્યાં છે. ચાલો આપણે ફરવા જઈશું.''

સુહાસ વનલત્તા કેટલાક યાત્રાળું સાથે શનેશ્વરના માર્ગે ચાલવા લાગ્યા ત્યારે ખેતી કામથી આવતા કેટલા ખેડૂતોએ કહ્યું ''બહુ દૂર ના જતા અહીં સાપનો ભય વધુ રહે છે.''

યાત્રાળું અને સુહાસે વાત માની લીધી તેમ છતાં વનલત્તાના આગ્રહને કારણે સુહાસ પુનઃ શનેશ્વરના મંદિર તરફના માર્ગો આગળ ચાલતા જવા લાગ્યા. ઉત્તરનો પવન તાજગી ફેલાવતો હતો. હાઈવે ઉપરથી દોડતાં વાહનોની લાઈટ આંખોને આંજી દેતી હતી. રોડની સાઈડ ઉપર ઊભેલી સોડાની બારી ઉપરથી તેજ સોડા પીને બંન્નેએ પુનઃ હોટલ અદિતિ તરફ જવાનું વિચાર્યું. તેઓ હોટલ અદિતિ પહોંચ્યા ત્યારે યાત્રાળુંઓ બુક કરાવેલા મોટા હોલમાં પોત પોતાની પથારીમાં સુવા માટે ગોઠવાઈ ગયા હતા. સ્પેશ્યલ રૂમના ૭૦૦ રૂપિયા ચાર્જ આપી સુહાસે ચાવી મેળવી. બંન્ને રૂમ ખોલી બારણા પાસેની ટ્યુબલાઈટ સ્વિચ ઓન કરી અને શીલીંગ ફેન સ્ટાર્ટ કરી બે બેડ વાળા દિવાનમાં ગોઠવાયાં. સુહાસે ઊઠીને પૂર્વની દીવાલ તરફની ચારેય બારી ખોલી નાંખી. ખુલ્લા ખેતરોનો ઠંડો પવન રૂમમાં ધસી આવ્યો. રૂમનું વાતાવરણ ઝડપી તાજી હવાને કારણે સુગમ્ય થઈ ઊઠ્યું. નોકરે આવીને રૂમમાં ગુલાબની સુગંધવાળો રૂમસ્પ્રેનો છંટકાવ કર્યો. રૂમનું નિરિક્ષણ કરતાં સુહાસની દૃષ્ટિ વોટર કુલર, એલ.જી.ના વિશાળ કલર ટી.વી. ટેલીફોન



તરફ પડી. તે ઊઠીને બાથરૂમ તરફ ગયો. બાથરૂમમાં ગીઝરની વ્યવસ્થા હતી. સુહાસે સ્નાન કરવાનું વિચાર્યું. થેલો ખોલીને ટુવાલ, સાબુ બહાર કાઢ્યાં. તે વનલત્તાને કહી રહ્યો ''હું બાથ કરીને આવું.''

વનલત્તા સુહાસને કહી રહી હતી. ''હું પણ બાથ કરીશ. ફ્રેશ થઈ જવાય. થાક પણ ઉતરી જાય.''

ત્યાં જ વનલત્તાનો મોબાઈલ રણકી ઊઠ્યો. વાતાવરણમાં મેરે તો ગિરધર ગોપાલ દુસરો ન કોઈ'' કોલર ટ્યુન વાગી રહી. રૂમનું વાતાવરણ આલ્હાદક બની ઊઠ્યું.

''હલો! કોણ?''

''નયન.''

''બોલો જય શ્રી કૃષ્ણ.''

''પપ્પા બિમાર છે. ક્યારે આવીશ?''

''શું થયું છે?''

''પેરેલાઈસીસ!''

''ઓહ! ગજબ થઈ ગયો. આતો બીજો હુમલો.''

આખ્ખું ડાબું અંગ જકડાઈ ગયું છે. જડબું ખુલતું નથી. ચહેરો ત્રાંસો થઈ ગયો છે. સિવિલમાં દાખલ કર્યા છે.''

''હું કાલે તો આવી જઈશ.'' વનલત્તા બીજું કંઈ જ બોલી

શકી નહીં.'' તે મુંઝવણમાં મુકાઇ ગઇ. સુહાસ બાથરૂમ તરફ જતાં અટકી ગયો તે બોલી ઉઠ્યો ''શું થયું?''

''લકવો'' વનલત્તાએ ટૂંકો ઉત્તર વાળ્યો.

''કોને લકવો થયો?'' સુહાસે ચિંતા કરતાં કહ્યું.

''પપ્પાને લકવો થયો. સિવિલમાં દાખલ કર્યા છે. નયન મમ્મી ત્યાં જ છે.'' વનલત્તાએ ભીની આંખોએ કહ્યું. બાથરૂમ પાસેના ગોઠવાયેલા ટેબલ ઉપર રૂમાલ, સાબુ મૂકીને વનલત્તા પાસે આવ્યો. વનલત્તાને ભેટીને તેની ભીની પાંપણ ઉપર ગોઠવાયેલાં આંસુ લુછતાં બોલી ઊઠ્યો ''ચિંતા ના કર. તું કહે તો આપણે અત્યારે જ નીકળી જઇએ.''

''ના એવું નથી તેમની ટ્રીટમેન્ટ તો શરૂ થઇ ગઇ છે.'' હળવાશ અનુભવતાં વનલત્તાએ સુહાસને કહ્યું. છતાં તે રડી પડી.

બાથરૂમમાંથી સ્નાન કરી સુહાસ વાળને ઘસતો બહાર આવ્યો ત્યારે વનલત્તા શૂન્યમમનશ્ક અવસ્થામાં વિચારોમાં બેસી રહી હતી. તેના માનસ ઉપર અનેક વિચારો આવ્યા કરતા હતા. પિતાની હાલત, મમ્મીની પાકટ ઉંમરે દોડાદોડ...આવી પડેલું દુઃખ, નયનની ટુંકા પગારની નોકરી...પોતે લીધેલું લગ્નનું સ્ટેપ વગેરે. થોડા સમય માટે તો તે શું કરવું? તે નિર્ણય ના કરી શકી. તે મુંઝાવા લાગી. તેણે સુહાસ તરફ હતાશ નજરે જોયું. સુહાસ નાઇટ ડ્રેસ પહેરી વનલત્તા પાસે પહોંચ્યો. વનલત્તાને આલિંગન આપી તેની પીઠ અને ચહેરા ઉપર હાથ





પ્રસારતાં કહી રહ્યો ''વનલત્તા! ભાગ્યમાં સુખ ને દુઃખ ક્યારે આવે છે અને જાય છે તે કોને ખબર છે?''

''હા પણ...ઘરમાં હું જ મોટી દીકરી છું. પપ્પા મમ્મીની મને ખૂબ ચિંતા થાય છે.'' વનલત્તા ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

સુહાસને આંખોમાં જળજળીયાં આવી ગયાં. તે કહી રહ્યો ''કાલે તો આપણે પહોંચી જઇશું. પાંખ હોત તો આજે જ...વનલત્તા પરિસ્થિતિ એવી છે કે આપણે અત્યારે કંઇ જ ના કરી શકીએ...હા... પણ ભગવાન શનિદેવને પ્રાર્થના કરી શકીએ કે એમના દુઃખને દૂર કરે.''

''ભગવાને જો દુઃખ આપવાનું હોય તો પછી પ્રાર્થનાનો શો અર્થ.'' વનલત્તાએ લાગણી સભર કહ્યું.

''દુઃખ હળવું તો કરે ને.'' સુહાસે દૃઢ શ્રદ્ધાથી કહ્યું. પછી તે વનલત્તાની પીઠને થબથબાવતાં કહી રહ્યો....જા...સ્નાન કરી આવ. આપણે પ્રાર્થના કરીશું.'' રાત્રિના નવ વાગી ચૂક્યા હતા. અમાસની અંધારી રાતનો પ્રભાવ પથરાઇ ગયો હતો. નજીકના શેરડીના ખેતરમાં પાણી સિંચવા માટે ડન્કીનો અવાજ ટક...ટક....ટક આવી રહ્યો હતો. તમરાનો અવાજ તેમાં વધારો કરતો હતો. બારી બહાર ઊડતા આગિયાનો પ્રકાશ અંધકારને સમ્ય કરતો હતો. સુહોસ ખુલ્લી બારીઓ બંધ કરી. વનલત્તા થેલામાંથી નાઇટડ્રેસ અને રૂમાલ સાબુ લઇને બાથરૂમમાં ગઇ. સાવર બાથ કરી વાળને ઝટકોળતી બહાર આવી ત્યારે તે તાજગી અનુભવતી હતી. નાઇટ ગાઉનમાં છુટ્ટા વાળમાં

વનલત્તા વધુ સુંદર દેખાતી હતી. તેના ચહેરા ઉપર પાણીનાં બિંદું સુંદરતામાં વધારો કરતા હતા. બાથરૂમ તરફથી બેડ પાસે તે આવી ત્યારે ગાઉનમાં છુપાયેલા ઉન્નત સ્તન હિંડોળા ખાઇ રહ્યા. સુહાસની નજર વનલત્તાના મુક્ત સ્તનની કલ્પનામાં ખોવાઇ ગયા. કઠોર પરિશ્રમબાદ મનને કાબુમાં રાખતાં તે બોલી ઊઠ્યો ‘‘ઓહ!’’ સુહાસ વનલત્તાની પાસે પહોંચ્યો તો વનલત્તા કહી રહી ‘‘આજે નહીં.’’

સુહાસે મનના આવેગને કાબુમાં રાખ્યો. તે કહી રહ્યો ‘‘સારું.’’ તેમ છતાં તેના તગતગતા હોઠ ઉપર એક ચુંબન તો આપી ચૂક્યો. સોફા પાસેના ગોઠવાયેલા ટેબલનું ડ્રોઅર ખોલતાં ઉત્સાહમાં આવી જઈને કહી રહ્યો. ‘‘ભગાવન જરૂર આપણી પ્રાર્થના સાંભળશે. જો ડ્રોઅરમાં અગરબત્તી કાંસકો તેલ માચિસ ક્રીમ વગેરે છે.’’

સુહાસે કાંસકો વનલત્તાને આપ્યો. વનલત્તા આયના પાસે પહોંચીને નિતંબ સુધીના લાંબાવાળની ગુંચ કાઢવા લાગી. ત્યારે સુહાસે અગરબત્તી બહાર કાઢી. માચિસથી અગરબત્તી સળગાવી. વનલત્તા છુટ્ટાવાળે સોફા પાસે આવીને સોફામાં ગોઠવાયેલી સેતરંજીને નીચે પાથરી તેના ઉપર બેસી ગઈ. સુહાસ અગરબત્તીને માચિસમાં ગોઠવી વનલત્તાની સામે જ મૂકી. સુહાસ તેની પાસે જ બેસી ગયો. બંન્ને એ આંખો બંધ કરી...પ્રાર્થના કરી ‘‘હે શનેશ્વર ભગવાન અમારા ઉપર કૃપા કરો. અમારા ઉપર આવી પડેલા દુઃખને દૂર કરો. વનલત્તાની આંખમાંથી ચોધાર આંસુ વહેલા લાગ્યાં. સુહાસ ભીની આંખો લુછતાં વનલત્તાના રૂંધાતા કંઠને સાંભળી રહ્યો હતો. ઘણી મિનિટો સુધી બંન્ને





ભગવાન શનેશ્વરને આજીજી કરતાં રહ્યાં. ત્યારબાદ બંન્ને ઊઠીને દીવાનમાં સુઇ ગયાં. લાંબી મુસાફરીને કારણે સુહાસને ઊંઘ આવી જતી છતાં તે ઝબકી જતો તો પથારીમાં પડી રહેલી વનલત્તા આખી રાત વિચાર કરતી રહી. મોડી રાત્રે એક વાગ્યાના સમયે પુનઃ વનલત્તાનો મોબાઈલમાં રીંગ ટોન વાગી ‘મેરે તો ગિરધર ગોપાલ દુસરો ના કોઈ’ દિર્ઘકાળ રીંગટોન વાગતી રહી. વાગતી જ રહી. મોબાઈલ તરફ બંન્નેની નજર ચોંટી ગઇ હતી. અંતે મોબાઈલ રીસીવ કરતાં વનલત્તા બોલી ઊઠી ‘‘હલો! પપ્પાને સારું છે.’’

‘‘હેં....વનલત્તાએ ઉત્તર આપ્યો.

‘‘પપ્પાને ડોક્ટરે લેટેસ્ટ ટ્રીટમેન્ટ કરી છે.’’ હવે લકવાનો હુમલો હળવો થયો છે. હાર્ટ કે કિડની ઉપર કોઇ અશર નથી.’’

‘‘ભગવાન શનેશ્વરે અમારી પ્રાર્થના સાંભળી.

‘‘તે તો દયાળું છે.’’ વનલત્તા એવો હુમલો હતો કે કદાચ!...’’ નયનના રડવાનો અવાજ મોબાઈલમાં વનલત્તાને સંભળાઇ રહ્યો.

વનલત્તાની આંખમાંથી ચોધાર આંસુ વહી રહ્યાં હતાં. સુહાસ, ચુંબનોની વર્ષા સાથે વનલત્તાની પીઠ, ચહેરા ઉપર હાથ પ્રસારતો આંસું લુછી રહ્યો હતો.

વહેલી સવારે શનેશ્વર છોડ્યું ત્યારે ઔરંગાબાદ તરફ દોડતી લક્ઝરીમાં પાસપાસની સીટમાં ગોઠવાયેલાં બંન્ને જણ માત્ર સતાયુ

અને સુરુચિનો જ વિચાર કરતાં હતાં. સુહાસે વનલત્તાને પૂછ્યું ''વનલત્તા પપ્પાને મેડિક્લેઈમ છે?''

''હા!'' વનલત્તાએ ઉત્તર આપ્યો. તે વાત નયન પણ જાણતો હતો. સુરુચિનું આયોજન ખૂબ સરસ હતું. ફેમીલી મેડિક્લેઈમ લઈ લીધો હતો. વનલત્તાએ ઘર વિશે વિચારતાં કહ્યું ''મારા પપ્પા મમ્મીનું આયોજન ખૂબ સરસહોય છે. આવાબાઈ હાઈસ્કૂલનો સ્ટાફ કેટલીકવાર સલાહ સૂચન મેળવવા ઘેર પણ આવતો હતો. પપ્પાએ તો એલ.આઈ.સી.ના વિમા પણ લીધેલા છે. પપ્પા મમ્મીના વિમા તો પાકી ચુક્યા છે. પૂરા ત્રણ ત્રણ લાખ આવી ગયા છે. મારો વિમો અને નયનનો વિમો ૨૦ વર્ષે પાકે છે. આવતા જુલાઈમાં મારો વિમો પાકી પણ જશે. વનલત્તાએ આનંદ આવી જઈને ગૌરવ પૂર્વક કહ્યું.

સુહાસે ખાતરી હતી કે વલસાડ જેવી હાઈસ્કુલમાં નોકરી કરતાં શિક્ષક શિક્ષિકાનું જીવન આયોજન પૂર્વકનું જ હોય. પાછળની સીટમાં ગોઠવાયેલ વૃદ્ધ દંપત્તિ સુહાસ વનલત્તાની વાત સાંભળી રહ્યાં હતાં. વૃદ્ધે હળવેથી સુહાસને પૂછ્યું ''કેમ શું થયું?

સુહાસે પીઠ ફેરવી વૃદ્ધનો ચહેરો જોતાં કહ્યું ''વનલત્તાનો પપ્પાને લકવો થયો છે. રાત્રે ફોન હતો.''

વૃદ્ધે ચિંતા વ્યક્ત કરતાં લાગણી સભર ચહેરે કહ્યું ''ઓહ...વૃદ્ધા વસ્થામાં આ રોગ પીડા દાયક હોય છે. સેવા ચાકરી કરનાર ના હોય તો ભારે મુશ્કેલી પડે છે.''



''થેને મારો નાનો ભાઈ નયન ખૂબ પ્રેમાળ છે.'' વનલત્તાએ થોડી હળવાશ અનુભવતાં કહ્યું.

આગળની સીટમાં બેઠેલા યુવાન દંપત્તિએ વાત સાંભળતાં સૂરમાં સૂર પૂરાવ્યો. ''તમે ક્યાના છો?''

''વલસાડમાં રામજી ટેકરામાં રહું છું.'' વનલત્તાએ સહજતા પૂર્વક કહ્યું.

''તો તો વલસાડમાં સિવિલ ઘણી સારી છે. ત્યાં ના ડોક્ટર પણ નિષ્ણાંત છે.'' યુવાને વાતનો દોર હાથમાં લેતાં કહ્યું.

''હા! ત્યાં જ એડમીટ કર્યા છે.'' સુહાસે પ્રતિઉત્તર આપતાં કહ્યું.

''આમ તો ચિંતા કરવા જેવું નથી. લાંબા સમય પછી રીકવર આવવા માંડે છે.'' વૃદ્ધે સમજાવતાં કહ્યું.

ઔરંગાબાદ તરફ દોડતી લક્ઝરી ૮૦ કિ.મી. સુધી દોડીને હાઈવેની ડાબી તરફ નજરે પડતી હોટલના ગ્રાઉન્ડમાં પાર્ક કરી.

મોહને વ્હીસલ મારી યાત્રાળુંઓને સૂચના કરી ''આપણે ૩૦ મિનિટ અહીં રોકાઈશું જે કોઈને ચા નાસ્તે કરવો હોય, બાથરૂમ જવું હોય તો જઈ શકે છે.''

મોહનની સૂચના ટીખળી યુવતીએ રીપીટ કરતાં કહ્યું ''જે કોઈને ચા નાસ્તો કરવો હોય. બાથરૂમ જવું હોય તો જઈ શકે છે.''

લક્ઝરીમાંથી બહાર નીકળતા યાત્રાળુંઓ ખડખડાટ હસી પડ્યાં.

મોહને હસતાં હસતાં કહ્યું "સાંભળ્યું. પાછી બીજી છુટ નથી. આગું પાછું નહીં કરવાનું."

અવંતિ વિજય મેળવ્યો હોય તેમ મોહન બાજુમાંથી નીકળતા તેની સમવ્યસ્ક યુવાનના પીઠમાં ધબ્બો મારતાં કહ્યું "અરે!...તું તો જબરો છે. નાસિકમાં લક્ઝરી પાછળ શું કરતો હતો." મોહન ખડખડાટ હસી પડ્યો.

યુવાને હસતાં કહ્યું "તમે જોઈ ગયા હતા. કંઈ નહીં. કંઈ નહીં એ તો જરા કિસિંગ પુસિંગ કરતો હતો." યુવાન સાથે બધા જ ખડખડાટ હસવા લાગ્યા. વનલત્તાના ચહેરા ઉપર હાસ્યનું મોઝું ફરી વળ્યું. હળવા સૂનામિમાં ખેંચાતા સુહાસે વનલત્તા તરફ નજર કરીને હસતાં હસતાં તેની બગલમાંથી હાથ મૂકી હળવેથી ઉરજનો સ્પર્શ કરતાં કહી રહ્યો. "મઝાનો યુવાન છે. યાત્રામાં બધા ગંભીર હોય તો હળવાશ આવે જ નહીં."

"તું પણ ક્યાં કમ છે. આ અડપલું ના કર્યું હોત તો કેવું?" વનલત્તાએ હસતી આંખોએ સુહાસ ઉપર દૃષ્ટિ કરતાં મરકતા હોઠને બચકારતાં કહ્યું.

કંઈક જુદો જ સ્વાદ આવતો હોય તેમ સુહાસ હોઠ ઉપર જીભ પ્રસારી રહ્યો હતો. થોડા સમય પછી લક્ઝરી દોડતી હતી. ત્યારે મોહન ઊભો થઈને કહેતો હતો ઔરંગાબાદ ૪૦ કિ.મી. દૂર છે.





ઈલોરાની ગુંફા જોઈને આપણ દોલતાબાદ ૧ ૨ કલાકે પહોંચી જઈશું."

સુહાસે વનલત્તાને કહ્યું " ઈલોરાની ગુફાઓ બૌદ્ધ સાધુઓ માટે ખૂબ મહત્ત્વની છે. એક જ પહાડમાંથી આટલી બધી ગુંફાઓનું સર્જન થયું છે. ગુંફામાં ભોયતળીયું અને બીજો માળ પણ છે વચ્ચેના ખુલ્લા ભાગમાં ભગવાન બુદ્ધની વિશાળ પ્રતિમા પણ છે. પ્રવાસીઓ આ ગુંફાઓ જોઈને આશ્ચર્યમાં પડે છે.

લક્ઝરી ઔરંગાબાદમાં પ્રવેશી ત્યારે બપોરનો સમય થવા આવ્યો હતો. વિશાળ ગુફા સામેના વિસ્તારમાં લક્ઝરી પાર્ક થઈ ત્યારે લક્ઝરીની ચો તરફ ફેરીયાઓ ખાધ ચીજો અને પાણીના પાઉચ વેચવા આવી પહોંચ્યા.

લક્ઝરીમાંથી નીચે ઉતરતાં કેટલાક યાત્રાળુઓએ પાઉચ અને ખાદ્ય ચીજોનાં પેકેટ ખરીદ્યાં. વનલત્તા અને સુહાસે "યશ"ના બે વૉટર બોટલ અને વેફર પેકેટ ખરીદ્યાં.

મોહનની સૂચના પ્રમાણે બે કલાકમાં ગુફાઓમાં વિહાર કરી યાત્રાળુંઓ આવી પહોંચ્યા. ત્યારે લક્ઝરીને મોહન સાફ કરી રહ્યો. આદિલ લક્ઝરીના કાચ ઉપર પાણી છાંટી વાસી સમાચાર પત્ર દ્વારા કાચને લૂછી રહ્યો હતો.

ઔરંગાબાદ મોઘલ શહેનશાહ ઔરંગઝેબે વસાવ્યું હતું. તેના પુત્ર સુજાએ તાજમહેલ જેવું દર્શનીય મહાલવ બનાવ્યું છે. તે તરફ લક્ઝરી હંકારીને પાર્ક કરતાં જ આદિલ નીચે ઉતરી કહી રહ્યો. "રમ્ય

સ્થળ છે. તાજમહેલ જેવું જ છે. ૨૫ રૂપિયા ફી થશે પણ જોવાનું રહી ના જાય.''

યાત્રાળુંઓ પાસ મેળવી ઈમારતને જોવા પહોંચી ગયા. વિશાળ બગીચા મધ્યે દેખાતી ઈમારત ભવ્ય હતી. તેમાં પ્રવેશતાં જ તેના બાંધકામનો પ્રભાવ યાત્રાળું ઉપર પડતો હતો. અંદરના ભાગમાં ૨૦૦૦ ફૂટ લાંબો ગાર્ડન હતો. તેની મધ્યમાં ફૂવારા ઉછળી રહ્યા હતા. સામેની ઈમારતમાં રાજવી પરિવાર અને દરબારીઓની બેઠક વ્યવસ્થા હતી. ખુલ્લા મેદાનમાં મોહિત કરતી ઈમારત અને રમ્ય સ્થળ મોઘલકાળની જાહોજલાલી વ્યક્ત કરી જતાં હતાં.

ધ્રુમેશ્વર પહોંચ્યા ત્યારે મધ્યાહ્નના ત્રણનો સમય થયો હતો. દોલતાબાદનો કિલ્લો જોવામાં કંઇ ખાસ સમય ના ગયો. રાજપૂત રાજાએ બનાવેલા આ કિલ્લાને મોંઘલ બાદશાહ મહમદ તઘલખે રાજધાની બનાવી હતી. રાજપૂત કાળમાં પણ આ રાજધાની હતી. સુરક્ષાની દષ્ટિએ દશ કી.મી.ના વિસ્તારમાં પથરાયેલો આ કિલ્લો ભવ્ય હતો. એક લાખનું લશ્કર રોકાઇ શકે તેવા આ કિલ્લાની રચના પહાડ ઉપર કરવામાં આવી છે. પહાડની તળેટીમાંથી આવેલું કિલ્લાનું દ્વાર ૧૫૦ ફૂટ ઊંચા કિલ્લાની દીવાલે શોભતું હતું. ઊંચે ઊંચે જતા માર્ગની બંન્ને તરફ દશ ફૂટ ઊંચાણવાળો ભાગ હતો. કિલ્લામાં પ્રવેશતા દુશ્મનોનો પ્રતિકાર કરવાનું આયોજન ખૂબ સરસ હતું. માર્ગની ચો તરફ ખુલ્લા મેદાનમાં બંન્ને તરફ પાંચ પાંચ હજારનું સૈન્ય હુમલો કરી શકે તેમ હતું. પહાડની ટોચ સુધી આ માર્ગ આ રીતે જ હતો. ત્રણ તરફથી હુમલો કરી શકાય તેવી વિશાળ રચના ધરાવતો કિલ્લો ભવ્ય હતો.





ધ્રુમેશ્વરના દ્વારે યાત્રાળું પહોંચ્યા ત્યારે ભગવાન ધ્રુમેશ્વરને દૂધનો અભિષેક કરવા માટે વનલત્તા અને સુહાસે દૂધ ખરીદ્યું. છાબમાં બીલીપત્ર ખરીદ્યાં. બંન્ને ભાવપૂર્વક મંદિરની ચોપાસની ઊંચી દીવાલના નાનકડા પ્રવેશ દ્વારમાં નીચા નમીને અંદર પ્રવેશ્યા. દર્શનાર્થીઓને બહારથી જ દર્શન કરવાની છૂટ હતી. ભગવાન ધ્રુમેશ્વરને સ્પર્શ કરીને પગે લાગવા માટે દેહ ઉપરનું ઉપવસ્ત્ર કાઢ્યા પછી જ પ્રવેશ થતો હતો. કેટલાક પુરુષ યાત્રાળુંઓએ ઉપવસ્ત્ર કાઢીને ભગવાન ધ્રુમેશ્વરના દર્શન કર્યાં. સુહાસે પણ ઉપવસ્ત્ર કાઢીને ભગવાન ધ્રુમેશ્વરનાં દર્શન કરી ધન્યતા અનુભવી. દ્વાદશ જ્યોર્તિલિંગમાનું એક આ જ્યોર્તિલિંગ અદ્‌ભૂત હતું. અસુરરાજ જરાસંઘનો જન્મ ભગવાનની કૃપાથી થયો હતો.રાજાને ફળ આપેલ તે બે રાણીએ અડધાં અડધાં ખાધાં. તેથી બે ફાડીયાં વાળું અંગ જન્મ્યું.

રાત્રિના ૧ ના સમયે લક્ઝરી વલસાડ પહોંચી ત્યારે વાહનોની અવર જવર ઓછી થઇ ગઇ હતી. ટ્રેનમાંથી આવતા મુસાફરોને લઇને રીક્ષઓ દોડી રહી હતી. વિક્ટોરીયા ગાર્ડન પાસેથી પસાર થતી રીક્ષામાં વનલત્તા સુહાસ ગોઠવાયાં હતાં. રામજી ટેકરા તરફ જતી રીક્ષામાં વનલત્તા મમ્મીને શું કહેવું. તે વિચારતી મૂક બેસી રહી હતી. વારેવારે વનલત્તા તરફ જોતો સુહાસ તેના ચહેરાના ભાવને અવલોકી રહ્યો હતો.

વિક્ટોરીયા ગાર્ડનથી પશ્ચિમ તરફ દોડતી સારસ્વત ક્લાસિસ આવતાં થોભી ગઇ. સામેની મકાનોની હારમાળા તરફ રીક્ષા ડ્રાઇવરને થોભવાનું કહીને વનલત્તા સુહાસ ચાલવા લાગ્યાં. ત્રણ માળના મકાનના

દ્વારે આવીને વનલત્તાએ કોલ બેલની સ્વિચ ઓન કરી. કોલબેલ રણકી ઊઠ્યો.

થોડી મિનિટ પછી દ્વાર ખુલ્યું. પાતળો ઊંચો યુવાન નયન ઊભો હતો. વનલત્તાએ હાસ્યપૂર્વક વધાવતાં વનલત્તાને નીરખી રહ્યો. તેના ચહેરા ઉપરના પરિવર્તનને જોતાં જ બોલી ઊઠ્યો ‘‘આવો...વનલત્તા આ કોણ?’’

‘‘તારા બનેવી..સુહાસ...અમે લગ્ન કર્યાં. મમ્મી ક્યાં છે?’’ પપ્પાને કેવું છે?’’ વનલત્તાએ પ્રતિઉત્તરની સાથે સવાલ પણ પૂછી નાંખ્યા. તેની નજર ઘરમાં દીવાન ખંડ સામેના દેખાતા બે રૂમ તરફ મંડાઇ.

નયને ખુશી વ્યક્ત કરતાં કહ્યું ‘‘અભિનંદન દીદી...મમ્મી તો સીવીલ છે. પપ્પાને સારું છે હવે તો બેસી શકે છે. ડાબા હાથ અને પગ ઉપર લકવાની અશર વધારે છે. નયનના ચહેરા ઉપર ચિંતા હતી. તેમ છતાં ઝડપી રિકવરીને કારણે આનંદની રેખાઓ અંકાઇ રહી હતી.

થેલા અને પર્સ મૂકીને બંન્ને પુનઃ રીક્ષામાં બેઠા. રીક્ષા સુધી આવેલા નયનને વનલત્તા કહી રહી હતી. ‘‘હું ત્યાં જ રોકાઇશ મમ્મીને રીક્ષામાં મોકલી આપીશ.’’ વનલત્તાએ નયનને કહ્યું. તેના ચહેરા ઉપર એક નિશ્વાસની અસર હતી. બંન્ને ગેઇટકીપરને વિનવીને સીવીલના ઇમર્જન્સી વોર્ડમાં સ્પેશ્યલ રૂમમાં પ્રવેશ્યા ત્યારે સુરુચિ, સતાયુંને ચમચીથી પાણી પીવડાવી રહી હતી. વનલત્તા તરફ દ્દષ્ટિપાત થતાં જ તે કહી હી ‘‘અખંડ સૌભાગ્યવતી ભવ.’’



સુહાસ વનલત્તા મમ્મી અને પપ્પાને ચરણ સ્પર્શ કરી રહ્યાં. કલ્પના પણ ના કહી શક્યા એવું મમ્મી પપ્પાનું પરિવર્તન જોઇને વનલત્તા ગળગળી થઇ ગઇ. તે મમ્મીને ગળે વળગીને માંડ માંડ અશ્રુપાતને ખાળી શકી દૂર ઊભો રહેલો સુહાસ મા દીકરીના મિલનને જોઇ જ રહ્યો.

સુરુચિ બોલી ઊઠી ‘‘બેટા તેં ખબર આપી હોત તો થોડી ભેટ પણ આપી શકત ને!’’

‘‘મમ્મી તમારા આશીર્વાદ એ જ તમારી મોટી ભેટ છે.’’ સુહાસે ચિરાયું તરફ જોતાં જ કહ્યું તે સુઇ રહેલા ચિરાયુંના ચરણ પાસે બેસીને ચરણ સ્પર્શ કરી રહ્યો. ઊંચો હાથ કરતો ચિરાયું બોલવાની વ્યર્થ કોશિષ કરી રહ્યો. પરંતુ તેનો ભાવ સ્પષ્ટ હતો કે બંન્ને સુખી રહે.

સુરુચિને ઘેર જવા માટે આગ્રહ કરતી વનલત્તા રીક્ષા સુધી મૂકી આવી તે સુરુચિને કહી રહી ‘‘મમ્મી તું પ્રાતઃક્રીયા પરવાની ચા લઇને આવજે પછી અમે ઘેર જઇશું.’’

વનલત્તા રીક્ષાવાળાને પૂરા ૧૦૦ રૂપિયા ભાડું ચુકવીને કહી રહી ‘‘રામજી ટેકરા મૂકી જજે.’’

‘‘હા બ્હેન હું ત્યાં જ રહું છું.’’ રીક્ષાડ્રાઇવરે હળવો ઉત્તર આપ્યો.

સવાર સુધી પિતા પાસે બેસી રહેલી વનલત્તા મમ્મીના સ્વભાવમાં આવેલા પરિવર્તનને અંગે વિચારતી જ રહી હતી. વાત

વાતમાં ગુસ્સે થનાર, આવા બાઈમાં સ્ટ્રીક ટીચર ગણાતી સુરુચિ આટલી નમ્ર કેમ? તે પ્રશ્નાર્થ તે વિચારતી હતી.

સુહાસ ચિરાયુના ચરણમાં બેસીને પરબ અને ગૃહશોભા મેગેઝિન વાંચી રહ્યો હતો.





## પ્રકરણ : ૧૨. ઉત્પલ અને સ્વાતિ

ઉત્પલ વાપીના સ્ટેશને ઉતર્યો ત્યારે સૌરાષ્ટ્ર જનતા લેઈટ હોવાને કારણે મુસાફરોની અવર જવર ઓછી હતી. ચા, પાણી, વડાપાઉં વેચતા ફેરિયાઓનો શોર સંભળાતો હતો. સાંજના સાતનો સમય થયો હતો. દમણ તરફની તી એસ.ટી.માં કેટલાક મુસાફરો ગોઠવાયા હતા. રીક્ષાઓમાં ગોઠવાતા મુસાફરોને લઈને રીક્ષાઓ દોડતી હતી. ઉત્પલે સ્વાતિને કહ્યું ‘‘ગાડી કડોદમાં પાર્ક કરીને વેદાંતભાઈને કહેવાનું રહી ગયું કે ગુરુવારે આવીશ ત્યારે લઈ જઈશ. ‘‘કંઈ વાંધો નહીં સુહાસભાઈ આવતા શનિવારે વાપી આવવાના છે તે લેતા આવશે.’’ સ્વાતિએ સહજ રીતે કહ્યું.

રીક્ષા પાસે જતાં સ્વાતિએ રીક્ષાવાળાને કહ્યું ‘‘સુથારવાડા...’’

‘‘દશ રૂપિયા થશે.’’ રીક્ષાવાળાએ ઉત્તર આપ્યો.

‘‘કેમ દશ રૂપિયા આઠ રૂપિયા આપું છું ને?’’ સ્વાતિએ તુરંત જવાબ આપ્યો.

‘‘ચાલો...કંઈ વાંધો નહીં. શિવમંદિરે જ ઉતારીશ.’’ રીક્ષાવાળાએ શરત મૂકતાં કહ્યું.

"અમારે છેક શિવમંદિર નથી જવું જૈન દેરાસર સુધી જ." ઉત્પલે પાસે આવતાં કહ્યું.

"ધનસુખભાઈના ઘર પાસે જ." રીક્ષાવાળાએ ઉત્તર આપ્યો.

"હા! સામે જ દેસાઈ વાડાનો રસ્તો જાય છે. ત્યાં જ." સ્વાતિએ કહ્યું.

બંન્ને રીક્ષામાં ગોઠવાયા. ડ્રાઈવરે રીક્ષા મારી મૂકી. ધનસુખના ઘર પાસે રીક્ષા આવી ત્યારે સામે જ અનિકેતા ઘરના ઓટલાઉપર ઊભી હતી. તેણે રીક્ષામાંથી ઉતરતા સ્વાતિ ઉત્પલને જતાં હસી પડી. તેણે ઉત્સાહપૂર્વક આવકારતાં જ કહ્યું "કેવી યાત્રા રહી."

"ખૂબ સરસ." સ્વાતિએ હસતાં હસતાં કહ્યું.

"તમે આવ્યાં હોત તો મઝા આવે." ઉત્પલે પણ અનિકેતાને ઉત્તર આપતાં કહ્યું.

"બીજી વાર જશો ત્યારે જરૂર આવીશ." અનિકેતાએ રીક્ષા પાસે આવી ઉત્પલ સ્વાતિનો થેલો રીક્ષામાંથી લઈને તેમની સાથે ઘરના પગથિયાં ચઢવા લાગી. અનિકેતાએ વિચારતાં કહ્યું "કેમ કાર ક્યાં મૂકી આવ્યાં?"

"કડોદ તો અમે વહેલી સવારે ચાર કલાકે પહોંચી ગયા હતા. સુહાસભાઈ કહેતા હતા કે કાલે વિડીયોગ્રાફી માટે વ્યારા જવાનું છે. ચાર પાંચ મિત્રો છે. મોટાભાઈને પણ વડોદરા જવાનું થશે જ તેથી





તેમની કાર ફ્રી નથી. તો બે દિવસ માટે કાર આપજે." ઉત્પલે વિસ્તારથી વાત કરતાં કહ્યું.

"એવું તે વળી ચાલતું હશે. કામ વધારે રહેતું હોય તો બીજી કાર વસાવવી જોઈએ." અનિકેતાએ બેઠક રૂમમાં બેસતાં જ કહ્યું.

"હા! સુનયનાભાભી અને વેદાંતભાઈ પણ એ જ કહેતા હતા." સ્વાતિએ ચર્ચાનો દોર હાથમા લેતાં કહ્યું.

"હશે જનકભાઈને વડોદરા ઘર વસાવાનું છે અને વનલત્તાને વલસાડની અવર જવર વધારે રહે છે." ઉત્પલે લાગણી સભર કહ્યું.

"વનલત્તા તો એવી જ જવા દો ને વાત. નયન અને હેતલ તેમના પપ્પા મમ્મી ચિરાયુંકાકા અને સુરુચિની ખૂબ કાળજી રાખે છે. એક તો ઊંમર થઈ તેમાંય ચિરાયું કાકાને લકવો એટલે ઘરમાં એક માણસ તો સાથે જ જોઈએ. વનલત્તાએ બે બે માસ પિયરમાં ના રહેવાનું હોય. બે ચાર મહિને બેત્રણ દિવસ રહીને મળી આવે તો ના ચાલે." સ્વાતિએ વનલત્તાની ટીકા કરતાં કહ્યું.

"હોય ભાભી મા બાપની લાગણી કોને ના હોય?" અનિકેતાએ સ્ત્રી સહજ ભાવથી કહ્યું.

"હું ક્યાં ના કહું છું. હોય...લાગણી હોય પરંતું સુહાસભાઈનો સ્વભાવ તું જાણે છે ને? એક તો મોઝ શોખવાળા, ફોટા પાડવાનો વ્યવસાય કરે અને ખેતીનું કામ સંભાળે. જો કંઈ આગું પાછું થયું તો...વનલત્તાએ હાથ ધોઈ નાંખવા પડશે." સ્વાતિએ યાત્રા દરમમ્યાન

અુભવેલ સુહાસભાઈની નિકટતાને કારણે સુહાસ વિશે વાત કરતાં કહ્યું.

"એટલે?" ઉત્પલે સહેજ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

"કંઈ નહીં...તેમનો સ્વભાવ જ એવો છે એટલે."

"જો! સ્વાતિ પુરુષ સરળ હૃદયનો હોયને તો જ બધામાં ભળી શકે. યાત્રામાં વધારે મુક્તતા આવે. યાત્રાનો આનંદ જુદો જ હોય." ઉત્પલે સુહાસના સ્વભાવને જાણતો હોવાથી કહ્યું.

સુહાસનો સ્વભાવ રંગીન હતો. ખાવા પીવામાં ફરવામાં, મોઝ મસ્તી અને ટીખળી કરવામાં આનંદ અનુભવતો હતો. વાત વાતમાં કોઈ કોઈને અડપણું કરવામાં વધારે આનંદ અનુભવતો હતો. તેથી સ્વાતિએ કહ્યું "આપણે શ્રી નાથજીમાં ભોજન લેવા એક ટેબલ ઉપર ગોઠવાયાં ત્યારે મને..." સ્વાતિ ખડખડાટ હસી પડી. તે કહી રહી. "મને..."સ્વાતિનું હાસ્ય સમાતું ન હતું. મુક્ત મને હસતી સ્વાતિને ઉત્પલ કહી રહ્યો "રહેવા દે...અમારે સાંભળવું નથી."

"બીજું શું હોય..."અનિકેતા પણ હસી પડી. તે પણ હસતાં હસતાં કહી રહી "ટેબલ નીચેથી તને પગ અડકાડતા હશે એ જ ને." ખડખડાટ હસતી સ્વાતિની સાથે ઉત્પલ હસતાં હસતાં કહી રહ્યો "એવું જ હોય. શ્રાવણના દિવસો હોય રંગીન વાતાવરણ હોય. સામે જ સરોવર હોય. ખૂબ તરસ લાગી હોય. તો એવું જ થાય. હું હોઉં તો હું પણ એવું જ કરું."





"એ તો પાછા મારી આગળ ચાલીને ધીમેથી પાછા ફરી ઊભા રહ્યા." સ્વાતિનું હાસ્ય સમાતું ન હતું. અનિકેતા અને ઉત્પલ પણ ખડખડાટ હસી પડ્યાં.

અનિકેતાએ હસતાં હસતાં કહ્યું "પછી" ખડખડાટ હસતો ઉત્પલ કહી રહ્યો "પછી શું થવાનું સ્વાતિ સુહાસની છાતીએ અથડાઈ હશે અને સુહાસે બાથ ભરી લીધી હશે." ખડખડાટ હસતાં હસતાં સ્વાતિની આંખમાં આંસુ ભરાઈ આવ્યાં. તેણે આંસુ લુછતાં કહ્યું. "એવું જ થયું...પાછા મને વળગી પડીને કહે જો...જો...સોરી...પડી જઈશ."

ઉત્પલનું હાસ્ય સમાતું ન હતું. તે કહી રહ્યો "મઝા આવી હશે." તેં શું કહ્યું."

હું તો બળ્યું કાંઈ જ ના બોલી શકી. માત્ર એટલું કહ્યું. "લુ...ચ્ચા."

"ઓ બાપ રે!... પછી શું થયું." અનિકેતાએ હસતાં હસતાં કહ્યું.

"તેઓ તો કહે તું ના પડી જાય એટલે વળગી પડ્યો અને ખડખડાટ હસવા લાગ્યા." સ્વાતિ ઉત્પલની સામે જોઈને કહી રહી.

ઉત્પલે સ્વાતિની કુખમાં ચુંટલી ખણતાં કહ્યું. "જો સ્વાતિ હું જે ના કરી શકું તે અન્ય કરે તે જ જીવનનો આનંદ છે."

"સાચી વાત છે. ચાલો હાથ મોં સાફ કરી લો. થાકી ગયા હશો. જમવાનું બનાવ્યું છે." અનિકેતાએ કહ્યું.

"શું બનાવ્યું?" ઉત્પલે અનિકેતાને પૂછ્યું.

"દાળ ઢોકળી" અનિકેતાએ ઉત્પલને હસતાં કહ્યું.

"વાહ! કેટલો સમય થયો. ખાસા પંદર દિવસ થઇ ગયો. દાળ ઢોકળી ખાતાં." ઉત્પલે વિચાર કરતાં કહ્યું.

જમતાં જમતાં પુનઃ યાત્રાની વાત કરતાં ઉત્પલે કહ્યું "ખરેખર રાજસ્થાનનો ઇતિહાસ અદ્‌ભૂત છે. ત્યાંનાં મંદિર, રાજમહેલ પણ ભવ્ય છે. આપણે કુંભલગઢ અને ચિતોડગઢ ગયા હોત તો વધારે મઝા આવે."

"ચિતોડગઢ એટલે મીરાંબાઇની દિવ્ય ભક્તિ. રાણી રૂપમતીનું ઝાઝરમાન વ્યક્તિત્વનો ઇતિહાસ કહેવાય છે કે મીરાંબાઇને મારવા રાણાએ ખૂબ દુઃખ આપ્યું. સાપના કરંડીયા મોકલ્યા. ઝેરના પ્યાલા મોકલ્યા તેમ છતાં મીરાંબાઇ મેરું પર્વત જેમ અડગ રહ્યાં અને અંતે મેવાડ છોડીને શાંઢણી ઉપર સવાર થઇ દેશ છોડી દીધો. તેમણે મેવાડની ધરતી ઉપર તેઓ હોય ત્યાં સુધી પાણી પણ ના પીવાની પ્રતીજ્ઞા લીધી." અનિકેતાએ મીરાંબાઇની ભક્તિની શક્તિનો પ્રભાવ વ્યક્ત કરતાં કહ્યું.

"ચિતોડગઢ તું આવીશ? આપણે સાંવરિયાજી પણ જઇશું." ઉત્પલે અનિકેતાને પૂછ્યું.

અનિકેતાએ ભાવસભર કહ્યું "જરૂર આવીશ ભગવાન શ્રી કૃષ્ણની ઇચ્છા પ્રમાણે થતું હોય છે."



"સાચી વાત છે. અમારે પણ એવું થયું ગયો મળવા અને બેસી ગયો દળવા." ઉત્પલે વેદાંત સાથે યાત્રાએ જવા વિશે વાત કરતાં કહ્યું.

"વેદાંતભાઇ મોટાભાઇ જ છે હાં બોલવામાં ચાલવામાં. વ્યવહારમાં ખૂબ ગંભીર મને કહે જો સ્વાતિ આપણે યાત્રાએ નીકળ્યા છીએ કોઇની સાથે ઝગડવાનું નહીં. યાત્રાની મઝા બગડી જાય પ્રભૂ સ્મરણને બદલે આપણું મન વેરવૃત્તિ ક્રોધથી પ્રદુષિત થાય. ચાલશે ફાવશે, ગમશે પ્રમાણે જ યાત્રા કરવાની." સ્વાતિએ વેદાંતભાઇ વિશેનું સંસ્મરણ વ્યક્ત કરતાં કહ્યું.

ઉત્પલે નિશ્વાસ નાખતાં કહ્યું "એવો ભાઇ હોય તો સાત જન્મ તરી જવાય. મારે તો..."

અનિકેતાએ ઉત્પલની થાળીમાં દાળ ઢોકળી મૂકતાં કહ્યું. "હું છું ને..."

સ્વાતિ અનિકેતાના ચહેરા તરફ જોઇ રહી. અનિકેતાના ચહેરા ઉપર ગૌરવનો દેખાઇ રહ્યોહતો. તેની આંખોમાં ઉત્પલ માટે કંઇ કરી છુટવાની ભાવના તરવરી રહી હતી.

મોડી રાત સુધી યાત્રાની વાતો કરતાં સૂઇ રહ્યાં હતાં. બીજો દિવસ પણ યાત્રાની વાત કરવામાં પસાર થયો.

બીજા દિવસે સાંજે ટેલીફોનની રીંગ રણકી ઊઠી. ઉત્પલે ફોન ઊઠાવ્યો ત્યારે સામેથી અવાજ આવ્યો. "હલો...હું વેદાંત."

"હા! હા! બોલો...જયશ્રી કૃષ્ણ વેદાંતભાઇ."

"વડોદરામાં બંગલો રાખ્યો." વેદાંતે ટૂંકો જવાબ હસતાં હસતાં આપ્યો.

ઉત્પલે ઉત્સુકતાથી પૂછ્યું "હા...હા...કેટલામાં રાખ્યો? ક્યાં રાખ્યો?"

"પૂરા પચાસ લાખમાં રાખ્યો. કીર્તિસ્તંભ વિસ્તારમાં ખૂબ મઝાનો છે. તું આવ. ખુશ થઇ જઇશ. આઠસો ચોરસ વારનું બાંધકામ છે. સાત રૂમ બે રસોડાં, બે બેઠકરૂમ અને બીજા માળ પણ ખરો ત્યાં પણ આજ વ્યવસ્થા. ઉપરનીચે ત્રણ ત્રણ બેડરૂમ પાંચ પાંચ વ્યક્તિ સૂઇ શકે તેવા. પૂરો બંગલો એ.સી. ઉપર નીચે એટેચ્ડ સંડાસ બાથરૂમ પુરી વ્યવસ્થાવાળાં." વેદાંતે ઉત્પલને ફોન ઉપર ઉત્સાહપૂર્વક કહ્યું. "દાદાની ખૂબ કૃપા કહેવાય." ઉત્પલે હસતાં હસતાં કહ્યું.

"સ્વાતિને આપ તો..." વેદાંતે ફોન ઉપર ઉત્પલને કહ્યું.

"હા...લો સ્વાતિ સાથે વાત કરો." ઉત્પલે સ્વાતિને ફોન આપતાં કહ્યું.

"હલો સ્વાતિ...જયશ્રી કૃષ્ણ...વડોદરામાં બંગલો રાખ્યો. ખૂબ સરસ છે. દરજીનો છોકરો જીવે ત્યાં સુધી સીવે એવું નહીં. આપણે તો જનકને પરણાવીને વડોદરામાં સેટ કરવો છે." વેદાંતે સ્વાતિને વાત કરતાં કહ્યું.



સ્વાતિ કહી રહી "મોટાભાઇ વડોદરામાં જનક શું કરશે?"

"સ્વાતિ વડોદરામાં પાવલુમ ફેક્ટરી નાખીશું. સ્થળ પણ જોઇ આવ્યો છું. અમદાવાદમાં મારા મિત્રને પાવરલુમ મસીન વેચી દેવાનું છે. વીસ એક લાખમાં મળી જશે." વેદાંતે વિગતે વાત કરતાં કહ્યું. સ્વાતિ ખૂબ આનંદમાં આવી ગઇ તેણે કહ્યું. "ખૂબ સરસ કહેવાય. કાપડ બજારમાં ખૂબ કમાણી છે લો તમારા ભાઇ સાથે વાત કરો."

સ્વાતિએ ઉત્પલને ફોન આપ્યો. વેદાંત ઉત્પલ સાથે વાત કરતો કહી રહ્યો "હલ્લો ઉત્પલ...વડોદરામાં આપણે પાવરલુમ ફેક્ટરી નાંખીશું. કાપડ ઉદ્યોગમાં ખૂબ કમાણી છે."

હા...હા...સાચીવાત છે. મોટાભાઇ શેરડીનું વાવેતર તો થવાનું જ છે. હું પણ તમને મદદ કરીશ." ઉત્પલે વેદાંતને કહ્યું.

"જો પાંચ વર્ષમાં તો ખૂબ પગભર થઇ જઇશું. ટેરીન કમ કોટન કાપડની વપરાશ એટલે ટવેન્ટી થઇ જશે. બજારભાવ પણ મધ્યમ હશે ગુણવત્તા પણ ઊંચી હશે." વેદાંતે ઉત્પલને સમજાવતાં કહ્યું.

"આપણે દરેક જીલ્લા મથકો અને મોટા શહેરોમાં સોપ્સ રાખીશું. વેપાર કરીશું."

ઉત્પલે પોતાનો વિચાર વ્યક્ત કર્યો. બીજે દિવસે સવારે ઉત્પલ ઊઠ્યો ત્યારે અનિકેતાને કહી રહ્યો હતો. "હું જમીન ઉપર જઇને આવું છું."

"હા ઘણો સમય થયો આંટો તો મારી આવે. ઘાસ કેવું ઊગ્યું છે પાછા આપણે ઘાસ કાપવા માટે માણસો પણ રોકવા પડશે. આ વખતે તો આપણે પહેલેથી જ નક્કી કરી લઈશું." અનિકેતાએ ગયે વર્ષે કારતક માસમાં ઘાસ કાપવા માટે રોકવા પડેલા માણસોને ઘાસ કાપવા માટે ઊંચી કિંમત ચૂકવવી પડેલી તેનો વિચાર કરતાં કહ્યું.

"આ વર્ષે તો આપણે વહેલું ઘાસ કપાવીશું. અને ગાંસડીઓ પણ પ્રેસીંગમાં વહેલી બનાવી ગુડઝમાં કચ્છ અને સૌરાષ્ટ્ર તરફ રવાના કરીશું. ગયા વર્ષે તો આપણું સાત હજાર ગાંસડીનું વેચાણ થયેલું. એ પણ ખૂબ નીચી કિંમતે." ઉત્પલે પોતાની સમસ્યા રજુ કરતાં કહ્યું.

"ભાઈ આપણે વહેલું ઘાસ કપાવીને ગાંસડી વહેલી રવાના કરીએ તો વેપાર વધારે થાય અને આપણા ગોડાઉનમાં ભરાવો ના થાય. ગયે વર્ષે આપણે ગોડાઉનમાં ભાડાં ચૂકવવાં પડેલાં તે મોંઘો પડે છે." અનિકેતાએ ગયા વર્ષની પરિસ્થિતિ અંગે વાત કરતાં કહ્યું.

અનિકેતાની વાત સાથે સહમત થતાં ઉત્પલ કહી રહ્યો "શું કરું? હું એકલો અને પાછું ઘાસીયાઓનો કકડાટ રોજ ઉપર વધારે કિંમત આપવી પડે. કામ ઓછું કરે અને ઊંચક કિંમત ખૂબ મોંઘુ પડે છે. ઘાસ પણ ઊંચે ઊંચેથી કાપે છે. ખૂબ બગાડ થાય છે. હવે તો ભાગીયા રાખીશું."

"કોઈ ચિંતા નહીં અને બીજું કામ પણ સુઝે." સ્વાતિએ ઉત્પલને કહ્યું. ઉત્પલના મન ઉપરનો બોજ ઓછો થયો. તે મુક્ત મને



હસતો ખેતરોમાં બાઈક લઈને ફરવા નીકળી ગયો. બપોરના એક કલાકે ઘેર આવ્યો ત્યારે સ્વાતિ કહી રહી હતી. "તમને વેદાંતભાઈએ શુક્રવારે કડોદ બોલાવ્યા છે."

"કેમ." ઉત્પલે કહ્યું.

"કહેતા હતા કે વડોદરા જવાનું છે ઘરમાં ઘડો મૂકવાનો છે." સ્વાતિએ વિસ્તારથી વાત કરતાં કહ્યું.

ઉત્પલે વેદાંતભાઈને ફોન ઉપર વાત કરતાં કહ્યું. "હલો વેદાંતભાઈ સમાચાર મળ્યા."

"હું આવીશ." જનકને સાથે લઈ લેજો."

"હા તેને તો લઈ લઈશ તારી ભાભી પણ આવવાની છે. સ્વાતિને લેતો આવજે. અનિકેતા આવે તો સારું પછી તમે પાછા વાપી આવતા રહેજો." વેદાંતે ફોન ઉપર વાત કરી રીસીવર મૂકી દીધું.

મોડી સાંજે ઝંડા ચોક તરફ ફરવા જતાં રમેશની દુકાનેથી મઝાની ડાયરી ખરીદવાં રમેશને કહ્યું "કાલે મેચ ગોઠવીશું."

"હા કેમ નહીં. શિખલીની ટીમ તો આવવાની જ છે. બોમ્બેની ટીમ પણ ખરી...સીંગલ પાસીંગ અને ડબલ પાસીંગ ગેઈમ છે." રમેશ ઉત્સાહમાં આવતાં કહ્યું.

"તું દતું ઘડિયાળીને કહેતો આવજે." ઉત્પલે રમેશને વાત કરતાં કહ્યું.

"જો રમેશ દતું આવે તો આપણે જવાહર જૈનને પણ ઉતારવો પડે તો જ બોમ્બે સાથે ટક્કર લઈ શકીએ." રમેશે પોતાનો અભિપ્રાય આપ્યો.

"ઉત્પલે કહ્યું"આપણે સાંજે મીટીંગ કરીએ. યાકુબને પણ ચિખલીની ટીમ સામે ઉતારવો જ પડે ડબલ પાસીંગમાં તેના જેવો કોઈ ખેલાડી નથી."

દતું ઘડિયાળીને ઉત્પલ મળ્યો ત્યારે યાકુબ સોડાવાળો ત્યાં જ હતો. બંન્નેએ ઉત્પલને આવકારતાં કહ્યું "યાત્રાથી ક્યારે આવ્યો. મઝા આવીને."

"હા...હા...મઝા આવી. કાલે જ આવ્યો." ઉત્પલે બંન્નેને હસતાં જવાબ આપ્યો.

"મેચનું શું કરીશું. કાલે વોલી બોલ ટીમ સ્પર્ધા છે. રમેશે તને વાત કરી." દંતુએ કહ્યું.

"હા પણ બીપીન પુરોહિત ઘેર નથી. જો ને ક્યાં છે." ઉત્પલે બીપીન વિશે વાત કરતાં કહ્યું.

"તે તો ઓટો એન્ટરપ્રાઈઝમાં જ છે. પુરોહિત કાકાએ જબરો કામે લગાડી દીધો. ફોન ઉપર વાત કરીશ." દતુંએ ઉત્પલને જવાબ આપી બીપીનને ફોન કર્યો.

"બીપીન કાલે ફ્રી છે?"



"કેમ?" બીપીને ધીમેથી ઉત્તર આપ્યો.

"કહેવાનું શું હોય? પુરોહિત કાકાને સમજાવજે ને...કાલે મેચ છે." દતુંએ બીપીનને ધીમેથી કહ્યું.

બીપીન...આજુબાજુ જોઈને ધીમેથી બોલ્યો "સમજાવીશ બશ...તું આવવાનો છે ને."

"હા...ભાઈ હા...ઉત્પલ યાત્રાથી આવ્યો છે. તેણે ટીમ ખેલાડી ગણી બતાવ્યા. રમેશ, હું, યાકુબ, જવાહર, તું અને ઉત્પલ." દતુંએ વિગતે વાત કરતાં કહ્યું.

"સારું...કાલનું લંચ કોના તરફથી." બીપીને હસતાં હસતાં કહ્યું.

"લંચ તો ઉત્પલ તરફથી જ હોય તે યાત્રા કરી આવ્યો છે." હસતાં હસતાં દતુંએ કહ્યું.

"વાહ ભાઈ વાહ તો તો સહપત્ની આવવું પડશે. તું પણ આવજે." બીપીને હસતાં હસતાં કહ્યું.

ધીમેથી થતી વાતને પણ પુરોહિતકાકા સાંભળી જતાં કહી રહ્યાં. "શું થયું?" મેચ ગોઠવી છે?"

"હા પપ્પા...દતુંનો ફોન હતો ઉત્પલ આવ્યો છે. બોમ્બે અને ચિખલીની મેંચ આવવાની છે." બીપીને વાત કરતાં કહ્યું.

"તો તો હું પણ જોવા આવીશ. તારી મમ્મી પણ રાજુ, કિરણ દુકાને બેસશે.'' પુરોહિત કાકાએ આયોજન કરતાં કહ્યું.

બીજા દિવસે સવારે નવ કલાકે કન્યા વિદ્યાલયનું ખુલ્લુ મેદાન દર્શકોથી ભરાઇ ગયું. પ્રથમ રાઉન્ડ બોમ્બે અને વાપીની ટીમ વચ્ચે શરૂ થયો. સીંગલ પાસીંગમાં વાપીની ટીમ જીતી. દર્શકોએ ઉત્સાહ પૂર્વક કિકિયારી કરી. ખેલાડીઓને વધાવ્યા. જ્યારે ડબલ પાસીંગ મેચ શરૂ થઇ ત્યારે યાકુબ ખૂબ ફૉમમાં રમતો હતો. દંતુ અને જવાહરનો ખેલ પણ જોવા જેવો હતો. સામેથી આવતા નેટપ્રેસ બોલને ઉછાળીને દંતુ જવાહર બંન્ને પાછા મોકલતા હતા. હેરત ભરી રમત ને જોઇને દર્શકો ઉત્સાહમાં આવી જતા હતા. ઘણો લાંબો સમય ટક્કર ચાલી. બોમ્બેની ટીમ હારી ત્યારે યુવક યુવતીઓ મેદાન ઉપર દોડી આવ્યાં. યુવાનોએ દતું, યાકુબ, ઉત્પલ, જવાહર, રમેશ અને બીપીનને ઊંચકી લઇને મેદાનમાં દોડ્યા.

લંચ પડ્યો. બધા જ ખેલાડીઓને ઉત્પલે પોતાના તરફથી હોટલ દમણ ગંગામાં સ્વાદિષ્ટ ભોજન પીરસાવ્યું. દર્શકોને મીઠાઇ વહેંચવામાં આવી.

લંચ બાદ આરામ કરી બપોરે બે કલાકે વાપી અને ચિખલીની મેચ રમવાની શરૂ થઇ ત્યારે ફાઇનલ જોવા ઘણા દર્શકો ઊમટી પડ્યા હતા. દુકાનદારો પણ દુકાનો બંધ કરી મેચ જોવા આવી ગયા હતા. ડબલ પાસીંગમાં ચિખલી સામે રમતા ભારે ટક્કર વાપીની ટીમે લીધી. પૂરા બે કલાક સુધી ચાલેલી આ મેચ ચરમ સીમાએ પહોંચી હતી.



અંતે વાપીની ટીમ જીતી ત્યારે ચિખલીની ટીમના કેપ્ટને અને બીજા ટીમના ખેલાડીઓએ વાપીની ટીમના ખેલાડીઓને ખૂબ અભિનંદન આપ્યા. બોમ્બેની ટીમના ખેલાડીઓએ પણ અભિનંદન આપ્યા. નાનકડા સમારંભમાં વાપીની ટીમના કેપ્ટન ઉત્પલને શીલ્ડ આપવામાં આવ્યો ત્યારે પુરોહિત કાકાએ ટાઇટનનું કાંડા ઘડિયાળ દરેક ખેલાડીને ભેટ આપ્યું.

મોડી સાંજે યાકુબ સોડાવાળાની દુકાને સોડા પીતાં પીતાં ઉત્પલ કહી રહ્યો "ખૂબ મઝા આવી....દર વર્ષે આપણે ફરતો શીલ્ડ આપવાનું રાખીએ અને મેચ ગોઠવીએ.''

ઉત્પલની વાતમાં બધા સહમત થયા અને ફરતો શિલ્ડ કરવામાં આવ્યો. દર વર્ષે બાવીસ જાન્યુઆરીથી વોલીબોલ, ડબલ પાસીંગ મેંચ ગોઠવાતી હતી. આ હરિફાઇમાં બોમ્બે વલસાડ, તિથલ, ચિખલી, ગડત, નવસારી, અતુલ, પારડી, ઉંમરગામ, નારગોલ, સેલવાસ, દમણ, નાની દમણ, બિલીમોરા સંજાણના યુવાનોની ટીમો ભાગ લેતી હતી. ફાઇનલ મેંચ છવ્વીસ જાન્યુઆરીએ રમાવા લાગી અને વિજેતા ખેલાડીની ટીમને ફરતો શિલ્ડ અપાતો હતો.

## પ્રકરણ : ૧૩. સુખી સંસાર

વેદાંત, મોહિની, સુહાસ, વનલત્તા, ઉત્પલ, જનક, સ્વાતિ અને અવિનાશ વડોદરા પહોંચ્યા ત્યારે બપોરના બાર વાગ્યાનો સમય થયો હતો. અવિનાસ દવેને પહેલથી ફોન કર્યો હતો. તેથી નવા મકાનમાં વાસ્તુપુજન, સત્યનારાયણની કથા વાંચન પૂંજા અર્ચના માટે મહારાજ રોકી વ્યવસ્થા કરી રાખી હતી. અવિનાશને ઘેર બપોરનું ભોજન લેતાં વેદાંત કહી રહ્યો હતો. ‘‘હજુ સુનયના કેમ ના આવી.’’

અવિનાશે હળવેથી કહેયું – ‘‘સુનયના...હા! તે તો એમ એસમાંથી ટ્યુશન કર્યા પછી જ બપોરે સાડાબાર કલાક પછી આવે છે તેની કોલેજ સવારની છે.’’

‘‘જનક ક્યાં છે?’’ અવિનાશે પૂછ્યું.

‘‘તેને તો એવી ટેવ છે કે જ્યાં કાર પાર્ક કરીએ તો કપડાંથી કાર સાફ કર્યા પછી જ આવે છે.’’ સુહાસે હસતાં હસતાં કહ્યું.

બધા ફ્રેસ થઈને ડાયનિંગ ટેબલ પર બપોરના ભોજનની શરૂઆત કરતાં હતાં ત્યાં જ –





જનક સુનયનાએ કંપાઉન્ડમાં પ્રવેશતાં જ સાથે ચાલતાં ચાલતાં હસતાં હસતાં પૂછ્યું ‘‘જનક ક્યારે આવ્યો?’’

‘‘હમણાં જ હજુ કાર પાર્ક કરી છે.’’ જનકે સુનયનાને હસતાં કહ્યું ‘‘કેમ છે? ખૂબ સુકાઇ ગઇ છે.’’ જનકે પાસે ચાલતી સુનયનાનો હાથ પકડી પાડી તેની નજદીક ખેંચી. સુનયના હસતાં હસતાં શરમાઇ ગઇ. તેણે ચહેરાના ભાવ છુપાવા હાથ ફેરવતાં કહ્યું ‘‘જવા દે ને કોઇક જોઇ જાશે.’’ તેનો હાથ છોડાવા પ્રયાસ કરતાં કહી રહી. જનકે સુનયનાને વધુ બાહુપાસમાં ખેંચીને હળવેથી તેની બાહુમાં ભીંસી લીધી અને તેના હોઠ પર તગતગતું ચુંબન આપી કહેલા લાગ્યો ‘‘હવે જા!’’ સુનયનાના ચહેરા ઉપર શરમના શેરડા પ્રસરી ગયા. પ્રેમનાં અશ્રુબિંદુ તેની આંખોની પાંપણ પર આવીને મોતી જેમ સૂર્ય પ્રકાશમાં ચમકવા લાગ્યા. શર્મથી રાતાચોળ કમળ પૂષ્પ જેમ શોભતા ચહેરા ઉપર અશ્રુબિંદુ ચમકી રહ્યાં હતાં.

પ્રવેશદ્વારમાં બંન્ને સાથે પ્રવેશ્યાં ત્યારે બધાની નજર ડાયનીંગ ટેબલ ઉપરથી તેમના તરફ મંડાયેલી હતી. બેઠક રૂમમાં ગોઠવાયેલા એલ.જી.ના કલર ટી.વી.માં ઝી સિનેમાનું દશ્ય ચાલી રહ્યુંહતું. તે જ સમયે સરસ્વતીચંદ્રનું ગીત ‘‘ફુલ તુમ્હે ભેજા હૈ ખતમેં ફૂલ નહીં મેરા દીલ હૈ...।’’ દશ્ય શ્રાવ્ય થઇ રહ્યું હતું. જનકે સુનયના તરફ દષ્ટિપાત કર્યો તો સુનયના ટી.વી.સ્ક્રીન તરફ એક નજર નાંખીને તુરંત બીજા સમયે જનક તરફ જોઇને ગણગણી રહી હતી. ‘‘ફૂલ તુમ્હે ભેજા હૈ ખતમેં...’’

બેઠક રૂમમાં સુનયનાએ સોફા ઉપર સ્કૂલ બેગ મૂકીને બાથરૂમ તરફ ગઈ. જનક ઔપચારિકતા ખાતર સોફા ઉપર ગોઠવાયો. સુનયના કીચનમાંથી પાણીનો ગ્લાસ લઈને જનક સામે આવીને ઊભી રહી. તે બધા સાંભળે તેમ કહી રહી. ''ક્યારે આવ્યાં?''

''હજુ હમણાં જ આવતો છં.'' જનકે હસતા સુનયનાની જાંગ ઉપર ઝીણી ચુંટલી ભરી. સુનયના હળવો સિસકારો ભરતાં બોલી ઊઠી. ''ઊંઇ....માં...લુચ્ચા.''

બધા જમીને કીર્તિ સ્તંભના નવા મકાનમાં ગોઠવાયા. ઈશાન ખૂણામાં મોહિની પાસે સ્થાપન કરાવ્યા પછી ગોર મહારાજે વાસ્તુપુજન કરાવ્યું. વેદાંત અને મોહિની સત્યનારાયણા ભગવાનની પૂંજા અર્ચના કરીને ગોર મહારાજને ભોજન દક્ષિણાથી સંતુષ્ટ કર્યા ત્યારે વેદાંત શાંતિ મંત્ર ''ઓમ શાંતિ...શાંતિ...પૃથ્વીં શાંતિ, રાપાઃ શાંતિઃ અનલઃ શાંતિ, અગ્નિ શાંતિ ઓમ શાંતિઃ શાંતિઃ...શાંતિઃ

સ્વતિવચન કહીને પાવરલુમનું પૂંજન કર્યું. બધાએ પાવરલુમના ગોઠવાયેલા પાંચ યંત્રો તરફ ગયા. સુહાસ કહી રહ્યો હતો ''મોટાભાઈ આપણે કારીગરો મારફતે શ્રી ફળ વધેરી શુભારંભ કરાવીએ.''

ગોર મહારાજે શક્તિપૂંજન કરાવી વેદાંત પાસે શ્રીફળ વધેરાવી પાવરલુમની સ્વિચ ઓન કરાવી મસીન ચાલવા લાગ્યું. મસીન પાસે ઊભા રહેલા કરીગરને ચાંદલો કરી મીઠાઈ ખવડાવતાં મોહિની કહી



રહી ''તમારી કુશળતા ઉપર જ આપણા વિકાસની કેડી કંડારાયેલી છે.''

''ચિંતા ના કરતા બહેન દેવી માની કૃપાથી આપણે પ્રગતિ કરીશું.'' કારીગર મયંકે પ્રતિઉત્તર આપતાં કહ્યું. પાંચેય મસીન પાસે ઊભા રહેલા કારીગરો...રવિ, મયુર, કેવલ, સમીર કહી રહ્યાં.''હા...હા...આપણી પ્રગતિ છે જ.''

વેદાંત, સુહાસ અને ઉત્પલ હસી રહ્યાં હતાં. મોહિની બધાંને ગોળધાણા આપી રહી હતી. શુભારંભમાં ઉપસ્થિત અન્ય આગંતુકના ચહેરા ઉપર હાસ્ય હતું. સાંજના છના સમયે વેદાંત બધાને હોટલ રાજધાની તરફ લઇ ગયો. ત્યારે તેના ચહેરા ઉપર કંઈક નવીન કાર્ય કર્યાનો સંતોષ હતો.

ચોથા વર્ષે જનક સુનયના લગ્ન લેવાય તે પહેલાં સુનયના જનકને મળી. તેણે એક પ્રસ્તાવ મૂક્યો. ''જનક એક વાત કહું.''

''હા બોલ.'' જનકે સુનયના તરફ દૃષ્ટિ કરતાં કહ્યું.

''જો આમને આમ મળવું યોગ્ય નથી.'' સુનયનાએ થોડા ડર અને સંકોચ સાથે કહ્યું.

''કેમ?'' જનક વિચારતાં કહી રહ્યો. આપણે મળીએ અને કોઈ સમયે હું ભારે પગે થાઉં તો.'' સુનયનાએ પોતાનો ડર વ્યક્ત કર્યો.

''હા...સાચી વાત છે. તો શું કરીશું?'' જનકે વિચારતાં કહ્યું.

"એક તો પપ્પાની તબીયત સારી નથી રહેતી અને પાછું મમ્મી પણ બીમાર રહેવા લાગી છે. આપણે કોર્ટ મેરેજ નોંધાવીએ." સુનયનાએ પોતાનો વિચાર વ્યક્ત કર્યો.

"તારો વિચાર યોગ્ય છે. તેમ જ કરવું જોઈએ. કાલે જ આ કાર્ય કરીએ બપોરે થોડી ખરીદી કરી આવીએ અને તું મમ્મી પપ્પાને વાત ના કરતી. કદાચ તું એકની એક જ પુત્રી છે અને તારો ભાઈ કનક પણ ના કહે તો." જનકે વિચાર કરતાં કહ્યું.

"તેને તો મારી ક્યાં પડી છે?" સુનયનાએ છણકો કરતાં ગુસ્સો વ્યક્ત કર્યો.

"આપણે કાલે ખૂલતી કોર્ટે મેરેજ નોંધાવાનું તે નક્કી. પછી બીજી બધી વાત." જનકે સ્પષ્ટતા કરી.

બીજે દિવસે જનક સુનયન બંન્ને વડોદરાના બજારમાંથી સાડી વીંટી, ફૂલહાર, મીઠાઈ ખરીદી લાવ્યાં.જ્યારે કોર્ટ રૂમમાં પહોંચ્યાં. ત્યારે રાકેશ મેરેજ રજીસ્ટાર આવકારતો કહી રહ્યો આજે તો તમારો એક કેસ હશે. ચાલો નોંધણી પેપરમાં સહી કરી લો."

"કેમ એમ?" જનકે પ્રશ્ન કર્યો.

"હું રજા ઉપર જવાનો છું. તમે આવ્યા એટલે શુભકામમાં વિલંબ ના કરાય." રાકેશે સહજ હસતાં કહ્યું.



મેરેજ નોંધણી ફોમ ભરીને જનક સુનયના એ સહી કરી. ત્રણેએ મીઠાઈ ખાધી. અને સાથે આવેલી સુનયનાની બહેનપણી મંદાકિનીએ પણ મીઠાઈ ખાતાં સહી કરીને કહ્યું "તમારું પાકું થઈ ગયું." અરે ત્યાં શું જુઓ છો. તમે પણ સહી કરો ને."

સુનયના તરફ જોતા મુકુન્દને કહ્યું મુકુન્દ હસતાં હસતાં કહી રહ્યો "કંઈ નહીં હું તો જોતો હતો કે જોડી સુંદર જામી છે." લાવ ક્યાં સહીં કરવાની છે." મુકુન્દે મંદાકિની પાસેથી મેરેજ પેપર લઈને સહી કરી.

મેરેજ નોંધણીનું કાર્ય પૂર્ણ કરી બધા મીઠાઈ સાથે સુનયનાને ઘેર પહોંચ્યાં ત્યારે અવિનાશ દવે દૂરથી આવતી સુનયનાના બદલાયેલા સ્વરૂપને જોઈ રહ્યા હતા. સુનયના લીલી સાડીમાં ખુબ સુંદર શોભતી હતી. તેના બંન્ને કરમાં શોભતી રંગબેરંગી બંગડી રણકી રહી હતી. છુટ્ટી ચાલે આવતી સુનયનાનો લાંબો ચોટલો મોગરાની વેણીથી શોભતો હતો. કપડામાં છાંટેલું ચાર્લીના સ્પ્રેની સુગંધ વાતાવરણને રોમેન્ટીક બનાવતું હતું. બંન્ને જ્યારે આદિત્યને પગે લાગ્યાં ત્યારે આદિત્યના મનોજગતમાં ચાલતા અનેક તર્ક વિતર્કો સમાઈ ગયા. તેણે હસતે ચહેરે આશિષ આપતાં કહ્યું "સુખી થાઓ."

સુનયના માતા મયુરીને પગે લાગવા ગઈ ત્યારે મયુરી તેને ભેટી જ પડી. માતા પુત્રીનું મિલન અશ્રુધારાથી ઉભરાઈ ગયું. દીકરી તો વહાલનો દરિયો હોય છે. મયુરીએ સુનયનાની પીઠ ઉપર હાથ

પ્રસારતાં કહ્યું ''બેટા થોડી વાત કહી હોત તો તારા માટે કંઈક ભેટ તો લાવી રાખત ને!''

''મમ્મી! અચનાક જ નિર્ણય લીધો ફરવા ગયાં હતાં ને આ કામ કરીને આવ્યાં.'' સુનયનાએ સહજ રીતે કહ્યું.

મયુરીએ સુનયનાના પાસે જ ટેબલ ઉપર પડેલા મીઠાઈના પેકેટને ખોલીને તેમાંથી એક પેંડો સુનયનાને ખવડાવ્યો. જ્યારે જનક પગે લાગ્યો ત્યારે તેના શીશ ઉપર હાથ પ્રસારતાં કહ્યું ''બેટા સુખી થાજો. બીજુ તો શું કહું મેં ખુબ વહાલથી તેને ઉછેરી છે.''

બીજે દિવસે જનક સુનયના કડોદ આવ્યાં ત્યારે વેદાંત અને મોહિનીએ ખૂબ પ્રેમથી આવકાર્યાં.

આવતી કાલે વેદાંતે કડોદમાં સુહાસના પુત્ર જયના યજ્ઞોપવિત્ર સંસ્કાર યોજ્યા હતા. યજ્ઞોપવિત સંસ્કાર પૂર્વ જયની ચૌલક્રિયા સંસ્કાર પણ કરવાના હતા. આદિત્ય મયુરી, ઉત્પલ સ્વાતિ, કેતનને આમંત્રણ પાઠવેલું હતું. ચૌલક્રિયા અને યજ્ઞોપવિત્રની સંપૂર્ણ તૈયારી થઈ ગઈ હતી. વેદાંતના એકલિંગજી નિવાસ સદનને શણગારવામાં આવ્યું હતું. ઘરને આંગણે મંડપ બંધાઈ રહ્યો હતો. મોડી રાત્રે દશ કલાકે વેદાંતનો મોબાઈલ રણકી ઊઠ્યો ''ૐ ભુઃભૂર્વ સ્વઃ તત્સ્ વિતુર વરેણ્યમ્ ભર્ગોદેવસ્ય ધિમહી ધીયો યોનઃ પ્રચોદયાત્ ''

વેદાંતે મોબાઈલને રીસીવ કર્યો.

''હલો...જયશ્રી કૃષ્ણ.''





''હા! મોટાભાઈ જયશ્રી કૃષ્ણ.''

''ઉત્પલ શાંતિ છે ને? ક્યાંથી બોલે છે.'' વેદાંતે ઉત્પલને પ્રશ્ન પૂછ્યો.

''મોટાભાઈ વાપીથી જ બોલું છું. ઝંડા ચોકમાં છું.''

''કેમ? ઘેર નથી ગયો.'' વેદાંતે પ્રશ્ન પૂછ્યો. તે કહી રહ્યો ''મોડી રાત સુધી રાતના દશ વાગ્યા તો પણ કેમ ઝંડા ચોકમાં છે?'' વેદાંતે ફોન ઉપર ચિંતા વ્યક્ત કરી.

ઉત્પલે કહ્યું ''મોટાભાઈ શાંતિનો છે પણ અહીંનું વાતાવરણ જરા એવું જ છે.

''કેમ શું થયું છે?'' વેદાંત વાત કરતાં વિચારમાં પડી ગયો તેના મનમાં અનેક વિચારો આવવા લાગ્યાં. શું સ્વાતિની તબિયત બગડી હશે. અનિકેતાને બી.પી.નું દર્દ છે એટલે દવા લેવા આવ્યો હશે. કે પછી શું થયું હશે? તેમ છતાં ખૂબ ધીરજથી ધીમા અવાજે ઉત્પલ સાથે વેદાંત વાત કરી રહ્યો હતો. ''જો ઉત્પલ નાણાંકીય પ્રશ્ન હોય તો કાલે ઉઘડતી બેંકે ડી.ડી. મોકલી આપું. મારું કામ હોય તો સવારે જનતામાં વાપી આવી જાઉં.''

''મોટાભાઈ એવું કંઈ જ નથી.'' વેદાંતને સાંત્વના આપતાં ઉત્પલે કહ્યું.

''તો પછી છે શું? તું કેમ ગભરાયેલો લાગે છે તારા અવાજમાં સુક્ષતા છે.'' વેદાંતે ઉત્પલના અવાજને ઓળખતાં કહ્યું.

ઉત્પલ ફોન ઉપર વાત કરતો હતો ત્યારે ખૂબ કોશીષ કરવા છતાં તેના ગળામાં શ્રોષ પડતો હતો. તેનો અવાજ કર્કશ બની જતો હતો. ઉત્પલે દતુંની દુકાનના ટેબલ ઉપરથી પાણીના ગ્લાસ ઊંચકી ઘુંટ પાણી પીતાં કહ્યું "મોટાભાઇ વાત એવી છે કે છેલ્લા કેટલાક સમયથી વલસાડથી ઉમરગામ સુધીના વિસ્તારમાં હડપતીઓનું આંદોલન ચાલે છે સાંજ પડે છે અને હજારો હડપતીઓ દાતરડાં સાથે રેલી કાઢે છે. તેમની ઝંડાચોકમાં મીટીંગ થાય છે. ત્યારબાદ તેઓ છૂટા પડે છે. આજે પારડીના ઇશ્વરકાકા ની મીટીંગ હતી. હડપતીઓએ રેલી કાઢી. હાથમાં દાતરડાં સાથે ઊંચા હાથ કરી. ઊંચા અવાજે સૂત્રો પોકારતા રહ્યા."અમોને ઘાસ કાપવાની પૂરી મજૂરી આપો." અમે પણ જમીનના ભાગીદાર છીએ." "ઘાસીયા મજુર જિંદાબાદ" લોકશાહી અમર રહો" વગેરે વગેરે.

વેદાંતે ચિંતા વ્યક્ત કરતાં કહ્યું "તું તો નિશ્ચિંત છે ને? બીજું કંઇ થયું નથી ને?"

ઉત્પલે ગભરાટમાં વાત કરતાં કહ્યું "હમણાં જ એવું બન્યું કે ઇશ્વરકાકાની મીટીંગ પૂરી થઇ અને કેટલાક હડપતીઓનું ટોળું દુકાનોમાં તોડફોડ કરવા લાગ્યું. મીટીંગની થોડે દૂર ઊભો રહેલો મારો મિત્ર ધનસુખને બીજા મિત્રો ઉપર ટોળાએ હુમલો કર્યો. ભાગદોડ મચી ગઇ અને કોઇકે ધનસુખના ગળા ઉપર દાતરડું મારી દીધું."

"ઓહ! બહુ ખરાબ થયું. શું થયું છે લોકોને માંગણી હોય તો સરકારમાં રજુ કરવી જોઇએ કેટલાક જમીનદારો મિટીંગ કરીને





રજુઆત કરવી જોઇએ કે અમોને જે રોજી આપો છો તે પોસાતી નથી." વેદાંતે વાત સમજાવતાં કહ્યું.

"તે જ વાત કરવા ઇશ્વકાકા આવ્યા હતા પણ મીટીંગ પૂરી થઇને ઉશ્કેરાટમાં આવું થયું. ધનસુખને દવાખાનામાં લઇ જઇએ તે પહેલાં તેનું મૃત્યું થયું." ઉત્પલ ટેલીફોન ઉપર વાત કરતાં રડી પડ્યો. દતુંએ ઉત્પલને આશ્વાસન આપ્યું. વાપીના ઝંડા ચોકમાં ઘણા લોકોનો સમુદાય ભેગો થઇ ગયો. ભાગદોડ મચી ગઇ. હડપતીઓનાં ટોળાં ભાગી ગયાં. મોડી રાત સુધી એકઠા થયેલા લોકો ધનસુખને ઘેર લઇ ગયા. ધનસુખની માતા ગૌરી અને પિતા દયાલદાસ કલ્પાંત કરતાં હતાં. ધનસુખની બહેન વનિતા અને ભાઇ રમણને શાંતવના આપવાની ઉત્પલમાં હિંમત ન હતી. સવારે અનેક સ્વજનો અને હજારો લોકો સ્મશાન યાત્રામાં જોડાયા. ધનસુખને અગ્નિસંસ્કાર આપવામાં આવ્યાં. મોડી સાંજે શોકસભા ભરાઇ ત્યારે બની ગયેલા અણબનાવ અંગે ઇશ્વરકાકાએ દિલાશો વ્યક્ત કર્યો. શોકસભામાં પધારેલા ખેતીવાડી ખાતાના પ્રધાન ઉત્સવ પરીખે હડપતીઓની માંગણી અને જમીનદારોના પ્રશ્ન અંગે ચર્ચા કરવા યોગ્ય નિર્ણય કરવા અમદાવાદ કૃષિ પ્રધાનની કાર્યાલય આવવાનું કહ્યું.

બીજે દિવસે ઉત્પલ સ્વાતિ અને અનિકેતા કડોદ પહોંચ્યાં ત્યારે જયની ચૌલક્રિયા સંસ્કાર પૂર્ણ થયા હતા. જય માટે ભેટ આપવા સોનાની વીંટી અને કપડાં સ્વાતિ લાવી હતી. વેદાંતે ભેટ આપતી સ્વાતિને કહ્યું પણ ખરું "આટલો બધો ખર્ચ કરાતો હશે."

સ્વાતિએ વેદાંતને હસતાં હસતાં કહ્યું ''મોટાભાઇ પ્રસંગ ક્યાં વારંવાર આવે છે?''

સાંજે સ્નેહિઓ સાથે ભોજન સમારંભમાં ઉત્પલ સુહાસને કહી રહ્યો હતો ''સ્વાતિ કહેતી હતી કે સુહાસભાઇ મઝાના માણસ છે.''

સુહાસ ખડખડાટ હસી પડ્યો તે હસતાં હસતાં બોલી ઊઠ્યો ''બીજું શું કહેતી હતી?''

ઉત્પલે સુહાસની પીઠમાં ધબ્બો મારતાં કહ્યું ''બીજું કંઇ જ પણ તે કહેતી હતી કે સુહાસભાઇ મને ખૂબ ગમે છે.''

''એટલે?'' સુહાસ સહેજ શરમાયો અને હસી પડ્યો.

''અરે! એટલે....શું તેને પ્રેમ થઇ ગયો.'' ઉત્પલે સુહાસના મોમાં હલવાનો મોટો ટુકડો મૂકતાં કહ્યું.

''અરે!અરે! ઓહ આ શું કરે છે?'' સુહાસ મહા મુશ્કેલીએ મોં પહોળું કરતાં હસી પડ્યો. તે હલવાના ટુકડાને ખાતાં કહી રહ્યો ''ઘણું સારું કહેવાય પ્રેમ થવો એ તો ભાગ્યશાળી માણસનું કામ કહેવાય....પણ તું વાંઢો થઇ જઇશ તેનું શું?''

''મારે તો ચાલશે...પણ તમારે તો મઝા આવશે ને?'' ઉત્પલે હલવાનો બીજો ટુકડો સુહાસના મોંમાં મૂકવા જાય છે ત્યાં સુહાસ તેનાથી દૂર જતો રહ્યો. સુહાસ હસતાં હસતાં કહી રહ્યો ''એમ કર આ ટુકડો પાછો તો થાળીમાં ના જ મૂકાય. સ્વાતિને ખવડાવ.''





ધીમેથી સ્વાતિને ઇશારો કરીને ઉત્પલે બોલાવી ત્યારે સુહાસે તેની થાળીમાંથી હલવાનો ટુકડો સ્વાતિના મોંમાં મૂકતાં કહી રહ્યો ''ઉત્પલ કહે છે કે સ્વાતિને સુહાસ નામના કોઇ પ્રાણી સાથે પ્રેમ થયો.''

''થયો જ છે ને એટલે તો છેક વાપીથી અહીં આવું છું.'' પ્રેમ કરવા.''

સ્વાતિએ હસતાં હસતાં સુહાસને કહ્યું. અને તેની નજર ઉત્પલના ચહેરાને અવલોકી રહી. ઉત્પલ સ્વાતિની નજરમાં નજર મેળવી ખડખડાટ હસતો હતો. સુહાસ સ્વાતિની પાસે આવી ધીમેથી તેની સાડીના પાલવને ખેંચી રહ્યો હતો.

સ્વાતિ હળવે રહીને આંખ મીચકારતાં હસતી કહી રહી હતી ''એય તું શું કરે છે?''

ચાલાક ઉત્પલ ધીમેથી કહી રહ્યો ''કંઇ નહીં એ તો જરા...સાડી ખેંચે છે. ખેંચવા દે ખેંચવા દે નહીં તો તનેય ખેંચશે.'' ઉત્પલ ખડખડાટ હસી પડ્યો.

બીજા દિવસે વહેલી સવારે સગાં સ્નેહિ પ્રાતઃ ક્રિયા પરવારીને યજ્ઞોપવિત સંસ્કાર ક્રિયા ચાલતી હતી ત્યાં મુકેલી ખુરશીમાં ગોઠવાયાં. યજ્ઞોપવિત સંસ્કાર પૂર્ણ થતાં બટુકને ભિક્ષાદાન અને ચાંદલાની વિધી ચાલું થઇ. ઉત્પલ અને સ્વાતિએ ભિક્ષા દાનમાં બટુકને થાળી વાટકી પ્યાલો અને તેમાં પતાસાં મૂકી બુશટના પીસ સાથે ભિક્ષાદાન કર્યું. બટુક પાસે વનલત્તા અને સુહાસ બેઠાં હતાં. તેમની બાજુમાં જનક

સુનયના અને વેદાંત મોહિની બેઠાં હતાં. વનલત્તા અને સુહાસ ચાંદલો લખી રહ્યાં હતાં. ત્યારે ઉત્પલે ૫૦૧/- રૂપિયા ચાંદલો લખાવતાં કહ્યું. ''લખો સ્વાતિ સુહાસભાઇ પુરોહિત.''

બધાં હસી પડ્યાં. વેદાંત મોહિની ઉત્પલની સામે જ જોઇ રહ્યાં. સુહાસ ગાલમાં હસી રહ્યો હતો. સ્વાતિ ખડખડાટ હસતી હતી. તે કહી રહી ''આજથી નામ બદલાઇ ગયાં.''

વેદાંત ટીખડીખોર સુહાસ સામુ જોઇ રહ્યો હતો ''બોલ તેં શું કર્યું છે?''

ઠાવકું મોં કરીને ગભરાતો સુહાસ વેદાંતને કહી રહ્યો હતો ''કંઇ...કંઇ નહીં....મો...ટા....ભાઇ એ...તો...જ...રા''

''એતો જરા એટલે'' વેદાંતે કુત્રિમ ગુસ્સો કરતાં કહ્યું.

સ્વાતિએ ધીમેથી કહ્યું ''એ તો...જ...રા...સાડીનો પાલ ખેંચ્યો છે.''

યજ્ઞોપવિત મંડપમાં ખડખડાટ હાસ્યનું મોઝું પ્રસરી ગયું. આદિત્ય અને મયુરી પણ હસી પડ્યાં. મયુરી ધીમેથી સુહાસને કહી રહી...''એય...અમને પણ તમારો લાભ આપજો.''

સુહાસ હસતાં હસતાં કહી રહ્યો ''તમે તો અમારાં વેવાંણ કહેવાઓ તમને તમને વળી....''

''આવું! વરસાદ તો બધે વરસે'' મયુરી હસતાં હસતાં કહી



રહી.

સુહાસ વનલત્તાના હસતા ચહેરાં અને બધાને હસતાં કહી રહ્યો ''જરૂર...જરૂર વેવાણ મને બહુ ગમે....સુનયના સાંભળી ગઇ.''

બધાં ખડખડાટ હસતાં હતાં. સુનયના શરમાઇને ડ્રેસની ઓઢણીથી ચહેરો ઢાંકી રહી અને હોઠમાં હસી રહી.

દૂર સામેની ખુરશીમાં બેઠેલા મંગુમામાનો બધાંને હસતાં જોઇને ખુશતાં કહી રહ્યાં ''કેટલો સુખી સંસાર છે. ભગવાન તમોને હંમેશ હસતા રાખે.''

મંગુમામા ચાંદલો લખાવા અને ભિક્ષા આપવા આવ્યા ત્યારે ચાંદલો લખાવતાં કહી રહ્યા ''વેદાંત! પાવરલુમમાં કામ કરવા મંછી અને જગલાને લઇ જજે. આપણા અંગત માણસ પણ જોઇએ.''

વેદાંતે મંગુમામાને વિચાર કરતાં કહ્યું ''મામા તમે પણ આવો ને ખુરશીમાં બેસી રહો તો અમારું ધનભાગ્ય કહેવાય.''

સુહાસ અને ઉત્પલ પણ વેદાંતની વાતમાં સૂર પૂરાવતાં કહી રહ્યાં ''હા...હા...મંગુમામા જરા અમે પણ હળવાશ અનુભવીએ.''

મંગુમામા વેદાંતને કહી રહ્યા ''જરૂર આવીશ પણ તને ખબર છે ને? મારો જીવ તો આ દીનહિન દરિદ્રનારાયણ આદિવાસીઓની સેવામાં જ રહે છે.''

વેદાંત મંગુમામાની ચિંતાને સમજતો હતો તે વધુ ગંભીર થઈને કહી રહ્યો "હા સાચી વાત છે. તમે તો આદિવાસીઓના પરમસેવક છો."

થોડા સમય પછી પુનઃ વેદાંત કરી રહ્યો "એક કામ કરો વડોદરામાં આશ્રમ શાળા શરૂ કરો. ભંડોળ અમે ભેગું કરી આપીશું."

"ખૂબ સરસ વાત કહી. ભવિષ્યની પેઢીને શિક્ષણ આપવું તે મોટું પુણ્યનું કામ છે. હોસ્ટેલ પણ શરૂ કરો તો ઘણું સારું કામ થાય." સુહાસે મંગુમામાને વિનંતી કરતાં કહ્યું.

બધાં જ સ્નેહિઓ મંગુમામા સામું અપેક્ષિત ઉત્તરની રાહ જોઈ રહ્યાં હતાં.

મંગુમામા હસતાં હસતાં કહી રહ્યા "જરૂર તમારા બધાનો પ્રેમ છે તો તે કામ શરૂ કરીશ."

ઉત્પલે કહ્યું. "એ વાત તો સાચી આપણે આજથી જ મૂર્હૂત કરીએ વનલત્તા! એક કાગળ આપતો."

વનલત્તાએ નોટબુકમાંથી એક કાગળ કાઢીને ઉત્પલને આપ્યો. ઉત્પલે પોતાનાથી જ દાનનું લીસ્ટ બનાવ્યું. ઉત્પલે પચાસ હજાર દાનમાં લખ્યાં. પાસે બેસી રહીને ઉત્પલને લખતાં જોઈને વેદાંતે કહ્યું "મારા એકલાખ લખો."

ઉત્પલ અને વેદાંતની વાત સાંભળતા અવિનાશે કહ્યું "મારા



પણ વેદાંત જેટલા લખો."

થોડા સમયમાં આશ્રમશાળા શરૂ કરવાની છે એ વાત ફેલાઈ જતાં હાજર રહેલાં સગાં સ્નેહિઓએ પણ દાન લખાવ્યું. નોટનો પુરો કાગળ દાનના લિસ્ટથી ભરાઈ ગયો. યજ્ઞોપવિત્ર પ્રસંગે હાજર રહેલા નાનુભાઈ નાયકે પણ રૂપિયા પચ્ચીસ હજાર દાન લખાવ્યું. પૂરા દાનની રકમનો સરવાળો કરતાં અઢારલાખ થયો. તે લીસ્ટ મંગુમામાને આપતાં વેદાંત કહી રહ્યો "મંગુમામા હવે તમારું કામ શરૂ થશે. થોડા સમયમાં દાન તમારા નામે આવી જશે."

મંગુમામા વિચાર કરતા કહી રહ્યા એ કામ કરીએ આપણે પહેલાં એક ટ્રસ્ટ બનાવીએ તેમાં તમે બધા ટ્રસ્ટી રહો. આપણે ખૂબ વ્યવસ્થિત કાર્ય શરૂ કરીએ.

સાંજના ભોજન સમારંભમાં બધાએ ભેગા મળીને એક ટ્રસ્ટી મંડળ બનાવ્યું. તેમાં પ્રમુખ તરીકે મંગુમામાને નક્કી કર્યા. તેના મંત્રી તરીકે આદિત્ય દવેનું નામ લખ્યું. બાકીના કારોબારી સભ્યોમાં વેદાંત, ઉત્પલ, નાનુંનાયક, સ્વાતિ અને સુહાસનું નામ રજુ થયાં. થોડા દિવસોમાં ટ્રસ્ટનું રજીસ્ટ્રેશન કરાવીને બેંક એકાઉન્ટ ખોલવાનું નક્કિ થયું. ટ્રસ્ટનું નામ "આદિવાસી વિકાસ ટ્રસ્ટ" અપાયું. અને "આદિવાસી આશ્રમ શાળા અને હોસ્ટેલ" નામે આશ્રમશાળા શરૂ કરાઈ.

## પ્રકરણ : ૧૪. માત્ર એક કલાક જ

વેદાંતની પાવરલુમ ફેક્ટરીમાં બાકીની રહેલી એક એકર જમીન વેદાંતે આશ્રમશાળા અને હોસ્ટેલ બનાવા દાનમાં આપી. વડોદરાના હાર્દસમા કીર્તિસ્તંભ પાસેના વિસ્તારમાં આશ્રમશાળા જૂનના પ્રથમ સત્રથી સક્રિય થઈ ત્યારે શાળાના પાંચ ઓરડા, રસોઈઘર, વિદ્યાર્થીઓને રહેવાની હોસ્ટેલ અને પ્રાર્થના મંદિરનું સર્જન કરવામાં વેદાંત, મંગુમામા, આદિત્ય, ઉત્પલ અને સુહાસનો ઘણો સમય રાત દિવસકામ કરતાં પસાર થયો. રાત્રિના ઉજાગરા અને સીગરેટ પીવાની લતમાં સુહાસને ક્ષયની બિમારી ઘરકરી ગઈ. સુહાસને આવતી ઉધરસ અને થતી લોહીની ઉલ્ટીને કારણે વેદાંત મોહિની, વનલત્તા, ઉત્પલ, સ્વાતિ ખૂબ ચિંતામાં પડી ગયાં. આ વાતની જાણ થવામાં ઘણું મોડું થઈ ગયું હતું. રાત દિવસ આશ્રમ શાળાના બાંધકામ માટે ત્યાં જ રહેતો સુહાસ જવલેજ વડોદરાના નિવાસ સ્થાને જતો હતો.

સૌ પ્રથમ જાણ મંગુમામાને થતાં તે ગળગળા થઈ ગયા. એક દિવસ વહેલી સવાર સુધી આશ્રમ શાળામાં રાત રોકાયેલા મંગુમામા આખી રાત ઉધરસ ખાતાં બેવડા બની જતા સુહાસના બરડામાં હાથ





ફેરવતા રહ્યા. તેમણે જોયું તો સુહાસને ઉધરસ ખાતાં પડતા ગળફામાંથી લોહીની છાંટ વધુ હતી. વહેલી સવારે તેઓ સુહાસને લઈને વેદાંતને ઘરે પહોંચ્યા ત્યારે એકદમ ઉધરસ આવતાં સુહાસ વેદાંતના ઘરના બારણામાં જ પડી ગયો. તેને લોહીની ઉલ્ટી પણ થઈ. બેઠક રૂમમાં બેસી રહેલા વેદાંતે સુહાસ મંગુમામાને અચાનક આવતાં જોઈને તુરંત ઊભો થઈ ગયો. ત્યાં જ આ ઘટના બનતાં પરિસ્થિતિ પામી ગયો. વેદાંતે દોડીને સુહાસને ઊભો કર્યો. વેદાંત બોલી ઊઠ્યો ‘‘અરે...રે... આ શું થયું?

વેદાંત રડી પડ્યો. ત્યાં જ મોહિની દોડતી આવી તે સુહાસને વળગીને રડવા લાગી. સેનીટોરીયમમાં સુહાસને એડમીટ કર્યો પણ ડોક્ટરે તપાસતાં કહી દીધું ‘‘સોરી વેદાંતભાઈ તમે ઘણા મોડા પડ્યાં. આ બિમારીએ સુહાસના ફેફસાંને નકામાં કરી દીધાં છે. ડાબુ ફેફસું તો છે જ નહીં. હું સારવાર કરું છું પણ રાહત રહે. બિમારીમાંથી મુક્ત ના થવાય.’’

વેદાંત, વનલત્તા, મોહિની, મંગુમામા ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા.

ડૉક્ટર હોઠપર આંગળી મૂકી આંખ કાઢી કહી રહ્યો ‘‘ચૂપ બાજુમાં સુહાસ સાંભળશે.’’

વેદાંત, મોહિની, વનલત્તા, મંગુમામા હીબકાં લેતાં આંખો લુછી રહ્યાં. ખુબ કઠીન હૃદય કરીને દુઃખને દાબી દઈને વેદાંત અને ઉત્પલ સુહાસની પાસે ગયા. સુહાસ આંખો બંધ કરી સૂઈ રહ્યો હતો.

થોડા સમય પછી વનલત્તા, મોહિની અને મંગુમામા રૂમમાં પ્રવેશ્યાં ત્યારે સુહાસના વાળમાં વેદાંત હાથ પ્રસારતો હતો. ખુબ શાંત્વના અનુભવતા સુહાસે આંખ ખોલી ત્યારે તેની સામે જ વનલત્તા દેખાઇ. સુહાસ વનલત્તાને કહી રહ્યો ‘‘મને કંઇ નથી થયું. આ બધા ખાલી કાગનો વાઘ કરી બેઠા છે. એ તો ખાલી ઉધરસ આવે છે. તે મટી જશે.’’

વેદાંત હળવેથી બોલ્યો ‘‘સુહાસ સુઇ જા તું બોલીશ તો તકલીફ પડશે. ડૉક્ટરે બોલવાની ના પાડી છે.’’

‘‘હા! મોટાભાઇ...!’’ અચાનક આવેલી ઉધરસને રોકવા સુહાસ પ્રયાસ કરવા લાગ્યો.

પુરા ત્રણ માસ સુધી સુહાસની ટ્રીટમેન્ટ સેનેટોરિયમમાં ચાલુ રહી. તેનું સ્વાસ્થ્ય સારું થવા લાગ્યું. સતત કાળજીને કારણે વેદાંત ખેતી અને પાવલુમ ફેક્ટરીમાં ધ્યાન આપી શકતો ન હતો. સારા કર્મચારીને કારણે આયોજન પૂર્વક ફેક્ટરી ચાલતી હતી. મંગુમામા ખેતીનું કામ સંભાળતા હતા. વનલત્તા સુહાસની સાથે જ રહેતી હતી. માત્ર પ્રાતઃક્રિયાથી પરવારવા અને મોહિનીએ બનાવેલું જમવાનું લેવા ઘેર આવતી. તે પ્રેમથી સુહાસને જમાડતી હતી. જનક સુનયનાને ખબર પડી કે સુહાસ ભાઇની ક્ષયની બિમારી વધી ગઇ છે ત્યારે ખૂબ દુઃખ અનુભવવા લાગ્યાં.



બીજા વર્ષે વેદાંત આશ્રમશાળા સંચાલન કરીને અને પાછો કડોદ શિક્ષણ કાર્યમાં રચ્યો પચ્યો બન્યો ત્યારે જનકે પાવરલુમનું કામ સંભાળી લીધું હતું. ઉત્પાદન અને વેચાણમાં જનક સુનયના પૂરતું ધ્યાન આપતાં હતાં.

અચાનક સુહાસને કડોદ સીવીલના સેનેટોરિયમમાં દાખલ કરવાનો નિર્ણય વેદાંતે લીધો. વનલત્તા સુહાસનું પૂરું ધ્યાન આપી શકે. ખેતીમાં પણ મદદ કરી શકે. તેની સાથે વેદાંત નોકરમાં પૂરતો સમય આપી શકે. ઉત્પલ સ્વાતિ જ્યારે કડોદ સુહાસની ખબર મેળવવા આવ્યાં ત્યારે સુહાસ પલંગમાં સુતો હતો. તેને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હતી. બંન્ને રૂમમાં પ્રવેશ્યાં ત્યારે વનલત્તાએ સસ્મિત આવકાર્યો. પણ તેના ચહેરા ઉપર ગ્લાનિ છવાયેલી હતી. હતાશ વનલત્તાની પીઠમાં હાથ પ્રસારતાં સ્વાતિ બોલી ઊઠી ‘‘જો વનલત્તા જીંદગીમાં સુખ દુઃખ આવવાનું જ સુખમાં છલકાઇ ના જવું અને દુઃખમાં હિંમત ના હારવી. આવી પડેલી સ્થિતિને આપણે સંભાળવી જ રહી.’’

વનલત્તા આંખની પાંપણ ઉપર ગોઠવાઇ ગયેલાં આંસુને લુછતાં કહી રહી. ‘‘પણ શું કરું? ખૂબ સેવા કરું છં. માનતા પણ ઘણી માની છે. જયને મોટાભાઇ ભાભી સાચવે છે. છતાં મારો જીવ માનતો નથી.’’

ઉત્પલે બાજુના ટેબલ ઉપરના પાણીના જગમાંથી એક ગ્લાસ પાણી ભરીને વનલત્તાને આપતાં કહ્યું ‘‘વનલત્તા તું હિંમત હારી જઇશ તો પછી ધરતીનો અંત આવી જશે.’’

અચાનક ઝબકીને જાગી ગયેલા સુહાસે આંખો ખોલી તેણે બેઠા થવાની કોશિષ કરી. સુહાસને બેઠા ન થવાનું ઉત્પલ સમજાવી રહ્યો. સુહાસને કોશિષ કરવામાં જ ખૂબ શ્રમ પડતો હતો. તેને ઉધરસ આવી ગઇ. વનલત્તા અને સ્વાતિએ પડખું ફેરવીને પીઠમાં હાથ પ્રસારવા લાગી. ઉધરસને કારણે આવી ગયેલા ગળફાને કાઢવા કોશિષ કરતા સુહાસને પલંગ નીચેની થૂંકદાની આપતાં ઉત્પલ કહી રહ્યો ''સુહાસ! તું...જરા...'' ઉત્પલની આંખો ભીની થઇ ગઇ. તેણે અવળું જોઇ લીધું અને આંખો લૂંછી નાંખી.

વનલત્તાએ ઉત્પલના હાથમાંથી થુંકદાની લઇને સુહાસને ગળફો કાઢવામાં મદદ કરી. તેણે થુંકદાની પાછી પલંગ નીચે મુકતાં જોયું તો લોહીનું પ્રમાણ વધું હતું. ઉત્પલે ટેબલનું ખાનું ખોલી ખાનામાં મૂકેલા ફેફસાના ફોટાને સુહાસ વનલત્તાના જુએ તેમ કાઢીને જોયો. ઉત્પલ ચમકી ગયો. ડાબા ફેફસાંનો એક ભાગ નહીં વત જ હતો. ઉત્પલ પરિસ્થિતિ પામી ગયો. તેનાથી એક નિશ્વાસ નંખાઇ ગયો. છતાં મૌન ધારણ કર્યું. તે વિચારવા લાગ્યો કદાચ વનલત્તા જાણતી ના હોય.

સીધા જ સીવીલમાં આવેલાં હોવાથી ઉત્પલે વેદાંતભાઇ ભાભીને મળવાનું વિચારીને થોડા સમય પછી વનલત્તાને કહ્યું ''હું ઘેર જાઉં...મોટાભાઇ તો સ્કુલમાં હશે.''

''હા! તમે ઘેર જાઓ. આ ખાલી ટિફિન લેતા જજો.'' વનલત્તાએ ખાલી ટિફિન સ્વાતિને આપતાં કહ્યું. સુહાસની સૂચક નજર



સ્વાતિની આંખોમાં મંડાઇ તેણે હોઠ ઉપર જમણાં હાથની આંગળી મુંકતાં કહ્યું ''તમારી તબીયત કેવી છે?''

સ્વાતિ સુહાસની હિંમતને દાદ આપી ગઇ. તે સમજી ગઇ કે જરૂર સુહાસ પરિસ્થિતિને જાણે છે.

જેવાં બંન્ને સેનેટોરિયમ રૂમમાંથી બહાર નીકળતાં હતાં તે જ સમયે જનક અને સુનયનાને પ્રવેશતાં જોયાં. સ્વાતિ બોલી ઊઠી ''આ શું?'' સ્વાતિએ જોયું કે સુનયનાએ નવોઢાના શણગાર સજેલા હતા. તેના હાથની મહેંદી તાજી હતી. બંન્ને હાથોમાં રંગીન બંગડી અને ગળામાં મંગળસૂત્ર શોભતું હતું. ઉત્પલ અને સ્વાતિને જનક સુનયનાએ ચરણ સ્પર્શ કર્યો ત્યારે ઉત્પલે અને સુનયનાએ આશિષ આપતાં કહ્યું ''સુખી થાઓ. સો વર્ષના થાઓ.'' જનકે વનલત્તા પાસે જઇને ચરણ સ્પર્શ કર્યો. વનલત્તા જનક સામું જ જોઇ રહી તેણે જનકને કહ્યું ''જનકભાઇ તમે તો જબરા હોં....પાર્ટી તો આપવી જ પડશે.''

જનકે સીધો જ પ્રશ્ન કર્યો ''સુહાસકાકાને કેમ છે?'' વનલત્તા મૌન રહી તેની આંખોમાં ભીનાશ તરવરી ઊઠી. છતાં વનલત્તા કહી રહી ''સારું છે મમ્મીને મળીને આવ્યાં.''

''હા! ટિફીન પણ લાવ્યાં છીએ.'' સુનયનાએ ટિફિન ટેબલ ઉપર મૂકતાં કહ્યું.

''સુહાસકાકા!....'' જનક સુહાસનો હાથ પકડ્યો. તે ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. સુનયના સુહાસને ચરણ સ્પર્શ કરતાં હિબ્કે ચઢી

ગઈ. વનલત્તાએ સુનયનાને પોતાની બાહુમાં લઈ લીધી. તેના ચહેરા ઉપર હાથ પ્રસારવા લાગી. તેની ભીની આંખોને પોતાની સાડીના પાલવથી લૂછી રહી. જનકને સુહાસ પાસેથી ખેંચીને ઉત્પલે પોતાની પાસે ઊભો રાખ્યો તે કહી રહ્યો "ચિંતા ના કર ઘણું સારું છે."

વનલત્તાએ પાણીના જગમાંથી બંન્નેને પાણી આપ્યું. સુહાસ આંખ ખોલીને કહી રહ્યો "મને શું થયું છે? મને કંઈ નથી થયું. તમે કેમ..."અચાનક પાછી ઉધરસ આવી. તેના આંતરડાં ખેંચાઈ જતાં હતાં. ધમણની જેમ શ્વાસ ચાલવાનો શરૂ થતો હતો. વનલત્તાએ અને ઉત્પલે સુહાસનું પડખું ફેરવાવ્યું અને પીઠ પર હાથ પ્રસારવા લાગ્યાં. પરિસ્થિતિ વધુ વિકટ બની ગઈ। સુહાસના હાથપગ ખેંચાવા લાગ્યાં. વનલત્તાએ બુમ મારી...ડૉક્ટર...ડૉક્ટર....તે પાગલ જેમ ડૉક્ટરની કેબીન તરફ દોડી. વોર્ડ બોય....નર્સ...ડૉક્ટર આવી પહોંચ્યા. ડૉક્ટરે ટ્રીટમેન્ટ શરૂ કરી. હાથની પ્લસ જોતાં ડૉક્ટરે કહ્યું "માત્ર એક કલાક જ..."ડૉક્ટરે ચશ્માના કાચ લૂછ્યાં. ઉત્પલે વેદાંત અને મોહિનીને ફોન કર્યો. થોડી જ મિનિટમાં બંન્ને આવી ગયા. વેદાંતે સુહાસના પલંગમાં બેસી માથું ખોળામાં લીધું. તેની આંખોમાંથી ગંગા જમનાનાં ઘોડાપુર વહી રહ્યાં હતાં. આખો ઓરડો રડી રહ્યો હતો. સુહાસની વ્યાકુળ આંખો કંઈ શોધતી હતી. તેણે વેદાંત અને મોહિની સામું જોયું માત્ર એટલું જ બોલ્યો "જય." વેદાંતે કહ્યું જયની ચિંતા ના કર. ત્યાં જ જયને લઈને નાનુંકાકા આવી ગયા. સુહાસે જયને જોતાં જ કાયમ માટે આંખો મીંચી દીધી.





રૂમમાં ધ્રુસ્કાં સંભળાઈ રહ્યાં. હિબ્કે ચઢેલી સુનયના અને મોહિની વનલત્તાના કલ્પાંતને રોકવા કોશિશ કરતી હતી. ઉત્પલ વેદાંતને વળગીને રડતો હતો. વેદાંતે સુહાસનો ચહેરો પકડી રાખ્યો હતો. તેના બંન્ને હાથ તેના વાળમાં પ્રસરી રહ્યા હતા. વેદાંત રડતાં રડતાં કહી રહ્યો હતો "ભાઈ!...તું મને ક્યાં મુકીને ગયો. હું હવે કેમ જીવીશ."

કડોદ ગામમાં વાયુવેગે વાત પ્રસરી ગઈ. અસંખ્ય સ્નેહિ મિત્રો કીડીયારુંની જેમ ઊભરાઈ ગયાં. ગામનું બજાર બંધ થઈ ગયું. ખેતરમાં કામ કરતાં આદિવાસી સ્ત્રી પુરુષો દોડતાં આવી પહોંચ્યાં. એમ્બ્યુલન્શ બોલાવીને સુહાસને ઘેર લઈ જવામાં આવ્યો. સંધ્યા સમયે તેની સ્મશાનયાત્રા નીકળી ત્યારે કડોદના ઈતિહાસમાં પ્રથમ બનાવ હતો કે વિરાટ માનવમેદની ઊભરી હોય.

સુહાસની ઉત્તરક્રિયામાં વેદાંતે કોઈ કચાશ ના રાખી. અસ્થિવિસર્જન કરવા સમસ્ત પરિવાર ચાણોદ ગયો. સુહાસના બેસણામાં જાણ્યા અજાણ્યા દૂર દૂરના લોકો આવવા લાગ્યાં. મોડી સાંજ સુધી દૂર ફેલાયેલી સુવાસ મધમધી રહી હતી. વેદાંતે સુહાસની યાદમાં "દરિદ્રનારાયણ સેવા ટ્રસ્ટ" શરૂ કર્યું. ભૂખ્યાંને ભોજન, રોગીને દવા, હાર્ટ અને કીડનીની બીમારી દર્દીઓને ઓપરેશન માટે ફ્રી ચાર્જની વ્યવસ્થા કરી. દર વર્ષે આવનાર પુણ્યતીથીએ ભજન સંધ્યાનો કાર્યક્રમ ગોઠવાયો.

વર્ષો પસાર થયા હોવા છતાં સુહાસની યાદમાંથી વનલત્તા બહાર આવી શકતી નહતી. દિવસે દિવસે કુશ કાયા ધરાવતી વનલત્તા

બે બાકળી ફર્યા કરતી હતી. હજુ તેના હૈયામાં સળગતી સગડી શાંત થઈ ન હતી. જ્યારે જ્યારે જયને જોતી તો તે દોડીને વળગી પડતી. મનભરીને રડી લેતી. મોહિનીનું વારેવારે સમજાવવું ઘરકામમાં અને અન્ય પ્રવૃત્તિમાં મન પરોવવાના નુશ્ખા વ્યર્થ જતા હતા. વેદાંતને હવે ઘર સ્મશાન જેવું લાગ્યા કરતું હતું. તેના મનમાં વિચાર આવ્યા કરતો હતો કે આ ઘર છોડીને ક્યાંક જતા રહેવું.

એક દિવસ સાંજે સ્કૂલેથી ઘેર આવ્યો. તે ખુરશીમાં ફસકાઇ પડ્યો. વહેલા આવેલા વેદાંતને પાણીનો ગ્લાસ આપતાં મોહિની કહી રહી "કેમ આજે વહેલા"

વેદાંતે સુચક નજર મોહિની તરફ નાંખી તેની આંખોમાં રહેલી સુષ્કતા મોહિની ઓળખી ગઈ. મોહિની વેદાંતને કહી રહી "આપણે માણસ છીએ દુઃખને ના સહી શકીએ તેમ કેમ ચાલે."

વેદાંતે અડગ મને ખુલ્લી બારીમાંથી દેખાતા વૃક્ષ તરફ જોતાં કહ્યું "હું તો રાજીનામું આપી ને આવ્યો છું. મારું મન નોકરી કરવામાં નથી લાગતું...તેની આંખોમાં જળજળીયાં આવી ગયાં. દૂર ઊભી રહેલી વનલત્તા વેદાંત પાસે આવી ગઇ તે બોલી ઊઠી..."મોટાભાઇ...."

"હા! મેં એમ જ કર્યું છે. શું કરું? મારો જીવ વલોવાયા જ કરે છે. ક્યાંય મન ચોંટતું નથી. થાય છે કે...."વેદાંતે એકીટશે પાણી પીતાં કહ્યું.

"જુઓ તમે કહો તેમ કરીશું પણ શાંત થાઓ." મોહિનીએ





શાંત્વના આપતાં કહ્યું.

"આપણે વડોદરા રહેવા જઈએ. વનલત્તા અને જય અહીં રહેશે. વનલત્તા ખેતી સંભાળશે." વેદાંતે નિર્ણય જાહેર કર્યો.

"હું એકલી કેમ રહી શકીશ? તમે નહીં હો તો મારું શું?" વનલત્તાએ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

જો મોહિની મારો જીવ રૂંધાયા કરે છે. એક પળ પણ હું હવે રહી નહીં શકું." વેદાંતે મુંઝવણ અનુભવતાં કહ્યું.

મોહિની અને વનલત્તાએ વેદાંતની વાતને સમર્થન આપ્યું. વનલત્તા કહી રહી "મોટાભાઇ તમારી વાતમાં અમે સંમત છીએ પણ પાંચ સાત દિવસે તો આવવું જ પડશે." વનલત્તાએ મધ્યમ માર્ગ કાઢ્યો. અચાનક આવી પડનારી જવાબદારીનો વિચાર કરતાં તે ગભરાઇ ગઇ. તે બોલી ઊઠી "મોટાભાઇ હું આટલો બધો બોજ નહીં સહન કરી શકું."

"એવું નથી. વનલત્તા...હું પુરતું ધ્યાન આવીશ પણ બીજે રહું તો મારું મન હળવું થાય તે કારણે જ તને કહું છું. અહીંને અહીં રહેલાં આ ઘર આ રસ્તા...પેલી ફોટોગ્રાફીની દુકાન શેરડીનાં ખેતરો જ્યાં જાઉં ત્યાં મને સુહાસ જ દેખાય છે. હું હું પાગલ બની જઇશ." વેદાંત છૂટ્ટીપોકે રડી ઊઠ્યો. વનલત્તા ચોધાર આંસુઓથી રડવા લાગી. મોહિની વેદાંતના વાંકળીયા વાળમાં હાથ ફેરવી રહી. મોહિનીએ સામે ઊભેલા જયને ઊંચકીને ચૂંબન કરી વેદાંતના ખોળામાં બેસાડ્યો.

ત્યાં જ ટેલીફોનની રીંગ રણકી ઊઠી. ''મોહિનીએ ફોન ઊઠાવ્યો. તે બોલી ઊઠી.''

''હલ્લો.''

''મમ્મી...હું.''

''હો.જનક બોલ.''

''ક્યારે આવો છો? મને ગમતું નથી.'' જનકના અવાજમાં નીતરતી આતુરતા મોહિની સમજી ગઇ. તે બોલી રહી ''લે પપ્પા સાથે વાત કર.'' મોહિનીએ વેદાંતને ફોન આપ્યો.

''હલ્લો જનક બોલ.''

''પપ્પા ક્યારે આવો છો. આવોને..કેટલા દિવસો થયા.''

''હા બેટા જલ્દી આવું છું.'' જનકે સાથે વેદાંત સાથે વાત કરી. વેદાંતને જનકનો રડમસ અવાજ સંભળાઇ રહ્યો.

''હા...હા. બેટા કાલે આવીશ બસ.'' વેદાંતે રીસીવર મૂકી દીધું. તે વનલત્તાને કહી રહ્યો. ''જો...હું....અહીં...જનક ત્યાં કેટલા દિવસો થયા. પૂરા ત્રણ માસ...ગમે તેમ તોયે છોકરું ને. આપણે કાલે જઇએ। માંડી રાત્રે જમ્યા પછી મોહિની અને વેદાંત કપડાંની બેગ તૈયાર કરી સૂતાં સૂતાં મોહિની વનલત્તાને કહી રહી હતી. ''જો વનલત્તા તું જયની કાળજી રાખજે. એક કામ ઓછું થાય તો કંઇ જતું રહેવાનું નથી...તેના અભ્યાસ માટે ટ્યુશન બંધાવજે. પાંચ સાત દિવસે એકાદ



આંટો ખેતરમાં મારવાનો હોં. જોકે મંગુમામા અહીં આવશે ત્યારે ખેતરની કાળજી રાખે જ છે. ઘરકામ પરવારી સ્ટુડિયોમાં જજે. સુહાસભાઇએ રાખેલો ફોટાપાડવાવાળો રવીન્દ્ર ખંતીલો છે. લાગણી વાળો છોકરો છે. તને ઘણી મદદ કરશે. પાછો સ્ટુડિયો બંધના કરી દેતી. તે તો સુહાસની મીઠી યાદ છે.''

વનલત્તા મોહિનીભાભીની વાત શાંત ચિત્તે સાંભળી રહી હતી. તેણે પડખું બદલતાં કહ્યું ''મોહિનીભાભી તમે કોઇ જ ચિંતા ના કરતાં પણ મને એકલું નહીં ગમે.''

''ગમશે...જો ને બળ્યું શું કરીએ ત્યાં જનક સુનયના એકલાં અને આપણે અહીં પડી રહીએ. કામ તો ખાસ છે નહીં. ફેક્ટરી તો સંભાળવાની અને આશ્રમશાળા પણ એકલો જનક ક્યાં પહોંચી શકે.'' મોહિનીએ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

''હા! ભાભી સાચી વાત છે. એકને એક દિવસ આપણે છુંટાં તો પડવું જ પડશે જ.'' વનલત્તાએ નિશ્વાસ નાંખતાં કહ્યું.

દૂર, બાજુના પલંગમાં સૂતાં સૂતાં દેરાણી જેઠાણીની વાતો સાંભળતાં વેદાંતે હળવેથી કહ્યું ''હૈયાં તો મજિયારાં છે. પરિસ્થિતિ આપણને છૂટાં પાડે છે. સમય આવ્યે આપણે પાછાં એક થઇ જઇશું.''

વનલત્તાને પૂરું આશ્વાસન મળતાં તે નિશ્ચિત થવા લાગી. મનોજગતમાં ઘુમરાતા વિચારો શાંત થવા લાગ્યા. તે ક્યારે સુઇ ગઇ તે ખ્યાલ પણ ના રહ્યા. ત્યારે વહેલી ઊઠી ત્યારે વેદાંત મોહિની સ્નાન

ઈત્યાદિ ક્રિયા પરવારી ચાની ચુસ્કી લેતાં હતાં. મોહિની વનલત્તાને ઊઠાડતી કહી રહી. ''વનલત્તા જયશ્રી કૃષ્ણ.''

વનલત્તા પડખું ફેરવી ઊઠી અને પ્રતિઉત્તર આપતાં કહી રહી ''જયશ્રી કૃષ્ણ.''

જય હુજ સુતો હતો. તેનાં ઘેરી ઊંઘમાં નશકોરાં બોલતાં હતાં. વનલત્તાએ બ્રશ કરી ને ચા બનાવા જતી હતી ત્યાં મોહિની કહી રહી.

''તારી ચા બનાવી છે ગ્લાસ ઉપર જ છે. ગરમા ગરમ પી લે.''

વનલત્તા ગંભીર બની કહી રહી ''ભાભી તમે મારી કેટલી કાળજી રાખો છો. તમે જશો ત્યારે મારું કોણ?'' વનલત્તા રડવા લાગી.

મોહિની ચાનો કપ ટેબલ ઉપર મૂકીને વનલત્તા પાસે આવી ''એવું ના સમજ...હું તારી મોટી બહેન છે ને? નયન જ્યારે આવે છે ત્યારે દરેક રક્ષા બંધને મારી પાસે જ રાખડી બંધાવે છે. તને કેમ ભૂલી જવાય. પગલી.''

વનલત્તા મોહિનીને ભેટી પડી. રડવાના અવાજને કારણે જાગી ગયેલો જય ઊભો થઈ ગયો...''મમ્મી...મમ્મી શું થયું? કેમ રડે છે?''

''ના બેટા કંઈ નથી થયું. તું સૂઈ જા મોટાપપ્પા અને મમ્મી વડોદરા જવાના છે.'' વનલત્તાએ જયને સૂવાડવાનો પ્રયત્ન કરતાં કહ્યું.



વનલત્તા ચા પીતાં પીતાં જયને કહી રહી ''બેટા કાલે આપણે વડોદરા જઈશું.''

''જો જે હોં જુઠ્ઠું તો નથી બોલતી ને.'' જયે વનલત્તાને ટકોર કરતાં કહ્યું.

મોહિનીઅિને વેદાંત કારમાં ગોઠવાયાં ત્યારે જય વનલત્તાને કહેતો હતો. ''મમ્મી મારે જવું છે. મારે જવું છે.''

વેદાંત મોહિની સાંજના ચાર કલાકે વડોદરા પહોંચ્યાં ત્યારે મકાનના દ્વારમાં ઊભાં ઊભાં જનક સુનયના રાહ જોતાં હતાં. સરયું મકાનના કંપાઉન્ડના બગીચાાં ખુરશીમાં બેસીને સમાચાર પત્ર વાંચતી હતી. બંન્નેને ગેઈટ ખોલીને આવતાં જોઈને સરયું દોડીને મોહિનીને વળગી પડી.

''સરયું શું કરે છે?''

''કંઈ નહીં સમાચાર પત્ર વાંચું છું.'' સરયું એ મોહિનીના હાથમાંથી પર્સ થેલો લઈ લીધો. વેદાંતે ગેઈટને ખેલી કારને સ્ટાર્ટ કરી મકાનની બાજુમાં પાર્ક કરી. પગથિયાં ચઢવા લાગ્યો. દોડતી આવીને સરયું વેદાંતનો હાથ પકડી કહેલા લાગી ''દાદાજી તમે તો કેટલા મહિને આવ્યા. મમ્મી તો કહેતી હતી કે હવે તો તમે નહીં જ આવો.''

''ના ના દીકરી...એવું હોય. હવે તો હું અહીં જ રહેવાનો છું.'' વેદાંતે સરયુંને કહ્યું. જનક મોહિની સામું જોઈને કહેવા લાગ્યો ''હા.મમ્મી ત્રણ ત્રણ માસ થયા. સરયું કેટલી બધી તમને યાદ કરે છે.

હવે તમે ના જાઓ તો સારું.''

સુનયનાએ વેદાંત પાસેથી કારની ચાલી લઈ લેતાં કહ્યું ''હવે તો હું તમને જવા જ નથી દેવાની. અમને કેટલું બધું એકલું એકલું લાગે છે.''

''જો જનક. તું....સુનયના અને સરયું છો. જ્યારે વનલત્તા તો એકલી જ ને. સવારે ૧૦ કલાકે સ્કૂલે જતો જય સાંજે મોડો જ આવે ને. કેટલું એકલું લાગે.'' વેદાંતે કડોદની પરિસ્થિતિ સમજાવતાં કહ્યું.

''મંગુમામા કહેતા કે વેદાંતને ત્યાં નહીં ફાવે. સુહાસદાદાની યાદ તેમને ખૂબ સતાવે છે. ઘર ખાવા આવતું હોય તેવું લાગે છે.'' સરયુંએ ગયા રવિવારે ઘેર આવેલા મંગુમામાના વાક્યને કહેતાં કહ્યું.

''સાચી વાત છે બેટા. મને કડોદમાં સુહાસની યાદ ખૂબ આવે છે. મારું મન મુંઝાયા કરે છે. હવે હું ત્યાં નહીં જાઉં.'' ગળગળા અવાજે વેદાંતે સરયુંને કહ્યું.

મોડી સાંજે ડાયનીંગ ટેબલ ઉપર ગરમા ગરમ સેવઉસળ ખાતાં સરયું બોલી ઊઠી ''દાદાજી તમને સેવઉસળ ખૂબ ભાવે છે ને.'' સરયુંએ એક ચમચો સેવઉસળ દાદાજીની ડીસમાં મૂકતાં કહ્યું ''ખાવો ખૂબ મઝાનું બન્યું છે.''દાદાજી દુધેલી કેવી રીતે બને?''

''એ તો તારી દાદીને સરસ બનાવતાં આવડે છે.'' વેદાંતે હસતાં હસતાં ચમચીથી સેવઉસળ ખાતાં કહ્યું.

''હું શું કહું છું. કડોદ ફોન કરો ને...વનલત્તા ફોનની રાહ





જોતી હશે.'' મોહિનીએ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું.

''પપ્પા! હું ફોન કરું છું.'' જનકે મોબાઈલ ખીસ્સામાંથી કાઢીને રીંગમારી...તુરંત સામેથી ફોન રીસીવ થતાં વનલત્તા બોલી ઊઠી... ''હા...મોટાભાઈ....''

''હું જનક બોલું છું. પપ્પા આવી ગયા છે.'' કાકી...જય મઝામાં છે ને.'' જનકે ફોન ઉપર વાત કરતાં કહ્યું.

''મોટાભાઈને આપો તો...મઝામાં છે.'' જનકે વેદાંતને ફોન આપ્યો. વેદાંત ફોન ઉપર વાત કરતાં કહી રહ્યો ''હા! વનલત્તા અમે પહોંચી ગયા. જય શું કરે છે?''

''મોટાભાઈ જય શું કરે તે તો રડ્યા જ કરે છે. કહે છે વડોદરા જવું છે. મને પણ....'' ફોન ઉપર વનલત્તાનો રડવાનો અવાજ આવી રહ્યો. વેદાંતનું ગળું ભરાઈ ગયું. તેણે સેવઉસળની ડીસ દૂર ખસેડી દીધી. મોહિનીએ વેદાંત પાસેથી ફોન લઈને કહી રહી ''હા...વનલત્તા તું મઝામાં છે ને. પાંચ સાત દિવસે તું પણ જયને લઈને વડોદરા આવજે.'' ભૂલાય ના.'' તારા વિના અમને પણ...''મોહિનીની આંખમાં આંસુ આવી ગયાં. બાજુમાં બેસીને વાત સાંભળતી સરયુંએ મોહિની પાસેથી ફોન લઈને કહ્યું ''દાદી જયને આપો તો....''

ઙૈહા...બોલ સરયું....જય''

જયનો રડમસ અવાજ સંભળાઈ રહ્યો. જય કહી રહ્યો હતો. ''દીદી...મને....એકલું એકલું લાગે છે. રાત્રે બીક લાગશે.''

"જય...ભૈયા....ઓ જય ભૈયા....બીક ના લાગે બીક લાગે તો રામ...રામ...રામ... બોલવું." ભીની આંખે સરયું બોલી રહી. સામેથી જયનો રડવાનો અવાજ આવતો હતો. સરયું જયને સમજાવતી કહી રહી ભૈયા....લે....દાદાજી જોડે વાત કર."

વેદાંતે ફોન ઉપર ભારે હૈયે વાત કરતાં કહ્યું "જય દીકરા...જો ને શું કરું....જય...અહીં જનકકાકા એકલા હતા. ધંધા રોજગાર ભગવાન ભરોસે કેટલો સમય ચાલે. તું ને તારી મમ્મી પાંચ છ દિવસ પછી આવજો આપણે દાંડીયાબજાર, માંજલપુર, રાજમહેલ ફરવા જઈશું."

"હા દાદા...હું આવીશ..." જયનો ફોન ઉપર હસવાનો અવાજ આવતો હતો.

મોડી રાત્રે વેદાંત, જનક, મોહિની, સુનયના સરયું ઘસઘસાટ સૂતાં હતાં ત્યાં અચાનક ફોનની રીંગ રણકી ઊઠી "મોહિનીએ સફાળી જાગીને ફોન રીસીવ કર્યો "કોણ...."

"દાદી...દાદી...હું જય"

"બોલ બેટા ઊંઘ નથી આવતી." ખૂબ પ્રેમાળ શબ્દો માં મોહિની બોલી ઊઠી. આજ તેનું માતૃત્વ જાગૃત થઈ ઊઠ્યું....તે કહેતી હતી "બેટા...." મોહિની રડી પડી.

"દાદી...ઊંઘ ક્યાંથી આવે. દરરોજ તમારી સોડમાં જ સૂવા ટેવાયો છું ને." ગળગળા અવાજે જય બોલી રહ્યો.

"હા...બેટા...રામ, રામ, રામ બોલજે. ઊંઘ આવી જશે તારી મમ્મીની સોડમાં સૂઈ જજે. બરાબર ભેટી પડીને" મોહિની આંખોની





ભીનાશને લૂંછી રહી.

"હા...દાદી...મમ્મી મને વળગીને સૂઈ ગઈ છે બસ." જયે ફોન ઓફ કરી દીધો.

મોહિનીની પડખામાં ફોન આવતાં જાગી ગયેલી સરયું મોહિની અને જયની વાતો સાંભળી રહી હતી. તે ધીમેતી બોલી "દાદી...જય ખૂબ દુઃખી છે."

"હે બેટા હવે શું કરવું." મોહિનીએ મુંઝવણ વ્યક્ત કરતાં કહ્યું.

સવાર પડી ત્યારે મોહિની પડખાં ફેરવતી જ રહી. તેને જયની અને વનલત્તાની ચિંતા થવા લાગી હતી. સવારે વેદાંતે મોહિનીની રાતીચોળ આંખો જોઈ ત્યારે બોલી ઊઠ્યો "કેમ આખી રાત ઊંઘ નથી આવીને?"

"તમે પણ ક્યાં ઊંઘ્યા છો. તમારી રાતી ચોળ આંખો કહી આપે છે." મોહિનીએ હૈયાની વેદના વ્યક્ત કરતાં કહ્યું.

વહેલી સવારે ઊઠી ગયેલી સરયું તૈયાર થઈને કોલેજ જતાં કહી રહી..."દાદાજી જયશ્રી કૃષ્ણ....મારી કોલેજ સવારની છે. બાર વાગ્યાના સમયે તો આવી જઈશ."

"હા બેટા સંભાળીને જજે." મોહિનીએ પ્રતિઉત્તર આપ્યો.

આંખો ચોળતો ચોળતો બાથરૂમ તરફ જતો જનક બ્રશ કરતાં કરતાં કહી રહ્યો હતો "પપ્પા સરયું બી.એ.ના સેકન્ડ યરમાં છે. એમ.એસ.માં સવારની કોલેજ હોય છે." જનકે વેદાંતને સરયુના શિક્ષણ અંગે માહિતી આપતાં કહ્યું.